# શિક્ષાપત્રી રહસ્યસાર

## ખંડ-૨

અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૪૧

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

| | |
|---|---|
| **વજ્ર** | ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે. |
| **પદ્મ** | જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે. |
| **જાંબુફળ** | ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે. |
| **જવ** | અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે. |

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:**

| | |
|---|---|
| **મીન** | સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે. |
| **ત્રિકોણ** | જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે. |
| **ધનુષ** | અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે. |

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રત.ીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતારહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# શિક્ષાપત્રી રહસ્યસાર

## ખંડ-૨

: સંકલન:

* અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૪૧

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
※ પ્રકાશન સમિતિ ※
: પ્રેરક - માર્ગદર્શક :
※ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ※


©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૩૦૦૦
૨૦૦૨, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૮ મહા સુદ ચોથ

સેવા મૂલ્ય : રૂ.૨૦/-

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

મુદ્રક
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

## અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા —આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા


પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી

સામાજિક. આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ

વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# પ્રકાશકીય

સ્વામિનારાયણ સંપ્રદાયની જીવનપ્રાણ સમી અને આલોક-પરલોકમાં સર્વપ્રકારે સુખદાયિની એવી આચારસંહિતા 'શિક્ષાપત્રી' પરમ કૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે સર્વ સત્શાસ્ત્રોનો સાર દોહન કરી, સર્વજીવહિતાવહ ઉદ્દેશથી રચી છે. આ લઘુ પત્રી પોતાની પરાવાણી હોવાથી પોતાનું જ વાઙ્મય સ્વરૂપે છે તેવું વિધાન આ પત્રીમાં શ્રીજીમહારાજે પોતે જ કર્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના સત્‌શાસ્ત્રોના તેમજ અન્ય ધર્મશાસ્ત્રોના સંદર્ભ લઈ, અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના કૃપાસ્પર્શ દ્વારા દિવ્ય સ્થિતિને પામેલા સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીએ 'શિક્ષાપત્રી રહસ્યાર્થ' નામક વિશાળ ગ્રંથ તૈયાર કરી સત્સંગને ઉપકૃત કર્યો છે. તેમાં દરેક શ્લોકના પ્રત્યક્ષાર્થ ને પરોક્ષાર્થને વિસ્તૃત રીતે વર્ણવેલા છે. કોઈ પણ શાસ્ત્રપ્રેમી વિદ્વાનને શિક્ષાપત્રીના ગહન અભ્યાસ માટે સાહજિક રીતે જ આકર્ષે તેવો આ અદ્‌ભુત ગ્રંથ છે.

શિક્ષાપત્રીના અમૂલ્ય આદેશો - આચારોનો પ્રત્યક્ષાર્થ યથાર્થ પણે સમજી તેનું નિયમિતરૂપે પાલન કરવાથી જ આ લોકના સઘળા ધર્મમય પુરુષાર્થોની સિદ્ધિની સાથે સાથે પરભાવમાં પૂર્ણ પુરુષોત્તમરૂપ થઈ, પુરષોત્તમના દિવ્ય સ્વરૂપમાં સળંગ

રસબસભાવે જોડાઈને પુરુષોત્તમ સંબંધી અનિર્વાચ્ય મહાસુખનો ઉપભોગ કરવારૂપી આત્યંતિક કલ્યાણની પ્રાપ્તી થાય છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહેલા વચન મુજબ સત્શાસ્ત્રનો સાર-ગલિતાર્થ અનુભવી સત્પુરુષ થકી જ સમજાય છે. એ કલ્પસૂત્રને મુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણભાઈએ આ પુસ્તક દ્વારા સાર્થક કરી બતાવ્યું છે.

વિશાળ શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કરવા માટે તથા પોતાના શ્રેય માટે પણ દૈનિકજીવન વ્યવહારમાંથી સમય ન ફાળવી શકવો તે આજના યુગની કરૂણ વિડંબના છે. પોતાને મળતા અલ્પ સમયમાં આ સારરૂપ પુસ્તક વાંચકને આશીર્વાદરૂપ નિવડે તેવી અંતરની અભ્યર્થના.

આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં પ્રૂફ સુધારણા, સુંદર મુદ્રણકાર્ય, બાઈન્ડિંગ આદિ છપાઈકામમાં કાળજી રાખી, જહેમત ઉઠાવી સેવારૂપ થનાર સર્વે પર શ્રીજીમહારાજ ને તેમના અનાદિ મહામુક્તોની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ પ્રાર્થના.

સં. ૨૦૫૮, મહા સુદ ચોથ — પ્રકાશન સમિતિ
ઈ.સ. ૨૦૦૨, ૧૬ ફેબ્રુઆરી — શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# શિક્ષાપત્રી રહસ્યસાર

ખંડ-૨

## શ્લોક : ૧

**वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।**
**वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ।। १ ।।**

શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રી લખતા થકા પ્રથમ પોતાના ઇષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે : હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે, તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે. ॥ ૧ ॥

## ભાવાર્થ

સર્વોપરી, સર્વાવતારી, સર્વેશ્વર, સર્વેનિયંતા, સર્વસુખદાતા, અનંતકોટી મુક્તોના સ્વામી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના આશ્રિતોને ધર્માદિ ચારેય પુરુષાર્થની સિદ્ધિને અર્થે પોતાના ઉપદેશામૃતરૂપી પત્રી લખતા પ્રથમ શ્લોકમાં સ્વસ્વરૂપના ધ્યાનરૂપ મંગળાચરણ કરીને પોતાના આશ્રિતોને એ શીખવે છે કે, કોઈ પણ કાર્યનો આરંભ કરતાં પહેલાં પોતાના ઇષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની મૂર્તિનું ધ્યાન કરવું. હવે તે શ્રી સ્વામિનારાયણ ભગવાન કેવા છે તો જેમની ચોમેર

અનંતકોટી મુક્તનાં મંડળ રહ્યાં છે ને તે સર્વે મુક્ત ભગવાનના સાધર્મ્યને પામેલા છે ને તેમના એકેક રોમને વિષે કોટી કોટી સૂર્યના જેવો પ્રકાશ છે અને દાસભાવે પોતાના સ્વામીનો આનંદ અનુભવે છે. વળી, ગોલોકાદિ ધામને વિષે સ્ત્રી આકારે રાધિકા તથા રમા આદિ મુક્ત છે. તેમ અક્ષરધામ જે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું તેજ તેને વિષે સ્ત્રી આકારે કોઈ મુક્ત નથી; સર્વે મુક્ત પુરુષાકાર જ છે અને જેમ અવતારસ્વરૂપ શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે, તેમ શ્રીકૃષ્ણાદિ સર્વે અવતારના અવતારી શ્રીજીમહારાજ કેવળ કૃપા કરીને જે મુક્તને પોતાનું પરમ સાધર્મ્ય પમાડે છે, તે મુક્ત એકાત્મભાવે મૂર્તિમાં રહીને મૂર્તિનો યથાર્થ આનંદ અનુભવે છે. આવી રીતે ઐક્યભાવથી મૂર્તિમાં રહેલા મુક્તોને શ્રીજીમહારાજ તથા મૂર્તિમાં રહેલા મુક્તો જ દેખે છે, પણ બીજા દેખી શકતા નથી.

અને તે શ્રીહરિ તે વૃંદાવનને વિષે વિહાર કરે છે. અર્થાત્ શ્રીહરિના પ્રસાદીભૂત સ્થાનો જે છપૈયા, ગઢપુર, વડતાલ, જેતલપુર આદિ તેમાં શ્રીહરિ વાસ કરે છે. આ અવરભાવનો અર્થ છે. પરભાવમાં તો વૃંદ કહેતા મુક્તોનો સમૂહ તેમાં 'અવન' કહેતાં વાસ કરીને રહેલા છે એમ સમજવું.

હવે અહીં શ્રીહરિ સ્વસ્વરૂપનું ધ્યાન કરે છે એમ કહ્યું કારણ કે, શ્રીકૃષ્ણ, નરનારાયણાદિ સકળ નામો સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં છે અને અન્ય અવતારોમાં જેને-

જેને વિષે અવતારી શ્રી પુરુષોત્તમ ભગવાનનાં ગુણ-ઐશ્વર્યનો આવિર્ભાવ થાય છે, તેને તેને શ્રીકૃષ્ણાદિક નામની ઉપમા દેવાય છે, પણ વાસ્તવિક શ્રીકૃષ્ણાદિ નામ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જ છે.

## શ્લોક : ૨

**लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।**

**नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ।। २ ।।**

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે તે અમે, જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રી લખીએ છીએ. ।। ૨ ।।

## ભાવાર્થ

'વૃત્તાલયે' કહેતાં શ્રીહરિનાં ચરણરજથી પવિત્ર ઉત્તમ તીર્થરૂપ હરિતીર્થ નામનું વડતાલપુર તેને વિષે પત્રી લખવા સમયે રહેલા સહજાનંદ સ્વામી; જ્ઞાનબળથી સુખદુઃખાદિ દ્વંદ્વને સહન કરનારા એવા જે સાધુજનો તેમને પોતાના સ્વરૂપનો આનંદ આપે છે, માટે સહજાનંદ અને જે નિરવધિકાતિશય ઐશ્વર્યે યુક્ત હોય, સર્વના નિયામક હોય, ને સ્વતંત્ર હોય તે 'સ્વામી' કહેવાય. આમ 'સહજાનંદ સ્વામી' એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જાણવા; કેમ જે, જે શ્રીહરિ અક્ષરધામમાં રહ્યા છે એ જ પોતે સકલ ઐશ્વર્યયુક્ત એવા પોતાના સ્વરૂપે કરીને જીવોના આત્યંતિક મોક્ષ કરવા સારુ છપૈયાપુરમાં પ્રકટ થયા છે.

એવા સહજાનંદસ્વામી તેમના, નાના પ્રકારના દેશમાં રહેલા

એવા ભક્ત તેમને વિષે શ્રીહરિએ શિક્ષાપત્રી લખી છે. અહીં 'નાના પ્રકારના દેશ' ઉપરથી એવું પ્રતીત થાય છે કે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુના આશ્રિતોની સંખ્યા અત્યધિક છે અને શ્રીહરિનો પ્રતાપ અણુએ અણુમાં વ્યાપી રહ્યો છે. વળી 'ભક્ત રહ્યા છે' એ પરથી એમ સમજવાનું છે કે પોતાના ભક્તને શ્રીહરિની મૂર્તિને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિની દૃઢતા હોવાથી તથા પ્રકટ શ્રીજીની મૂર્તિ સિવાય અન્યને વિષે વૈરાગ્ય હોવાથી ઘરમાં મહેમાનની માફક રહેલા છે. અને તેવા નિર્વાસનિક ભક્તને ગૃહસ્થાશ્રમને વિષે રહેવું એ તો કેવળ ભગવાન તથા ભગવાનના ભક્તની સેવાને અર્થે જ છે. એવા જે પોતાના આશ્રિતો તેમના પ્રત્યે ધર્માદિ ચારેય પુરુષાર્થની સિદ્ધિને અર્થે શ્રી સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે પોતાના ઉપદેશામૃતરૂપી પત્રી લખી છે.

અહીં પોતાના આશ્રિતો પ્રત્યે શ્રીહરિએ શિક્ષાપત્રી લખી છે એમ કહ્યું તેથી બીજાઓનો અનાધિકાર છે એમ ન જાણવું; કારણ કે પોતે શ્રીહરિ જ આગળ કહેશે કે આ શિક્ષાપત્રીનો લેખ 'સર્વજીવહિતાવહ' છે; અર્થાત્ સર્વ જીવના હિતને માટે શ્રીજીમહારાજ શિક્ષાપત્રી લખી છે.

## શ્લોક : ૩

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।

यावयोध्याप्रसादाख्य रघुवीराभिधौ सुतौ ।। ३ ।।

શ્રીધર્મદેવથકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી; તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે - (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે). ।। ૩ ।।

## ભાવાર્થ

હવે જેઓના પ્રત્યે આ શિક્ષાપત્રી લખવાની છે એવા પોતાના આશ્રિતોનો નિર્દેશ કરતાં પ્રથમ, પોતે પોતાના સમગ્ર આશ્રિતોના ગુરુ તરીકે, ધર્મદેવથકી જેમનો જન્મ થયેલો છે એવા જે શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપભાઈને નાના ભાઈ ઇચ્છારામ તેમના પુત્રોમાંથી એકેક પુત્ર એટલે શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રી રઘુવીરજીને આચર્યો તરીકે સ્થાપ્યા છે તેમનો નિર્દેશ કર્યો છે.

## શ્લોક : ૪

**मुकुंदानंदमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।**

**गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ।। ४ ।।**

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥ ૪ ॥

## ભાવાર્થ

મન, કર્મ અને વાણીથી સર્વ અવસ્થાઓમાં સર્વદા સર્વ ઠેકાણે મૈથુનનો ત્યાગ તેને બ્રહ્મચર્ય કહે છે. આવું બ્રહ્મચર્ય જે યાવજ્જીવન પાળે તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય અને અમુક અવધિ સુધી બ્રહ્મચર્યવ્રત પાળનાર 'ઉપકુર્વાણક' કહેવાય. શાસ્ત્રોમાં કળિયુગમાં દીર્ઘ બ્રહ્મચર્યનો નિષેધ કર્યો છે તે તો પ્રકટ ભગવાનના આશ્રયના બળરહિત હોવાથી જે અશક્ત-દુર્બળ હોય ને જેણે મન જીત્યું ન હોય તેને સ્ત્રીનાં દર્શન વગેરેથી વિકાર ઉત્પન્ન થતો કવચિત્ દેખાય છે, પરંતુ શ્રીજીના આશ્રિત એવા શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ ગુરુના અનુગ્રહથી જેને ધૈર્ય પ્રાપ્ત થયું હોય તેને વિષે અને શ્રીહરિએ કહેલા ત્યાગીના ધર્મ પાળવામાં તત્પર એવા ભગવદ્ભક્તોને વિષે કામાદિ દોષ કે કળિયુગનું બળ ચાલતું નથી. વળી પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાન તેમણે કહેલો એવો ધર્મ અને ભક્તિ તેના બળવાળા

એવા જે નૈષ્ઠિકવ્રતધારી ભક્તજનોનું રક્ષણ શ્રીહરિ સ્વયં, તેમ જ પોતાના મુક્તો દ્વારા સર્વપ્રકારે કરે છે.

હવે આ શ્લોકમાં ગૃહસ્થ સત્સંગીઓ કરતાં મુકુંદાનંદાદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો નામ નિર્દેશ પહેલાં કર્યો છે, એનો હેતુ એમ જણાય છે કે તેઓ યાવજ્જીવન બ્રહ્મચર્યને વરેલા હોવાથી, કરવામાં આવતા ઉપદેશને તત્કાળ અતિ શીઘ્રતાથી ધારણ કરી શકે છે; અને અંતઃકરણ શુદ્ધ રાખવાથી તે ઉપદેશ તેમનામાં કાયમ રહે છે. આવું નૈષ્ઠિકપણું એમનામાં છે તેથી જ કવચિત્ જાણે-અજાણે એમનાથી પાપકર્મ થઈ જાય તો એમને ગૃહસ્થાશ્રમીઓ કરતાં બમણું પ્રાયશ્ચિત્ત કહેલું છે.

અને ગૃહસ્થાશ્રમીઓમાં મયારામ ભટ્ટ જે બ્રાહ્મણ છે તેઓ કેવળ જાતિએ જ નહિ, પણ ગુણે ને કર્મે પણ બ્રાહ્મણ છે તેથી તેમનું નામ મુખ્યપણે લખ્યું છે તેનું એક કારણ એ પણ છે કે એવા બ્રાહ્મણમાં સત્ત્વગુણ પ્રધાન હોય જેથી ઉપદેશવામાં આવતા જ્ઞાનને ગ્રહણ કરવામાં એમની અતિ શિઘ્રતા હોય છે.

વળી આ શ્લોકમાં 'ये मदाश्रयाः' પદ છે એ ઉપરથી એટલું સ્પષ્ટ જણાય છે કે શ્રીજીમહારાજ પોતાના આશ્રિત - શિષ્યો પ્રત્યે આ શિક્ષપત્રી લખે છે. શાસ્ત્રમાં ગુરુને અતિ દયાળુ કહ્યા છે તેથી જ તેમના કોઈ પણ શિષ્યે શિક્ષાપત્રી લખવાની પ્રાર્થના ન કરી હોવા છતાં શિક્ષાપત્રી લખીને શ્રીહરિએ પોતાના આશ્રિતોનું અપ્રેરિત હિત કર્યું છે.

## શ્લોક : ૫

**सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।**
**मुक्तानंदादयो ये स्युः साधवश्चाखिला अपि ।। ५ ।।**

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ. ॥ ૫ ॥

## ભાવાર્થ

અહીં શ્રીહરિએ સધવા તેમજ વિધવા સ્ત્રીઓ એમ કહ્યું પણ કોઈનો નામનિર્દેશ કર્યો નથી કેમ જે તે સ્ત્રીઓ એમના પતિ-પુત્રાદિકથી સ્વતંત્ર નથી અને તેથી મયારામ ભટ્ટ આદિ ગૃહસ્થ સત્સંગી - એવી રીતે નામનિર્દેશ કર્યા પછી જ સધવા તથા વિધવા સ્ત્રીઓનો આ શ્લોકમાં નિર્દેશ કરેલો છે.

'સાધુ' એટલે પોતાનું મોક્ષસંબંધી કાર્ય તથા પરના મોક્ષનું કાર્ય સિદ્ધ કરે તે સાધુ કહેવાય. વળી શ્રીજીમહારાજે દીક્ષાવિધિમાં કહેલી એવી ત્યાગીસાધુની દીક્ષા તેને ધર્મવંશી ગુરુથકી પામીને ધર્મામૃતમાં કહેલ સ્ત્રીદ્રવ્યનો ત્યાગ રાખવો એ આદિ ધર્મને વિષે રહેલા એવા સંતોને પણ મુનિ, પરમહંસ તથા સાધુ નામે કહેલા છે.

આ સ્થળે સાધુનો સર્વેથી અંતમાં નિર્દેશ કરેલો છે તેના બે હેતુ છે : એક તો સંતને સ્વધર્મ પાળવામાં વિક્ષેપ કરનારી એવી

વ્યાવહારિક કાર્યની આસક્તિનો અભાવ છે તથા એકાંતિક ધર્મને વિષે એમની દૃઢ નિષ્ઠા છે. વળી 'બધા સંતો' એવું પદ મૂકીને શ્રીહરિ એમ કહેવા માગે છે કે, મુક્તસ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો પણ દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી દરેક સંતને સદાચારનું પાલન આવશ્યક છે.

## શ્લોક : ૬

**स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः ।**
**श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ।। ६ ।।**

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ.અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ।।૬।।

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : 'શ્રી અયોધ્યાપ્રસાદજી આદિ સર્વે મારા આશ્રિત તેમણે મારા, શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત રૂડા આશીર્વાદ વાંચવા'. અહીં શ્રીજીમહારાજે શ્રીમન્નારાયણ નામે પોતાને જ કહેલા છે; કારણ કે સકળ અવતારને મુક્ત તે થકી અધિક છે શોભા જેમની તે શ્રીમાન કહેવાય, અને શ્રીમાન જે શોભાએ યુક્ત એવા નારાયણ તે શ્રીમન્નારાયણ કહેવાય.
અહીં 'નારાયણ' એટલે નરસ્વરૂપ ધર્મદેવના પુત્ર. વળી સ્વરૂપથી, સ્વભાવથી ને વિભૂતિથી અક્ષય હોય એવા મહામુક્ત તે 'નર' કહેવાય અને તેમનો સમૂહ તે 'નાર' કહેવાય. હવે 'અયન' ના બે અર્થ છે. પહેલા અર્થ પ્રમાણે 'નાર' જે મુક્તોનો સમૂહ તેમાં 'અયન' જે નિવાસ કરીને રહ્યા છે, માટે 'નારાયણ'. આ પરમએકાંતિક

મુક્તની સ્થિતિનો અર્થ છે. અને બીજા અર્થ પ્રમાણે 'નાર' જે મુક્તસમૂહના 'અયન' જે આશ્રયભૂત છે, એટલે કે અનાદિમુક્તોને પોતાનાં નિવાસ આપનારા માટે 'નારાયણ'.

આમ શ્રીહરિ કહે છે : 'શ્રીમન્નારાયણ જે હું તે મારી સ્મૃતિએ સહિત અને સચ્છાસ્ત્રમાં પ્રમાણભૂત અને સ્વધર્મની રક્ષા કરનારા એવા અમારા રૂડા આશીર્વાદ વાંચવા.'

## શ્લોક : ૭

**एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।**

**अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ।। ७ ।।**

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે, તે સર્વે તેમણે એકાગ્ર મનવડે કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વના જીવને હિતની કરનારી છે ॥ ૭ ॥

## ભાવાર્થ

આ શિક્ષાપત્રી પ્રત્યક્ષાર્થ અને પરોક્ષાર્થ એમ દ્વિ અર્થવાળી છે. તેમાં પરોક્ષાર્થ તે સામાન્ય સિદ્ધાંત છે એટલે સર્વ જનને હિતકારી છે. અને પ્રત્યક્ષાર્થ જે વિશેષ સિદ્ધાંત કહેતાં મુખ્ય સિદ્ધાંત તે પોતાના અનન્ય એવા એકાંતિક ભક્તને અર્થે છે; માટે સ્વસ્થ ચિત્તે આ શિક્ષાપત્રીને ધારે-વિચારે, તેમ જ પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ મહારાજના ઉપાસક એવા મોટા સત્પુરુષનો સમાગમ રાખે તો જ શિક્ષાપત્રી લખ્યાનું કારણ સમજાય, નહિતર ન સમજાય.

અને આ શિક્ષાપત્રીનાં વચન તે 'એકાગ્ર મનવડે' ધારવાં. એટલે કે અવ્યગ્ર મનથી ધારવાં; બીજા કાર્યમાં મન જતું હોય અર્થાત્ વ્યગ્ર મન હોય, તો વચન ધારેલાં તે ન ધાર્યાં બરોબર

થઈ જાય. વળી મનની એકાગ્રતા દુર્લભ છે, માટે એકાગ્ર મનવડે જ આ શિક્ષાપત્રીનાં વચનો ધારજો એમ ભારપૂર્વક શ્રીહરિએ કહ્યું છે.

## શ્લોક : ૮

**ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।**
**सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ।। ८ ।।**

અને શ્રીમદ્ભાગવત પુરાણ આદિક જે સચ્છાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસાદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને વિષે ને પરલોકને વિષે મહા સુખિયા થાય છે; ॥ ૮ ॥

## ભાવાર્થ

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ ને પરબ્રહ્મ તેમના સ્વરૂપને સમ્યક્ પ્રકારે પ્રતિપાદન કરનારાં એવા સત્સંગિજીવન, હરિવાક્યસુધાસિંધુ, શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ, ધર્મામૃત આદિ શ્રીહરિના સંબંધવાળા સચ્છાસ્ત્રોને વિષે પ્રતિપાદન કરેલા અને ગૃહસ્થાશ્રમ તથા ત્યાગાશ્રમને વિષે રહેલા એવા પુરુષો તેમ જ સ્ત્રીઓ તેમણે પોતાના અધિકાર પ્રમાણે પાલન કરવા માટે ઉપદેશ કરેલા એવા 'સદાચાર' જે શ્રીજીમહારાજની આજ્ઞારૂપ સ્વધર્મ તેનું નિરંતર પાલન કરે છે તે મનુષ્યો આ લોક તથા પરલોકને વિષે મૂળઅક્ષરકોટીનાં સુખથકી પણ અધિક એવું શ્રીજીમહારાજના ધામને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તેને પામે છે - એવા મહા સુખિયા થાય છે.

## શ્લોક : ૯

**तानुल्लंघ्याऽत्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।**
**त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ।। ९ ।।**

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે ને આ લોક તથા પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥ ૯ ॥

## ભાવાર્થ

જે પુરુષો દેહ-ઇંદ્રિયોને લાડ લડાવવાને અર્થે વિષયાસક્તિથી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરે છે, અને એમ કર્યે સતે અવશ્ય મહા કષ્ટ થશે, તે પ્રકારનું જ્ઞાન તેને વિષે અંધબુદ્ધિવાળા થયા સતા જેઓ હરિગીતા, શિક્ષાપત્રી, ધર્મામૃત તથા નિષ્કામશુદ્ધિમાં કહેલા ધર્મનું ઉલ્લંઘન કરીને આ લોકને વિષે મનસ્વીપણે વર્તે છે, તે પુરુષો આ લોકને વિષે તેમ જ પરલોકને વિષે નિશ્ચે મહા કષ્ટ પામે છે એટલે કે મોક્ષમાર્ગથી પડી જાય છે. માટે દ્રવ્યના લોભે કરીને અથવા કામભોગના લોભે કરીને, સર્વ મનોરથની સિદ્ધિને આપનારો ધર્મ તેનો ક્યારેય ત્યાગ ન કરવો.

## શ્લોક : ૧૦

**अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाखिलैः ।**
**प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरंतरम् ।। १० ।।**

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે. તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું; પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥ ૧૦ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે, 'અગાઉ કહેલાં કારણોને લીધે જે મારા આશ્રિત ત્યાગી-ગૃહી બાઈ-ભાઈ સર્વે તેમણે 'સાવધાનપણે' પ્રમાદ નહિ રાખીને; જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ તે થકી પર જે અનાદિ શ્રીકૃષ્ણનામક પ્રત્યક્ષ પુરુષોત્તમ હું, તે મારું સ્વામીસેવકભાવે સાધર્મ્ય પામવાના ઉત્સાહથી; 'આ શિક્ષાપત્રીને અનુસરીને જ' કહેતાં તેના અર્થને સમજીને જ અર્થાત્ પ્રત્યક્ષભાવ ને પરોક્ષભાવ જાણીને જ, તે પ્રમાણે જ હંમેશાં વર્તવું; પણ તેનું ઉલ્લંઘન કરીને ક્યારેય વર્તવું નહિ.'

## શ્લોક : ૧૧

**कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः ।**

**सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्धया कदाचन ।। ११ ।।**

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે, અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવાં જૂ, માંકડ, ચાંચડ, આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥ ૧૧ ॥

## ભાવાર્થ

સત્ત્વ, રજ ને તમ એ ત્રણ પ્રકારના સ્વભાવ-પ્રકૃતિવાળાં જીવપ્રાણીમાત્રની મન, વાણી ને દેહે કરીને હિંસા - દ્રોહ તે શ્રીહરિના આશ્રિતોએ ન કરવા. કેમ જે અહિંસા એ જ પરમ ધર્મ છે. વળી જીવ પ્રાણીમાત્રના અંતર્યામી એવા શ્રીજીમહારાજ, સર્વ પ્રાણીઓમાં સદા રહેલા છે; માટે શ્રીહરિની બીક રાખીને કોઈ પણ પ્રાણીનો દ્રોહ, સંકલ્પ માત્રથી પણ ન કરવો.

પોતાનો દ્રોહ કરનારનો દ્રોહ કરવામાં દોષ નથી તેમજ અગ્નિ દેનારો, ઝેર દેનારો, હાથમાં શસ્ત્ર લઈને મારવા આવેલો, ધનને હરનારો તથા ક્ષેત્ર (ખેતર) અને સ્ત્રી તેને હરનારો - આવા જે આતતાયી તેમનો વધ કરવામાં દોષ નથી - આતતાયીને હણવારૂપ આવાં વાક્યો તે અર્થશાસ્ત્રનાં

જાણવા અને તે અર્થશાસ્ત્રના વચનથકી ધર્મશાસ્ત્રનાં વચન અતિ બળવાન છે. માટે પોતાનો દ્રોહ કરનાર તથા દ્રોહ નહિ કરનાર એવાં મનુષ્ય, પશુ આદિ સમગ્ર પ્રાણીમાત્ર, તેમનો ધર્મવાળા પુરુષે વધ તો ન જ કરવો, પણ તેમને કલેશ પણ ન ઉપજાવવો.

વળી દૂર્જનો ઉપદ્રવ કરે તે સહન કરવું, પણ ક્યારેય ક્રોધ ન કરવો. અને પોતાને તેનો પ્રતિકાર કરવાનું સામર્થ્ય હોય તો પણ સર્વપ્રકારે તેનું સહન કરવું, તે મોક્ષોપયોગી સૂક્ષ્મતમ અહિંસા ધર્મ છે. અતિ શ્રમે કરીને કરેલું એવું પોતાનું તપ, દાન, વ્રત અને નિયમ તે સર્વ ક્રોધરૂપી અગ્નિ તેણે કરીને બળી જાય છે, માટે ક્રોધને જીતવો. ક્રોધ જીતવાનો મુખ્ય ઉપાય ક્ષમા છે. વળી ક્રોધને ઉત્પન્ન કરનારો કામપણ હિંસાનો હેતુ છે. માટે 'કામ-ક્રોધને જીતવાપૂર્વક અતિ સૂક્ષ્મ એવો અહિંસા ધર્મ તેણે કરીને એકાંતિકપણું પ્રાપ્ત થાય છે.'

અને સૂક્ષ્મ દેહવાળા જૂ, માકણ, લીખ, મચ્છર આદિક-તેમણે આપણા દેહને દંશનાદિ વડે દ્રોહ કર્યે સતે પણ તેમની હિંસા ન કરવી. કેમ જે સૂક્ષ્મ જંતુના દ્રોહનું ફળપણ અંધકૂપ નામે નરકની પ્રાપ્તિ છે. અને જાણે અજાણે જો નાની-મોટી હિંસા થઈ જાય તો યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરવું અને તે પ્રાયશ્ચિત્ત ભગવાનની ભક્તિ અને જ્ઞાનપૂર્વક કરવું તેણે કરીને જ પાપનો ક્ષય થાય છે, પણ તે વિના કેવળ ભયથી કરેલા

પ્રાયશ્ચિત્તથી પાપનો ક્ષય થતો નથી.

હવે જો કોઈક દુષ્ટજન ભગવાનના ભક્તને દુઃખ દેતો હોય ત્યારે તો ભક્તનું રક્ષણ કરવાને અર્થે હણવો અથવા ઘાયલ કરવો. ને આમ કરતાં તે દુષ્ટ પુરુષે હણ્યો સતો પોતે મૃત્યુને પામે વા મૃત્યુપ્રાય ઘાયલ થાય, તો તે ભક્તનો પક્ષ લેવાથી પોતાના મોક્ષના વિરોધી જે બ્રહ્મહત્યાદિક પાપકર્મ તેના વિનાશપૂર્વક નિશ્ચે પરમ મોક્ષને પામે છે.

## શ્લોક : ૧૨

**देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।**

**न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ।। १२ ।।**

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, શશલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી; કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥ ૧૨ ॥

## ભાવાર્થ

ભગવાન શ્રી સહજાનંદસ્વામી લૌકિક હિંસાનો નિષેધ કરીને હવે વૈદિક હિંસાનો નિષેધ કરે છે : રજોગુણી અને તમોગુણી એવા દેવતા તથા પિત્રીઓ તેનો 'યાગ' જે યજન, તેને અર્થે બકરાં, ઘેટાં, અશ્વ ને હરિણાદિ પશુ માત્રની તેમ જ પક્ષીની પણ હિંસા ન કરવી; જે હેતુ માટે કાયા, વાણી અને મનવડે કરીને પણ ભૂતપ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો. કેમ જે અહિંસા એ જ 'મહાન' કહેતાં પરમ ધર્મ છે. અને જે દેવને અથવા દેવીને સુરામાંસ અર્પણ થતું હોય અને જે દેવ-દેવી આગળ જીવની હિંસા થતી હોય, તે દેવ તથા તે દેવીને માનવાં નહિ તથા તેનું પૂજન અને વ્રત શ્રીહરિના આશ્રિતોએ ન કરવું. વળી શ્રીહરિએ કહ્યું છે જે, એમણે નિષેધ કરેલું હિંસામય કર્મ

જે કોઈ મનુષ્યો કરશે તેમના વંશનો ઉચ્છેદ થઈ જશે, તેમનો કોઈ પણ પુરુષાર્થ ક્યારેય સિદ્ધ નહિ થાય; અને તે મનુષ્યો મૃત્યુ પામીને ઘોર એવા નરકને પામશે.

લોકમાં મૈથુન, માંસભક્ષણ ને મદ્યપાનમાં મનુષ્યોની સ્વાભાવિકપણે પ્રવૃત્તિ હોય છે, પણ તે કાર્ય કરવામાં કોઈ એને પ્રેરણા કે આગ્રહ કરતું નથી; તેવા પાપકર્મમાં તો રજોગુણી - તમોગુણી અને આસુરી સંપદાવાળા મનુષ્યો રાગથી પ્રવર્તે છે. અને શાસ્ત્રમાં જ્યાં જ્યાં એવાં વચન જણાતાં હોય, તો તે પ્રધાનવચન નથી; પરંતુ હિંસા વગેરેના સંકોચને અર્થે છે એમ જાણવું. અને રાગદ્વેષથી કે આપત્કાળમાં હિંસા આદિમાં પ્રવૃત્તિ થયેલી હોય, ને તેવાં વચન શાસ્ત્રમાં કદાચ લખાયેલાં હોય તો પણ તે ધર્મ નથી, પરંતુ ધર્માભાસ છે એમ જાણવું. અને તેથી મુમુક્ષુઓને તથા દૈવી જીવોને તે ત્યાજ્ય છે.

સંસૃતિને પમાડનારી એવી હિંસાનું પ્રતિપાદન જે શાસ્ત્રમાં કર્યું હોય તેને શાસ્ત્ર ન જાણવું; કારણ કે હિંસા કરવાથી સર્વ અનર્થને વારંવાર પમાડનાર એવો સંસાર પ્રાપ્ત થાય છે. કેવળ ધર્મમર્યાદાની સ્થિતિ વિનાના, વિમૂઢ, નાસ્તિક, સંશયાત્મક અને શાસ્ત્રના અભિપ્રાયને નહિ જાણનારા એવા મનુષ્યોએ હિંસાનું પ્રતિપાદન કરેલું છે. અને શ્રાદ્ધકર્મ પણ સામા આદિક પવિત્ર ધાન્યથી જ કરવું, પણ માંસે કરીને ન કરવું.

આ હિંસામય ને અહિંસામય ધર્મનો નિર્ણય શ્રીહરિએ આ પ્રમાણે કર્યો છે : 'જે હિંસામય ધર્મ છે તે રાગપ્રાપ્ત છે ને ધર્મ, અર્થ ને કામ પર છે; અને અહિંસામય ધર્મ છે તે મોક્ષપરાયણ છે. વળી હિંસામય ધર્મ તેણે કરીને ક્યારેય કોઈનો મોક્ષ થતો નથી. માટે મારા સર્વે ભક્તોએ અહિંસામય ધર્મ રાખવો.' જ્યારે ભગવાન ને ભગવાનના ભક્ત થકી બીજાં સર્વે માયિક પદાર્થને અતિ તુચ્છ જાણીને ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે, ત્યારે તેની મૂળમાંથી હિંસા નિવૃત્તિ પામે છે.

## શ્લોક : ૧૩

**स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित्**
**मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ।। १३ ।।**

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥ ૧૩ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : મારા આશ્રિતોએ મનુષ્યજાતિમાત્ર તેની હિંસા 'સર્વ પ્રકારે' એટલે મને કરીને પણ, મહા અપરાધ થયે સતે પણ ન કરવી; કારણ કે મનુષ્યદેહનું અતિ દુર્લભપણું છે અને મનુષ્યદેહે કરીને 'સર્વ પુરુષાર્થ' - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તે સિદ્ધ થાય છે. તે જો એવા મનુષ્યદેહનો નાશ થાય તો સર્વનો વિનાશ થાય; તેથી એવું કર્મ ન કરવું. પોતાને મનવાંછિત એવી સ્ત્રીની પ્રાપ્તિને અર્થે કે પોતાને ઇચ્છિત ઘણુંક દ્રવ્ય તેની પ્રાપ્તિને અર્થે, તથા ચક્રવર્તી રાજ્યની પ્રાપ્તિને અર્થે પણ મનુષ્યની હિંસા ન કરવી. વળી મનુષ્યના વધને વિષે પ્રાયશ્ચિત્તનું અધિકપણું કહેલું છે, માટે મનુષ્યની હિંસા સર્વપ્રકારે ત્યાગ કરવી.

મનુષ્યને હણનારો જે પુરુષ તેને નરક ભોગવ્યા પછી પણ

ફરીથી મનુષ્યનો જન્મ પ્રાપ્ત થતો નથી. આમ મનુષ્યને હણનારા પુરુષને દુરંત દુઃખની પ્રાપ્તિ થાય છે.

અને મનુષ્યની હિંસામાં પણ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તનો મન-કર્મ-વચને દ્રોહ કરવો એટલે કે તેમના વિષે ખોટો સંકલ્પ કરવો તથા તેમને કષ્ટ થાય એવા વચન બોલવા કે વર્તન કરવું તે હિંસાનો અધતમ પ્રકાર છે.

## શ્લોક : ૧૪

आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात् क्वापि न क्वाषोद्बन्धनादिना ।। १४ ।।

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો; અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય, તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો. અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઇત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥ ૧૪ ॥

## ભાવાર્થ

'હિંસા' બે પ્રકારની છે : 'બીજાની હિંસા' એટલે પરહિંસા અને 'પોતાની હિંસા' એટલે સ્વહિંસા. તેમાં પ્રથમની જે પરહિંસા તેનો નિષેધ કર્યો. હવે બીજી સ્વહિંસાનો નિષેધ કરતા શ્રીહરિ કહે છે : 'આત્મઘાત' એટલે પોતાના દેહનો ઘાત તો 'તીર્થ' જે છપૈયા, ગઢપુર આદિક તેને વિષે પણ સ્વર્ગાદિકની પ્રાપ્તિને અર્થે પણ ન કરવો. તીર્થોમાં મરણ તે દોષ પમાડનારું નથી, પણ મુક્તિ આપનારું છે એવું માનીને તેમ જ મંદવાડ કે લોકાપવાદ વગેરેનું દુઃખ સહન ન થાય તેવા સંજોગોમાં પણ તીર્થમાં જઈ આત્મઘાત ન કરવો. પરંતુ યાવજ્જીવિત ધર્મનિષ્ઠ થવું; કેમ કે અભ્યુદય અને નિઃશ્રેયસની

સિદ્ધિ તો એથી જ થાય છે.

અને 'ક્રોધે કરીને' કહેતાં સ્વજન તથા દુર્જન તેમણે કહેલાં એવાં હૃદયભેદક વચન તે થકી ઉત્પન્ન થયેલો એવો ક્રોધ તેણે કરીને, વા ઝેર ખાવું, ગળે ટૂંપો ખાવો, કૂવે પડવું ઇત્યાદિકે કરીને પણ આત્મઘાત ન કરવો.

વળી દૈવગતિએ કરીને કોઈક સમયને વિષે પોતાનો વર્ણ, આશ્રમ, દેશ અને કુળ તેના આચારને ઉચિત નહિ એવું કર્મ પોતાથી થઈ ગયું હોય, અથવા પોતાના સંબંધીથી થઈ ગયું હોય, એવા સંજોગોમાં લોકનિંદાના ભયે કરીને પણ આત્મઘાત ન કરવો. કેમ કે આત્મઘાતથી ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. માટે અયોગ્ય આચરણ થયે સતે, દેશ, કાળ, અવસ્થા ને શક્તિ, તેને અનુસારે ધર્મશાસ્ત્રમાં કહેલું એવું પ્રાયશ્ચિત્ત કરવું એ જ ઉચિત છે.

## શ્લોક : ૧૫

**न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।**
**न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ।। १५ ।।**

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું; અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય, તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. ॥ ૧૫ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : મારા આશ્રિત સત્સંગીઓ મોક્ષમાર્ગને વિષે રહેલા છે. તેથી તેમને હિંસામય યજ્ઞનો સર્વપ્રકારે અભાવ છે; તો પણ કોઈક સ્થાનને વિષે 'યજ્ઞનું શેષ' એટલે કે બીજા મનુષ્યે કરેલો સોમાદિક યજ્ઞ, તેમાં અથવા શ્રાદ્ધમાં, દેવ અને પિતૃના યજન કરતાં અવશેષ રહેલું એવું માંસ તે 'सर्वथा' એટલે પોતાની ઇચ્છાએ કરીને, વા રસાસક્તિએ કરીને, વા દેવ અને પિતૃના પ્રસાદીના મહાત્મ્યે કરીને, વા સ્નેહ-સંબંધનું ગૌરવપણું તેણે કરીને અથવા ગુરુની આજ્ઞાએ કરીને પણ 'ભક્ષણ કરવું નહિ;' કહેતાં તેનો આસ્વાદ પણ ન લેવો; કારણ કે હિંસા કરનાર દુરાચારી પુરુષને આ લોકમાં ને પરલોકમાં ક્યારેય સુખ થતું નથી અને એ હિંસામાં કેવળ

હિંસા કરનારો જ નહિ, પણ હિંસાની અનુમતિ આપનારો, હિંસા માટે પ્રાણીને લાવનાર, માંસને વેચનાર તથા ખરીદનાર, માંસને સુધારનાર, રાંધનાર તથા ખાનાર-આ બધા જ હિંસાના ભાગીદાર થાય છે.

હવે ગૃહસ્થને ખાંડણિયો, ઘંટી, ચૂલો, પાણિયારું અને સાવરણી એ પાંચ હિંસાસ્થાનો છે. તે સ્થાનોએ થતી હિંસાના દોષની નિવૃત્તિને અર્થે શ્રીહરિએ પાંચ મહાયજ્ઞ કરવાનું કહેલું છે તે : 'બ્રાહ્મ' કહેતાં પોતાના ઇષ્ટદેવ ભગવાન સંબંધી ગ્રંથાદિ, તેનું કથાવાર્તાદિકનું પઠન-પાઠન, શ્રવણ-મનન વગેરે કરવું તે 'બ્રાહ્મયજ્ઞ'; 'દૈવ' કહેતાં 'માનસીપૂજા, તથા મૂર્તિપૂજા કરવી અને ધ્યાન કરવું તે 'દૈવયજ્ઞ'; 'માનુષ' એટલે સાધુ તથા ભગવદ્‌ભક્તનું આતિથ્ય કરવું તે 'માનુષયજ્ઞ'; 'ભૌતિક' કહેતાં ગરીબ સ્વભાવવાળા ભક્તો તથા ગાયો વગેરેનું રક્ષણ કરવું તે 'ભૌતિકયજ્ઞ' અને 'પૈત્ર' એટલે શ્રાદ્ધકર્મ કરવું તે 'પૈત્રયજ્ઞ'. આમ પાંચ મહાયજ્ઞ કરવા.

વળી મૂળશ્લોકમાં - 'न पेयं च सुरामद्यमपि देवनिवेदितम्' એમ કહ્યું છે. તેમાં 'देवाय' કહેતાં કોઈક જન તેમણે ઇષ્ટદેવપણે માનેલ કાળિકાદેવી અને કાળભૈરવ આદિ, તેમને નૈવેદ્ય કરેલું એવું પણ 'સૂરા-મદ્ય' કહેતાં ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય, તે ન પીવું તથા તેનો ગંધ પણ ન લેવો.

શ્રીજીમહારાજને અર્પણ કર્યા વિનાનું અન્ન-જળ તથા આસુરી સંપત્તિવાળાનું અન્ન-જળ પણ માંસ અને સુરા તુલ્ય જ છે.

## શ્લોક : ૧૬

**अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।**

**अंगच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ।। १६ ।।**

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું; અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥ ૧૬ ॥

# ભાવાર્થ

શ્રી સહજાનંદ સ્વામી પ્રાણીમાત્રની હિંસાનો નિષેધ કરીને હવે પ્રાણીના એકાદ અવયવનું જે છેદન, તેનો પણ નિષેધ કરે છે. શ્રીહરિ કહે છે : લોક અને શાસ્ત્ર તેણે નિંદિત એવું પરસ્ત્રીનો અંગસંગ આદિક પાપકર્મ, પોતાવતે થયે સતે અથવા બીજાએ કર્યે સતે; શસ્ત્ર જે તલવાર, અસ્ત્રો અથવા છરો એ આદિકે કરીને પોતાનાં અથવા પોતાનો અપરાધ કરનાર સ્ત્રી, પુરુષ, પશુ આદિ તેના 'અંગનું', કહેતા કર્ણ, નાસિકા વા ગુહ્યાંગ તેનું છેદન ન કરવું; કારણ કે અંગચ્છેદન કરવાથી અગાઉનું જે પાપ તેની નિવૃત્તિ થતી નથી; સામું અંગચ્છેદન કરવાનું બીજું પાપ પ્રાપ્ત થાય છે ને નિર્દયપણું આવે છે; અને તેથી

ભગવાન કુરાજી થાય છે ને જન્મમરણરૂપ સંસૃતિ થાય છે. વળી સ્વપર અંગચ્છેદનવચન પણ ઉચ્ચારણ ન કરવું કે પરને ત્રાસ ઉત્પન્ન કરનારી એવી વાણી પણ ક્યારેય ઉચ્ચારણ ન કરવી.

અને દુષ્ટ વચન આદિ થકી ઉત્પન્ન થયેલો એવો ક્રોધ, તેના વશપણે કરીને પણ, શસ્ત્રાદિકથી પોતાના વા પરના અંગનું છેદન ન કરવું; કારણ કે તેથી મહાન અનર્થ થાય છે. વળી દાન, વ્રતો, નિયમો, જ્ઞાન, ધ્યાન, હોમ, જપ - એ બધું ઘણા પ્રયત્ને કરીને કર્યું હોય, છતાં ક્રોધ કરનારાનું તે સર્વ નિષ્ફળ થઈ જાય છે.

## શ્લોક : ૧૭

**स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।**

**सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ।। १७ ।।**

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું; અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ।। ૧૭ ।।

## ભાવાર્થ

શ્રીહરિ પોતાના શિષ્યો પ્રત્યે કહે છે : મારા આશ્રિત માત્રે ધર્મકાર્ય કરવાને અર્થે પણ ચોરીનું કર્મ એટલે કે પ્રત્યક્ષ, વા બળાત્કારે, વા છાની રીતે બીજાના પદાર્થનું અપહરણ ન કરવું; કેમ કે ચોરીનું દ્રવ્ય, ધર્મકાર્યને અર્થે યોગ્ય નથી. દરેકે પોતાના વર્ણાશ્રમને ઉચિત એવા ઉદ્યમથી કે વૃત્તિથી પ્રાપ્ત કરેલા-નીતિથી મેળવેલા દ્રવ્યથી ધર્મકાર્ય કરવું. અને જે પુરુષ, બીજાનું દ્રવ્ય હરણ કરીને દાન આપે છે તે દાન દેનારો નરકને પામે છે; અને ફળ તો જેનું દ્રવ્ય હોય તેને જ પ્રાપ્ત થાય છે. જે વિવેકી પુરુષ, નહિ દીધેલી એવી કોઈની કાંઈ પણ વસ્તુ મનથી પણ ગ્રહણ ન કરે તે ઊર્ધ્વગતિને પામે છે.

## શ્લોક : ૧૮

**व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।**
**धूतादि व्यसनं त्याज्यं नाद्यं भगादिमादकम् ।। १८ ।।**

અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો; અને જૂગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો. અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનાર વસ્તુ તે ખાવાં નહિ અને પીવાં પણ નહિ. ॥ ૧૮ ॥

## ભાવાર્થ

મારા આશ્રિત સ્ત્રી-પુરુષોએ 'વ્યભિચાર ન કરવો' કહેતાં પુરુષે પરદારાનું ગમન ન કરવું ને સ્ત્રીઓએ પરપુરુષનો સંગ ન કરવો. એવી શ્રીજીમહારાજે આ શ્લોકમાં આજ્ઞા કરી છે.

કોઈ પણ પુરુષે પરસ્ત્રીને ક્યારેય પણ કામભાવથી પામવી તો નહિ જ પણ ક્યારેય તેને કામભાવથી જોવી પણ નહિ. પરસ્ત્રી વિષેનો કામભાવ સર્વે સુકૃતનો નાશ કરી નાખે છે અને કલ્યાણના માર્ગમાંથી ભ્રષ્ટ કરે છે. આ લોકને વિષે જે પુરુષ અગમ્યા એવી સ્ત્રી, તેને પામે છે અને જે સ્ત્રી અગમ્ય એવો પુરુષ, તેને પામે છે, તે બેયને પરલોકને વિષે યમના

દૂત, લોઢાના કોરડાથી તાડન કરતા થકા, લોઢાની તપાવેલી સ્ત્રીની જે પ્રતિમા, તેની સાથે પુરુષને આલિંગન કરાવે છે અને લોખંડનું પુરુષનું તપાવેલું જે પૂતળું, તેની સંગાથે સ્ત્રીને આલિંગન કરાવે છે, માટે મને કરીને પણ વ્યભિચાર ન કરવો.

આ લોકને વિષે પણ પરસ્ત્રીનું સેવન તે આયુષ્ય, કીર્તિ, તેજ, યશ ને લક્ષ્મી તેના વિનાશનું મુખ્ય કારણ છે. પરસ્ત્રીને વિષે કામભાવવાળા પુરુષો દીર્ઘરોગી થાય છે.

આ સામાન્ય પરસ્ત્રી સાથેનો વ્યભિચાર કહેલો છે; પણ ગુરુસ્ત્રી સાથેનો વ્યભિચાર તો મહાપાતક તથા બેન આદિ સાથેના વ્યભિચારને અતિપાતક કહેલું છે. સ્ત્રીઓને પણ ગુરુ, શિષ્ય વગેરે તેના ગમનને વિષે દોષનું અધિકપણું કહેલું છે. માટે પોતાની સ્ત્રી વિના બીજી સ્ત્રીઓનો કામભાવે પ્રસંગ ત્યાગ કરવો.

અને જૂગટું આદિક જે વ્યસન તેનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. પરસ્ત્રી પ્રસંગ, જૂગટું રમવું, મૃગયા કરવી, મદ્યપાન કરવું, નૃત્ય, સંગીત, વાદ્ય, વૃથાટન, નિંદા અને દિવસની નિદ્રા આ દશ-મનુષ્યોને વ્યસન કહેલાં છે. માટે તેનો ત્યાગ કરવો. તદ્ઉપરાંત વૃથા સંભાષણ કરવું, અપશબ્દ બોલવા, બજારમાં તથા કોઈના હાટે (દુકાન ઇત્યાદિ) કામ વગરે વૃથા બેસવું, કુલટા સ્ત્રીનો સંગ અને ભક્તિ તથા ધર્મહીન શાસ્ત્રનું પરિશીલન કરવું ઇત્યાદિનો પણ ત્યાગ કરવો. તેમ જ નાટક,

સીનેમા, ભાંડ, ભવાયા, તાયફા એ વગેરે મનમાં વિકાર ઉત્પન્ન કરનારા વિષયોનો; તથા ચોપાટ, ગંજીફો વગેરે રમતો; તથા ઠઠ્ઠા-મશ્કરી વગેરેનો પણ ત્યાગ કરવો.

અને ભાંગ, ગાંજો, અફીણ, **ચરસ**, માજમ, મફર, તમાકુ, છીંકણી આદિ માદક પદાર્થો એટલે કે શરીરનું ભાન ભુલાવનાર પદાર્થોનો સ્પર્શ પણ ન કરવો તો તેનું સેવન ન કરાય તેમાં શું કહેવું?

## શ્લોક : ૧૯

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ।। १९ ।।

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ, તે ખપતું ન હોય, તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણભગવાનની પ્રસાદી- ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું; અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ।। ૧૯ ।।

## ભાવાર્થ

પોતાના વર્ણ, આશ્રમ અને આચાર તે થકી વિરુદ્ધ હોવાથી, ભોજન કરવા યોગ્ય ન હોય તેવા પુરુષે પકાવેલું અન્ન તથા તેવા પુરુષના પાત્રનું જળ-જે ચરણામૃતાદિ તે ખાવુંપીવું નહિ. આચારથી વિરુદ્ધ એટલે કે જેના હાથનું રાંધેલ અન્ન ખપતું હોય, પણ જો તે પુરુષે અજ્ઞાનતાથી કે જાણીને, ગાળ્યા વિનાના જળાદિકે કરીને પકવ કરેલ હોય; અશોધિત અન્નમાંથી બનાવેલ હોય; અગ્રાહ્ય લસણ આદિકના સંસર્ગવાળું હોય; કે ઉચ્છિષ્ટ પાત્રમાં પકવ કરેલ હોય કે ગાળ્યા વિનાના દૂધમાંથી બનાવેલું હોય. તેવું અપવિત્ર અન્ન, 'ભગવાનની

પ્રસાદીનું છે.' એમ જો કોઈ માહાત્મ્ય બતાવે અથવા 'ભગવાનના સંબંધને જે જે પામે તે સર્વે નિર્ગુણ થાય' એવી રીતે પોતાના ઇષ્ટદેવની પ્રસાદીના મહાત્મ્યનું બળ લઈને પણ તે ન ખાવું. કારણ કે વર્ણ તથા આશ્રમની મર્યાદા જે શ્રીજીમહારાજે જ બાંધેલી છે તેના ભંગનો દોષ લાગે. વળી ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવાની શ્રીજીમહારાજની જ શીક્ષાપત્રીમાં આજ્ઞા છે. માટે મોક્ષની ઇચ્છાવાળા ભક્તોએ પ્રત્યક્ષ પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે વર્ણાશ્રમધર્મની મર્યાદાનું પાલન અવશ્ય કરવું.

## શ્લોક : ૨૦

**मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये ।**
**नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ।। २० ।।**

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ, કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો; અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥ ૨૦ ॥

## ભાવાર્થ

પોતાને ઈપ્સિત એવું પદાર્થ તેની પ્રાપ્તિને અર્થે; કહેતાં, સામાના ઉપર અપવાદ આરોપણ કરવાથી પોતાના અર્થની સિદ્ધિ થતી હોય તો પણ, કોઈ પણ સ્ત્રી-પુરુષ ઉપર મિથ્યા એવો અપવાદ જે 'આ પુરુષ અથવા આ સ્ત્રી તેણે આવું પાપકર્મ કર્યું છે' એવો જૂઠો અપવાદ આરોપણ ન કરવો; કેમ કે તેથી મહાન દોષ લાગે છે અને એ દોષની શુદ્ધિ કોઈ પ્રાયશ્ચિત્તે કરીને કહી નથી. વળી જે મનુષ્ય બીજામાં દોષ હોય ને તે દોષ બહાર કોઈના જાણ્યામાં ન હોય અને તેનો જનસમાજમાં પ્રકાશ કરે, તો તે પ્રકાશ કરનારને, તે દોષવાળા પાતકીમાં જે દોષ હોય તેટલું જ પાપ લાગે; પરંતુ બીજામાં દોષ ન હોય છતાં તેવો દોષ એનામાં છે એવો મિથ્યા અપવાદ મૂકે તો તે મિથ્યા અપવાદ આરોપણ કરનારને, જે

મનુષ્યમાં જે દોષનો મિથ્યા અપવાદ મૂકેલો હોય તે દોષ સિવાય બીજા જે જે દોષ એનામાં હોય તે પણ તેવા મિથ્યા અપવાદ મૂકનારને લાગે છે.

શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૨મા વચનામૃતમાં પણ કહ્યું છે : "કોઈકને માથે જૂઠું કલંક દેવું,' તે પણ બ્રહ્મહત્યા જેવું જ છે; અને સાચું કલંક હોય તો પણ તેને એકાંતે તેડીને તેનું રૂડું થાય એમ કહેવું, પણ તેને ફજેત કરવો નહિ."

શ્રીજીમહારાજ આગળ કહે છે કે, મારા આશ્રિત તેમણે, અપશબ્દ જે બીભત્સ ગાળો દેવી તથા મર્મસ્થળ ભેદાય તેવાં વચન ક્યારેય બોલવાં નહિ.

## શ્લોક : ૨૧

**देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।**
**वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ।। २१ ।।**

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ, એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥ ૨૧ ॥

## ભાવાર્થ

દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ તેમની નિંદા હાસ્ય-વિનોદમાં પણ ન કરવી. તેમ જ કોઈ અવિનયવાળા પુરુષો એમની નિંદા કરતા હોય તો તે નિંદા ક્યારેય સાંભળવી પણ નહિ. અહીં 'દેવતા' એટલે સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, કે જે આપણા ઇષ્ટદેવ છે તે સમજવા 'તીર્થ' એટલે શ્રીજીમહારાજના પ્રસાદીરુપ ગઢડા, વડતાલ આદિ સ્થળ સમજવા, 'બ્રાહ્મણ' એટલે કે જેના આચાર, વિચાર, વર્તન વગેરે સંપૂર્ણપણે શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર હોય તેવા ભગવદ્‌ભક્ત. 'પતિવ્રતા' એટલે કે જેને એક શ્રીજીમહારાજને વિષે જ ભગવાનપણાનો પરિપક્વ નિશ્ચય હોય અને શ્રીજીમહારાજને જ સર્વોપરી, સર્વ કર્તા-હર્તા અને સર્વ અવતારોના અવતારી સમજતા હોય તેવા શ્રીજીમહારાજના આશ્રિત. 'સાધુ' એટલે કે જેમણે એક

શ્રીજીમહારાજની મૂર્તિના સુખ આગળ સઘળું નરક તુલ્ય જાણીને તે સર્વેને ત્યજી દીધું હોય ને એક શ્રીહરિની જ પ્રસન્નતા અર્થે સર્વ ક્રિયાઓ છે જેમની એવા શ્રીજીને મળેલા મુક્તો. અને 'વેદ' એટલે કે શ્રી સહજાનંદ સ્વામીના મુખકમળની પરાવાણીરૂપ શીક્ષાપત્રી, વચનામૃત આદિ તથા તેમની આજ્ઞાથી તેમના સમર્થ સંત-હરિભક્તોએ રચેલ શ્રીજીમહારાજના સંબંધવાળા ગદ્ય-પદ્ય ગ્રંથો જાણવા.

## શ્લોક : ૨૨

**देवतायै भवेद्यस्य सुरामांसनिवेदनम् ।**
**यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ।। २२ ।।**

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય, તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ॥ ૨૨ ॥

## ભાવાર્થ

જે રજોગુણી-તમોગુણી એવા દેવ અને દેવીઓ તેમને, સુરા અને માંસ તેનું નૈવેદ્ય થતું હોય, તથા જે દેવ-દેવી આગળ બકરા, પાડા આદિક પશુની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેધ એવું અન્નાદિક પણ ખાવું-પીવું નહિ. નૈવેદ્યની વસ્તુ દારુ-માંસ હોય તો તો ખવાય - પીવાય જ નહિ, પરંતુ એવા દેવોની પ્રસાદીની વસ્તુઓ - જે ટોપરું, પકવાન્ન, ફળ, જળ વગેરે ભલે ધાર્મિક દૃષ્ટિએ તે ચીજો ગ્રાહ્ય હોય તો પણ ખાવી-પીવી નહિ; કેમ કે જેમનો પ્રસાદ લે, તેમના તરફ રુચિ થવાનો સંભવ છે; અને પરિણામે મદ્યમાંસ ભક્ષણ અને હિંસા આદિ તામસ આચરણો તરફ રુચિ થાય છે અને અંતઃકરણ ભ્રષ્ટ થાય છે; માટે તેનો પણ નિષેધ કરેલો છે.

## શ્લોક : ૨૩

**दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।**
**प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ।। २३ ।।**

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે, તેને જોઈને તેને નમસ્કાર કરવો; અને આદરથકી તે દેવનું દર્શન કરવું. ॥ ૨૩ ॥

## ભાવાર્થ

જીવ જ્યારે માયાના બંધનમાંથી નીકળીને જન્મ-મરણના ફેરાથી છૂટે છે ત્યારે 'શીવ' એટલે કે મુક્ત બને છે અને ત્યારે જ તે પરમાત્માના દિવ્યસુખનો ભોક્તા થાય છે. આ મુક્તપુરુષોના સમાગમથી અન્ય જીવો પણ પરમાત્માના સંબંધને પામે છે. શ્રીજીમહારાજ પણ વધુને વધુ જીવો માયાના પાશથી નીકળીને પોતાના અવિનાશી, અલૌકિક સુખના અધિકારી થાય તે માટે તેમના અનાદિમુક્તો તથા પરમએકાંતિક મુક્તોનો પૃથ્વી પર આવિર્ભાવ કરાવે છે.

હવે 'શિવ' જે શ્રીજીમહારાજના મુક્તો (પરોક્ષના શંકર ભગવાન નહિ) તે માર્ગમાં જતાં સામા મળે અથવા તો તેમનો સમાગમ થાય ત્યારે આદરપૂર્વક તેમને નમસ્કાર કરવા તથા તેમનો જોગ-સમાગમ કરી શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા તેમના થકી સમજી પોતાના આત્યંતિક કલ્યાણના ઉપાય કરવા.

## શ્લોક : ૨૪

**स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।**

**परधर्मो न चाचर्यो न च पाषंडकल्पितः ।। २४ ।।**

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ, તે કોઈ સત્સંગીએ ત્યાગ કરવો નહિ; અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિતધર્મનું આચરણ ન કરવું. ॥ ૨૪ ॥

## ભાવાર્થ

બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ, પોતાના વર્ણનો જે ધર્મ તે વર્ણધર્મ કહેવાય. અને આશ્રમ, જે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ આદિનો ધર્મ, તે આશ્રમધર્મ કહેવાય. તે વર્ણાશ્રમધર્મ 'કોઈએ' ભક્તિ અને જ્ઞાનના અવલંબને કરીને પણ, ત્યાગ ન કરવો. તેનો ત્યાગ કરવાથી આ લોકમાં તથા પરલોકમાં અનર્થની પ્રાપ્તિ થાય છે; તે હેતુ માટે સર્વપ્રકારે સ્વધર્મનું જ પાલન કરવું. કારણ કે સ્વધર્મ છે તે સર્વેને ભક્તિ તથા મુક્તિ આપનારો છે.

બ્રાહ્મણના અહિંસાપ્રધાન ધર્મ કરતાં, જો કે ક્ષત્રિયનો ધર્મ અહિંસારૂપ જે ગુણ તેનાથી રહિત છે તો પણ, 'પોતાનો' એટલે, ક્ષત્રિયનો ધર્મ, ક્ષત્રિય માટે અતિશય શ્રેષ્ઠ છે. અને સ્વધર્મ, જે યુદ્ધાદિ ક્ષત્રિયધર્મનું જે પાલન, તેનું આચરણ

કરતાં તેમાં કદાચ મરણ થાય, તો પણ તે પરલોક સુધારનારું શ્રેષ્ઠ કર્મ છે. અને ક્ષાત્રભાવે યુક્ત ક્ષત્રિયને, અહિંસાપ્રધાન બ્રાહ્મણધર્મ પરધર્મ હોઈ, છેવટે ભય ઉપજાવનારો જ થાય છે. આમ સ્વધર્મ ઓછા ગુણવાળો હોય તો પણ શ્રેષ્ઠ છે, જ્યારે પરધર્મ, સારી રીતે આચરણ કરાયેલો હોય તો પણ તે શ્રેયસ્કર નથી.

વળી પાપના ચિહ્ન જે ધર્મને વિષે રહ્યાં હોય તે 'પાષંડ' કહેવાય અને સૌનું રક્ષણ કરે એવી જે ધર્મમર્યાદા, તેનું ખંડન કરે તે 'પાખંડ' કહેવાય; એટલે કે, શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ ધર્મ, તે રૂપી પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા મનઃકલ્પિત એવો નાસ્તિકનો ધર્મ, તેનું પણ આચરણ કરવું નહિ.

## શ્લોક : ૨૫

**कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।**

**स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ।। २५ ।।**

અને જેનાં વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ, એ બે થકી પડી જવાય, તેના મુખથકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ॥ ૨૫ ॥

## ભાવાર્થ

જે ભગવાનની ભકિત અને સ્વધર્મથી રહિત હોય, એવા પુરુષના મુખથી ભગવાન સંબંધી કથા-વાર્તા ક્યારેય ન સાંભળવી. માહાત્મ્યજ્ઞાને સહિત જે ભગવાનનો નિશ્ચય, તેણે રહિત એવો જે જીવ, તેના મુખ થકી ભગવાનની કથા-વાર્તા સાંભળે, તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી; એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. વળી શ્રી સ્વામિનારાયણ ભગવાને જ સત્સંગિજીવનમાં કહ્યું છે કે : ધર્મે સહિત ભક્તિ કરવા રૂપ સન્માર્ગની મર્યાદાને જે ભેદી નાખનારા હોય, તેમના મુખ થકી ભગવાનની કથા-વાર્તા પણ ન સાંભળવી. વળી જે તપસ્વી હોય છતાં ક્રોધે યુક્ત હોય, જે ભગવાનનો ભક્ત હોય છતાં કામાતુર હોય, જે સ્વધર્મનિષ્ઠ હોય છતાં અભક્ત હોય, જે ત્યાગી હોય છતાં લોભયુક્ત હોય, જે ગુરુપદે વિરાજતા

હોય છતાં શિષ્યસમાજને યથાશાસ્ત્ર ધર્મમર્યાદામાં વર્તાવતા ન હોય અને જે જ્ઞાનવાન હોય છતાં યુક્તિથી ભગવાનના દિવ્ય સાકારસ્વરૂપનું ખંડન કરતા હોય; આ છ પ્રકારના મનુષ્યનો સંગ, રૂડી બુદ્ધિનું ખંડન કરનારો છે. અને જેમ અસજ્જનના સંગથી આ લોક-પરલોકમાં કલ્યાણનો વિઘાત થાય છે, તેમ જ આ છ પ્રકારના મનુષ્યોના સંગથી પણ કલ્યાણનો વિઘાત થાય છે; માટે તેમના સંગનો પણ ત્યાગ કરવો.

## શ્લોક : ૨૬

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।
कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ।। २६ ।।

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન, તે ક્યારેય ન બોલવું. અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥ ૨૬ ॥

## ભાવાર્થ

પોતાનો તથા પારકો દ્રોહ થાય તેવું 'સત્ય' એટલે જેવું હોય તેવું યથાસ્થિત વચન ક્યારેય ન બોલવું; જે સત્ય બોલવાથી પોતાને વા અન્યને પીડા થાય તેવું સત્ય ન બોલવું; બાકી તો સત્ય જ બોલવું; અસત્ય ન બોલવું. પોતાના અથવા પારકાના પ્રાણની રક્ષા માટે, ગુરુને માટે, સ્ત્રીઓની પાસે, મશ્કરીમાં, વિવાહ કાર્યમાં, આજીવિકાની રક્ષા કરવામાં તથા ગાય કે બ્રાહ્મણના હિતને માટે અસત્ય બોલવામાં દોષ નથી. આવા પ્રસંગો સિવાય, હંમેશા સત્ય જ બોલવું. સત્ય વચન શ્રેય કરનારું છે; પરંતુ સત્યનું યથાર્થ સ્વરૂપ સમજવું એ અત્યંત દુષ્કર છે. પ્રત્યક્ષ જોયેલું, શાસ્ત્રમાંથી સાંભળેલું, શાસ્ત્ર વચનને મળતું આવે તેવું અનુમાન કરેલું, પોતે બરાબર

અનુભવેલું, પારકાને પીડા ન થાય એવું તથા ભૂતપ્રાણીમાત્રનું અતિ હિત થતું હોય એવું જે વચન, તેને જ સત્ય વચન જાણવું. શાન્તિ ઇચ્છતા પુરુષે, સામાનું વચન યથાર્થ સાંભળીને તથા અન્યની ક્રિયા પ્રત્યક્ષ જોઈને તથા પોતાની સાત્ત્વિક બુદ્ધિથી તેનો નિર્ણય કર્યા પછી જ, અપવાદરહિત, હિંસારહિત, ચાડિયાપણારહિત, શઠતારહિત, મર્મસ્થળ ભેદાય તેવા વચનેરહિત, ક્રુરતારહિત અને પથ્ય તથા પ્રિય એવું સત્ય વચન બોલવું. વળી શ્રી સ્વામિનારાયણ ભગવાને એમ પણ કહ્યું છે કે, સત્ય બોલવું; પ્રિય બોલવું; પરંતુ અપ્રિય એવું સત્ય ન બોલવું તેમ જ પ્રિય એવું અસત્ય ન બોલવું એ જ ધર્મ છે.

અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો. જે કરેલા ઉપકારનો વાણીથી નાશ કરે તે કૃતઘ્ની કહેવાય. તેમ જ ઉપકારને ભૂલી જઈને સામો અપકાર કરે તે પણ કૃતઘ્ની કહેવાય. એવા કૃતઘ્નીને અતિપાતક લાગે છે અને તેનો સંસર્ગ રાખનારને પણ તેવો દોષ પ્રાપ્ત થાય છે. માટે કૃતઘ્નીનો સંગ ન કરવો.

અને કોઈ પણ મનુષ્યની પાસેથી લાંચ ન લેવી; એકાંતમાં ભય આદિ બતાવીને, પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં તત્પર એવાં મનુષ્ય પાસેથી ગ્રહણ કરાતા દ્રવ્યને લાંચ કહેવાય છે. લાંચ ન લેવાનો હેતુ એ છે કે, અન્યાયથી સંપાદન કરેલું દ્રવ્ય દશ વર્ષ સુધી ટકે છે. અગિયારમું વર્ષ પ્રાપ્ત થતાં 'મૂળસહિત' કહેતાં, ન્યાયથી મેળવેલી કે વારસાગત પ્રાપ્ત થયેલી પોતાની જે મિલકત હોય તેણે સહિત નિશ્ચે નાશ પામી જાય છે.

## શ્લોક : ૨૭

**चोरपापिव्यसनिनां संगः पाषंडिनां तथा ।**

**कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ।। २७ ।।**

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો, એ છ પ્રકારનાં મનુષ્ય, તેમનો સંગ ન કરવો. ॥ ૨૭ ॥

## ભાવાર્થ

'ચોર' એટલે જેમનો ચોરવાનો સ્વભાવ પડ્યો હોય તે; તેમ જ નહિ આપેલા પારકા દ્રવ્યનું હરણ કરનાર લોકો. 'પાપી' એટલે પ્રાણીઓની હિંસા વગેરે પાપકર્મ કરવાના સ્વભાવવાળા. 'વ્યસની' જે શિકાર, જુગાર ઇત્યાદિ વ્યસનવાળા; તેમ જ ભાંગ, અફીણ, તમાકુ, માજમ વગેરેનું સેવન કરનારા. 'પાખંડી' એટલે વેદશાસ્ત્રવિરુદ્ધ આચરણ કરનારા. 'કામી' જે પારકી સ્ત્રીને કામભાવથી ઇચ્છનારા તથા 'કીમિયા' જે સ્વાર્થ સાધવા માટે લોકોને ઠગવાનો જ ધંધો છે જેમનો એવા માણસો; - આ સર્વનો સંગ ન કરવો. 'સંગ' એટલે તેમની સાથે મિત્રતા કરવી, એક આસને બેસવું, એક જ શય્યામાં શયન કરવું, એક જ પંક્તિએ જમવું, એક જ પાત્રમાં રાંધવું, પરસ્પર રાંધેલું અન્ન લેવું - દેવું અથવા મિશ્રણ

કરવું, સાથે યજ્ઞ કરવો, સાથે અભ્યાસ કરવો, સાથે વિવાહસંબંધ તથા સાથે ભોજન વગેરે.

વળી 'ઉદ્ધત' એટલે ધનમદ વગેરેના મદથી શાસ્ત્રમર્યાદા જે લોપતા હોય; 'ઉન્મત્ત' કહેતાં વાયુ વગેરે રોગથી વિક્ષિપ્ત ચિત્તવાળા જે હોય; ઉડાઉ હોય; લોભી હોય, જેના ઘણા શત્રુ હોય, જૂઠું બોલવાના સ્વભાવવાળા હોય, વેશ્યાગમન કરતા હોય તથા નસીબ જ આપશે, પ્રયત્ન કરવાની શી જરૂર છે? એમ માનીને બેસી રહે એટલે કે આળસુ હોય - આટલાઓની સાથે એક ક્ષણપણ બેસવું નહિ. કારણ કે જેને જેવાં શાસ્ત્રો અથવા જેવાં મનુષ્યોનો સંગ થાય છે તેની બુદ્ધિ તેવી થાય છે; માટે અસચ્છાસ્ત્રો તથા અસત્પુરુષોનો સંગ ન કરવો.

## શ્લોક : ૨૮

**भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।**
**पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न संङ्गमः ।। २८ ।।**

અને જે મનુષ્ય, ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપથકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥ ૨૮ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજની ભક્તિનું અવલંબન કરીને, અથવા શ્રીજીમહારાજના માહાત્મ્યજ્ઞાનના બળનું ગ્રહણ કરીને જે પુરુષો સ્ત્રી, દ્રવ્ય તથા રસાસ્વાદને વિષે 'લોલુપ' થકા પાપને વિષે એટલે પરસ્ત્રીના સંગ આદિ પાપકર્મમાં પ્રવર્તેલા હોય તેમનો સમાગમ ન કરવો. તે અસત્પુરુષો એવી રીતે મહાત્મ્યજ્ઞાનનું બળ ગ્રહણ કરે છે કે : ભગવાન તો અધમોદ્ધારણ છે, પતિતપાવન છે અને એકવાર પણ નારાયણ નામોચ્ચારણમાત્રથી સર્વ પાપ નિઃશેષ નાશ થઈ જાય છે, વળી જેટલી પાપોના વિનાશનમાં ભગવન્નામની શક્તિ છે, તેટલાં પાપ કરવા પાતકી મનુષ્ય શક્તિમાન નથી; માટે તે ભગવાનના આશ્રયવાળા આપણને શો ભય છે? આવી રીતે

ભગવાનના મહિમાનો ઓથ લઈને પાપકર્મને વિષે પ્રવર્તતા હોય તેમનો સમાગમ ન કરવો. વળી કોઈ એમ કહે જે, મુક્તપુરુષોને સ્વેચ્છાનુસાર વર્તન માટે દોષ નથી, માટે તેમને તો યથેષ્ટાચરણ યોગ્ય છે; તો તે ક્યારેય ન માનવું. કારણ કે તે મોટા પુરુષ તો ધર્મના રક્ષણ માટે પ્રવર્તેલા છે, પરંતુ અધર્મના આચરણ માટે નહિ. દૃઢ આત્મનિષ્ઠા ને ભક્તિને પામેલા એવા મુક્તપુરુષ પણ વનિતાના પ્રસંગથકી ભ્રષ્ટ થાય છે તથા તેવી જ રીતે ભક્ત એવી સ્ત્રીઓ પણ પર પુરુષના પ્રસંગથકી ભ્રષ્ટ થઈ જ જાય છે.

## શ્લોક : ૨૯

**कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।**

**कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ।। २९ ।।**

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણભગવાન તથા શ્રીકૃષ્ણભગવાનના જે વરાહાદિક અવતાર, તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવાં જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥ ૨૯ ॥

## ભાવાર્થ

જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ તથા શ્રીકૃષ્ણના અવતાર એમ જે આ શ્લોકમાં કહ્યું તેમાં 'કૃષ્ણ' એ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનને જાણવા. હવે શ્રી સ્વામિનારાયણ ભગવાનના અવતારમાં ત્રણ ભેદ છે : સંકલ્પાવતાર, મુક્તાવતાર અને ઐશ્વર્યાવેશ અવતાર. શ્રીજીમહારાજ પોતાના સંકલ્પે કરીને પોતે નરનારાયણ, લક્ષ્મીનારાયણ તથા રાધાકૃષ્ણાદિરૂપે તેમ જ ચતુર્ભુજાદિરૂપે થઈને સમાધિસ્થિતિને પામેલા જે ભક્ત તેમને પોતાનું દર્શન દેતા હતા તે સ્વરૂપોને 'સંકલ્પાવતાર' જાણવા. શ્રીહરિના સંકલ્પસ્વરૂપમાં ને મૂળ સંકલ્પી સ્વરૂપમાં ભેદ નથી, પરંતુ શ્રીમદ્‌ભાગવતાદિ શાસ્ત્રમાં કહેલા શ્રીકૃષ્ણ તથા નરનારાયણ તેમાં ને

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તેમાં તો ઘણો ભેદ છે. અને જે ઐશ્વર્યની ઇચ્છા તજી દઈ, પોતાને બ્રહ્મરૂપ માની, ભગવાનને ભજે છે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે એવા મુક્ત પૃથ્વી પર સ્વતઃ મૂર્તિમાંથી પ્રકટ થાય તો તેમને 'મુક્તાવતાર' જાણવા. અને ઐશ્વર્યની ઇચ્છાવાળા ભગવાનના ભક્ત, તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ, પ્રકૃતિપુરુષ, મૂળપુરુષ, બ્રહ્મ તથા અક્ષર જેવા થાય તે શ્રીહરિના ઐશ્વર્યાવેશ અવતાર કહેવાય. આમ શ્રીહરિના ગુણ-ઐશ્વર્યનો આવિર્ભાવ થવાથી ઐશ્વર્યાવેશ અવતાર થાય છે. આ જે ત્રણ પ્રકારના શ્રીહરિના અવતાર તથા શ્રીહરિ સ્વયં તેમનું જે શાસ્ત્રમાં યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ન માનવા. શ્રી સ્વામિનારાયણ ભગવાન સદા દિવ્યસાકાર મૂર્તિમાન છે અને અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા છે, તેમને અરૂપ તથા અકર્તા કહેવા તથા તે ભગવાનની પ્રેરક શક્તિ વિના સ્વતંત્રપણે, કાળ, માયા, પુરુષ, સ્વભાવ, કર્મ-તે કર્તા છે એમ કહેવું તે ભગવાનનું ખંડન કર્યું કહેવાય.

વળી, 'યુક્તિએ કરીને' એમ કહ્યું તે, કેવી રીતે તો પરબ્રહ્મ જો સાકાર હોય તો શાસ્ત્રમાં તે બ્રહ્મને (ભગવાનને) જ્યોતિસ્વરૂપ તથા અરૂપ કહ્યા છે એ શી રીતે કહેવાય? વળી સર્વત્રપૂર્ણ ને જડ-ચૈતન્યના શરીરી કહ્યા છે, એ શી રીતે સંગત થાય? માટે એવા શ્રુતિ- સ્મૃતિના પ્રમાણથી પરબ્રહ્મ

નિરાકાર જ છે - આવી રીતે શાસ્ત્રમાં ખંડન કર્યું હોય. એવા જે શાસ્ત્ર તે માનવા નહિ; કેમ જે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તો, સદા દિવ્ય, સદા સાકાર ને સર્વકર્તા છે. જે જનો શ્રીહરિને નિરાકાર ને અકર્તા કહે છે તે અજ્ઞાની ને પાપી છે. સમર્થ એવા શ્રીજીમહારાજ, તે આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને સ્વેચ્છાથી સ્વતંત્રપણે કરે છે; તે હેતુ માટે, કાળ, કર્મ, સ્વભાવ, માયા ને પુરુષ તેમના, આદિથી જ કર્તા છે. અને પોતે કોઈ પણ ક્રિયા ન કરે, પરંતુ પોતાના સંકલ્પમાત્રથી બીજા દ્વારા કરાવે તે શ્રીહરિનું 'અકર્તાપણું' જાણવું. વળી કાળ-માયાદિ ઉપકરણ વિના, પોતે જ પોતાના સામર્થ્યે કરીને અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયાદિ કરવા સમર્થ હોઈ શ્રીહરિ 'અન્યથાકર્તા' કહેવાય છે.

અને કોઈ શાસ્ત્રમાં ભગવાનને અરૂપ કે નિરાકાર કહ્યા હોય છે, તે શ્રીહરિનું સ્વરૂપ માયામય આકૃતિવાળું નથી માટે, પરંતુ શ્રીહરિનું સ્વરૂપ અરૂપ કે નિરાકાર છે, એમ ક્યારેય ન સમજવું. અને ભગવાન, કોટીકોટી સૂર્યની માફક, પોતાના અંગનું તેજ, તેણે કરીને વ્યાપ્ત હોઈ તેમને 'જ્યોતિસ્વરૂપ' કહ્યા છે, પણ જે કેવળ તેજની જ ઉપાસના કરતા હોય, તેમને તેજમાં મૂર્તિ દેખાતી નથી; કેવળ તેજ દેખાય છે. તેથી તે જનો ભગવાનને 'જ્યોતિરૂપ' કહે છે. વળી ભગવાન માયિક ગુણે રહિત છે, માટે 'નિર્ગુણ' કહ્યા છે અને અનંત દિવ્ય ને કલ્યાણકારી ગુણે યુક્ત છે તેથી 'સગુણ' કહ્યા છે. તેમ જ

પોતાના ધામમાં રહ્યા થકા જ પોતાનાં તેજનાં કિરણોએ કરીને સર્વત્ર વ્યાપક છે, માટે સર્વત્રપૂર્ણ કહ્યા છે. માટે શ્રીહરિને ક્યારેય નિરાકાર કે અકર્તા ન સમજવા ને તેવું સમજાવતા શાસ્ત્રો ન માનવા.

## શ્લોક : ૩૦

**अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।**

**स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ।। ३० ।।**

અને ગાળ્યા વિનાનું જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ।। ૩૦ ।।

## ભાવાર્થ

વસ્ત્રથી ગાળ્યા વગરનું પાણી પીવું નહિ કારણ કે નહિ ગાળેલા જળપાનમાં માંસભક્ષણ દોષ થવાનો સંભવ છે. માછલાં પકડનાર માછીમાર છ મહિના સુધી માછલાં મારે અને તેથી જેટલું પાપ લાગે તેટલું પાપ, એક દિવસ ગાળ્યા વિનાનું પાણી પીએ તેને લાગે છે.

અને દૂધમાત્ર કહેતાં દૂધ, ઘી, તેલ વગેરે પ્રવાહી રસમાત્રને યથાયોગ્ય અગ્નિવડે ઉના કરી, ગાળીને શુદ્ધ કરીને જ વાપરવા.

તથા એક ખરીવાળી ઘોડી આદિનું દૂધ, ઊંટડીનું દૂધ ને ઘેટીનું દૂધ તે ક્યારેય ન પીવું; તથા દસ દિવસ વિઆયે ન થયા હોય તેવી ગાય, ભેંસ તથા બકરીનું દૂધ ન પીવું; તેમ જ રાત્રિએ દહીં ન ખાવું.

વળી જે જળમાં ઝીણા જંતુઓ ઘણા હોય તેવા પાણીથી સ્નાન આદિ ક્રિયા ન કરવી, એટલે કે સ્નાનના અંગભૂત તર્પણ વગેરે કર્મ; તેમ જ હાથ-પગ ધોવા, વસ્ત્ર ધોવાં, વાસણો માંજવાં-ધોવાં વગેરે પણ ન કરવું; નહિતર તેમાં સૂક્ષ્મ જંતુનો નાશ થવાથી અહિંસા ધર્મમાં દૂષણરૂપ આપત્તિ આવે છે; માટે એવું કર્મ બુદ્ધિપૂર્વક ક્યારેય ન કરવું.

## શ્લોક : ૩૧

**यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा ।**

**अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ।। ३१ ।।**

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું; અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥ ૩૧ ॥

## ભાવાર્થ

જે ઔષધમાં મદિરા અને માંસ મિશ્રિત હોય, તેવું ઔષધ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ ક્યારેય ન ખાવું. અજ્ઞાનતાથી કે પ્રાણાન્ત આપત્કાળ હોય તેવા સમયમાં પણ જો દારૂ પી જવાય તથા માંસમિશ્રિત એવું ઔષધ ખાવામાં આવે તો યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરે તો શુદ્ધ થાય.

શ્રીજીમહારાજે સત્સંગિજીવનમાં કહ્યું છે કે, પોતાના પ્રાણનું રક્ષણ કરવા માટે પણ ધર્મનો ત્યાગ કરવો નહિ; અર્થાત્ ક્યારેય પણ દારૂમાંસે યુક્ત ઔષધ ખાવું નહિ તેમજ પીવું પણ નહિ.

વળી જેના આચારને ન જાણતા હોઈએ એવો પુરુષ તે અજ્ઞાતવૃત્ત કહેવાય. એવા અજાણ્યા વૈદ્યે આપેલું ઔષધ

ક્યારેય પણ ખાવું નહિ; કારણ કે તેમાં અભક્ષ્ય પદાર્થ તથા અશુદ્ધ દ્રવ્યનું મિશ્રણ હોવાનો સંભવ છે; માટે સારી રીતે પરિચિત એવા વૈદ્યનું જ ઔષધ ગ્રહણ કરવું.

## શ્લોક : ૩૨

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ।। ३२ ।।

અને લોક અને શાસ્ત્ર તેમણે, મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યાં એવાં સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી-તળાવના આરા તથા માગં તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફૂલવાડી-બગીચા એ આદિક જે સ્થાનક, તેમને વિષે ક્યારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥ ૩૨ ॥

## ભાવાર્થ

લોક અને શાસ્ત્ર તેમણે નિષેધ કરેલાં એવાં સ્થાનોમાં મળમૂત્રનો ક્યારેય ત્યાગ ન કરવો તથા થૂંકવું નહિ, તેમ જ નાકનું મળ-લીંટ પણ નાખવું નહિ.

હવે લોક અને શાસ્ત્ર તેમણે નિષેધ કરેલાં સ્થાનો એટલે - પારકાના ઘરનું આંગણું, રાજકીય સ્થાન, શસ્ત્રધારી જે સ્થળમાં હોય તેવું સ્થળ, યવનનાં સ્થાનો, ગાયોનો નેહડો, રાફડો, જળ, ભસ્મ, જંતુવાળો ખાડો, માર્ગ, હળથી ખેડેલી જમીન તથા વાવેલાં ખેતર, વૃક્ષની છાયા, નદી-તળાવના આરા, રેતી, જીર્ણ દેવાલય, શેરી-ફળિયું, ફૂલવાડી-બગીચો અને શુદ્ધ કરેલી જગ્યા; જાણવાં.

## શ્લોક : ૩૩

**अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।**

**स्थाने सस्वामिके वासःकार्योऽपृष्ट्वा न तत्पतिम् ।। ३३ ।।**

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ; અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ॥ ૩૩ ॥

## ભાવાર્થ

અલ્પદ્વાર એટલે કોઈક આપત્કાળ પ્રસંગે છાની રીતે ઘરમાંથી જવા-આવવાને માટે જે નાનું દ્વાર રાખ્યું હોય એવા દ્વારે થઈને પેસવું નહિ તથા કુત્સિત માર્ગેથી એટલે વાડમાં છીંડું પાડીને તથા વાડ, વંડી કે ઝાંપો ટપીને પેસવું નહિ તેમ જ બહાર પણ નિકળવું નહિ. કારણ કે તે ચોરમાર્ગનું પ્રતીક છે.

વળી જેનો 'સ્વામી' કહેતાં માલિક કે રક્ષક હયાત હોય એવી ધર્મશાળામાં પણ તેના ધણીને કે રખેવાળને પૂછ્યા વિના એક રાત્રી પણ વાસ ન કરવો; નહિતર તે સ્થાનનો સ્વામી કે રખેવાળ તિરસ્કાર કરે અથવા કાઢી મૂકે તેથી પોતાને પણ ક્રોધ થાય અને તેમાંથી મહાન કલેશ થવા પામે એવો આશય છે.

હવે 'માલિકને પૂછવું' એટલે પોતાના ઉતારા કે આસન માટે

અનુજ્ઞા લેવી. તે પણ તે માલિકના પૂર્વવૃત્તાંત વગેરે પૂછ્યા પછી લેવી; નહિતર કદાચિત્ તેનું પૂર્વવૃત્તાંત સારું ન હોય તો તેની આજ્ઞા મળ્યા છતાં અને તે સ્થાન રહેવા માટે યોગ્ય હોવા છતાં પણ ત્યાં આસન આદિ કરવાથી લોકોમાં હાંસી થાય ને માથે અપવાદ ચડે.

અહીં વિસ્તારપૂર્વક અર્થ જોઈએ તો એમ કહેવાનો આશય છે કે કોઈ પણ વસ્તુનાં તેના માલિક ને પૂછ્યા વિના ઉપયોગ કે ઉપભોગ કરવો નહિ.

## શ્લોક : ૩૪

**ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पुरुषैः ।**
**न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ।। ३४ ।।**

અને અમારા સત્સંગી જે પુરુષમાત્ર, તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥ ૩૪ ॥

## ભાવાર્થ

આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, ભગવાન સંબંધી વાર્તા, રાજાદિકનું વૃત્તાંત તે સંબંધી વાર્તા એટલે કથા-ગુણ-ગાન આદિ, તે સ્ત્રીના મુખથકી શ્રીહરિના આશ્રિત પુરુષમાત્ર તેમણે ન સાંભળવા. સ્ત્રીઓ, સર્વે નિયમે યુક્ત હોય અને બ્રહ્મ-પરબ્રહ્મને વિષે નિષ્ઠા પામેલી હોય - સ્થિતિવાળી હોય તો પણ, તેમના મુખથકી પુરુષોએ જ્ઞાનવાર્તા ન સાંભળવી તથા એકલી સ્ત્રીને કથા સંભળાવવી પણ નહિ; કારણ કે, જો તેની વાત સાંભળવામાં કે તેને વાત સંભળાવવામાં આસક્તિ હોય તો તેથી સ્ત્રીપ્રસંગથકી પ્રાપ્ત થયેલ ન તૂટે તેવું બંધન થાય છે.

વળી શ્રીહરિના આશ્રિત પુરુષોએ સ્ત્રીઓની સાથે વિવાદ ન કરવો એટલે કે વિરુદ્ધ વાદ ન કરવો; કારણ કે તેમ કરવાથી

સ્ત્રીઓમાં સ્વાભાવિકપણે રહેલા દુર્ગુણોને લીધે અનર્થની પ્રાપ્તિ થવાનો સંભવ રહે છે. તે દુર્ગુણો ક્યા તો જૂઠું બોલવું, 'સાહસ' કહેતાં વિચાર્યા વિના તત્કાળ કાર્ય કરવું, 'માયા' એટલે સ્ત્રીજાતિના ચપળપણાના સ્વભાવથી પુરુષને પોતામાં મોહિત કરવાપણું, મૂર્ખતા, અતિ લોભીપણું, 'અશૌચ' એટલે દેહે કરીને સદાચાર ન પાળવા ને અંતઃકરણમાં પણ મલિન ચિંતવન કરવું તે અને નિર્દયતા - આ દુર્ગુણો સ્ત્રીઓમાં સ્વાભાવિકપણે રહ્યા હોય છે.

વળી તે જ પ્રકારે રાજા અને તેના અધિકારી રાજપુરુષોની સાથે વિવાદ ન કરવો; કારણ કે તેઓ બળવાન હોવાથી બીજાના વાક્યોનું ગ્રહણ કરતા નથી. તદ્‌ઉપરાંત અતિથિ, વૃદ્ધ, બાળક, પોષ્યવર્ગ, આતુર જે દુઃખી તથા રોગી, આચાર્ય, વૈદ્ય અને ક્રોધી - આટલાની સાથે પણ વિવાદ ન કરવો.

## શ્લોક : ૩૫

**अपमानो न कर्तव्यो गुरुणां च वरीयसाम् ।**

**लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ।। ३५ ।।**

**અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥ ૩૫ ॥**

## ભાવાર્થ

'ગુરુ' એટલે વર્તમાન ધરાવી કંઠી બાંધી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કરનાર , શ્રીહરિ સંબંધી સંપૂર્ણ અધ્યાત્મ જ્ઞાન આપનાર સત્પુરુષ તથા સંસારસાગરથકી ઉદ્ધારનાર એવા શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ જાણવા. આવા જે ગુરુ તેમનું અપમાન ન કરવું. શિષ્ય, ગુરુ કરતાં કદાચ વિશેષ બુદ્ધિવાન કે વિદ્યાવાન હોય તો પણ તેણે, ગુરુને તુંકારાથી બોલાવવા નહિ તથા શિષ્યે ગુરુની આગળ કદી અસત્ય બોલવું નહિ. જે શિષ્ય હુંકારા-તુંકારા કરીને ગુરુને વાદમાં હરાવે છે તે જળ વિનાના અરણ્યમાં બ્રહ્મરાક્ષસ થાય છે.

વળી ઘણા જ સદ્‌ગુણ વડે શ્રેષ્ઠ હોય તેમનું પણ અપમાન ન કરવું એટલે કે, મોટા પુરુષોનું અપમાન ન કરવું. રાજાઓનું, રાજપુરુષોનું તથા અન્ય પ્રતિષ્ઠિત મનુષ્યોનું અપમાન ન

કરવું. જાતિમાં, કુળમાં ને આચારમાં મોટા હોય, તેમ જ જાતિએ કરીને હીન હોય છતાં સદ્‌ગુણથી કે વિપુલ ધનથી પ્રતિષ્ઠા મેળવી હોય તેમને પણ પ્રતિષ્ઠિત મનુષ્ય જાણવા. અને 'વિદ્વાનો' કહેતાં વચનામૃત આદિ સચ્છાસ્ત્રનો જેણે અભ્યાસ કર્યો હોય એવા ભગવાનના ભક્તોનું પણ અપમાન કરવું નહિ.

તથા શસ્ત્ર ધારણ કર્યાં હોય એવાનું અપમાન એટલે માનભંગ અથવા મશ્કરી, તે ન કરવું; કારણ કે તેમ કરવાથી પોતાના સર્વસ્વનો નાશ થવાનો સંભવ રહે છે.

સત્પુરુષો સાથેનો દ્વેષ અનેક અનર્થ ઉત્પન્ન કરનારો છે. મોટા પુરુષોનો અપરાધ, તે આયુષ્ય, સંપત્તિ, યશ, ધર્મ, સત્કર્મનું ફળ, આશીર્વાદ તથા સર્વપ્રકારના શ્રેયનો નાશ કરે છે.

આ શ્લોકની શરૂઆતમાં જે ગુરુનું અપમાન ન કરવું એમ કહ્યું. તેમાં ગુરુનું અપમાન કરવું તો નહિ જ, પણ કોઈ બીજાને તેમનું અપમાન કરવા પણ ન દેવું અને તેવા સમયે ગુરુનો પક્ષ રાખવામાં પોતાનો દેહ, સગા-સંબંધી કોઈની પરવા ન કરવી અને જો દેહ, સગા-સંબંધીનો ત્યાગ કરવો પડે તો પણ કરવો, પણ તેમાં વિચાર ન કરવો.

## શ્લોક : ૩૬

**कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् ।**

**पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ।। ३६ ।।**

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું; અને ધર્મસંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું; અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી; અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥ ૩૬ ॥

## ભાવાર્થ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ કોઈ પણ કાર્ય વિચાર્યા વિના તત્કાળ ન કરવું; પોતાને કાંઈ પણ વ્યાવહારિક કાર્ય કરવાનું હોય તે પોતાની બુદ્ધિવડે રૂડે પ્રકારે વિચાર કરીને અથવા સત્પુરુષોને પૂછીને કરવું પણ એકાએક ન કરવું; કારણ કે વિચાર્યા વિના કાર્ય કરનારને મોટી આપત્તિ પ્રાપ્ત થાય છે. પણ ધર્મસંબંધી કાર્ય તો તત્કાળ કહેતા - જે ઘડીએ તેવી બુદ્ધિનો ઉદય થાય કે તરત જ કરવું, કારણ કે ધર્મકાર્ય પરલોકમાં પણ સહાયરૂપ થાય છે. માટે આ ઘડી-આ ક્ષણમાં જ મારે મરવું છે એમ માની ધર્માચરણ કરી લેવું. વળી ધર્મ એક જ આ જીવનો મિત્ર છે; કેમ જે ધર્મ, શરીર નાશ પામે તો પણ જીવની સાથે જાય છે અને બીજું સર્વે તો શરીરની સાથે નાશ પામે છે.

અને ગુરુની સેવા કરીને તથા અભ્યાસ વગેરેથી પોતે જ વિદ્યા પ્રાપ્ત કરી હોય તે સારા સુશીલ શિષ્યને ભણાવવી; કારણ કે વિદ્યાદાન એ મોટું દાન છે. હવે તે વિદ્યાદાન માટે આટલા જનો યોગ્ય છે - કર્યા કૃત્યને જાણનારો, દ્રોહ નહિ કરનારો, બુદ્ધિશાળી, 'પવિત્ર' અર્થાત્ બહાર તથા અંદર સદાચારનું પાલન કરનારો, આધિ-વ્યાધિ રહિત, બીજાના ગુણોમાં દોષો નહિ જોનારો, સાધુશીલ સ્વભાવવાળો, સેવા કરવામાં શક્તિમાન, બંધુવર્ગ તથા સર્વની સાથે સુહૃદભાવ રાખનારો તેમજ જ્ઞાન આપે તેવો.

વળી શ્રીજીમહારાજના સર્વ આશ્રિતોએ નિત્ય પ્રત્યે સ્વધર્મનિષ્ઠ ભગવાનના અનન્ય ભક્ત-એવા સાધુપુરુષ તેમનો 'સંગ' એટલે, દર્શન, વંદન, પૂજન તથા વચનમાં વર્તવું તે રૂપી સમાગમ કરવો.

## શ્લોક : ૩૭

**गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः ।**
**विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ।। ३७ ।।**

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. ॥ ૩૭ ॥

## ભાવાર્થ

'ગુરુ' એટલે વર્તમાન ધરાવી કંઠી બાંધી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કરી શ્રીહરિ સંબંધી અધ્યાત્મ જ્ઞાન આપી શ્રીજીમહારાજના દિવ્યસુખની પ્રાપ્તિ માટે પાત્ર કરનાર. 'દેવ' - કહેતાં પોતાના ઇષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન. 'રાજા' - જે દેશનું શાસન ચલાવનાર. આટલાનાં દર્શને જવું હોય ત્યારે કાંઈક પણ ભેટ લઈને જવું. પરંતુ ઠાલે હાથે ન જવું.

હવે શ્રીહરિ કહે છે કે : કોઈનો વિશ્વાસઘાત ન કરવો. વિશ્વાસઘાત એટલે કોઈને એવો વિશ્વાસ આપીએ કે, હું તારું કામ અવશ્ય કરીશ - તારું રક્ષણ કરીશ, એ વગેરે વાક્યો વડે વિશ્વાસ આપીને તે પછી તેનું કામ ન કરવું તેનું નામ વિશ્વાસઘાત કહેવાય - તે ન કરવો. કારણ કે જે

બીજાનો વિશ્વાસઘાત કરી તેને દુઃખ ઉત્પન્ન કરે છે તે મહા પાતકી થાય છે.

વળી શ્રીહરિના આશ્રિતોએ પોતાના મુખથી પોતાની પ્રશંસા ન કરવી. પોતે અત્યંત ગુણવાન હોય, તથાપિ પોતાના મુખથી પોતાના તપ-વિદ્યાદિ ગુણોની પ્રશંસા ક્યારેય પણ કરવી નહિ; ને પોતામાં જે માન-ક્રોધાદિ દોષ રહ્યા હોય તે એકાંતિક મોટા સાધુઓની સમીપે, પોતાના મુખથી પોતે પ્રકાશ કરવા. કેમ કે મોટા સંતો આગળ પોતાના દોષનું પ્રકાશન કરવાથી જ પાપનો પ્રક્ષય થાય છે. અને પારકાની નિંદાથી અને પોતાના મુખે પોતાની પ્રશંસા કરવાથી પોતાના પુણ્યનો નાશ થાય છે.

## શ્લોક : ૩૮

**यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गनि चात्मनः ।**

**तद्दष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ।। ३८ ।।**

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાનાં અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર, તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ।। ૩૮ ।।

## ભાવાર્થ

જે વસ્ત્ર પહેરવા છતાં પણ શરીરના જે ગુપ્ત રાખવા જેવા અવયવો, બીજા મનુષ્યોની દ્રષ્ટિએ પડે તેમ હોય તો તેવું વસ્ત્ર ન પહેરવું. કારણ કે જે અંગો ઢાંકવા માટે વસ્ત્રનો ઉપયોગ કરતાં હોઈએ તે અંગ જો યથાયોગ્ય ન ઢંકાય તો વસ્ત્ર પહેર્યાં તે ન પહેર્યાં બરાબર કહેવાય. માટે શિષ્ટપુરુષોએ દૂષણરૂપ ગણ્યાં હોય એવાં વસ્ત્રો શ્રીહરિના આશ્રિત સ્ત્રીપુરુષોએ ન પહેરવાં. આવા વસ્ત્રોમાં અતિ ઝીણાં, શરીરનાં અંગ દેખાય તેવાં નાઈલોન વગેરે કાપડની માફક પારદર્શક હોય; અથવા જાડાં હોય પરંતુ શરીરના ગુપ્ત અવયવો દેખાય એવી રીતનાં અતિ ટૂંકાં સીવેલાં હોય તેવાં, ફાટેલાં, જાળી જેવાં તથા મેલાં વસ્ત્રોનો સમાવેશ થાય છે.

હવે આમાં જેઓ અતિ દરિદ્ર હોય, અતિ ત્યાગી હોય અને તીવ્ર વૈરાગ્યને લીધે જેમને દેહનો અનાદર હોય - આ સર્વેને પારકાની ઇચ્છાથી વસ્ત્ર મળતાં હોવાથી તેમને આ નિયમ લાગુ પડતો નથી.

## શ્લોક : ૩૯

**धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।**

**अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ।। ३९ ।।**

અને શ્રીકૃષ્ણભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવાં જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ।। ૩૯ ।।

## ભાવાર્થ

'કૃષ્ણ' એટલે આનંદઘન સ્વરૂપ, સર્વ કારણના કારણ, અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ જે મહાકાળ, મહામાયા, મહાપુરુષ આદિ પણ જેમની આજ્ઞાનું ઉલ્લંઘન ક્યારેય પણ કરતા નથી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિ. 'ધર્મે રહિત' એટલે શતાનંદ - મુક્તાનંદાદિ સંતપુરુષોએ રચેલાં શાસ્ત્રમાં શ્રીજીમહારાજની આજ્ઞારૂપ જે ધર્મ, તેનો ત્યાગ કરીને ન કરવી; ધર્મમાં રહીને જ ભક્તિ કરવી. અને જે મનુષ્યો ભક્તિ કે જ્ઞાનના મહિમાનું અવલંબન કરીને બુદ્ધિપૂર્વક ધર્મનો ત્યાગ કરે છે, તેઓ જ્ઞાન તથા ભક્તિથી ભ્રષ્ટ થઈને નિશ્ચે અધોગતિ પામે છે. વળી એવા મનુષ્યો શ્રીહરિના શત્રુ છે; કારણ કે આ લોકમાં પરમાત્માનો પ્રાદુર્ભાવ ધર્મનું સ્થાપન કરવા માટે જ થાય છે.

અને પોતાના ધર્મને વિષે નિષ્ઠાવાળા હોય એવા શ્રીજીમહારાજના ભક્તને જ મુમુક્ષુઓએ ગુરુ કરવા. અને તેમને મોક્ષદાતા જાણીને પૂજવા ને તેવા સત્પુરુષમાં જ સુહૃદભાવ રાખવો. અને એવા સત્પુરુષ થકી બીજા જે અસત્પુરુષ તેમને મોક્ષદાતા જાણીને તેમનામાં પૂજ્યબુદ્ધિ, આત્મબુદ્ધિ અને ગુરુબુદ્ધિ કરે છે તે તો પશુ જેવા અજ્ઞાની છે. અજ્ઞાની એટલે પ્રત્યક્ષ ભગવાન જે શ્રીહરિ, તેમના ભક્તો તથા તેમના સંબંધવાળો ભાગવત ધર્મ, તેના માહાત્મ્યને ન જાણતા હોય તેવા. આવા અજ્ઞાની જનોની બુદ્ધિ માન-ઈર્ષ્યાએ કરીને વિપરીત ભાવને પામેલી હોય છે, લોભ-કામ-ક્રોધે કરીને અંતરમાં બળતા હોય છે ને આસુરી સંપદાએ યુક્ત હોય છે; અને તેથી એવા અજ્ઞાની મનુષ્યો, ભગવાન ને ભગવાનના ભક્તની નિંદા કરે છે. તેના ભયથકી શ્રીજીમહારાજની સેવા, જે ધર્મે સહિત ભક્તિ તેનો ત્યાગ કરવો જ નહિ; કેમ કે દુર્જનનો તો સ્વભાવ જ એવો હોય છે. જે ભક્ત પારકાએ કરેલા ઉપદ્રવ તથા નિંદા સહન કરે છે તેની રક્ષા શ્રીહરિ જ કરે છે. વળી અન્ન-વસ્ત્રાદિકની ચિંતાથી પણ ભગવાન ભૂલવા નહિ; કેમ કે વિશ્વનું ભરણપોષણ કરનારા શ્રીહરિ જ છે, તે પોતાના ભક્તનું પોષણ તો કરે જ ને. વળી શ્રીહરિએ રામાનંદ સ્વામી પાસે પોતાના સર્વે અશ્રિતોનું દુ:ખ માગી લીધું છે.

અને જે મનુષ્ય ભગવાનની ભક્તિ કરવામાં લજ્જા પામે છે તે

જીવે છે તો પણ મરેલો છે. પ્રકટ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુમાં ભક્તિ નિષ્ઠાવાળો ભક્ત, લોકની લાજનો ત્યાગ કરી અતિ ઉચ્ચ સ્વરે કરીને હર્ષાયમાન થકો ભગવાનના નિર્મળ યશને ગાય છે. અને પ્રત્યક્ષ પ્રભુની આજ્ઞામાં સર્વદા નિષ્કપટભાવે વર્તીને શ્રીહરિની પ્રસન્નતા મેળવે છે.

## શ્લોક : ૪૦

**उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।**

**पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पूरुषाः ।। ४० ।।**

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્યપ્રત્યે, શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ, તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો; અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ।। ૪૦ ।।

## ભાવાર્થ

દરરોજ તથા ઉત્સવના દિવસો, જેવા કે શ્રીહરિજયંતિ, જન્માષ્ટમી, રામનવમી આદિ ભગવાનના જન્મદિવસો, એકાદશી તથા વાર્ષિક કે શતવાર્ષિક પાટોત્સવના દિવસો તેમ જ શ્રીહરિને છપ્પનભોગનું નૈવેદ્ય, અન્નકૂટોત્સવ, પારાયણ કે યજ્ઞયાગાદિક તથા મૂર્તિપ્રતિષ્ઠાદિ મહોત્સવના દિવસોએ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના મંદિરમાં આવનાર ગૃહસ્થાશ્રમી પુરુષોએ સ્ત્રીઓને અડવું નહિ; 'સ્ત્રીઓ' એટલે આંહી સધવાઓને પણ જાણવી; વિધવાઓના સ્પર્શનો તો સર્વત્ર-મંદિરમાં તથા અન્ય સ્થાનકમાં પણ નિષેધ કરેલો જ છે. વળી તેવી જ રીતે સધવા સ્ત્રીઓએ પણ મંદિરમાં આવનારા પુરુષોનો સ્પર્શ ન કરવો; સ્ત્રી-પુરુષો અરસપરસ સ્પર્શ કરે

તેથી મનનો ક્ષોભ થાય; માટે ભગવાનના મંદિરમાં તો વિશેષે કરીને તેનો નિષેધ યોગ્ય જ છે. અને વાણીની ચપળતા તથા હાથ, પગ, નેત્રાદિકની ચપળતા પણ ત્યાગ કરવી. કારણ કે જે દુષ્ટ મનવાળો પુરુષ ભગવાનના મંદિરમાં પરસ્ત્રીના અંગનો સ્પર્શ કરે છે તથા વારંવાર સ્ત્રીઓનાં મુખ જુએ છે, તે અતિ દુષ્ટ પુરુષનો નિશ્ચે વિનાશ થાય છે. માટે ધીરજથી શિશ્નુ તથા ઉદરના વેગને જીતવો, તેમ જ નેત્રવડે હાથ અને પગનું રક્ષણ કરવું. નેત્ર ને શ્રોત્રનું રક્ષણ મનવડે કરવું. અને મન તથા વાણીને વિદ્યાવડે સાચવવાં એટલે કે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ભગવાનની મૂર્તિનું મનન તથા આત્મવિચાર, તેમ જ કથા-વાર્તા-કીર્તન કરી-સાંભળીને મન-વાણીને ભગવાનની આજ્ઞા મુજબ નિયમમાં રાખવાં.

અહીં દરરોજ લખવા છતાં ઉત્સવના દિવસોનો અલગથી ઉલ્લેખ કર્યો છે. કારણ કે, ઉત્સવના દિવસોએ લોકોની બહુ ભીડ થાય, તેથી સ્ત્રીઓનો સ્પર્શ થવાનો સંભવ હોઈ પોતાના શિષ્યો પ્રમાદ ન કરે, તે માટે જ એમ કહેલું છે.

## શ્લોક : ૪૧

**कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।**
**धार्ये नित्यं चोर्ध्वपुंड्रं ललाटादौ द्विजातिभिः ।। ४१ ।।**

અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે, કંઠને વિષે તુળસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥ ૪૧ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિતોએ ગુરુ થકી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના મંત્રની 'દીક્ષા લેવી' અર્થાત્ ગુરુમંત્ર લેવો, પૂજન માટે ચિત્રપ્રતિમા પ્રસાદી કરાવીને લેવી અને તેઓ તે દીક્ષાના અંગભૂત જે નિયમ તથા ઉપદેશ આપે તે શ્રદ્ધાથી ગ્રહણ કરવાં. પરમાત્માના સ્વરૂપનું દિવ્યજ્ઞાન પ્રદીપ્ત કરે અને અનેક જન્મના પાપકર્મનો ક્ષય કરે એને દીક્ષા કહેલી છે. અને કેવા ગુરુને શરણે જવું તો, જે ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે સહિત એવી ભક્તિએ યુક્ત હોય તથા શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાયુક્ત રહી અખંડ મૂર્તિમાં નિમગ્ન રહેતા હોય એવા ગુરુને શરણે જવું.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સંતમંડળ, દૈવી જીવોના

કલ્યાણને અર્થે પવિત્ર દેશમાં વિચરતા હોય છે, તેમના સમાગમ થકી દૈવી જીવને વૈરાગ્ય ઉદય થાય છે, અને કોઈકને પૂર્વના સત્સંસ્કાર થકી પણ વૈરાગ્ય થાય છે. ત્યારે એ જે વૈરાગ્યવાન પુરુષ તે, ગૃહકુટુંબનો ત્યાગ કરીને જ્ઞાનપ્રદાતા સંત પાસે રહે છે. પછી તે પુરુષ જો સારા સ્વભાવવાળો તથા બ્રહ્મચર્યરૂપ ધર્મને વિષે ને ત્યાગ-વૈરાગ્યને વિષે રુચિવાળો હોય તો તે મહાદીક્ષાનો અધિકારી થાય છે. અને તે દીક્ષા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પાસેથી જ લેવી, પરંતુ ધર્મવંશી આચાર્ય સિવાય બીજા ગમે તેવા મોટાને સ્થિતિવાળા હોય તો પણ તેમની પાસેથી દીક્ષા ગ્રહણ થઈ શકે નહિ. અને ધર્મવંશી આચાર્યે પણ દીક્ષા લેવા આવેલ પુરુષને તીવ્ર વૈરાગ્ય કેવો છે અને ધર્મપાલનમાં એની રુચિ કેવી છે, એનો નિશ્ચય કરીને દીક્ષા આપવી.

વળી ગુરુથકી મંત્રદીક્ષાને પામ્યા એવા જે ત્રણે વર્ણના શ્રીહરિના આશ્રિત સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીકાષ્ઠના મણકાની બેવડી કંઠી નિત્યે ધારણ કરવી. અહીં બેવડી કંઠી ધારણ કરવાની શ્રીજીએ આજ્ઞા કરી છે તે મુક્તે સહિત શ્રીહરિની ઉપાસના સૂચવવાને અર્થે છે, અને ચાંદલા સહિત તિલક ધારણ કરવાનો પણ એ જ હેતુ છે. વળી તે સત્સંગીઓએ લલાટ, હૃદય ને બે હાથ એ ચાર ઠેકાણે 'ઊર્ધ્વપુંડ્ર' એટલે ઊભું તિલક કરવું; અને પોતાના ઇષ્ટદેવ શ્રીહરિની છાપો લેવી.

## શ્લોક : ૪૨-૪૩

**तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः ।**

**कार्यं पूजावशिष्टेन केशरादियुतेन च ।। ४२ ।।**

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું, અને કેસર-કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન, તેણે કરીને તિલક કરવું. ॥ ૪૨ ॥

**तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः ।**

**कंकुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ।। ४३ ।।**

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. ॥ ૪૩ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિતોએ - પ્રતિદિન, પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રીહરિકૃષ્ણ ભગવાનની પૂજા કરતાં બાકી રહેલા ચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને તે તિલક કરતાં બાકી રહેલા ચંદનથી અથવા શ્રીહરિની પ્રસાદીના કુંકુમથી તે તિલકના મધ્યે ગોળાકાર ચાંદલો કરવો.

## શ્લોક : ૪૪

**सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु भालोर्ध्वपुण्ड्रके ।**
**द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ।। ४४ ।।**

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા જે સચ્છૂદ્ર તેમણે તો, તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર, તિલક તે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવાં. ॥ ૪૪ ॥

## ભાવાર્થ

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના ભક્ત હોય તથા બ્રાહ્મણાદિ ત્રણે વર્ણોની સેવા કરવારૂપ સ્વધર્મયુક્ત હોય તેવા જે સચ્છૂદ્ર તેમણે, તુલસીના કાષ્ઠની 'માળા' અર્થાત્ બેવડી કંઠી તથા ઊભું તિલક એ બે વાનાં, ત્રણ વર્ણના સત્સંગીની પેઠે જ ધારણ કરવાં. અહીં 'ધારણ કરવા' એમ કહ્યું - તેમાં મંત્ર અને દીક્ષા એનો પણ સમાવેશ થઈ જાય છે, માટે તે પણ ગ્રહણ કરવાં.

હવે શૂદ્ર બે પ્રકારના કહેલા છે : સચ્છૂદ્ર અને અસચ્છૂદ્ર; ગોપ-ગોવાળ, વાળંદ, કુંભાર, દરજી વગેરેની ગણના સચ્છૂદ્રમાં કરેલી છે. સ્વધર્મનિષ્ઠ એવા સચ્છૂદ્રને તિલક-ચંદ્રક વગેરે ચિહ્નો ધારણ કરવાની શ્રીજીમહારાજે આ શ્લોકમાં આજ્ઞા કરી છે.

વળી વિશુદ્ધ કુટુંબમાં જન્મેલો, અદ્યમાંસનો ત્યાગ કરનારો, વણિક વૃત્તિવાળો અને દ્વિજોનો ભક્ત - એવો હોય તેને સચ્છૂદ્ર જાણવો.

## શ્લોક : ૪૫

भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे ।
धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ।। ४५ ।।

અને તે સચ્છૂદ્રથકી બીજા જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન તેમણે તો, ચંદનાદિક કાષ્ઠની બેવડી માળા તે, ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ॥ ૪૫ ॥

## ભાવાર્થ

'સચ્છૂદ્રથકી બીજા' એટલે અસચ્છૂદ્રાદિ વગેરે મનુષ્યમાત્રને, ભગવાનનાં નામકીર્તન આદિ ભક્તિ કરવાનો અધિકાર છે; માટે અસચ્છૂદ્રે પણ સત્પુરુષથકી ભગવાનનો નિશ્ચય કરી ભગવાનની ભક્તિ કરવી; કારણ કે તેથી તેમનો મોક્ષ થાય છે, માટે એવા ભક્તોએ પણ ભગવાનનું ચિહ્ન જે ચંદનાદિ કાષ્ઠમાંથી બનાવેલી 'બેવડી માળા' કહેતાં બેવડી કંઠી, કંઠમાં ધારણ કરવી તથા 'લલાટ' એટલે ભાલના મધ્યભાગમાં તિલક રહિત એકલો ચાંદલો કરવો.

## શ્લોક : ૪૬

**त्रिपुंण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता ।**
**तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ।। ४६ ।।**

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી એ બે વાનાં, પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ।। ૪૬ ।।

## ભાવાર્થ

શ્રીજીમહારાજે શિ. શ્લોક : ૪૧માં કહ્યું છે : અમારા ભક્તજન હોય તેમણે ધર્મવંશી ગુરુથકી દીક્ષા લેવી; અને દીક્ષાના અંગભૂત, લલાટને વિષે ચાંદલે સહિત 'ઊભું તિલક' કરવું ને કંઠને વિષે 'તુલસીની' બેવડી માળા નિત્યે ધારણ કરવી, - આ તેમનો વિશેષ સિદ્ધાંત અર્થાત્ પોતાનું 'પ્રધાન વચન' છે તે પોતાના અનન્ય ભક્તોને અર્થે છે; તો પણ શિક્ષાપત્રીનો લેખ 'સર્વજીવહિતાવહ' હોઈ, શ્રીહરિજીએ પોતાનો સામાન્ય સિદ્ધાંત પણ નીચે પ્રમાણે જણાવ્યો છે :-

જે વિપ્રાદિ પોતાની કુળપરંપરાથી શિવભક્ત હોય, ને પછી તે, સત્સંગે કરીને અમારા આશ્રિત થયા હોય, પરંતુ તેમને

તિલક-કંઠી-ચાંદલો વગેરે ધારણ કરવા દેવામાં તેમના સંબંધીજનો કે જ્ઞાતિજનો તરફથી વારંવાર ઉપાધિ થતી હોય, તેણે કરીને ઉદ્વેગ પામતા એવા વિપ્રાદિ ભક્તોએ ત્રિપુંડ્ર ને રુદ્રાક્ષનો ત્યાગ ન કરવો. અર્થાત્ તે ચિહ્ન કાયમ રાખીને પણ સત્સંગમાં રહેવું; પરંતુ તેવા ઉપદ્રવથી ખેદ પામી, આત્યંતિક મોક્ષના સાધનભુત એવા સત્સંગનો ત્યાગ કરવો નહિ. શ્રીહરિજીનો આ સામાન્ય સિદ્ધાંત છે.

વળી શ્રીજીમહારાજે સત્સંગિજીવન પ્ર. ૨, અ. ૩૭ (સંપ્રદાય પ્રકાશ) માં શિવરામ વિપ્ર પ્રત્યે કહ્યું છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને વિષે રહેલા એવા બ્રાહ્મણાદિ ત્રણ વર્ણના ભક્ત તેમણે, પોતાના કંઠને વિષે શ્રીહરિકૃષ્ણ ભગવાનની પ્રસાદી કરાવેલી એવી, ને સૂક્ષ્મ મણકાની, તુલસીના કાષ્ઠની બેવડી કંઠી, નિત્યે ધારણ કરવી. આ પરથી સ્પષ્ટ થાય છે કે શ્રીહરિએ બ્રાહ્મણાદિકને બેવડી કંઠીનું જ વિધાન કર્યું છે, પરંતુ રુદ્રાક્ષનું વિધાન કર્યું નથી.

સદ્. મુક્તાનંદ સ્વામીએ પણ સ્તોત્રમાં કહ્યું છે કે : હું શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થઈ, જો લોકલાજે કરીને સત્સંગીનું ચિહ્ન જે ઊર્ધ્વપુંડ્ર તિલક ને તુલસીકાષ્ઠની કંઠી ધારણ ન કરું, તો મારા શરીરને અગ્નિમાં નાખીને દહન કરી દેજો. અને જો હું જીવિકાને અર્થે ભગવાનની ભક્તિ છાની કરું, તો મારા નાક-કાનનું છેદન કરીને મને પર્વતથકી નીચે ફેંકી દેજો. - આમ શ્રીજીમહારાજ તથા તેમના મુક્તનો આ વિશેષ સિદ્ધાંત છે.

## શ્લોક : ૪૭

**एकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।**

**उभयोर्ब्रह्मरुपेण वेदेषु प्रतिपादनात् ।। ४७ ।।**

અને નારાયણ ને શિવજી એ બેનું એકાત્માપણું જ જાણવું; કેમ જે વેદને વિષે એ બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥ ૪૭ ॥

## ભાવાર્થ

'નારાયણ' એટલે પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને 'મહેશ' એટલે શ્રી ગોપાળાનંદસ્વામી આદિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના અનાદિમુક્તો એ બંને એકાત્મપણે રહ્યા છે. સામ્ય જે તુલ્યભાવ, એને જે સાધર્મ્ય કહેવાય છે અને જે ભક્ત શ્રીહરિની અતિ ઉત્તમ કૃપાનો પાત્ર છે, તે ભક્તને શ્રીહરિજી પોતાની સાથે પરમસાધર્મ્ય પમાડે છે. જ્યારે મુક્ત, પ્રેમે કરીને મૂર્તિમાં લીન થાય છે, ત્યારે પણ મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવે છે. તથા શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે : એનો દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે.

આવી રીતે પોતાના સ્વામી શ્રીહરિજી સાથે મુક્તરૂપ સેવકનું એકાત્મ્ય 'વેદને વિષે' એટલે વચનામૃત, ભક્તચિંતામણિ આદિ શાસ્ત્રને વિષે પ્રતિપાદન કર્યું છે.

## શ્લોક : ૪૮

**शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् ।**

**मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ।। ४८ ।।**

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥ ૪૮ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજના આશ્રિતોએ 'આપદ્ધર્મ' તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. 'આપદ્ધર્મ' એટલે આપત્તિના સમયે આચરણ કરવાનો ધર્મ. જેમ કે : - વ્રતના દિવસે માંદા મનુષ્યે વિષ્ણુનું નૈવેદ્ય એવું અન્ન જમવું - આવા વાક્યનો આધાર લઈને સહેજસાજ તાવ આવ્યો હોય અથવા માથું દુઃખતું હોય તેવા સમયે તેને આપત્તિ માનીને વ્રતના દિવસે ભોજન કરવું નહિ અર્થાત્ એવી કોઈ પણ નજીવી આપત્તિમાં આપદ્ધર્મનો સ્વીકાર કરવો નહિ.

આપત્કાળના સમયમાં પોતાના દેહને પીડા ન થાય ને દેહ પડી ન જાય, તેવી રીતે ધર્માચરણ કરવું. વળી જ્યારે સ્વસ્થ શરીર થાય, ત્યારે પૂર્વવત્ વર્તવું. આ આપત્કાળના ધર્મ બીજી કોઈ ગતિ ન હોય ને સર્વનાશ થવા જેવો મહા

આપત્કાળ પ્રાપ્ત થયો હોય તે સમય પરત્વે છે; માટે એ આપત્કાળના ધર્મ અલ્પ આપત્કાળમાં શ્રીહરિના આશ્રિતોએ ગ્રહણ કરવા નહિ.

## શ્લોક : ૪૯

**प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।**

**विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ।। ४९ ।।**

અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ।। ૪૯ ।।

## ભાવાર્થ

રાત્રિના અંતિમ પ્રહરમાં - બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને નિદ્રાનો ત્યાગ કરી. શ્રીહરિના ગૃહસ્થ તથા ત્યાગી આશ્રિતોએ વિશેષપણે શ્રીહરિ તથા તેમના ભક્તોનાં નામોચ્ચારણ કરવાં. અને એકાગ્ર મને-અવ્યગ્ર ચિત્તે, એક ઘડી કે બે ઘડી પર્યંત શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવું.

આવી રીતે પ્રાતઃકાળમાં ધ્યાનાદિક કર્યા પછી, બહિર્ભૂમિ જવા માટે જળપાત્ર લઈ ગ્રામથકી બહાર જવું. ત્યાં નિર્જન પ્રદેશમાં મલમૂત્રોત્સર્ગ કર્યા બાદ શૌચવિધિ કરવી. તે શૌચ, શુદ્ધ જળ તથા મૃત્તિકા તેણે કરીને આળસ રહિત થઈને એવું કરવું જેથી લેપ તો ન જ રહે, પણ ગંધ પણ ન રહે. હવે આ શૌચ માટે રસ્તાની-માર્ગની ધૂળ, તથા ખારવાળી જમીનની વિષ્ટામૂત્રાદિના અપવિત્ર સંસર્ગવાળી, રાફડાની તથા શૌચ કર્યા પછી વધેલી મૃત્તિકા અને સૂક્ષ્મ જંતુવાળી

મૃત્તિકા ગ્રહણ કરવી નહિ.

હવેના યુગમાં શૌચાલયની સુવિધાવાળી જગ્યાએ આ લાગુ પડી શકે નહિ. કારણ કે શ્રીહરિએ પોતે જ દેશ, કાળ પ્રમાણે આચાર કરવાનું શિક્ષાપત્રીમાં જણાવેલ છે.

હવે આ શૌચ બે પ્રકારનું છે : એક બાહ્યને બીજું અભ્યંતર. તેમાં આ મૃત્તિકા - જળવડે થતું બાહ્યશૌચ કહ્યું; બીજું તો ભાવશુદ્ધિરૂપ 'માનસ' એટલે મનથી પવિત્રપણું, અર્થાત્, રાગદ્વેષ, માન, ઈર્ષા, કામ, ક્રોધ, અહંકાર, છળકપટ ઇત્યાદિક દોષથી રહિતપણારૂપ આભ્યંતર શૌચ કહ્યું છે. કેવળ બાહ્યશૌચ કરવાથી સંપૂર્ણ શુદ્ધ થવાતું નથી, પરંતુ બાહ્ય અને આભ્યંતર - એ બંને શૌચને જે કરે તે જ સંપૂર્ણ શુદ્ધ થાય છે. અને જે કેવળ બાહ્યશૌચ કરે છે, પરંતુ મન દોષરહિત કરતો નથી તેને કશું ફળ મળતું નથી. માટે શ્રીહરિના આશ્રિતોએ બાહ્ય અને આભ્યંતર-બન્ને શૌચ દૃઢ કરીને પાળવાં.

## શ્લોક : ૫૦

**उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् ।**

**स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ।। ५० ।।**

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥ ૫૦ ॥

# ભાવાર્થ

શૌચ કર્યા પછી એક સ્થાને બેસીને દાતણ કરવું. માટે ગાળેલા પાણીનું પાત્ર પ્રથમથી સાથે લઈને દાતણ કરવા બેસવું. પ્રથમ, પાણીથી દાતણ ધોઈ નાખી તેને મોંમાં લઈ કૂચો કરી દંતશુદ્ધિ કરવી; ને તે કૂચાને ગાળેલા પાણીથી ધોયા પછી ચીર કરી, ઊલ ઉતારી, દાતણની ચીર ગાળેલા પાણીથી ધોઈને ફેંકી દેવી; અને બાર કોગળાથી મુખશુદ્ધિ કરવી. જ્યારે કાષ્ઠનું દાતણ મળી શકે નહિ, ત્યારે ઉલિયાથી જીભશુદ્ધિ કરી ગાળેલા પાણીથી બાર કોગળાવડે 'દંતધાવન' અર્થાત્ મુખશુદ્ધિ કરવી. દંતધાવન કર્યા પછી 'પવિત્ર જળથી' સ્નાન કરવું. નદીમાં, સરોવરમાં, તળાવમાં તથા વાવમાં અગર કૂવામાંના શીતળ જળવડે નિત્ય સ્નાન કરવું તેને ઉત્તમ સ્નાન કહેલું છે. અશક્ત મનુષ્યો શીતજળથી સ્નાન ન કરી શકે, તેવાઓએ ઉષ્ણોદકથી સ્નાન કરવું. ને પછી ધોયેલાં બે વસ્ત્ર,

તેમાં એક ધોયેલું વસ્ત્ર પહેરવું ને બીજું એક ધોયેલું વસ્ત્ર ઓઢવું. તેમાં ઓઢવાનું ઉત્તરિય વસ્ત્ર તે પહેરવાના 'કટિવસ્ત્ર' કરતાં માપમાં અર્ધું જોઈએ. વળી તે વસ્ત્રો પવિત્ર હોવા જોઈએ. સુતરાઉ, રેશમી, ઊનનાં, શણનાં, કે બીજાં કોઈ પણ વસ્ત્રો, જો મેલાં હોય તો તે ધોયા પછી જ ઉપયોગમાં લેવા. કારણ કે ધોયેલાં સ્વચ્છ વસ્ત્રોથી સત્ત્વગુણ ઉદય થાય છે ને મનને એકાગ્ર કરવામાં સહેલું પડે છે.

## શ્લોક : ૫૧

**उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।**

**असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ।। ५१ ।।**

અને તે વાર પછી, પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ, ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન, તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥ ૫૧ ॥

## ભાવાર્થ

હવે વસ્ત્રો ધારણ કર્યા પછી પવિત્ર એવી ભૂમિમાં અથવા એવું સ્થાન ન હોય તો દેવનાં મંદિર વગેરેમાં અસંકીર્ણ અને શુદ્ધ આસન પર બેસીને આચમન કરવું. હવે અસંકીર્ણ એટલે; બીજા આસનને અડેલું, અતિ મોટું - બે - ત્રણ આસનો થાય તેવું અને પોતાનું તથા દેવનું સળંગ આસન હોય - આ સિવાયનું આસન અસંકીર્ણ કહેવાય તથા શુદ્ધ એટલે અશુદ્ધ દ્રવ્યના સ્પર્શથી રહિત અને 'આસન' એટલે જેના ઉપર પોતાને સુખેથી બેસી શકાય તે. રેશમી વસ્ત્રનું, કાંબળી અર્થાત્ ઊનનું, કાળિયાર મૃગનું, ધોયેલા વસ્ત્રનું, કાષ્ઠમાંથી બનાવેલું, પાંદડાનું બનાવેલું, દર્ભનું, શણનું, નેતરથી બનાવેલું તેમ જ વૃક્ષની છાલનું આસન - આવા આસન ઉપર પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું.

હવે તે આચમન કેવી રીતે કરવું તો બંને ઢીંચણ વચ્ચે ડાબા હાથના સ્પર્શપૂર્વકનો જમણો હાથ રાખી, હથેળીમાં બાહ્યતીર્થ છે ત્યાં અડદનો દાણો બૂડે તેટલું જળ લઈ, આંગળીઓની ગોકર્ણાકૃતિ કરી, ફીણ વગરના, ગાળેલા, પવિત્ર જળથી આચમન કરવું (હોઠનો સ્પર્શ ન થાય તેમ મુખમાં ક્ષિપ્ત કરવું પરંતુ તે જળ પીવું નહિ - તે આચમન કહેવાય) આવી રીતે ત્રણ વખત આચમન કરવું. પ્રભુની સ્મૃતિ સહ આચમન કરવાથી પ્રાણની શુદ્ધિ થાય છે.

## શ્લોક : પર

**कर्तव्यमुर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।**

**कार्यः सधवनारीभिर्भाले कुंड्.कुमचन्द्रकः ।। ५२ ।।**

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥ પર ॥

## ભાવાર્થ

ભગવાનને સમર્પણ કરતાં અવશેષ રહેલા, માટે જ તેમના પ્રસાદીભૂત એવા કેસર-કુંકુમાદિકે મિશ્રિત હરિચંદનથી, કે કેવળ ચંદનથી, કે શ્રીજીમહારાજની પ્રસાદીરૂપ તલાવડીની મૃત્તિકાથી, ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્રને કરવું; અથવા પ્રસાદી કુંકુમથી, ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્યમાં ચાંદલો કરવો, દીક્ષા પામેલા સચ્છૂદ્રોને લલાટ, બે બાહુ ને હૃદય - એ ચાર ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર (ચંદ્રકેસહિત) ધારવાં, અને દીક્ષિત અસચ્છૂદ્રાદિકને તો ભાલમાં કેવળ ચંદનનો ચંદ્રકમાત્ર ધારણ કરવો, પણ તિલક ન કરવું.

વળી સધવા સ્ત્રીઓએ પોતાના ભાલને વિષે કેવળ કુંકુમનો ચાંદલો કરવો પણ તિલક ન કરવું.

અને આચમન તથા ઊર્ધ્વપુંડ્ર તિલક કરતી વખતે

'સ્વામિનારાયણ' નામનો જપ કરવો કારણ કે તેમાં સર્વ નામનો સમાવેશ થાય છે અને તે જપ શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં કરવો.

## શ્લોક : ૫૩

**पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया ।**

**मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ।। ५३ ।।**

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે, મને કરીને કલ્પ્યાં જે ચંદન-પુષ્પાદિક ઉપચાર, તેણે કરીને શ્રીકૃષ્ણભગવાનની માનસીપૂજા કરવી. ।। ૫૩ ।।

## ભાવાર્થ

જે સ્ત્રીનો પતિ મરણ પામ્યો હોય તે વિધવા કહેવાય. એવી વિધવા સ્ત્રીઓએ પોતાના ભાલમાં તિલક કે ચાંદલો ન કરવાં; કારણ કે તિલક અને ચાંદલો એ આભૂષણરૂપ હોઈ વિધવાને તે ચિહ્નો ધારણ કરવાનો નિષેધ છે.

હવે ઊર્ધ્વપુંડ્ર તિલક ને ચાંદલો કર્યા પછી શ્રીહરિના સર્વે આશ્રિતોએ શ્રીજીમહારાજની માનસીપૂજા હંમેશા કરવી. જેની રીતે સેવાની બધી સામગ્રીઓ ભેગી કરીને, દેહે કરીને આપણે મહારાજનું પૂજન, વંદન, સેવા વગેરે કરીએ છીએ, તેવી જ રીતે મનની ભાવનાએ કરીને બધી સામગ્રીઓ એકઠી કરી, મનમાં મહારાજનું પૂજન-વંદન-સેવા કરવી તે માનસીપૂજા. જો રોમાંચિતગાત્ર અને ગદ્‌ગદકંઠ થઈને પૂજા

કરે તો, પ્રત્યક્ષ પૂજા અને માનસીપૂજા એ બન્નેનું સરખું ગૌરવ છે.

જે સકામભાવે માનસીપૂજા કરે છે તેમને સ્ત્રી, પુત્ર અને ધનની તત્કાળ પ્રાપ્તિ થાય છે. અને મોક્ષના માર્ગે પણ ચાલે છે અને જે નિષ્કામભાવે માનસીપૂજા કરે છે તેના મનમાં રહેલા વિષયના રાગ તથા કામ-લોભાદિક દોષ દૂર થઈ જાય છે અને શ્રીજીમહારાજને વિષે સ્નેહની વૃદ્ધિ થાય છે.

હવે આ માનસીપૂજા દિવસમાં પાંચ વાર કરવી તથા ત્રણેય ૠતુમાં અલગ અલગ રીતે કરવી. આનો વિસ્તાર 'શિક્ષાપત્રી રહસ્યાર્થ' તથા 'શિક્ષાપત્રી રહસ્યસાર : ખંડ-૧' માંથી જાણવો.

## શ્લોક : ૫૪

**प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात ।**

**शक्त्या जपित्वा तन्मंत्रं कर्तव्यं व्यावहारिकम् ।। ५४ ।।**

અને તે પછી, શ્રી રાધાકૃષ્ણની જે ચિત્રપ્રતિમા તેનું આદરથકી દર્શન કરીને-નમસ્કાર કરીને, પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને, તે પછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું. ॥ ૫૪ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજની માનસીપૂજા કર્યા બાદ, શ્રીજીમહારાજ તથા તેમના મુક્તોની ચિત્રપ્રતિમાના આદરથકી દર્શન-નમસ્કાર કરવા તથા તે પ્રતિમાની પ્રત્યક્ષ પૂજા કરવી તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનના નામમંત્ર જપવા અને તે પછી જ પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું.

જે ભક્તજન પ્રાતઃકાળમાં અતિ પ્રેમે કરીને, રોમાંચિતગાત્ર તથા ગદ્ગદ કંઠ થઈને, શ્રીહરિજીની ચિત્રપ્રતિમાની પૂજા કરે છે, તે ભક્ત ઉપર ભગવાનને અતિશય સ્નેહ થાય છે ને આ લોકમાં એવો ભક્ત છતે દેહે મૂર્તિના સુખને અનુભવે છે.

(આનો વિશેષ વિસ્તાર 'શિક્ષાપત્રી રહસ્યસાર ખંડ-૧' માં આપેલો છે.)

## શ્લોક : ૫૫

**ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।**

**तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ।। ५५ ।।**

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ, પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસીપૂજાપર્યંત સર્વે ક્રિયા કરવી. ।। ૫૫ ।।

## ભાવાર્થ

અને જેમ પરોક્ષ અવતારના ભક્તોમાં અંબરીષ રાજા આદર્શ આત્મનિવેદી ભક્ત છે, તેમ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તોએ પણ અગાઉના શ્લોકોમાં કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસીપૂજાપર્યંત સર્વે ક્રિયા કરવી.

(આ એકાંતિક ભક્તોના લક્ષણ 'શિક્ષાપત્રી રહસ્યસાર: ખંડ-૧' માંથી જાણવા)

## શ્લોક : ૫૬

**शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः ।**

**द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ।। ५६ ।।**

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે, પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ તેની જે પૂજા, તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ॥ ૫૬ ॥

### ભાવાર્થ

અને શ્રીજીમહારાજના એવા જે એકાંતિક ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીજીમહારાજની પ્રતિમા અથવા શાલગ્રામ તેની જે પૂજા, તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીજીમહારાજનો ષડક્ષર મહામંત્ર જે 'સ્વામિનારાયણ' નામમંત્ર તેનો જપ કરવો.

(અહીં ધાતુની પ્રતિમાપૂજાની વિધિ, મહામંત્રનો અર્થ, મહિમા, જાપનું ફળ ઇત્યાદિ 'શિક્ષાપત્રી રહસ્યસાર ખંડ-૧' માંથી જાણવા.)

## શ્લોક : ૫૭

**स्तोत्रादरेथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।**
**तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ।। ५७ ।।**

અને તે પછી શ્રીકૃષ્ણભગવાનનાં જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણભગવાનનું નામકીર્તન કરવું. ।। ૫૭ ।।

## ભાવાર્થ

'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કર્યા પછી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જ સ્તોત્રો તથા ગ્રંથો તેનો પાઠ કરવો અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ-કીર્તન કરવું.

(આ શ્લોકનો વિસ્તાર પણ 'શિક્ષાપત્રી રહસ્યસાર' ખંડ-૧ માંથી જાણવો.)

## શ્લોક : ૫૮

**हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।**

**कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ।। ५८ ।।**

અને પછી શ્રીકૃષ્ણભગવાનને નૈવેદ્ય કરીને, પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું. અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ, તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણભગવાનની સેવાપરાયણ થવું. ॥ ૫૮ ॥

## ભાવાર્થ

નામ કીર્તન કર્યા પછી 'હરિ' કહેતા મૂળઅજ્ઞાનને હરનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને નૈવેધ કરીને પછી તેમનું પ્રસાદીભૂત જે અન્ન તે જમવું, શ્રીજીમહારાજના આશ્રિત ક્યારેય કોઈ પણ વસ્તુ શ્રીજીમહારાજને અર્પણ કર્યા સિવાય ગ્રહણ કરે નહિ. જળપણ શ્રીજીમહારાજને અર્પણ કરીને જ પીએ. વળી તે જે શ્રીહરિની પ્રસાદીરૂપ અન્ન તે પણ પ્રસાદીના મહાત્મ્યે કરીને જમવું, પણ રસાસક્તિએ કરીને જમવું નહિ. કારણ કે જીહ્વા ઇંદ્રિયે કરીને રસમાં મોહ પામેલો એવો બુદ્ધિ વિનાનો જન તે ધર્મભ્રષ્ટ થાય છે.

અને શ્રીજીમહારાજના આશ્રિત એવા એકાંતિક ભક્તોએ સર્વકાળને વિષે પ્રીતિએ કરીને અર્થાત્ જરાપણ કલેશથી કે દંભથી નહિ, પરંતુ અનન્યભાવે શ્રીજીમહારાજના સેવા-

ભજનને વિષે તત્પર થવું. હવે પ્રીતિએ કરીને એટલે રોમાંચિત ગાત્ર અને ગદ્ગદ કંઠ થઈને સેવા કરવી. કારણ કે ભાવરહિત સેવાને ભગવાન અંગીકાર કરતા નથી. જેમને શ્રીજીમહારાજને વિષે આવો અતિશય સ્નેહ ઉદય થયો હોય એવા નિષ્કામ ભક્ત, તેમને શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈ પણ પ્રાણી કે પદાર્થને વિષે પ્રીતિ થતી નથી. અને એવા ભક્ત સર્વ વિઘ્નોને ઉલ્લંઘીને શ્રીજીમહારાજને પામે છે. વળી આવી રીતે પ્રીતિપૂર્વક સેવાપરાયણ સર્વકાળને વિષે થવું. એટલે કે ભગવાનના નામનું સ્મરણ આદિ, તે ક્ષણમાત્ર પણ ત્યાગ કરવું નહિ. જે ભક્તની મનોવૃત્તિ અખંડ ભગવાનમાં જ રહે છે એવો ભક્ત ભગવદ્ભક્તોમાં અગ્રગણ્ય ગણાય છે.

## શ્લોક : ૫૯

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।
सम्बन्धात्तत्क्रियाः सर्वा भयन्त्येव हि निर्गुणाः ।। ५९ ।।

અને નિર્ગુણ કહેતાં, માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણભગવાન તેના સંબંધથકી, તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે; તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥ ૫૯ ॥

## ભાવાર્થ

આત્મનિવેદી ભક્ત એટલે કે એકાંતિક ભક્તની 'સર્વે ક્રિયાઓ' કહેતાં, તે ભક્તના ઇંદ્રિયોના તમામ વ્યવહાર, માયાના ગુણે રહિત તથા અનંત દિવ્ય કલ્યાણકારી ગુણે યુક્ત અને જે પોતાના આશ્રિતોના કાળ, માયા તથા યમના ભયનો નાશ કરે છે તે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ તેમના સંબંધથી નિર્ગુણ થાય છે. વળી શ્રીજીમહારાજને વિષે જે નિષ્ઠા, તે સંબંધી જ્ઞાન તેને પણ નિર્ગુણ કહેલું છે તથા એવા ભક્તની ભક્તિ તે પણ નિર્ગુણ કહેલી છે.

આત્મસ્વરૂપનું જ્ઞાન તે સાત્ત્વિક છે, સ્વર્ગાદિક માયિક સુખની પ્રાપ્તિનું જ્ઞાન રાજસ છે, માયિક સુખ ભોગવવાનું

જ્ઞાન તે તામસ જ્ઞાન છે, જ્યારે પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન સંબંધી જ્ઞાન તે આ ત્રણેય ગુણોથી પર અને નિર્ગુણ છે.

## શ્લોક : ૬૦

**भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् ।**

**न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ।। ६० ।।**

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥ ૬૦ ॥

## ભાવાર્થ

અને એ આત્મનિવેદી ભક્તો તેમણે, પાણી પણ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુને અર્પણ કર્યા વિનાનું ક્યારેય ન પીવું, તો પછી બીજું કંઈ તો અર્પણ કર્યા વિનાનું ખવાય કે પીવાય નહિ તેમાં તો કહેવાનું જ શું?

વિવિધ ખાદ્ય પદાર્થો ઉપરાંત સુગંધ જે ચંદન, પુષ્પમાળાઓ તથા અત્તર વગેરે ને કસ્તુરી, કપૂર, તેલ, અંજન; વસ્ત્ર-અલંકારાદિ, સકળ વાહનો તેમ જ કંઠી, માળા, ઉપવીત, કુંકુમ આદિ પણ પ્રસાદી કરીને જ ઉપયોગ કે ઉપભોગ કરવા.

## શ્લોક : ૬૧

**सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाथवा ।**
**भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्त्यं यथाबलम् ।। ६१ ।।**

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે, વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને, અસમર્થપણું થઈ ગયે સતે, પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે બીજા ભક્તને આપીને, પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ॥ ૬૧ ॥

## ભાવાર્થ

વૃદ્ધપણાને લીધે પૂજન આદિનું સામર્થ્ય ન રહે, અથવા ઘડપણ વિના પણ અસાધ્ય કે દીર્ઘ રોગ થયો હોય, કે દેશભંગ-એ વગેરે ઉપદ્રવમાં પૂજનાદિ બની શકે તેમ ન હોય ત્યારે, 'બીજા ભક્તને' એટલે જેમને પૂજાની અનુકૂળતા હોય તેમને; પોતાને સેવવા યોગ્ય એવું જે, પોતાના ઇષ્ટદેવ જે શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુનું સ્વરૂપ અથવા શાલગ્રામ તે, પ્રાર્થના-વિનયપૂર્વક આપીને પોતાને દેશ, કાળ, વય તથા સામર્થ્યને અનુસરીને વર્તવું; એટલે બાહ્યપૂજન થઈ શકે તેમ ન હોય તો મનવડે કરીને શ્રીહરિની માનસીપૂજા કરવી.

## શ્લોક : ૬૨

**आचार्येणैव दत्तं यद्यश्च तेन प्रतिष्ठितम् ।**

**कृष्णास्वरुपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ।। ६२ ।।**

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય, અથવા તે આચાર્યે જે સ્વરૂપની પતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા  યોગ્ય નથી. ॥ ૬૨ ॥

## ભાવાર્થ

જે પોતે સ્વયં આચરણ કરે અને 'બીજાને' અર્થાત્, પોતાના શિષ્યવર્ગને આચારમાં સ્થાપન કરે તથા શાસ્ત્રોના અર્થને વિચારે; કહેતાં, શાસ્ત્રનો રહસ્યસિદ્ધાંત હોય તેને સમજે ને બીજાને સમજાવે તે આચાર્ય કહેવાય. હવે આવા જે આચાર્ય તેમણે પોતાને પૂજન કરવા માટે આપેલું હોય અથવા તેમણે પ્રતિષ્ઠા કરેલું હોય એવું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ, તે જ સેવવા યોગ્ય છે; પણ તે સિવાય બીજાએ આપેલું કે પ્રતિષ્ઠા કરેલું સ્વરૂપ, તે તો કેવળ વંદન કરવા યોગ્ય છે; અર્થાત્ ભગવદ્‌ભાવવડે નમસ્કાર કરવા યોગ્ય છે, પણ સેવવા યોગ્ય-ઉપાસના કરવા યોગ્ય નથી.

વળી તે જે ભગવાનની મૂર્તિ તેમાં પાષાણ, ધાતુ, કાષ્ઠ કે

ચિત્રાદિકનો ભાવ ન રાખવો. જેમને ભગવાનની મૂર્તિમાં પાષાણાદિકની બુદ્ધિ, ગુરુજનને વિષે મનુષ્યબુદ્ધિ, સત્સંગીને વિષે જાતિબુદ્ધિ, ભગવાન તથા ભગવાનના ભક્તના સ્પર્શવાળા, કળિમળને હરનારા તીર્થજળને વિષે સામાન્ય જળપણાની બુદ્ધિ, પાપ હરનારા ભગવાનના નામમંત્રમાં સામાન્ય શબ્દપણાની બુદ્ધિ અને સર્વેશ્વર પરમાત્મા અને તે સિવાયના બીજાને વિષે સરખી બુદ્ધિ હોય તે નારકી થાય છે.

## શ્લોક : ૬૩

**भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।**
**नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ।। ६३ ।।**

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્યપ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણભગવાન તેમના નામનું ઉચ્ચસ્વરે કરીને કીર્તન કરવું. ॥ ૬૩ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજના સર્વ ભક્તોએ, સાયંકાળે ભગવાનના મંદિરમાં નિત્ય જવું - આમાં બાઈઓએ બાઈઓના મંદિરમાં અને ભાઈઓએ ભાઈઓના મંદિરમાં જવું. અને ત્યાં જઈને અનંતકોટી મુક્તમંડળે સહિત શ્રી સ્વામિનારાયણ ભગવાનના; 'નામ-ગુણનું કીર્તન' એટલે કે ગોડી, આરતી, અષ્ટક, સ્તોત્ર વગેરે ઊંચે સ્વરે કરીને કરવું. અહીં ઉચ્ચસ્વરે - એટલે ભગવાનનાં દર્શનથી ઉત્પન્ન થતા આનંદને લીધે પ્રાપ્ત થતું પરવશપણું તેથી, ઉચ્ચસ્વરે નામ-સંકીર્તન એમ. તથા શ્રીહરિચરણકમળ સમાશ્રિત તથા તત્ સમકાલીન સદ્‌ગુરુઓએ શ્રીહરિની મૂર્તિનાં ધ્યાનનાં, તેમનાં લીલાચરિત્ર, ઉપદેશ તેમ જ ઉત્સવ વગેરેનાં કીર્તનો રચ્યાં છે તે ગાવવાં, તથા તાળી પાડી ઊંચા સ્વરે 'સ્વામિનારાયણ' નામની ધૂન

કરવી. અને આ બધું સ્ત્રીપુરુષોએ પોતપોતાની મર્યાદામાં રહીને કરવું. પુરુષોએ તે મંદિરમાં શ્રીજીમહારાજને સાષ્ટાંગ ને સ્ત્રીઓએ પંચાંગ પ્રણામ કરવા ને પ્રદક્ષિણા, સ્તુતિ-પ્રાર્થના, જપમાંળા વગેરે કરવાં.

વળી ધર્મશાસ્ત્ર પ્રમાણે પ્રાતઃકાળમાં ભગવાનનાં દર્શન કરવાથી ભક્તજનનાં રાત્રિમાં થયેલાં પાપો નાશ પામે છે. મધ્યાહ્ન સમયમાં કરેલાં દર્શનથી આ દેહ ધરીને થયેલાં પાપો નાશ પામી જાય છે; ને સાયંકાળમાં ભગવાનનાં દર્શન કરવાથી સાત જન્મનાં કરેલાં પાપો નાશ પામે છે. તેથી જ અહીં સાયંકાળે ભગવાનના દર્શન કરવાની આજ્ઞા શ્રીહરિએ કરી છે.

## શ્લોક : ૬૪

**कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।**

**वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ।। ६४ ।।**

અને તે શ્રીકૃષ્ણની જે કથાવાર્તા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં. ॥ ૬૪ ॥

## ભાવાર્થ

અનાદિ કૃષ્ણનામક શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ તેમના સંબંધી 'કથા' વાંચવી-સાંભળવી તથા તેમના સંબંધી 'વાર્તા' એટલે દૃષ્ટાંત સિદ્ધાંત સાથે શ્રીહરિના સ્વરૂપનું મહાત્મ્ય તથા તેમના લીલાચરિત્ર કહેવાં - સાંભળવાં. તેમ જ શ્રીહરિના સ્તોત્ર-કીર્તન-કાવ્યાદિ, વાજિંત્ર સાથે, ઉત્સવના દિવસે ગાવવાં. વળી જ્ઞાને સહિત ભગવાનનું ધ્યાન થાય એ જ કથાવાર્તાનું ફળ છે, માટે શ્રીહરિની મૂર્તિનું ધ્યાન પણ કરવું.

શ્રીજીમહારાજના મહિમાને કહેનારી અને પવિત્ર કરનારી એવી કથાઓને જે કહે છે તથા સાંભળે છે; ને શ્રીહરિને વિષે જ જેમના ચિત્ત છે, એવા મનુષ્યોને સંસાર સંબંધી ત્રિવિધ તાપો તપાયમાન કરતા નથી, માટે બ્રહ્મરૂપ થયેલા અને પરબ્રહ્મને વિષે નિષ્ઠાવાળા એવા જ્ઞાનીઓએ પણ, ભગવાનની શ્રવણ-કીર્તનાદિરૂપ નવ પ્રકારની ભક્તિ જ

નિરંતર કરવી.

હવે 'ઉત્સવને દિવસે' એટલે એકાદશી, પૂર્ણિમા વગેરે દિવસોમાં, 'વાજિંત્ર વડે' અર્થાત્ કાંસીજોડાં, મૃદંગ આદિક વાજિંત્ર વગાડવાપૂર્વક; 'કૃષ્ણ' કહેતાં શ્રીહરિકૃષ્ણભગવાન; તેમના સ્વરૂપનાં કિર્તનો ગાવવાં તથા મહાપૂજા, ફળદાન, અન્નદાન, ભગવાનની મૂર્તિ આગળ નૃત્ય, ભગવાનનો અભિષેક વગેરે કરવું.

## શ્લોક : ૬૫

**प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।**

**संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ।। ६५ ।।**

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું. અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ, તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. ॥ ૬૫ ॥

## ભાવાર્થ

શ્રીહરિએ શિક્ષાપત્રીના ૪૯મા શ્લોકથી આરંભી અહીં સુધી જે 'સૂર્ય ઉગ્યાથી પ્રથમ જ જાગવું.' વગેરે આજ્ઞાઓ કરી તે પ્રમાણે જ શ્રીહરિના આશ્રિતોએ હંમેશા વર્તવું.

તથા 'સંસ્કૃત' એટલે દેવભાષા અને 'પ્રાકૃત' જે લૌકિક ભાષા, તેના શબ્દથી રચેલા એવા 'ગ્રંથો' - એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે રચેલા, અથવા સ્વાશ્રિત પાસે રચાવેલા સદ્ગ્રંથો તેનો 'અભ્યાસ' કરવો. કારણ કે પુરુષ જેમ - જેમ નિત્યપ્રત્યે શાસ્ત્રનું સેવન કરે છે, તેમ-તેમ તેને જ્ઞાન થાય છે, ને તે પછી અનુભવજ્ઞાન જે વિજ્ઞાન તેની પ્રાપ્તિ થાય છે.

## શ્લોક : ૬૬

**यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।**

**योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ।। ६६ ।।**

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ।। ૬૬ ।।

## ભાવાર્થ

જે મનુષ્ય જેવા ગુણે કરીને એટલે કે, ધર્મ આદિક જેવા ગુણ તેનામાં હોય, તેવા ગુણને અનુસરતા કર્મમાં જ, તેના ગુણોનો વિચાર કરીને જ તેને પ્રેરવો; તેથી બીજી રીતે તેને ક્યારેય ન પ્રેરવો. એટલે કે દરેક મનુષ્યને તેને યોગ્ય કાર્યમાં જ જોડવો.

## શ્લોક : ૬૭

**अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।**
**सन्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ।। ६७ ।।**

અને પોતાના જે સેવક હોય તે સર્વેની, પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ।। ૬૭ ।।

### ભાવાર્થ

'स्वकीयाः' એટલે પોતાના સંબંધીજનો અને 'परिचारकाः' એટલે પોતાના સેવકો અર્થાત્ માતા, પિતા, ગુરુ, પત્ની, પુત્ર-પૌત્રાદિ, પોતાને આશ્રયે રહેલા તેમ જ અભ્યાગત, શરણે આવેલા અને અગ્નિ-આ સર્વેનું યથાયોગ્ય એટલે તેમના અધિકાર મુજબ અન્નવસ્ત્રાદિકે કરીને પોષણ કરવું તથા રસ-ઔષધ આદિથી પણ તેમની સેવા કરવી. અને તે પોષણ પોતાની પાસે ધન હોય તેના પ્રમાણમાં કરવું અને સતત કહેતાં દરરોજ તેમને સંતોષ પમાડવા, પરંતુ તેમને કલેશ કરાવવો નહિ.

## શ્લોક : ૬૮

**यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः ।**
**देशकालानुसारेण भाषणीयो न चान्यथा ।। ६८ ।।**

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. ॥ ૬૮ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : જે પુરુષમાં 'જેવા ગુણ હોય' એટલે કે જાતિ, કુળ, વિદ્યા, તપ, યોગ, ઐશ્વર્ય, પ્રતાપ આદિ જે જે વિશિષ્ટ ગુણો જેમાં હોય તેને તે પ્રમાણે, દેશ અને કાળને અનુસરીને બોલાવવો.

અહીં દેશને અનુસરીને - એટલે કે ગુરુએ પોતાનો ગુણવાન શિષ્ય હોય તેને પણ જાહેરમાં તો માનવાચક શબ્દોથી જ બોલાવવો. અને કાળાનુસાર - એટલે ગુરુએ પોતાના વૃદ્ધ શિષ્યને પણ 'તમે' એવા બહુવચનથી - માનવાચક શબ્દોથી બોલાવવો. આમ સ્વયં પોતાની મેળે જ વિવેક સમજી લેવો.

## શ્લોક : ૬૯

**गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् ।**
**अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ।। ६९ ।।**

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી, એ છ જણા આવે, ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું, ઇત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥ ૬૯ ॥

## ભાવાર્થ

શ્રીહરિના વિનયવાળા આશ્રિતોએ 'ગુરુ' કહેતાં બ્રહ્મવિદ્યા જે પરલોક સંબંધી જ્ઞાન આપી શ્રીહરિની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવનાર, 'ભૂપાલ' એટલે રાજા, 'વર્ષિષ્ઠ' જે વયમાં વૃદ્ધ હોય તે, 'ત્યાગી' એટલે વૈરાગ્યનું બળ હોવાથી જેણે ભગવાનની પ્રસન્નતાને માટે ગૃહાસ્થાશ્રમનો ત્યાગ કર્યો હોય એવા બ્રહ્મચારી, સાધુ, પાર્ષદ વગેરે, 'વિદ્વાન' કહેતાં, વચનામૃતાદિ શ્રી સ્વામિનારાયણ ભગવાને રચેલાં તથા પોતાના મુક્તો પાસે રચાવેલાં સદ્‌ગ્રંથોનો જેણે અભ્યાસ કર્યો હોય તે અને 'તપસ્વી' એટલે વ્રતપરાયણ હોય તે આટલાઓને જોઈને પોતાના આસનથી ઊઠવું, પ્રણામ કરવા, આસન આપવું - એ વગેરેથી તેમનો સત્કાર કરવો.

## શ્લોક : ૭૦

**नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।**

**उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ।। ७० ।।**

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું, તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ॥ ૭૦ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજના આશ્રિતોએ પ્રત્યક્ષ ભગવાન કે તેમની પ્રતિમા, ગુરુ, રાજા અને ભગવાનના ભક્તની સમીપે તથા સભામાં પગને લાંબા કરીને કે ઉદ્ધતાઈ દેખાડનાર કોઈ પણ આસન કરીને બેસવું નહિ. જેમ કે, વીરાસન એટલે એક પગને ઊંધો નાખી બીજા પગને તે ઊંધા નાખેલા પગની ઉપર ચઢાવીને બેસવું તે તથા ખભે ધારણ કરવાના ખેસથી કે ઓઢવાના ઉત્તરીય વસ્ત્રથી, એક અથવા બંને ઢીંચણને પાછળથી - કેડના ભાગથી વસ્ત્ર વડે વીંટીને બેસવું નહિ; કારણ કે આવી બધી રીતે બેસવાથી ભગવાન તેમના ભક્ત આદિકનું અપમાન થાય છે ને અસભ્યતા પ્રદર્શિત થાય છે. વળી તે સત્પુરુષ, કે રાજાદિકની આગળ દેશકાળને અનુસારે પૂર્વાપરનો વિચાર કરીને જ બોલવું; વિચાર્યા વિના જેમ તેમ બોલવાથી આ લોક તથા પરલોકમાં અનર્થની પ્રાપ્તિ થાય છે.

તથા તેમની આગળ હંમેશા સત્ય ને પ્રિય એવું વચન બોલવું. વળી ભગવાન, ગુરુ, રાજા અને ભગવદ્ભક્ત-એ ચારનું જે કાંઈ પણ ગુહ્ય વૃત્તાંત હોય તે કોઈનીય આગળ પ્રકાશ કરવું નહિ.

## શ્લોક : ૭૧

**विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित्**

**पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ।। ७१ ।।**

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો. અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને, તે પોતાના આચાર્યને પૂજવા. ।। ૭૧ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિતોએ પોતાના આચાર્ય, એટલે કે ગુરુ (જે ધર્મ પાળે અને બીજાને પળાવે તે આચાર્ય) તેમની સાથે ક્યારેય પણ 'વિવાદ' એટલે કે તેમના વચનનો પ્રતિવાદ, તેમની સાથે વાણીનો કલહ, તથા વાણીથી તેમનું અપમાન, તે ન કરવું; કેમ કે ગુરુની અવજ્ઞાથી તથા શ્રુતિ-શાસ્ત્રોની નિંદાથી, શિષ્ય પાપબુદ્ધિવાળો થાય છે, જેની વિશુદ્ધિ, યમથી પણ થતી નથી. અને ગુરુના વાક્યનું સર્વપ્રકારે પરમ આદરથકી પાલન કરવું.

વળી સર્વે મનુષ્યે અન્ન, ધન તથા વસ્ત્રાદિ ભેટ-સામગ્રી વડે દેવની પેઠે પોતાના ગુરુનું યથાશક્તિ પૂજન કરવું કારણ કે ગુરુમાં સર્વે દેવનો વાસ છે.

## શ્લોક : ૭૨

**तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् ।**
**तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ।। ७२ ।।**

અમારા જે આશ્રિત જન તેમણે, પોતાના આચાર્યને આવતા સાંભળીને આદરથકી તત્કાળ સન્મુખ જવું. અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ।। ૭૨ ।।

## ભાવાર્થ

શ્રીહરિના શિષ્ય એવા સત્સંગી માત્રએ પોતાના ગુરુ પોતાના ગામ પધારે છે, એમ ખબર પડે, ત્યારે પ્રમાદ નહિ કરતાં બીજા કામોને તજી દઈને તરત જ તેમનો સત્કાર કરવા સામે જવું - અને તે પણ 'આદરપૂર્વક' એટલે કે ઉત્સાહપૂર્વક વાજતેગાજતે પુષ્પોપચાર વગેરે સ્વાગતની સામગ્રી સહિત સામા લેવા જવું. ત્યાં જઈને દંડવત્પ્રણામપૂર્વક ચંદન, પુષ્પહાર વગેરે ઉપચારોથી તેમનું પૂજન કરીને, તેઓશ્રીના ગૌરવને છાજે તેવાં વાહનો, વાજિંત્રો વગેરેથી વાજતેગાજતે સન્માનપૂર્વક પધરાવવા. અને જ્યારે તેઓશ્રી પાછા પધારે, ત્યારે પણ યોગ્ય વિદાય-સન્માન સહિત વાજતેગાજતે ગામની ભાગોળ સુધી વળાવવા જવું (ભાગોળ એટલે રેલવેસ્ટેશન

વગેરે પણ સમજાય) વળી પોતાના ગુરુને યથાશક્તિ ભેટ પણ અર્પણ કરવી.

## શ્લોક : ૭૩

**अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।**

**आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ।। ७३ ।।**

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું; કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થને આપનારો છે; માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ।। ૭૩ ।।

## ભાવાર્થ

શ્રીજીમહારાજના આશ્રિતોએ મહાફળ અથવા ઘણો મોટો ધનનો લાભ થાય એવું કોઈ કર્મ કે ક્રિયા, પણ એ કર્મ કે ક્રિયા કરવાથી પોતાના ધર્મનો નાશ થતો હોય તો, તેવું કર્મ કે તેવી ક્રિયા, તેનું આચરણ ન કરવું. અને સ્વધર્મ યથાર્થ પાલવામાં ભલે, હાથમાં મૃત્તિકાનું પાત્ર લઈને માગી ખાવાનો સમય આવે, તો પણ તેમણે પોતાને ધનાઢય જ માનવા: કેમ કે ધર્મવાળા સાધુપુરુષોને તો ધર્મ એ જ ધન છે. પૃથ્વીના વિકારરૂપ જે સુવર્ણાદિ દ્રવ્ય - કે જેનો આત્મ સાથે સંબંધ નથી ને જે અનર્થ કરનારો છે, તેવા દ્રવ્ય વડે અવિવેકી પુરુષો પોતાને ધનાઢ્ય માને છે; જ્યારે વિવેકી પુરુષો તો, જીવાત્માની સાથે જેને સદા સંબંધ છે અને પરલોક સંબંધી પરમ શ્રેયને પમાડનારો છે એવો જે ધર્મ, તેણે કરીને જ

પોતાને ધનાઢ્ય માને છે. અને સ્વધર્મ જ, પોતે ઇચ્છેલા સર્વ પદાર્થોને આપે છે. ધર્મનું આચરણ કરવાથી કોઈ પણ ભોગ અથવા ભોગનાં સ્થાનકો અપ્રાપ્ય રહેતાં નથી. સદ્વિદ્યા, ધન, શરીરસૌન્દર્ય, શૌર્ય, સત્કુળમાં જન્મ અને નિરોગિતા-આ બધું ધર્મ પાલનથી જ પ્રાપ્ત થાય છે. અને સાંસારિક સમગ્ર સંકટથકી સમુદ્ધારરૂપ જે 'મુક્તિ', તે પણ ધર્માનુષ્ઠાનથી જ પ્રાપ્ત થાય છે. એ હેતુ માટે ધનાદિકના, કે રાજ્યાદિકના, કે સ્ત્રિયાદિકના કે દેહસુખ-સંપત્તિના લોભે કરીને પણ ધર્મનો ત્યાગ ન કરવો - એવો શ્રીહરિજીનો સિદ્ધાંત છે.

## શ્લોક : ૭૪

**पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।**

**कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ।। ७४ ।।**

અને પૂર્વે થયા જે મોટા પુરુષ, તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો, તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥ ૭૪ ॥

## ભાવાર્થ

અને આગળ થઈ ગયેલા, તપ, યોગ, ઐશ્વર્ય આદિ ગુણવાળા શિષ્ટ પુરુષોએ; 'કયારેક' એટલે દેશ, કાળ આદિના વૈષમ્યને લીધે, અથવા કોઈ મહાઆપત્તિ પ્રાપ્ત થવાને કારણે, જો કાંઈ અધર્માચરણ કર્યું હોય તો, તેવું અધર્માચરણ મારા આશ્રિતોએ ગ્રહણ કરવું નહિ; કેમ કે, અલૌકિક અને અનિંદિત એવો શિષ્ટાચાર જ પ્રમાણભૂત છે; પરંતુ શિષ્ટ પુરુષોનું અધર્માચરણ ગ્રહણ કરવા યોગ્ય નથી. અને એવું જે અધર્માચરણ સાંભળવામાં આવે તો પણ તેની નિંદા કરવી નહિ; પરંતુ પૂર્વાપર સંપૂર્ણ વિચાર કરીને અને પોતાની શક્તિનો કયાસ કાઢીને ધર્મયુક્ત તેમનાં જે શુભ કર્મ તેનું આચરણ કરવું. એવી રીતે જે આચરણ કરે છે. તે જ સુખ મેળવે છે.

## શ્લોક : ૭૫

**गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।**
**समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ।। ७५ ।।**

અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ. અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી જ રીતે સન્માન કરવું, પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥ ૭૫ ॥

## ભાવાર્થ

સ્ત્રી, પુરુષ કે નપુંસક કોઈની પણ 'ગુહ્યવાર્તા' એટલે બીજાથી છાની રાખવા જેવી જે વાત હોય તે પ્રકાશ કરવી નહિ; કેમ કે તે ગુહ્યવાર્તા પ્રકાશ કરવામાં એક તો કોઈએ છાની વાત વિશ્વાસથી કહી હોય તે પ્રકટ કરવામાં વિશ્વાસઘાતનું પાપ લાગે; બીજું, ચાડિયાપણાનું અને ત્રીજું, સામાની ગુપ્ત વાત ઉઘાડી થતાં તેના હૃદયને જે આઘાત - દુ:ખ થાય તેથી, પરાયા દ્રોહનું પાપ લાગે. જો ખરેખર સામાના દોષ સુધારવાની ભાવના હોય તો હિતબુદ્ધિથી પ્રેમપૂર્વક એકાંતમાં સૂચન કરવું, પણ તેને ફજેત ન કરવો.

અને સમદૃષ્ટિ એટલે કે, સર્વને વિષે એક જ બ્રહ્મ છે એ પ્રકારની બુદ્ધિ રાખીને, પૂજાસેવાના યથાયોગ્ય વિવેકનું ઉલ્લંઘન કરવું નહિ; કારણ કે સારા અને નરસા પુરુષોનો

સરખો સત્કાર કરવામાં આવે તો સત્-અસત્‌ના વિવેકનો નાશ થઈ જાય. સ્વધર્મનિષ્ઠમાં જ્ઞાનનિષ્ઠ એવા ભગવાનના એકાંતિક ભક્ત શ્રેષ્ઠ છે અને તે ભગવાનના એકાંતિક ભક્તથકી કોઈ પણ શ્રેષ્ઠ નથી; કેમ કે, ભગવાન એકાંતિક ભક્તને વિષે સદાય નિવાસ કરીને રહે છે. આ પ્રકારે તરતમપણું જાણીને શ્રીહરિના એકાંતિક ભક્તને બહુ પ્રકારે માનવા. જે પુરુષ એ પ્રકારે નથી જાણતો અને સત્-અસત્‌ને વિષે સરખી બુદ્ધિ રાખે છે તે મોટા દોષને પામે છે. તે હેતુ માટે ભગવાનના ભક્તે આવો વિવેક સમજવો.

## શ્લોક : ૭૬

**विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।**

**एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ।। ७६ ।।**

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે, ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો. અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ॥ ૭૬ ॥

## ભાવાર્થ

અષાઢમાસની શુકલપક્ષની એકાદશીથી આરંભીને કાર્તિક શુકલપક્ષની બારસ સુધીનો જે કાળ તે ચાતુર્માસ. તે ચાતુર્માસમાં શ્રીહરિના આશ્રિતોએ વિશેષ નિયમ ધારણ કરવો. તે નિયમ ધારવા માટે અષાઢ શુકલ એકાદશીના દિવસે પ્રાતઃસ્નાન કરી, નિત્યકર્મ પરવારીને, શ્રીજીમહારાજની પ્રતિમા આગળ, ચાતુર્માસ્યવ્રતનું ભગવત્પ્રસન્નતા - એ જ એક પરમ ફળ છે એવો નિશ્ચય કરીને, વ્રતના આરંભમાં તેમની અનુજ્ઞા સંપાદન કરીને અધિક નિયમ લેવો; અથવા સ્વધર્મનિષ્ઠ ભગવાનના ભક્ત આગળ, પરમેશ્વરની પ્રસન્નતા માટે અધિક નિયમ ગ્રહણ કરવો અને તે માટે તે ભક્તને આગળ રાખીને ભગવાનની પ્રાર્થના કરવી.

અને એ ચાર માસ પર્યંત વિશેષ નિયમ પાળવામાં જે અશક્ત હોય તેમણે એક શ્રાવણમાસમાં તો તે વિશેષ નિયમ અવશ્ય ધારવો.

## શ્લોક : ૭૭

**विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् ।**

**महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ।। ७७ ।।**

અને તે વિશેષ નિયમ તે ક્રિયા, તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી ॥ ૭૭ ॥

## ભાવાર્થ

ચાતુર્માસમાં જે વિશેષ નિયમ લેવાના કહ્યા તે વિશેષ નિયમ કયા? તે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની કથા તે ધર્મભક્તિનિષ્ઠ એવા ભગવદ્ભક્તના મુખથી સાંભળવી. પણ કામાદિ અંતઃશત્રુઓથી દગ્ધ ચિત્તવાળા ને ભગવદ્ભક્તિએ રહિત એવા વકતાના મુખથકી ક્યારેય પણ ન સાંભળવાં. જે ભગવદ્ભક્ત હોય, બાહ્ય આભ્યંતર શૌચે યુક્ત હોય, બાહ્ય-આભ્યંતર ઇંદ્રિયજીત હોય, મદ-મત્સર રહિત હોય, સાધુતા તેમ જ કરુણા યુક્ત હોય, તથા જે કથા અસ્ખલિત વાંચતા હોય, દ્રવ્યાદિક પદાર્થના લોભે રહિત હોય - એમના મુખથકી કથા સાંભળવી. અને તે કથા સાંભળતાં તે સિવાય બીજા કાર્યમાં આસક્તિ ન રાખવી તથા મૌનવ્રત ધારી, બાહ્ય

- આભ્યંતર શુદ્ધ રહી, અવ્યગ્ર ચિત્ત એટલે કે સાવધાન મનથી શ્રદ્ધાભક્તિએ સહિત કથા સાંભળવી. વળી કથાશ્રવણ સમયે મસ્તકે પાઘડી-સાફો-ટોપી વગેરે ન રાખવા, વીરાસન કરીને કે વસ્ત્રથી ઢીંચણને બાંધીને ન બેસવું તથા પાનસોપારી ન ચાવવી.

આમ કથાશ્રવણનો આ પહેલો નિયમ થયો. હવે આવી કથા તે શ્રોતાઓને સંભળાવવી એ બીજો નિયમ; શ્રીહરિજીના નામનું કીર્તન તથા તેમના સંતોએ રચેલા પદો ગાવવા - એ ત્રીજો નિયમ; પંચામૃત સ્નાન, મહા અભિષેક, મહા નૈવેદ્ય તથા મહા નીરાજનાદિ સહિત શ્રીહરિની 'મહાપૂજા' કરવી - એ ચોથો નિયમ; 'સ્વામિનારાયણ' એ ષડક્ષર મહામંત્રનો 'જપ' કરવો એ પાંચમો નિયમ; શ્રીજીમહારાજના જનમંગલ, સર્વમંગલ, વિશ્વમંગલ, શ્રીહરિકવચ, શ્રી પુરુષોત્તમકવચ આદિ સ્તોત્રનો પાઠ કરવો એ છઠ્ઠો નિયમ તથા પ્રતિમાસ્વરૂપ એવા શ્રી સહજાનંદ સ્વામી તેમને પ્રદક્ષિણા કરવી એ સાતમો નિયમ છે.

## શ્લોક : ૭૮

**साष्टांगप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।**

**एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ।। ७८ ।।**

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે; તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે, ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥ ૭૮ ॥

## ભાવાર્થ

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા - એ જે આઠ પ્રકારના નિયમ તે શ્રીજીમહારાજે ઉત્તમ માન્યા છે. હવે સાષ્ટાંગ એટલે કે બે પાદ, બંને હાથ, બંને ઢીંચણ, છાતી, મસ્તક, દૃષ્ટિ, વાણી એટલે ભગવાનની સ્તુતિ અને મન વડે પ્રણામ કરવો તે. અને બે બાહુ, બે ઢીંચણ, મસ્તક, વાણી અને દૃષ્ટિ - એ પાંચ અંગથી જે પ્રણામ તે પંચાગપ્રણામ કહેવાય. આમાં સાષ્ટાંગ પ્રણામ પુરુષોએ જ કરવા, ને પંચાગપ્રણામ તો સ્ત્રીપુરુષ બધાએ કરવા. અને આ પ્રણામ કરવામાં ભગવાનના જમણા ભાગમાં રહીને, પોતાના જમણા - ડાબા હાથવડે, ભગવાનના અનુક્રમે, જમણા-ડાબા ચરણને (મનથી) સ્પર્શ કરી, કિંચિત્ દૂર રહી, દંડની પેઠે પડીને અર્થાત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. એક હાથથી પ્રણામ

કરવાનો નિષેધ છે, માટે બંને હાથથી જ પ્રણામ કરવા.

આ જે આઠ વિશેષ નિયમ સિવાયના અન્ય નિયમો પણ ચાતુર્માસમાં પાલન કરવા યોગ્ય છે. તેમાં બ્રહ્મચર્ય પાળવું, ક્રોધ, લોભ ને રસાસ્વાદ જીતવા માટેના નિયમ, માયિક શબ્દાદિ પંચવિષયથકી ચક્ષુ આદિ ઇંદ્રિયોને નિયમમાં રાખવી, અહંકારનો ત્યાગ કરવો, ઇંદ્રિયો અને મનનું ભગવાનની મૂર્તિને વિષે એકાગ્રપણું કરવું અર્થાત્ ઇંદ્રિયજીત થઈ, પોતાની શક્તિ પ્રમાણે નિત્યે ભગવાનનું ધ્યાન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

## શ્લોક : ૭૯

**एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।**
**कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ।। ७९ ।।**

અને સર્વે જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદરથકી કરવું, તથા શ્રીકૃષ્ણભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું; તથા શિવરાત્રિનું વ્રત જે તે આદરથકી કરવું; અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥ ૭૯ ॥

## ભાવાર્થ

એકાદશીવ્રત સર્વ વ્રતથકી અધિક છે; કેમ કે આ વ્રત ભગવાન શ્રી સ્વામિનારાયણનું છે ને આ વ્રત કરવાથી તેમની પ્રસન્નતા થાય છે. માટે શ્રીહરિના સર્વ આશ્રિતોએ આ વ્રત પ્રયત્નથી કરવું. બ્રહ્મહત્યા તુલ્ય એવાં જે કોઈ પાપ છે તે સર્વે એકાદશીના દિવસે અન્નને આશરીને રહે છે; માટે તે દિવસે જે કોઈ અન્ન જમે છે તે મનુષ્ય, તે પાપોને પામે છે. આઠ વર્ષથી લઈને એંશી વર્ષ સુધીની ઉંમરના બધા જ મનુષ્યોએ, શુકલ અને કૃષ્ણએ બેય પક્ષની એકાદશીનો ઉપવાસ કરવો.

આ એકાદશીવ્રતમાં નિરાહારતારૂપ જે ઉપવાસ કહ્યો તે કેવળ અન્નત્યાગમાત્રરૂપ ન સમજવો; કિંતુ શ્રોત્રાદિ એકાદશ ઇંદ્રિયોના આહારરૂપ જે શબ્દાદિ વિષયો, તેનો

ત્યાગ કરવાપૂર્વક ઉપવાસ કરવો. તે તે ઇંદ્રિયોના આહારનો ત્યાગ કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે અવિચ્છિન્ન સન્મુખપણું રહે - એ જ નિરાહાર એકાદશીવ્રતનું સાચું લક્ષણ છે

વળી 'ઉપવાસ' શબ્દની વિક્તિ શ્રીહરિએ આ પ્રમાણે સમજાવી છે: પાપકર્મોથી 'ઉપ' - ઉપનિવૃત્ત થયેલા જનને ભગવાનના દિવ્ય કલ્યાણકારી ગુણો સાથે જે 'વાસ' કહેતાં, સ્થિતિ - તે સર્વ વિષયભોગવર્જિત ઉપવાસ જાણવો. અને તે ઉપવાસના દિવસે પોતાના ઇષ્ટદેવ શ્રીહરિના મંત્રનો જપ કરવો અને તેમની મૂર્તિનું ધ્યાન કરવું, તેમની કથા સાંભળવી તથા તેમની પૂજા કરવી.

એકાદશી વ્રતના દિવસે વારંવાર જલપાન કરવાથી, પાનસોપારી ખાવાથી, મૈથુનથી, દિવસની નિદ્રાથી, પરસ્ત્રીના નિરીક્ષણ, સ્પર્શ તેમ જ તેની સાથેના સંભાષણથી અને પોતાની પત્નીનો અંગસંગ કરવાથી વ્રતનો ભંગ થાય છે. વળી તે દિવસે ક્રોધ ન કરવો; કેમ કે યત્નથી પણ અનુષ્ઠાન કરેલા જપ, દાન, વ્રત, નિયમ, ધ્યાન, જ્ઞાન, હોમ આદિ સર્વે સત્કર્મો ક્રોધ કરવાથી નિષ્ફળ થાય છે.

જેનાથી નિરાહાર રહી શકાતું ન હોય તેણે ફળાહાર કરવો, પરંતુ 'દેવશયની' એટલે અષાડ સુદ ૧૧, 'પ્રબોધની' એટલે કાર્તિક સુદ ૧૧ અને 'જળઝીલણી' કહેતાં ભાદરવા સુદ ૧૧ - આ ત્રણ એકાદશીનું વ્રત તો અવશ્ય નિરાહારપણે કરવું.

અને જેમ પરોક્ષના અવતારોના જન્મદિવસ તથા ઉત્સવના દિવસ જે જન્માષ્ટમી, શિવરાત્રી ઇત્યાદિ એ તેમના ભક્તો વ્રત કરે છે, તેમ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ શ્રીહરિનો પ્રાગટ્યદિન જે ચૈત્ર સુદ ૯ - હરિજયંતી તે દિવસે નિરાહાર ઉપવાસ કરવો, શ્રીહરિકૃષ્ણ ભગવાનની મહાપૂજા કરવી ને રાત્રિએ જાગરણ કરવું. અને વ્રતના દિવસે સૂતક હોય કે રજસ્વલાપણું હોય તો પણ ઉપવાસ તો પોતે જ કરવો ને દેવપૂજા વગેરે તે બીજા ભક્તજન પાસે કરાવવાં.

## શ્લોક : ૮૦

**उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।**

**उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ।। ८० ।।**

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો; કેમ કે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥ ૮૦ ॥

## ભાવાર્થ

ઉપવાસના દિવસે લોકમાં ઉદરનિમિત્તના કાર્યનો, એટલે કે જમવા વગેરેનો અભાવ હોવાથી, નિદ્રા કરીને શાંતિથી દિવસ પસાર કરવાનું જોવામાં આવે છે; તેવું પોતાના ભક્તોને ન થવા પામે, - એવા આશયથી તેનો વિશેષપણે કરીને શ્રીહરિજી નિષેધ કરે છે : એકાદશી વગેરેના વ્રતનિમિત્તના ઉપવાસનો પ્રસંગ હોય, અથવા પ્રાયશ્ચિત્ત નિમિત્તનો ઉપવાસ કર્યો હોય તે દિવસે, દિવસની નિદ્રાનો પ્રયત્નપૂર્વક સર્વપ્રકારે ત્યાગ કરવો; કારણ કે જેમ મૈથુનથી ઉપવાસનો નાશ થાય છે, તેવી રીતે દિવસની નિદ્રાથી પણ ઉપવાસનો નાશ થાય છે; કેમ કે દિવસની નિદ્રાથી પ્રમાદ વૃદ્ધિ પામતાં, સ્વપ્નદોષને વિશેષ અવકાશ મળે છે અને તેથી વ્રતભંગ

થવાનો સંભવ રહે છે.

વળી ઉપવાસને દિવસે જેવી રીતે દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, તેવી જ રીતે શહેરમાં કે બાગ-બગીચા વગેરે સ્થળોમાં મોજશોખ માટે પરિભ્રમણ કરીને, કે ગ્રામ્યવાર્તા કરીને સમય વ્યતીત ન કરવો. આમ ઉપવાસના દિવસે તો આળસ-પ્રમાદ-નિદ્રાદિકનો ત્યાગ કરી, મન આદિક અગિયારે ઇંદ્રિયોને નિયમમાં રાખી ભગવદ્‌ભક્તિ જ કરવી.

## શ્લોક : ૮૧-૮૨

**सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।**
**श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ।। ८१ ।।**

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય, તેમના પુત્ર જે શ્રીવિઠ્ઠલનાથજી, તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ॥ ૮૧ ॥

**कार्यास्तदनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः ।**
**सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ।। ८२ ।।**

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય, તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥ ૮૨ ॥

### ભાવાર્થ

વ્રતોત્સવનો નિર્ણય તથા સેવારીતિ તે અંગે સામાન્યપણે વૈષ્ણવરાજ શ્રીવલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ કરેલો નિર્ણય માનવો, પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જે વિશેષ વ્રતોત્સવવિધિ તથા સેવારીતિ છે તે શ્રીહરિએ સત્સંગિજીવન ગ્રંથમાં પ્ર. ૪, અ.૫૫થી ૬૧ - એ સાત અધ્યાયમાં કહી છે તે જાણવી.

અને 'સેવારીતિ' એટલે ભગવાનને અમુક સમયે અમુક પ્રકારનાં વસ્ત્રો ધરાવવાં, અમુક અલંકાર ધરાવવા, અમુક ભોગ ધરાવવા વગેરે લક્ષણવાળી સેવારીતિ જાણવી.

## શ્લોક : ૮૩

**कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।**
**सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ।। ८३ ।।**

અને સર્વે જે અમારા આશ્રિત તેમણે, દ્વારિકા આદિક જે તીર્થ, તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થાવું. ॥ ૮૩ ॥

## ભાવાર્થ

શ્રીહરિ પોતાના આશ્રિતજનો પ્રત્યે કહે છે કે : પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ એવો હું, તે મારી સ્વધર્મ - જ્ઞાન-વૈરાગ્યે સહિત ભક્તિ - ઉપાસના આદિ અતિ ઉત્તમ દ્વાર - મોક્ષનાં સાધન જ્યાં હોય તે દ્વારિકા કહેવાય. આ અર્થમાં છપૈયા, ગઢપુર, અમદાવાદ, વડતાલ, જેતલપુર, મૂળી, ભૂજ, જૂનાગઢ, ધોળકા અને ધોલેરા - આ દશ ધામ તથા તેમની આસપાસ આવેલા ગૌઘાટ, નારાયણસર, સરયૂ નદી આદિ તીર્થો તેને દ્વારિકા નામથી જાણવાં. કેમ કે એ સર્વે આત્યંતિક મોક્ષના દ્વારભૂત છે અને આ તીર્થોની યાત્રા કરવી તથા ત્યાં જઈ મહાપૂજા કરાવવી, મૂર્તિસ્વરૂપ શ્રીહરિનો થાળ કરાવવો, સાધુ-બ્રહ્મચારીને જમાડવા, સંતસમાગમ તથા દેવનાં દર્શન વગેરે કરવું અને ઇંદ્રિયો - અંતઃકરણ નિયમમાં રાખીને

કથાવાર્તા - ધ્યાનભજન કરવું.

અને આ તીર્થોની યાત્રા તે યથાર્થ વિધિ પ્રમાણે કરવી. અર્થાત્ ઉપવાસ, પ્રાર્થના વગેરે કરવા તથા ઇંદ્રિયો નિયમમાં રાખવી. કારણ કે અન્ય સ્થળને વિષે કરેલું પાપ તે તીર્થમાં નાશ પામે છે, પણ તીર્થમાં કરેલા પાપથી પ્રાયશ્ચિત્તે કરીને પણ શુદ્ધ થવાતું નથી. વળી આ જે તીર્થયાત્રા તે યથાશક્તિ કરવી એટલે કે ચાલીને જવું વગેરે તથા પોતાના સામર્થ્ય પ્રમાણે દાનાદિક કરવું વગેરે.

હવે આ તીર્થ પણ બે પ્રકારનાં છે : સ્થાવર અને જંગમ; તેમાં વિશેષપણે સ્થાવર તીર્થનું લક્ષણ કહ્યું. હવે જંગમ તીર્થ જે સત્પુરુષ તેનું લક્ષણ શ્રીહરિજી કહે છે કે : નૈમિષારણ્ય ક્ષેત્ર, તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ (સત્પુરુષ) રહેતા હોય તે ઠેકાણે જાણવું. એવું સંતના સમાગમરૂપ નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય, ત્યાં કલ્યાણને ઇચ્છવું ને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.

અને શ્રીહરિના આશ્રિતોએ દરિદ્ર ઉપર, શરીરના કોઈ પણ અવયવની હીનતા હોય તેના ઉપર, આપત્તિમાં આવેલા મનુષ્ય ઉપર, રોગી ઉપર, સ્ત્રીઓ ઉપર અને દુર્ભાગી એટલે કે જેના ઉપર દૈવકોપ થયો હોય - આટલા મનુષ્ય ઉપર યથાશક્તિ અનુકંપા - દયા કરવી. અર્થાત્ પારકું દુઃખ દેખીને દુઃખી થવું અને શક્તિ પ્રમાણે તેનું નિવારણ કરવું, પણ તે દયા ભરતજીની પેઠે પોતાને બંધન થાય એવી ન કરવી.

## શ્લોક : ૮૪

**विष्णुः शिवो गणपतिः पार्वति च दिवाकरः ।**

**एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ।। ८४ ।।**

અને અમારા જે આશ્રિત તેમણે, વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ જે તે પૂજ્યપણે કરીને માનવા. ॥ ૮૪ ॥

## ભાવાર્થ

બીજા અજ્ઞાની જીવોને દેવને વિષે પૂજ્યભાવ રહે અને નસ્તિકતા આવે નહિ - તેને અર્થે શ્રીજીએ, વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવને પૂજ્યપણે માનવાના કહ્યા છે; વાસ્તવિક રીતે તો પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુના અનન્ય ઉપાસકને કોઈ દેવ-દેવીને વિષે મહત્તા કે સારપ મનાતી જ નથી, અને એમને જે માને છે તે શ્રીહરિના જાણીને માને છે. શ્રીજીમહારાજે પરોક્ષ ઉપાસનાવાળા મુમુક્ષુઓના સમાસને અર્થે આ 'શાસ્ત્રાચાર' લખ્યો છે, તે એકાંતિક ભક્ત હોય તેમણે પણ બીજાના સમાસને અર્થે અને શ્રીજીની પ્રસન્નતા માટે પાળવો.

## શ્લોક : ૮૫

**भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।**
**जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ।। ८५ ।।**

અને જો ક્યારેક ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો 'નારાયણકવચ'નો જપ કરવો; અથવા હનુમાનના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥ ૮૫ ॥

## ભાવાર્થ

ધર્મ-નિયમે યુક્ત અને પ્રકટ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુના દૃઢ આશ્રયવાળા જે ભક્તજનો છે તેમને, ભૂત, પ્રેત, પિશાચ, બ્રહ્મરાક્ષસ આદિ કોઈ, કાંઈ પણ ઉપદ્રવ કરી શકતા નથી; પણ જેને આશ્રયમાં પોલ હોય તથા શિક્ષાપત્રીના અગિયાર નિયમ પ્રમાણે વર્તવામાં - પાળવામાં શિથિલતા રહેતી હોય, તેવાને ભૂત-બ્રહ્મરાક્ષસાદિ વળગે છે; તેમ જ, શ્રીહરિના ઉપાસક એવા પુરુષો તથા સ્ત્રીઓ, જો ઇંદ્રિયોના આહાર અશુદ્ધ કરતા હોય તો, તેમને પણ ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય છે. તે ઉપદ્રવની નિવૃત્તિને અર્થે આમાં શ્રીજીમહારાજે નારાયણકવચ તથા હનુમાનના મંત્રનો જપ કરવાનું કહ્યું તે ઘણા જીવોના સમાસને અર્થે છે. પરંતુ ખરેખર તો શ્રી સહજાનંદ સ્વામીનાં સ્વરૂપની અનુસ્મૃતિ કરાવનારા ને

શ્રીજીસમકાલીન સંતોએ રચેલા - શ્રીહરિકવચ, શ્રી પુરુષોત્તમકવચ, જનમંગલ સ્તોત્ર, સર્વમંગલસ્તોત્ર, વિશ્વમંગલસ્તોત્ર, સંકટહરસ્તોત્ર વગેરેનો પાઠ કરવો. કારણ કે આ સર્વે તે પરોક્ષ દેવોના કવચ-સ્તોત્રો કરતાં પણ વિશેષ દૈવતવાળાં છે.

વળી 'સ્વામિનારાયણ' એ ષડક્ષર મહામંત્ર બીજા કોઈ પણ દેવના મંત્ર કરતાં અનેક ગણો બળવાન છે. આ મંત્રનો જપ કરવાથી કે આ નામની ધુન કરવાથી ભૂત, પ્રેત, બ્રહ્મરાક્ષસ, હિંસકપ્રાણી, વ્યાલવિષ, શત્રુ, દૈહિક દુઃખ, વ્યાવહારિક સંકટ તેમ જ 'દૈવી કોપ' જે અગ્નિ, જળ, ગ્રહપાત વગેરે દુઃખની નિવૃત્તિપૂર્વક સર્વપ્રકારે શાન્તિ થાય છે ને સર્વે કષ્ટ નષ્ટ થઈ જાય છે. તે હેતુ માટે પ્રકટ પ્રભુના સંબંધવાળા મંત્ર, સ્તોત્ર કે કવચના પાઠ કરવા; પરંતુ બીજા દેવના સ્તોત્ર-મંત્ર-કવચના પાઠ ન કરવા.

## શ્લોક : ૮૬

**रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः ।**
**हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ।। ८६ ।।**

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે, અમારા જે સર્વે સત્સંગી તેમણે, બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણભગવાનના મંત્રનો જપ કરવો. ।। ૮૬ ।।

## ભાવાર્થ

સૂર્યનું કે ચંદ્રનું ગ્રહણ થયે સતે, શ્રીજીમહારાજના આશ્રિતોએ બીજી ક્રિયાઓનો તત્કાળ ત્યાગ કરીને, સ્નાન કરી પવિત્ર થઈ 'સ્વામિનારાયણ' નામમંત્રનો જપ કરવો, પણ વ્યાવહારિક કે બીજું કાંઈ પણ કાર્ય કરવું નહિ. વળી જે પ્રથમ રાંધેલું અન્ન, ઉપરાગ-ગ્રહણ સમયે રહ્યું હોય, તો તે અપવિત્ર જાણીને તેનો ત્યાગ કરવો, પરંતુ અથાણું, દૂધ, દહીં, છાશ તથા જળના સંબંધ વિના કેવળ ઘી - તેલાદિકમાં અગ્નિવડે પકાવેલ અન્ન, તથા માંણ, કે ગાગરમાં પૂર્ણ ભરેલું જળ, તેનો ત્યાગ ન કરવો; કેમ કે, તે સર્વમાં તલ તથા દર્ભ નાખવાથી, ગ્રહણના સૂતકથી તે તે વસ્તુઓને અપવિત્રપણું પ્રાપ્ત થતું નથી. સૂર્યગ્રહણમાં ગ્રહણપ્રહર પહેલાં ચાર પ્રહરમાં, બાળક, વૃદ્ધ અને રોગી સિવાયના બીજાઓએ જમવું નહિ અને

ચંદ્રગ્રહણમાં તો ગ્રહણપહોર પહેલાં ત્રણ પહોરમાં જમવું નહિ. જ્યારે બાળક, વૃદ્ધ અને રોગી તેમણે પણ, સૂર્ય અને ચંદ્રના ગ્રહણ પહેલાં એક પહોરમાં જમવું નહિ.

રવિવારે સૂર્યગ્રહણ હોય ને સોમવારે ચંદ્રગ્રહણ હોય તેને ચૂડામણિયોગ કહેવાય. આ ચૂડામણિયોગ, સ્નાન-દાનાદિ સત્કર્મ કરનારાઓને, અન્ય વારોમાં વર્તતા ગ્રહણ સમયે કરાતા સત્કર્મની અપેક્ષાએ કોટીગણું અધિક ફળ આપે છે.

## શ્લોક : ૮૭

**जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।**
**देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ।। ८७ ।।**

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી, વસ્ત્રે સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે, પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું. અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥ ૮૭ ॥

## ભાવાર્થ

ચંદ્રનો કે સૂર્યનો ગ્રહણથકી મોક્ષ થતાં, ગ્રહણ-સૂતકનું વસ્ત્રે સહિત સ્નાન ન કરે, તે મનુષ્ય ફરીથી બીજું ગ્રહણ આવે ત્યાં સુધી સૂતકી રહે છે. તે સ્નાનમાં ઉષ્ણજળની અપેક્ષાએ શીતળ જળ શ્રેષ્ઠ છે. સ્નાન બાદ ગાય, પૃથ્વી, સુવર્ણ, તિલાદિકનું શ્રદ્ધાસહિત યથાશક્તિ દાન દેવું. શ્રદ્ધા વિના આપેલું અને ગ્રહણ કરેલું દાન તે નિષ્ફળ થાય છે.

ત્યાગી સાધુએ દાન આપવાનાં પદાર્થનો પોતાથી સંગ્રહ થઈ શકે નહિ, માટે તેમણે તો પોતાના ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની, મને કરીને કલ્પેલા એવા ઉપચારે કરીને તેમની માનસીપૂજા કરવી, તેમ જ બાહ્ય મૂર્તિપૂજા પણ કરવી, પરંતુ ગૃહસ્થની પેઠે જે દાન કરવું તે ત્યાગીનો ધર્મ નથી.

## શ્લોક : ૮૮

**जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः ।**

**पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ।। ८८ ।।**

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક, તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ॥ ૮૮ ॥

## ભાવાર્થ

શ્રીહરિએ જન્મસૂતકનો નિર્ણય આ પ્રમાણે જણાવ્યો છે : પુત્રનો જન્મ થતાં, પિતા વસ્ત્રસહિત સ્નાન કરે. અનંતર તેને દસ અહોરાત્રપર્યંત જન્મસૂતક પ્રાપ્ત થાય, જેથી તે પિતા પોતાના ઇષ્ટદેવ મહાપ્રભુની, મંત્રવિધિથી પૂજા આદિ કર્મમાં અનધિકારી થાય છે. પુત્રનો જન્મ આપનારી માતા, એકવીસ દિવસ પછી શુદ્ધ થાય. (આ ૨૧ દિવસ, તે દસ દિવસ વ્યતીત થયા બાદ જાણવા.) પુત્રીનો જન્મ આપનારી માતા એક માસે કરીને શુદ્ધ થાય (આ પણ દસ દિવસ પછી એક માસ જાણવો.) ત્યાં સુધી તે સ્પર્શ કરવા યોગ્ય નથી. તેમાં સાતમી પેઢી સુધીના જે સપિંડ કહેવાય તેમને દસ દિવસનું સૂતક કહેલું છે અને આઠમીથી ચૌદમી પેઢી સુધીના જે સોદક કહેવાય તેમને ત્રણ દિવસનું સૂતક કહેલું છે. વળી જન્મનાં સૂતકમાં, જન્મ આપનાર સ્ત્રીનો સ્પર્શ થાય નહિ.

પ્રસવસ્ત્રીના સ્પર્શમાં તો સ્નાન કરવાનું કહ્યું છે. બાળકના જન્મના પહેલા દિવસે, છઠ્ઠા દિવસે અને દસમા દિવસે, પિતાને જાતકર્માદિ સંસ્કાર કરવામાં તથા દાન કરવામાં સૂતકનો બાધ નથી.

હવે મરણાશૌચની શુદ્ધિ શ્રીહરિ આ પ્રમાણે કહે છે : મરણમાં સપિંડોને દસ દિવસનું અને સોદકોને ત્રણ દિવસનું સૂતક પાળવાનું કહ્યું છે. જન્મેલો બાળ, જન્મદિવસ થકી દસ દિવસની અંદર જો મૃત્યુ પામે તો તેના બાંધવોએ મરણનું સૂતક પાળવું નહિ; ત્યારે તો જન્મસૂતક માત્ર જ પાળવું. નામકરણસંસ્કાર થકી અનંતર અને દંતોત્પતિ પહેલાં બાળક મૃત્યુ પામે તો સપિંડોએ સ્નાનમાત્ર કરવું. ત્રીજા વર્ષ પહેલા બાળક મૃત્યુ પામે તો એક દિવસ અને ત્રણથી પાંચ વર્ષનું થાય ત્યાં સુધીમાં તથા ઉપવીતસંસ્કાર સુધીમાં મરણ પામે તો ત્રણ દિવસ સૂતક પાળવું. ઉપવીતથકી અનંતર તો દસ દિવસનું સૂતક પાળવું. વાગ્દાન થયેલ કન્યાના મરણમાં તો ત્રણ દિવસ સૂતક પાળવું. વિવાહ પછી, પુરુષના કે સ્ત્રીના મરણમાં પોતપોતાના વર્ણને અનુસારે સૂતક પાળવું. વિવાહિત સ્ત્રીના મરણથી તેના સસરાના કુળમાં સપિંડોને દસ દિવસ ને તેનાં માતા, પિતા અને ભ્રાતાને ત્રણ દિવસનું તથા પિતાના અન્ય સપિંડોને એક દિવસનું સૂતક પાળવું. પિતા વા માતાના અવસાનમાં પુત્રીએ ત્રણ દિવસનું સૂતક પાળવું.

મરણના સૂતકમાં જન્મનું સૂતક આવી પડે તો તે મરણના

સૂતકથી જન્મસૂતક ટળી જાય, પરંતુ જન્મસૂતક મધ્યે પ્રાપ્ત થયેલું, મરણસૂતક તો, જન્મસૂતકથી ટળી શકે નહિ.

વળી દાન આપવા સમયે, વિવાહકાર્યનો આરંભ થઈ ગયો હોય તે સમયે, યજ્ઞની દીક્ષા લીધા પછી યજ્ઞનો આરંભ કર્યો હોય તેવા સમયે, યુદ્ધકાળમાં, દેશની અરાજકતાના સમયમાં તથા 'આપત્કાળમાં' એટલે કે, અતિ દુ:ખના સમયમાં, સૂતકની (સ્નાનમાત્રથી) તરત જ શુદ્ધિ થાય છે.

## શ્લોક : ૮૯-૯૦

**भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः ।**
**ब्राह्मणै शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ।। ८९ ।।**

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ - એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ-એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ॥ ૮૯ ॥

**वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः ।**
**भवितव्यं तथा शुद्रैर्द्विजसेवादिवृत्तिभिः ।। ९० ।।**

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજવ્યાપાર તથા વ્યાજવટો- એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. અને જે શૂદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી-એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥ ૯૦ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે કે તેમના આશ્રિત બ્રાહ્મણોએ શમદમાદિક ગુણે યુક્ત વર્તવું. હવે શમ એટલે મનનો નિગ્રહ અને દમ કહેતાં ઇંદ્રિયોનો નિગ્રહ. ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ જ્યારે ઇંદ્રિયો વિષયમાં તણાઈ જાય, ત્યારે તે હરિભક્તના હૃદયમાં અતિ દુઃખ થાય છે. માટે પોતાનાં ઇંદ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહે છે. ક્ષમા કહેતાં, પારકાના

અપરાધને સહન કરવા તે; આને સાધુતાનો ગુણ કહેલો છે. સંતોષ એટલે અનાયાસે જે અન્ન તથા વસ્ત્ર મળે તે પૂરતું છે એવી જે અલંબુદ્ધિ - એ આદિ ગુણે યુક્ત બ્રાહ્મણોએ થવું. વળી બ્રાહ્મણોએ ધર્મ, સત્ય, દમ, તપ, મત્સરથી રહિતપણું, લજ્જા, તિતિક્ષા, અનસૂયા, યજ્ઞ, દાન, ધૃતિ અને શ્રુતિ આ બાર ગુણો સંપાદન કરવા અને ક્રોધ, કામ, લોભ, મોહ, આસક્તિપૂર્વક કર્મ કરવાની ઇચ્છા, અકૃપા, અસૂયા, માન, શોક, સ્પૃહા, ઈર્ષ્યા અને નિંદા- આ બાર દોષ બ્રાહ્મણોએ ત્યજવા.

ક્ષત્રિઓએ, શૌર્ય એટલે રણસંગ્રામમાં ઉત્સાહ, ધૈર્ય એટલે સહનશીલતા, ઉદારતા, તેજ, બળ, તિતિક્ષા જે સુખદુઃખ સહન કરવાનો સ્વભાવ, ઉદ્યમીપણું, સ્થિરતા, 'બ્રહ્મણ્ય' એટલે બ્રાહ્મણને વિષે દેવની બુદ્ધિપણું તથા ઐશ્વર્ય - આટલા ગુણોએ યુક્ત થવું.

વૈશ્યોએ ખેતી, વેપાર, વ્યાજવટો - એ આદિ વ્યવસાયથી પોતાનો દેહનિર્વાહ કરવો. વળી વૈશ્યોએ, વેદ અને વૈદિક ધર્મમાં આસ્તિકતા, પ્રતિદિન ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવા માટે કરાતો વ્યવસાય, નિષ્કપટતા, સ્વધર્મનિષ્ઠ ને શ્રીહરિચરણકમળ સમાશ્રિત એવા બ્રાહ્મણનું સેવન, ધર્મ, અર્થ ને કામનું પોષણ ગુરુ તથા દેવમાં ભક્તિ, ગોરક્ષણમાં અભિરુચિ, દાનમાં નિષ્ઠા અને વેપાર વગેરેમાં ચતુરપણું - આ ગુણોએ યુક્ત થવું. શુદ્રોએ બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની

(બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) સેવારૂપ વૃત્તિવાળા થવું તથા માતાપિતાની પણ સેવા કરવી અને અહિંસાદિ ધર્મ પાળવો. વળી ગાયો તેમ જ દેવની નિષ્કપટભાવથી સેવા કરવી અને તે સેવા કરવાથી પ્રાપ્ત થયેલા અન્નધનાદિકથી સંતોષ રાખવો. અને અહિંસા, સત્ય, ચોરી ન કરવી, શૌચ, ઇંદ્રિયોને નિયમમાં રાખવી, દાન, દમ, દયા અને ક્ષમા - આ, સર્વે વર્ણો માટે ધર્મનું સાધન છે; માટે ચારેય વર્ણોએ અહિંસાદિ ધર્મોનું પાલન કરવું.

## શ્લોક : ૯૧

**संस्काराश्चान्हिकं श्राद्धं यथाकालं यथाधनम् ।**
**स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ।। ९१ ।।**

અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ, એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં. ।। ૯૧ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય તેમણે સોળ સંસ્કાર જે ગર્ભાધાન; પુંસવન; સીમંત; જાત કર્માદિ; નામક્રિયા; નિષ્ક્રમણ; એટલે કુમારને ગૃહથકી બહાર કાઢવા નિમિત્તનું કર્મ; અન્નપ્રાશન એટલે બાળકને પ્રથમ અન્ન ખવરાવવા નિમિત્તનું છઠ્ઠે માસે કરવાનું કર્મ; ચૌલકર્મ જે બાળકના કેશ ઉતારવા નિમિત્તનું કર્મ; કર્ણવેધ જે બાળકના પ્રથમ કાન વીંધાવવા નિમિત્તનું કર્મ; વ્રતાદેશ જે ઉપનયન સંસ્કાર; વેદારંભક્રિયાવિધિ જે સ્વાધ્યાયસંસ્કાર; કેશાંત જે વેદવ્રતની સમાપ્તિના અંગપણે કરવાનું કેશવાપન નામનું કર્મ; સ્નાન જે વ્રતસમાવર્તન - સંસ્કાર; ઉદ્વાહ જે વિવાહસંસ્કાર; વિવાહાગ્નિપરિગ્રહ જે અગ્ન્યાધાન નામનું કર્મ અને ત્રેતાગ્નિસંગ્રહ એટલે અગ્નિહોત્ર નામનું કર્મ - તે વૈદિક

મંત્રોવડે કરવા. અને એ ત્રણ વર્ણની સ્ત્રીઓનો એક વિવાહસંસ્કાર જ વૈદિક મંત્રવડે કરવો. જ્યારે શુદ્રને તો વિવાહ સુદ્ધાં બધા જ સંસ્કારો વેદમંત્રોચ્ચારણ રહિત જ કરવા.

અને સ્નાન, ધ્યાન, શ્રીહરિની મૂર્તિની પૂજા, જપ, શ્રીહરિના ગુણનું કીર્તન અને સત્સંગ - આ જે આહ્નિક એટલે કે નિત્યકર્મ તે શ્રીજીમહારાજના આશ્રિત સર્વે સત્સંગીઓએ નિત્યપ્રત્યે કરવાં.

અને શ્રાદ્ધકર્મ જે પિતૃતર્પણ તે દેશકાળની અનુકૂળતા હોય અને શ્રાદ્ધયોગ્ય સંપત્તિ હોય તો પ્રતિસંવત્સર, પિત્રિઓની તૃપ્તિ માટે છન્નુ શ્રાદ્ધ કરવાં અને જો શક્તિ ન હોય તો, પ્રતિવાર્ષિક - દર વર્ષે 'મહાલય' તથા 'સાંવત્સરિક' - એ બે શ્રાદ્ધો તો કરવાં જ. તેમાં પણ જો શ્રાદ્ધ, સંપૂર્ણપણે કરવાની શક્તિ ન હોય તો માત્ર પિંડદાન કરવું.

હવે આ જે સંસ્કાર, આહ્નિક તથા શ્રાદ્ધ કર્મ તે 'યથાકાલમ્' એટલે દેવસંબંધી કાર્ય, દિવસના પ્રથમ ભાગમાં, મનુષ્યસંબંધી કાર્ય દિવસના મધ્યભાગમાં અને પિતૃસંબંધી કાર્ય અપરાહ્ણકાળે, એમ સમય-સમય પરત્વે કરવા તથા ધનસંપત્તિ અનુસારે કરવાં એટલે ધન હોય તો ખર્ચવામાં શઠતા ન કરવી.

## શ્લોક : ૯૨

**अज्ञानाज्ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् ।**

**क्वापि स्यात्तर्हि तत्प्रायश्चितं कार्यं स्वशक्तितः ।। ९२ ।।**

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું-મોટું પાપ થઈ જાય તો, પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું. ॥ ૯૨ ॥

## ભાવાર્થ

મહર્ષિઓએ પાપના છ પ્રકાર કહેલા છે, તેના શ્રીહરિએ આ પ્રમાણે ભેદ બતાવ્યા છે : બ્રહ્મહત્યા, સુરાપાન, બ્રાહ્મણના સુવર્ણનું અપહરણ, ગુરુસ્ત્રીગમન અને એ ચારનું સેવન કરનારા એવા મહાપાતકીઓનો સંગ આ પાંચ 'મહાપાપ' નામના પાપો છે. મહાપાપોને સમાન એવા વેદનિંદા, સુહૃદવધાદિક પાપ તે 'પાતક' કહેવાય છે. મહાપાપથી ન્યૂન જે ગોહત્યા, ચોરીનું કર્મ, પરદારાગમન આદિ 'ઉપપાતક' કહેવાય છે. મહાપાપથી અધિક જે પોતાની માતા, બહેન, પુત્રી તથા પુત્રવધુ સાથે વ્યભિચાર કરવો તે 'અતિપાપ' કહેવાય છે. અતિપાપથકી પણ અધિક એવા શ્રીજીમહારાજને વિષે અનન્ય નિષ્ઠાવાળા ભક્તજનોનો દ્રોહ આદિ 'અત્યધિક પાપ' કહેવાય છે અને ડુંગળી - લસણનું ભક્ષણ એ આદિક જે ઉપપાતકથી ન્યૂન હોય તે 'પ્રકીર્ણ પાપ' કહેવાય છે.

કોઈ પણ પાપકર્મમાં સાક્ષાત્ પાપકર્મ કરનારો, બીજા પાસે પાપકર્મ કરાવનારો, અનુમોદન આપનારો, સહાય કરનારો અને અનુગ્રહ કરનારો; કહેતાં, પલાયમાન થતા પાપીજનોને અનુસરીને તેમની રક્ષા કરનારો વા કરાવનારો આ પાંચેય મનુષ્ય તે પાપકર્મના ફળભાગી થાય છે.

'પરમાત્મા' જે શ્રીહરિકૃષ્ણ ભગવાન, તેમના સ્વરૂપનો અનુભવી ને ધર્મશાસ્ત્રમાં કુશળ એવા એક જ હોય, ને તે જે કહે તે ધર્મ કહેવાય છે, અને તે જે નિર્ણય કરે તે મુજબ પ્રાયશ્ચિત્ત કરવાથી પાપની શુદ્ધિ થાય છે. જ્યોતિષ, વ્યવહાર, પ્રાયશ્ચિત્ત તેમ જ રોગની ચિકિત્સા - આ ચારનું જ્ઞાન ન હોય છતાં, જે અન્યથા-વિપરીતપણે તેનો નિર્ણય કરે તે મહાપાતકી થાય છે. પ્રાયશ્ચિત્ત આપનાર પરિષદ, પ્રાયશ્ચિત્તનો જો અન્યથા આદેશ કરે તો, તેમના કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાથી પાપી તો શુદ્ધ થઈ જાય છે; પરંતુ અન્યથા પ્રાયશ્ચિત્ત કહેનાર તે પાપથી લેપાય છે.

શ્રીહરિએ સર્વે પાપનું પ્રાયશ્ચિત્ત સત્સંગિજીવનમાં બતાવ્યું છે તેમાં વિશેષપણે શ્રીહરિ કહે છે કે, તે પ્રાયશ્ચિત્તોમાં પ્રાણવિપત્તિરૂપ જે જે પ્રાયશ્ચિત્ત બતાવ્યા છે તે પુરાતન મુનિઓના મતને અનુસરીને કહેલું છે, પરંતુ વસ્તુતાએ તેવા સ્થળમાં યાવજ્જીવન, તપરૂપ પ્રાયશ્ચિત્ત કરવું એ જ એમને અભિમત છે. દેહત્યાગથી કશુંય શ્રેય નથી; દેહવિનાશ ન થાય એવા પ્રાયશ્ચિત્તથી પાપની વિશુદ્ધિ કરવી - એ જ કલ્યાણ

માટે છે. આત્મઘાત નામનો દોષ તો અતિ પ્રબળ છે, માટે કળિમાં શ્રીહરિએ આ તપ જ હિતકારી માન્યું છે.

વળી આ જે પ્રાયશ્ચિત્ત તે પોતાનું પાપ બીજા જનોના જાણવામાં આવેલ હોય ત્યારે કરવાનું છે. જો પોતાનું પાપ ગુપ્ત હોય; ત્યારે તો એકાંતમાં કોઈ ન જાણે તેમ યથાશક્તિ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરવો અને દાન કરવું.

## શ્લોક : ૯૩-૯૪-૯૫

वेदाश्च व्याससूत्राणि श्रीमद्‌भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोनमिसहस्त्रकम् ।। ९३ ।।

અને ચાર વેદ, તથા વ્યાસસૂત્ર, તથા શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ. તથા મહાભારતને વિષે શ્રીવિષ્ણુસહસ્ત્રનામ; ॥ ૯૩ ॥

तथा श्रीभगवद्‌गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ।। ९४ ।।

તથા શ્રીભગવદ્‌ગીતા, તથા વિદુરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય; ॥ ૯૪ ॥

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्ठानि सच्छास्त्राणि भवन्ति हि ।। ९५ ।।

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ - એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥ ૯૫ ॥

### ભાવાર્થ

વેદ એટલે ઋગ્, સામ, યજુર્ અને અથર્વ એ ચાર વેદ અને વેદના અંગ એટલે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ ને નિરુક્ત. વ્યાસસૂત્ર એટલે વ્યાસે કહેલાં સૂત્રો કહેતાં જેનાં થોડા અક્ષરો હોય, તેનો ભાવ સંશય વગરનો હોય, ટૂંકમાં

સારવાળું, સર્વે તરફ જેની ગતિ થાય તેવું સ્થિર, અને કલંક વિનાનું એવું લખાણ તેવા સૂત્રોનું શાસ્ત્ર. શ્રીમદ્ભાગવત એટલે જેમાં અઢાર હજાર શ્લોક છે, જેના બાર સ્કંધ છે, જેમાં નારાયણકવચ તથા વૃત્રાસુરના વધની કથા છે, ગાયત્રીમંત્રથી જેનો આરંભ છે ને જેની સમાપ્તિ પણ ગાયત્રીમંત્રથી કરેલી છે એવું પુરાણ. શ્રીવિષ્ણુસહસ્ત્રનામ - મહાભારતમાં આનુશાસનિક પર્વમાં 'વિષ્ણુસહસ્ત્રનામ'થી પ્રસિદ્ધ સ્તોત્ર છે તે શાસ્ત્ર. શ્રી ભગવદ્ગીતા - મહાભારતના ભીષ્મપર્વમાં શ્રીકૃષ્ણભગવાને અર્જુન પ્રતિ યુદ્ધ સમયે કહેલી એવી ગીતા. વિદુરનીતિ - મહાભારતના ઉદ્યોગપર્વમાં ધૃતરાષ્ટ્રપ્રતિ વિદુરે કહેલી જે નીતિ. શ્રી વાસુદેવમાહાત્મ્ય - કાર્તિક સ્વામીએ કહેલા સ્કંદપુરાણના સાત ખંડમાંના વૈષ્ણવખંડમાં શ્રી નરનારાયણે કહેલું, બત્રીસ અધ્યાયનું શ્રીકૃષ્ણમહાત્મ્ય. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ - જેનાથી સ્મરણ થાય તે સ્મૃતિ કહેવાય; એટલે જુદી જુદી શાખાઓમાં પથરાઈ ગયેલ ધર્મનું યોગબળથી સ્મરણ કરીને, દેવરાત નામના બ્રહ્મર્ષિના પુત્ર યાજ્ઞવલ્ક્યે રચેલ, ધર્મશાસ્ત્ર અંતર્ગત એક શાસ્ત્ર. આ જે આઠ શાસ્ત્રો તે ઈશ્વરનું સ્વરૂપ સત્ય છે એમ પ્રતિપાદન કરે છે. તેથી સચ્છાસ્ત્ર કહેવાય છે.

હવે જેમ આ સચ્છાસ્ત્રો પરોક્ષના સ્વરૂપોનું નિરૂપણ કરે છે તથા તેનું સમર્થન કરે છે તેમ સર્વોપરી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના સ્વરૂપનું જ્ઞાન

આપે અર્થાત્ સર્વોપરી ઉપાસના સમજાવે અને સમર્થન કરે એવાં જે શ્રીહરિએ તથા તેમના મહાસમર્થ મુક્તોએ રચેલા શાસ્ત્રો તે - શ્રીહરિ કહે છે કે, તેમને ઇષ્ટ છે.

શ્લોક : ૯૬

स्वहितेच्छुभिरेतानि मच्छिश्यैः सकलैरपि ।
श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ।। ९६ ।।

અને પોતાના હિતને ઇચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે, એ આઠ સચ્છાસ્ત્ર જે તે સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે, એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં, તથા એમની કથા કરવી. ॥ ૯૬ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજે સ્વરચેલ તથા તેમના મહાસમર્થ મુક્તો પાસે કરાવેલ ગ્રંથો તેમને શ્રીહરિએ પૂર્વે કહેલા પરોક્ષના આઠ સચ્છાસ્ત્રથી વિશેષ માનવા; કેમ કે શ્રીજીમહારાજના સંતોએ કરેલા ગ્રંથોમાં શ્રીજીમહારાજને પ્રકટ થવાના હેતુ, તથા તેમના જન્મથી અંતર્ધાનપર્યંતના ચરિત્રનું વર્ણન, તેમનું પ્રકટપણું, દિવ્યપણું, સર્વોપરીપણું આદિ મહાત્મ્યજ્ઞાનનું વિશેષ વર્ણન હોઈ, મુમુક્ષુને આત્યંતિક મોક્ષને અર્થે તે ગ્રંથો વિશેષ ઉપયોગી થાય છે. વળી શ્રીહરિએ પોતાના આશ્રિતોને જે જે આજ્ઞા પાળવાની કહી છે તે તે, શ્રીજીમહારાજે કરાવેલાં શાસ્ત્રમાંથી જ સમજાય છે, પણ પૂર્વે કહેલા પરોક્ષના આઠ સચ્છાસ્ત્રોમાંથી સમજાતી નથી. શ્રીહરિજીએ પોતે જ પોતાનું સ્વરૂપ વગેરે રહસ્ય, વચનામૃતમાં સમજાવ્યું છે. માટે

શ્રીજીમહારાજનાં મુખનાં વચનરૂપ જે વચનામૃત, તેને તો સર્વ શાસ્ત્રથકી અતિ અધિક માની તેનું સેવન કરવું.

વળી શ્રીજીમહારાજના ભક્તે પતિવ્રતાનું તથા દાસપણાનું અંગ રાખવાનું વચનામૃતાદિ શાસ્ત્રમાં કહ્યું છે; જેમ પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ વિના અન્ય પુરુષનું મુખ વગેરે જોવું ગમે નહિ, તેમ શ્રીજીમહારાજના પતિવ્રતાના તથા દાસપણાના અંગવાળા ભક્તને તો શ્રીજીમહારાજના સંબંધવાળા શાસ્ત્રો જ સાંભળવા - વાંચવા, ભણવા-ભણાવવા ને તેમની કથાઓ કરાવવી ગમે. અને તેવા ભક્તને જ સ્વરૂપનિષ્ઠાવાળા એકાંતિક - પરમએકાંતિક પણ કહેવાય; એવી સ્વરૂપનિષ્ઠા વિનાના હોય તે ચાલોચાલ પ્રાકૃત ભક્ત કહેવાય.

## શ્લોક : ૯૭

**तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।**
**ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ।। ९७ ।।**

અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત-એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્કયઋષિની સ્મૃતિ તેનું ગ્રહણ કરવું. ॥ ૯૭ ॥

## ભાવાર્થ

'આચાર' એટલે નિત્યપ્રાપ્ત, તેમ જ અમુક નિમિત્તે પાળવાના સદાચાર. 'વ્યવહાર' એટલે આપવું - લેવું એ વગેરે જે વ્યવહાર અને 'નિષ્કૃત' જે જાણે - અજાણે શરીર આદિનાં પાપ થયાં હોય તેનું પ્રાયશ્ચિત્ત કરવું તે. આ સર્વેના નિર્ણય માટે; જુદા જુદા મતને લીધે ઉત્પન્ન થયેલ સંશય નાશ કરવા માટે, મિતાક્ષરાટીકાએ યુક્ત યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ ગ્રહણ કરવાનું કહ્યું. તેમાં જે નિર્ણય સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંત સાથે સુસંગત હોય તે જ ગ્રહણ કરવો, પણ એથી બીજો નિર્ણય ગ્રહણ કરવો નહિ.

ખરેખર તો શ્રીહરિએ પોતે 'સત્સંગિજીવન'ના પાંચમા પ્રકરણમાં આચારાદિકનો નિર્ણય મિતાક્ષરાટીકાએ યુક્ત

યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ કરતાં પણ વધારે સ્પષ્ટ કરેલો છે. માટે શ્રીહરિજીના આશ્રિતોએ તો સત્સંગિજીવનથકી જ આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તનો નિર્ણય જાણવો.

## શ્લોક : ૯૮

**श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।**

**सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ।। ९८ ।।**

અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્ભાગવત પુરાણ, તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ, તે જે તે શ્રીકૃષ્ણભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥ ૯૮ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ ભગવાનનું મહાત્મ્ય જાણવાને અર્થે, શ્રીમદ્ભાગવતના 'દશમ' તથા 'પંચમ' - એ બે સ્કંધ અધિક કહ્યા. તેમ જ શિ. શ્લો. ૧૧૭માં શ્રીમદ્ભાગવતનો દશમ સ્કંધ નિત્યપ્રત્યે આદરથકી સાંભળવો; અથવા વર્ષમાં એકવાર સાંભળવો. અને પંડિત હોય તેમણે નિત્યપ્રત્યે વાંચવો; અથવા વર્ષમાં એકવાર વાંચવો, એમ કહ્યું છે. તે આ બે શ્લોકમાં શ્રીજીમહારાજે પોતાનો સામાન્ય સિદ્ધાંત જણાવ્યો છે. અર્થાત્ પરોક્ષના સંબંધવાળા જીવોના સમાસને અર્થે આમ કહ્યું છે, પણ શ્રીજીમહારાજનો મુખ્ય સિદ્ધાંત તો શિ. શ્લો. ૨૦૮ તથા ૨૦૯માં કહ્યો છે જે : 'મારા આશ્રિતે આ શિક્ષાપત્રીનો નિત્યેપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો, આદરથકી આ શિક્ષાપત્રીનું શ્રવણ

કરવું. અને આ શિક્ષાપત્રી વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી. ને આ જે મારી વાણી તે મારું સ્વરૂપ છે - એ રીતે પરમ આદરથકી માનવી.'

આ મુખ્ય સિદ્ધાંત શ્રીજીમહારાજે પોતાનું માહાત્મ્ય જાણવાને માટે પોતાના એકાંતિક ભક્તને અર્થે કહ્યો છે.

## શ્લોક : ૯૯

**दशमः पञ्चमः स्कन्धो याज्ञवल्क्यस्य च स्मृतिः ।**

**भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ।। ९९ ।।**

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ, તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે; કહેતાં, દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે - અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે - એમ જાણવું. ॥ ૯૯ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજે દશમસ્કંધને ભક્તિશાસ્ત્ર કહ્યું; પરંતુ પોતે શ્રીહરિએ જ, સદ્. વર્ણી વાસુદેવાનંદ સ્વામી પાસે 'સત્સંગિભૂષણ' નામક ગ્રંથ તથા આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે 'હરિલીલાકલ્પતરુ' નામક ગ્રંથ કરાવ્યા છે. તેમાં શ્રીજીમહારાજે નવ પ્રકારની ભક્તિ તથા દશમી પ્રેમલક્ષણા ભક્તિ બતાવી. વળી તે જ ભક્તિના વિવિધ ભેદ બતાવીને એકાશી પ્રકારની ભક્તિ કહેલી છે અને બાશીમી મહાત્મ્યજ્ઞાને સહિત એવી પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ પણ, આ બે શાસ્ત્રોમાં નિરૂપણ કરેલું છે; એટલે આ બે શાસ્ત્રો જ ભક્તિશાસ્ત્ર છે. જ્યારે દશમસ્કંધમાં તો ફક્ત વૃંદાવનમાં થોડા સમય માટે, ગોપગોપીઓની વૃત્તિઓ શ્રીકૃષ્ણ ભગવાને

પોતાને વિષે આકર્ષણ કરી હતી - એટલું જ ભક્તિનું વિવેચન છે.

વળી પંચમસ્કંધને યોગશાસ્ત્ર કહ્યું; પરંતુ સત્સંગમાં શ્રીહરિને વિષે પ્રીતિવાળા અનેક ભક્તો પોતાના ગૃહકુટુંબ, સંબંધી, ગામગરાસ વગેરેનો ત્યાગ કરી શ્રીહરિને શરણે આવી, મહાદીક્ષા લઈ એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિમુક્તની સ્થિતિને પામ્યા છે. આવા ભક્તોને શ્રીહરિના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન શ્રીહરિએ પોતાના મહાસમર્થ સંતો પાસે રચાવેલ સત્સંગિભૂષણ, હરિલીલાકલ્પતરુ, હરિકૃષ્ણલીલામૃત, હરિલીલામૃત, ભક્તચિંતામણી વગેરે સદ્ગ્રંથો દ્વારા ઉપલબ્ધ થયું છે. અને સર્વોત્તમ યોગ જે શ્રીહરિની મૂર્તિમાં જોડાવું તે પણ આ સદ્ગ્રંથો વડે યથાર્થ શીખવા મળે છે. માટે આ સદ્ગ્રંથો જ ખરા યોગશાસ્ત્ર છે.

અને વળી યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિને ધર્મશાસ્ત્ર કહ્યું, પરંતુ શ્રીજીમહારાજે પોતે જ કરાવેલ 'સત્સંગિજીવન' નામના ગ્રંથમાં વર્ણાશ્રમના ધર્મ, વ્યવહાર તથા પ્રાયશ્ચિત્તવિધિ વગેરે સર્વેનું યથાર્થ વિવેચન છે, માટે તે જ ખરું ધર્મશાસ્ત્ર છે.

## શ્લોક : ૧૦૦

**शरीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।**

**रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ।। १०० ।।**

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું, એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રી ભગવદ્ગીતાનું ભાષ્ય એ જે બે, તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥ ૧૦૦ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજે 'વ્યાસસૂત્રભાષ્ય' તથા 'ગીતાભાષ્ય' ને પોતાનું અધ્યાત્મ શાસ્ત્ર કહ્યું; પરંતુ તે ઘણા જીવોના સમાસને અર્થે, શ્રીહરિએ પરોક્ષશાસ્ત્રનું પ્રતિપાદન કરેલ છે; શ્રીજીમહારાજના અનન્ય આશ્રિતને તો, શ્રીજીમહારાજનાં વચનામૃતરૂપ શાસ્ત્ર - તે જ અધ્યાત્મશાસ્ત્ર જાણવું; કેમ કે સ્વયં શ્રીજીએ જ ગઢડા પ્રથમ પ્રકરણના ૭મા વચનામૃતમાં કહ્યું છે : 'શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી ને ભ્રમી જવાય છે, માટે એ અધ્યાત્મવાર્તા જેમ છે તેમ યર્થાથપણે અમે કહીએ છીએ તે સર્વે સાંભળો.'

શ્રીહરિનાં આ વચનથી જણાય છે કે, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ ને પરબ્રહ્મ તેનાં સ્વરૂપનું જ્ઞાન તથા ભગવાનનું અન્વય - વ્યતિરેકપણું, સગુણ - નિર્ગુણપણું, સાકાર-નિરાકારપણું,

મનુષ્યભાવ-દિવ્યભાવ, પ્રત્યક્ષ-પરોક્ષભાવ, પ્રતિમાસ્વરૂપે તથા શાસ્ત્રસ્વરૂપે સદા પ્રકટપણું, વગેરે અધ્યાત્મજ્ઞાન, વચનામૃતમાં શ્રીહરિએ સ્વયં જેવી રીતે સ્પષ્ટપણે સમજાવ્યું છે, તેવું કોઈ શાસ્ત્રમાં સ્પષ્ટ જ્ઞાન જોવામાં આવતું નથી. માટે શ્રીહરિના આશ્રિતોએ તો વચનામૃત જ મુખ્ય અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું.

## શ્લોક : ૧૦૧-૧૦૨

**एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।**

**अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ।। १०१ ।।**

અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન તે જે તે, શ્રીકૃષ્ણભગવાનનું સ્વરૂપ, તથા ધર્મ, તથા ભક્તિ, તથા વૈરાગ્ય - એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય. ॥ ૧૦૧ ॥

**मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।**

**धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ।। १०२ ।।**

તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં. અને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ, તે જે તે, ધર્મે સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ॥ ૧૦૨ ॥

## ભાવાર્થ

સર્વ જીવોના હિતને માટે શ્રીજીમહારાજે, સામાન્ય સિદ્ધાંતનાં તથા પરોક્ષાર્થનાં વચન કહ્યાં હોય; તે થકી જે વચન એકાંતિક ભક્તો માટે કહ્યાં હોય, તે વચન પ્રધાનપણે માનવા, એ શ્રીહરિનો મુખ્ય સિદ્ધાંત છે, ને એ જ પ્રત્યક્ષાર્થ જાણવો.

વચનામૃતાદિ સદ્‌ગ્રંથોમાં જે જે વચનોથી શ્રીહરિનું સર્વોપરીપણું, સર્વાવતારીપણું, પ્રકટપણું ઇત્યાદિ સ્થાપીત થતું

હોય તે વચનો પ્રધાનવચનો સમજવા. અને જે જે વચનો સામાન્ય ને પરોક્ષ અર્થવાળા હોય તે 'ઇતર' એટલે કે પ્રધાનવચનથી બીજા જાણવાં.

દા.ત. શિક્ષાપત્રી શ્લોક ૯૮ અને ૧૧૭માં શ્રીમદ્ભાગવતના દશમ અને પંચમ સ્કંધને અધિક માનવાના કહ્યા તથા તેમનો પાઠ-શ્રવણ વગેરે કરવાનું કહ્યું - આ 'ઇતર' વચનો છે. જ્યારે શિક્ષાપત્રીના જ શ્લોક - ૨૦૮ તથા ૨૦૯માં શ્રીહરિએ શિક્ષાપત્રીનો પાઠ, શ્રવણ, પૂજા વગેરે કરવાનું કહ્યું - આ શ્રીજીમહારાજનો મુખ્ય સિદ્ધાંત જણાવતા વચનો તે શિ. શ્લો. ૯૮ અને ૧૧૭માં કહેલા ઇતર વચનોથી પ્રધાનપણે માનવા.

વળી શ્રીહરિએ ગ.મ. પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે કે પોતાના ઇષ્ટદેવનાં જે પ્રાદુર્ભાવથી તે અંતર્ધાન લીલા પર્યંતનાં ચરિત્ર તેનું જે શાસ્ત્ર, તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે; માટે શ્રીજીમહારાજના આશ્રિતોએ શ્રીજીમહારાજે રચેલા તેમ જ પોતાના મહાસમર્થ સંતો પાસે રચાવેલા ગ્રંથો જ માનવાં અને તેમાં પણ શ્રીજીમહારાજના સંબંધવાળા વચનો પ્રધાનપણે ગ્રહણ કરવાં.

## શ્લોક : ૧૦૩

**धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।**

**माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ।। १०३ ।।**

અને શ્રુતિ - સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥ ૧૦૩ ॥

## ભાવાર્થ

પ્રકટ પુરુષોત્તમ શ્રીજીમહારાજનાં વચનામૃત એ જ શ્રુતિઓ જાણવી. અને એમની આજ્ઞાથી એમના મુક્તોએ રચેલ શાસ્ત્ર તથા કાવ્યકીર્તન તે સર્વે સ્મૃતિઓ જાણવી; એટલે એ બંનેએ પ્રતિપાદન કરેલો ને ગોપાળાનંદ સ્વામી તથા દાદાખાચર આદિ મોટા મુક્તોએ આચરણમાં મુક્યો હોય તેવો જે સદાચાર તે જ ધર્મ જાણવો. અને આવો જે ધર્મ તે શ્રીજીમહારાજના સંબંધ થકી અર્થાત્ તેમનો આશ્રય કરવાથી 'એકાંતિક ધર્મ' કહેવાય છે. અને બ્રહ્મરૂપ જે પોતાનો આત્મા તેમાં શ્રીજીમહારાજને અખંડ ધારવા - એ જ આ એકાંતિક ધર્મનું ફળ છે. અને કેવળ વર્ણાશ્રમના ધર્મ છે તે તો આ એકાંતિક ધર્મ એટલે ભાગવત ધર્મથી અતિશય ગૌણ છે. અને તેનું ફળ પણ નાશવંત છે, જ્યારે ભાગવત ધર્મે કરીને તો જીવ ભગવાનની માયાને તરીને પુરુષોત્તમના ધામને પામે છે.

અને અનંત દિવ્યગુણ - ઐશ્વર્યયુક્ત એવા શ્રીહરિકૃષ્ણ ભગવાનને વિષે, માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. શ્રી સ્વામિનારાયણ ભગવાન જે મારા ઇષ્ટદેવ છે; તે જ પોતે અનંતકોટી અનાદિમુક્ત તથા પરમ એકાંતિક મુક્ત તે સર્વના સ્વામી, સુખદાતા ને નિયંતા છે. અને અક્ષરકોટિ, બ્રહ્મકોટીને મહામાયા તથા મહાપુરુષની કોટી એ સર્વેને વિષે પોતાના પ્રકાશે કરી પ્રવેશ કરીને તેમને પ્રકાશમાન કરે છે. તેમ જ એ સર્વેથી પર પોતાના અક્ષરધામમાં દિવ્ય મૂર્તિમાન રહ્યા છે - એવા શ્રીહરિજી તે કેવળ કૃપા કરી, મનુષ્યરૂપ ધારણ કરીને મારી સેવા અંગીકાર કરે છે. આવું માહાત્મ્યજ્ઞાન સમજી, અતિ સ્નેહે કરીને શ્રીજીમહારાજની સેવા કરવી ને તેણે કરીને શ્રીહરિના સ્વરૂપમાં સર્વે ઇંદ્રિયોની વૃત્તિ અખંડ રહે, એ જ પ્રેમસ્વરૂપ ભક્તિ છે.

અને ભગવાન સમક્ષ કે ભગવાનના મંદિરમાં કોઈ પણ ક્રિયાએ કરીને ઉદ્ધતાઈનું પ્રદર્શન કરવું કે અસભ્ય વર્તન કરવું તથા ભગવદ્ભક્તમાં, વિપરિત દોષ પરઠવો કે તેનો દ્રોહ થાય તેવું આચરણ કરવું - આ સર્વે ભક્તિમાર્ગમાં અપરાધો માનેલા છે. વળી શ્રીહરિની ભક્તિ તે શ્રદ્ધાએ સહિત અને માન તથા ઈર્ષાએ રહિત કરવી; તેમાં પણ માનના આશ્રયે ક્રોધ, ઈર્ષા, દ્રોહ તથા મત્સર રહેલાં છે અને માની ભક્તની ભક્તિ પણ શાસ્ત્રમાં આસુરી

કહેલી છે. માટે આવા દોષ ત્યજી, કેવળ પોતાના મોક્ષને માટે નિષ્કામ એવી શ્રીહરિની માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ કરવી.

## શ્લોક : ૧૦૪

**वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।**
**ज्ञानं च जीवमायेशरुपाणां सुष्ठु वेदनम् ।। १०४ ।।**

અને શ્રીકૃષ્ણભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥ ૧૦૪ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજને વિષે જ મહાત્મ્યજ્ઞાને સહિત ગાઢ સ્નેહના વશપણાથકી, દેહ ને દેહના સંબંધીમાં તથા પંચવિષયમાં, તેમ જ પ્રકૃતિપુરુષના કાર્યમાં, જે જે વિષયભોગ સંબંધી સુખ છે તેમાં અરુચિ એ 'વૈરાગ્ય' કહેવાય. અને મહાપુરુષ, મહાકાળ, વાસુદેવબ્રહ્મ ને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તેમનાં ઐશ્વર્યનો જે આનંદ છે, તેમાં મહત્તા કે સારપ રહે નહિ- એ 'પરમ વૈરાગ્ય' કહેવાય. ચાર પ્રકારના પ્રલયની જે રીત જાણવી તે વૈરાગ્ય ઊપજવાનો હેતુ છે. અને કાળે કરીને સર્વત્ર કાળ-માયાનો કલેશ છે અને શ્રીજીમહારાજની સમીપે અખંડ અવિચળ સુખ છે - આવી સમજણ એ જ વૈરાગ્યનો હેતુ તથા વૈરાગ્યનું સ્વરૂપ છે અને શ્રીજીમહારાજના સુખથી ઓરાં જે સમગ્ર સુખ-ઐશ્વર્ય તે પ્રાપ્ત થાય, પણ તેને ભોગવવાનો સંકલ્પ ન થાય તે 'વૈરાગ્યનું ફળ' છે.

જીવ, માયા, બ્રહ્માદિક ઈશ્વર, વૈરાજ, પ્રકૃતિ, પુરુષ, કાળ, મહામાયા, મૂળપુરુષ, હિરણ્યગર્ભ, અક્ષર તથા પરબ્રહ્મ પુરુષોત્તમ, - એ સર્વેનાં લક્ષણો પૃથક્પૃથક્ જાણવાં, તેનું નામ 'જ્ઞાન' કહેલું છે.

## શ્લોક : ૧૦૫

हृदयत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याऽखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ।। १०५ ।।

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે. અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહપ્રત્યે વ્યાપીને રહ્યો છે. અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઇત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો. ।। ૧૦૫ ।।

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે કે, જે જીવ છે તે હૃદયને વિપે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે. અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહપ્રત્યે વ્યાપીને રહ્યો છે.

તે જીવાત્મા શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી જે દેખાય છે. તે શ્રીહરિએ કહ્યું છેઃ- સાક્ષાત્ ભગવાન જે હું, તે મારી મૂર્તિના ધ્યાનરૂપ એક અવલંબન વિના, બીજા કોટી ઉપાય કરવાથી પણ કોઈને આત્મા દેખાતો નથી, ને ભવિષ્યમાં પણ કોઈ દેખશે નહિ; જે મારો ભક્ત, મારા વચનમાં વર્તી અને પોતાને આત્મા રૂપ માનીને જ્યારે **મારી મૂર્તિનું ધ્યાન કરે** છે, ત્યારે

તેને મારી મૂર્તિ દેખાય છે અને પોતે પોતાના આત્માને પણ દેખે છે. જેવી રીતે બપોરિયાનો પ્રકાશ છે, તેવો જ આત્માનો પણ પ્રકાશ છે. અને આ જીવાત્મા પુરુષ નથી; તેમ જ સ્ત્રી પણ નથી. અને કોઈનો સંબંધી પણ નથી.

વળી જેમ ઈશ્વર તથા માયા અનાદિ છે, તેમ માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે; પણ જીવ પરમેશ્વરના અંશ નથી; એ તો અનાદિના જીવ જ છે. અને શાસ્ત્રોમાં જ્યાં જીવને ભગવાનના અંશ કહ્યા હોય તે તો ભગવાનના ગુણ તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ જેમાં આવ્યા હોય તેવા એકાંતિક મુક્ત તેમને ભગવાનના ઐશ્વર્યાંશ કહ્યા છે, પણ અગ્નિમાંથી તણખા - વિસ્ફૂલિંગ ઝરે તેમ સમજવાનું નથી.

## શ્લોક : ૧૦૬

**त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।**

**जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम्  ।। १०६ ।।**

અને જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે ને અંધકારરૂપ છે, ને શ્રીકૃષ્ણભગવાનની શક્તિ છે. અને આ જીવને, દેહ તથા દેહના જે સંબંધી, તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે- એમ માયાને જાણવી. ॥ ૧૦૬ ॥

## ભાવાર્થ

આ શ્લોકમાં શ્રીજીમહારાજ માયાનું સ્વરૂપ જણાવતા માયાને 'ત્રિગુણાત્મિકા' એટલે કે માયાના સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ છે એમ કહે છે. અને અંધકારરૂપ કહેતાં જીવાત્માને, પરમાત્માના સ્વરૂપસંબંધી અજ્ઞાન અને વિષયને વિષે આસક્તિરૂપ અજ્ઞાન, તેણે કરીને આવરણ કરનારી છે. અને મહાપુરુષ શ્રીકૃષ્ણભગવાનની શક્તિ છે; અર્થાત્ જગતની ઉત્પત્તિ આદિ કાર્ય કરવાને વિષે, કારણપણે અંગીકાર કરેલી છે; ને મહામાયારૂપે, મહાપુરુષરૂપ શ્રીકૃષ્ણભગવાનની સેવામાં રહે છે. અને જીવોને તથા બ્રહ્માંડાભિમાની ઈશ્વરોને અહંમમતાની હેતુ છે. અને અનેકકોટી પ્રધાન તેમ જ પુરુષ તેમનું કારણ છે. વળી નિત્ય, અનાદિ ને અનંત છે તથા કોઈ દિવસ વિકાર પામતી નથી.

અને મહાકાળ છે તે શ્રીહરિની શક્તિરૂપ છે. ને શ્રીહરિને આધીન રહીને સર્વનું નિયમન કરે છે. વળી એ દિવ્યરૂપ છે ને પ્રકૃતિપુરુષનો પ્રેરક છે અને એની સર્વે ક્રિયાઓ પ્રકૃતિપુરુષની માફક લય તથા વિક્ષેપે રહિત છે; નાના પ્રકારના રૂપના આશ્રયરૂપ છે અને સમર્થ છે. અને અક્ષરબ્રહ્મ છે, તે સત્ય, જ્ઞાન, અનંત, પૂર્ણ ને અખંડ છે. તે એક સ્વરૂપે સાકાર છે. તે શુદ્ધ, નિત્ય, અવિકારી ને માયાદિનું પ્રકાશક તેમ જ સર્વાધાર છે. અને બીજે સ્વરૂપે તે શ્રીહરિના ધામરૂપે અમૂર્ત છે. સત્, ચિત્ ને આનંદરૂપ, સર્વત્રપૂર્ણ, નિરાકાર તેમ જ આવરણે રહિત એવું જે બ્રહ્મ તે શ્રીજીમહારાજનું તેજ છે. એટલે કે, શ્રીજીમહારાજના પ્રકાશપુંજને જ અક્ષર તથા અક્ષરધામ કહેવાય છે.

હવે શ્રીહરિ કાળ-માયાથી દેહનું નાશવંતપણું જણાવતા કહે છે કે, આ દેહ તો ગમે તે ક્ષણે, અનિવાર્ય એવા કાળના વેગે કરીને નાશ પામવાનો છે; માટે એક તેમની (શ્રીહરિની) જ આશા અંતરમાં રાખીને જન્મ-મરણને પમાડનારી નાના પ્રકારની વિષયની વાસનાનો ત્યાગ કરવો. ને આત્મા અચળ છે અને જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો તેમ જ અંતઃકરણ તેનો પ્રકાશક ને જ્ઞાતા છે, તથા ચૈતન્યરૂપ ને અવિકારી છે. માટે તેનો નાશ કયારેય થતો નથી. એમ સમજીને પોતાના આત્માને અક્ષરબ્રહ્મરૂપ માનવો ને ભગવાનને વિષે દાસપણું રાખવું. ને ધર્મ -જ્ઞાન-વૈરાગ્યે સહિત, શ્રવણાદિ નવ પ્રકારની શ્રીહરિની

એકાંતિક ભક્તિ નિત્યે કરવી. અને આવી જે ભક્તિ વડે તેના ફળરૂપ શ્રીહરિ તેમના ધામમાં તેમની, મૂર્તિના અવિચળ સુખને પામશો-એવા આશીર્વાદ આપે છે.

## શ્લોક : ૧૦૭

**हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।**
**ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ।। १०७ ।।**

અને જે ઈશ્વર છે તે જે તે, જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે, ને સર્વ જીવને કર્મફળના આપનારા છે- એમ ઈશ્વરને જાણવા. ।। ૧૦૭ ।।

## ભાવાર્થ

'ઈશ્વર છે, તે જીવને વિષે અંતર્યામીપણે રહ્યા છે' - એમ કહ્યું તેમાં જીવ શબ્દથી જીવકોટી તથા ઈશ્વરકોટી કહી છે. અને જેમ જીવકોટીને વિષે ને ઈશ્વરકોટીને વિષે પરબ્રહ્મ, અંતર્યામીપણે રહ્યા છે, તેમ જ બ્રહ્મકોટી ને અક્ષરકોટીને વિષે પણ ભગવાન અંતર્યામીપણે રહ્યા છે અને પરબ્રહ્મ એવા પોતાને જ અહીં ઈશ્વર નામે કહ્યા છે.

અને તે અંતર્યામીપણે કેવી રીતે રહ્યા છે તો, તે અક્ષરકોટી, ઈશ્વરકોટી ને જીવકોટીને વિષે 'તારતમ્યપણે' પ્રકાશરૂપે રહ્યા છે, પણ જીવ કે ઈશ્વરરૂપે થતા નથી. અહીં 'તારતમ્યપણે' એટલે પોતાના પ્રકાશરૂપે અક્ષરમાં રહ્યા છે, ને અક્ષરના પ્રકાશરૂપે પુરુષમાં રહ્યા છે અને પુરુષના પ્રકાશરૂપે જીવકોટીમાં રહ્યા છે - એમ જાણવું.

આમ શ્રીહરિ તેજે કરીને સર્વમાં વ્યાપક છે. અર્થાત્ અક્ષરાદિક સર્વને વિષે અન્વયપણે એટલે કે પોતાના તેજ વડે કારણપણે કરીને રહ્યા છે; ને પોતાના ધામને વિષે વ્યતિરેકપણે રહ્યા છે. તે દિવ્ય મૂર્તિમાન અને અનંત મુક્તે સહિત છે. અને એક એવા પણ આ ભગવાન, તે પોતાના સામર્થ્યે કરીને અનેકરૂપે પ્રકટ થાય છે. આવી રીતે સાકારપણે ભગવાન વ્યાપે છે, અર્થાત્ ભક્તને દર્શન આપે છે ને એકાંતિક ભક્તના આત્મામાં પણ સાકારપણે રહે છે. આવી રીતે જીવાદિકને વિષે શ્રીજી અંતર્યામીપણે રહ્યા છે ને પોતાના એકાંતિક ભક્તને વિષે સાકાર રહ્યા છે.

વળી માયા, પુરુષ, કાળ, અક્ષર આદિ સર્વે તેમને વશ વર્તે છે અને સર્વે મુક્ત-નિત્યમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે, માટે તેમને સ્વતંત્ર જાણવા. ને બીજા જે શ્રીહરિના અવતાર છે તેમણે શ્રીહરિથકી ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે અને તેથી ભગવાન સંજ્ઞાને પામ્યા છે. આમ શ્રીહરિનું ઐશ્વર્ય પ્રાપ્ત કરનારા અવતારો, તે શ્રીહરિને આધીન હોઈ તે સ્વતંત્ર નથી; ફક્ત શ્રીહરિ જ સ્વતંત્ર છે.

આવા શ્રીજીમહારાજ, મહાપુરુષરૂપે થઈને સર્વ જીવોને વિષે પ્રવેશ કરી સામ્યપણું આશર્યા થકા, તે જીવોને જેનાં જેવાં કર્મ તે પ્રમાણે તેને ફળ આપે છે. અને પોતાના અનન્ય ભક્તને તો શ્રીહરિ પોતે જ પ્રસન્ન થઈને પોતાનાં દર્શન, સુખ ને સાધર્મ્યને પ્રાપ્ત કરાવે છે.

## શ્લોક : ૧૦૮

**स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।**
**उपास्य ईष्टदेवो नः सर्वाविर्भाकारणम् ।। १०८ ।।**

અને તે ઈશ્વર તે ક્યા, તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણભગવાન તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઇષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ॥ ૧૦૮ ॥

## ભાવાર્થ

અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા મહાપુરુષ છે. તેને જીવ, નર, અક્ષર ને બ્રહ્મ કહ્યા છે એટલે કે મહાપુરુષને બ્રહ્મ કહ્યા છે. અને મહાપુરુષબ્રહ્મથી પર મૂર્તિમાન અક્ષરને પણ શ્રીહરિએ સ.જી.માં બ્રહ્મ કહેલા છે - આ અક્ષરને સાકાર અક્ષરબ્રહ્મ જાણવા. આ સાકાર અક્ષરબ્રહ્મથકી પર, ત્રીજું અક્ષરબ્રહ્મ શ્રીજીમહારાજના તેજના સમૂહરૂપ છે. તે 'બ્રહ્મ' ને વચનામૃતમાં 'શુદ્ધ ચૈતન્યબ્રહ્મ' નામે કહ્યું છે. આ તેજના સમૂહરૂપ બ્રહ્મના પણ શ્રીજીમહારાજ કારણ, આધાર ને શરીરી છે - માટે પરબ્રહ્મ કહેવાય છે. તથા જે સ્વરૂપ, રૂપ, ગુણૈશ્વર્યાદિ વડે બ્રહ્મથકી અધિક હોય તે પણ પરબ્રહ્મ કહેવાય. આવી રીતે ત્રિપુટીબ્રહ્મના કારણ પરબ્રહ્મ એવા શ્રીજીમહારાજ છે. અને

સર્વે મુક્ત તથા નિત્યમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે, માટે પોતાને 'પુરુષોત્તમ' કહેલા છે. અને શ્રીહરિની મૂર્તિ સદા આનંદઘનસ્વરૂપ છે ને અનન્ય ભક્તને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરે છે; વળી 'શ્રી' કહેતાં મુક્તને આનંદદાયી એવી શોભાએ યુક્ત છે, માટે તેમને 'શ્રીકૃષ્ણ' કહેવાય છે. અને 'ભગ' જે ભગવાનનાં અનંત ઐશ્વર્ય ને દિવ્યગુણ તેણે યુક્ત હોવું, તે 'ભગવાન' પણાનું લક્ષણ છે. વળી શ્રીકૃષ્ણ કહ્યા તે પણ શ્રીહરિએ કહ્યું છે : "રામકૃષ્ણ આદિ સર્વે અવતારનો કારણ - એવો પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ હું જ છું, તે મને જ સંપ્રદાયના શાસ્ત્રમાં 'અનાદિ શ્રીકૃષ્ણ' નામે કહેલ છે." અને ભગવાન કહ્યા તે પણ શ્રીહરિએ હરિવાક્યસુધાસિંધુમાં કહ્યું છે : 'હું સ્વામિનારાયણ ભગવાન જ અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા છું; મારા વિના બીજો કોઈ ભગવાન કોઈ કાળમાં છે જ નહિ; હું એક જ સર્વોપરી ભગવાન છું.'

વળી શ્રીહરિ સહજાનંદસ્વામી મહાપ્રભુ, નરનારાયણ ભગવાનના પણ કારણ છે. તે શ્રીહરિદિગ્વિજયમાં શ્રીજીમહારાજે નરનારાયણ દેવને કહ્યું છે : 'પૃથ્વી અધર્મના ભારથી પીડાય છે, તેથી હું જ પૃથ્વી ઉપર પ્રકટ થઈશ. પણ મને પ્રકટ થવાનું કોઈને જાણી શકાય તેમ નથી. માટે આ બદરિકાશ્રમમાં દુર્વાસાના 'શાપનું નિમિત્ત કરી' તમારા ઉદ્દેશથી અર્થાત્ નરનારાયણ પ્રકટ થશે - એમ અન્ય

ઉપાસકોને જણાવીને, થોડા સમયમાં જ, જે મેં સંકલ્પ કર્યો છે તે હું જ સત્ય કરીશ; અર્થાત્ મારા આશ્રિતને મારું સર્વોપરી જ્ઞાન સમજાવીને આત્યંતિક મોક્ષ કરીશ. એ હેતુ માટે હે નરનારાયણ! તમારે આગળ થઈને કહેવું કે, હું જ પ્રકટ થઈશ. ને હું અક્ષરધામમાંથી પોતે પ્રકટ થવાનો છું તે વાત હાલ ગુપ્ત રાખવી, અર્થાત્ મારા મુક્ત એ વાત ધીરે ધીરે સમજાવશે. આવી રીતે શ્રીહરિજીનું, સર્વેશ્વરપણું જાણવું.

## શ્લોક : ૧૦૯-૧૧૦

**स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।**

**रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ।। १०९ ।।**

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે, રાધિકાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા. અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવે નામે જાણવા. ॥ ૧૦૯ ॥

**ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।**

**बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ।। ११० ।।**

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા. અને વળી તે શ્રીકૃષ્ણ જે તે, બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે - એમ જાણવું. ॥ ૧૧૦ ॥

## ભાવાર્થ

સ્વેચ્છાએ અવતારસ્વરૂપે પ્રાદુર્ભાવ પામવા સમર્થ એવા અવતારી શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ તે મનુષ્યરૂપે પ્રકટ થયા હતા, ત્યારે પરોક્ષ રાધા-કૃષ્ણાદિક અવતારના ભક્તોને 'શ્રી સ્વામિનારાયણ' નામક, પોતાના પ્રત્યક્ષ અવતારી

સ્વરૂપનો નિશ્ચય કરાવવાને અર્થે, પોતાના સંકલ્પે કરીને નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધાકૃષ્ણ આદિરૂપે પોતે દર્શન દેતા હતા. એ જ પોતાના સંકલ્પસ્વરૂપ તે અમદાવાદ, વડતાલ, ગઢડા, મૂળી આદિ ધામને વિષે મોટાં મંદિરોમાં પધરવ્યાં છે. જેથી કરીને પરોક્ષ અવતારસ્વરૂપને વિષે પ્રીતિવાળા ભક્તજનોને સમાસ થાય ને તેથી એ સર્વેને ગુણબુદ્ધિ ઉત્પન્ન થાય ને છેવટે શ્રીહરિના અનન્ય આશ્રિત થઈ, પ્રકટની ઉપાસના - ભક્તિ કરે એ સારુ, તેમ જ વળી એ સ્વરૂપે શ્રીજીમહારાજ પોતે જ છે તેથી પધરાવ્યાં છે.

## શ્લોક : ૧૧૧

**एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।**
**क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ।। १११ ।।**

અને એ રાધાદિક ભક્ત તે જે તે, કયારેક તો તે શ્રીકૃષ્ણભગવાનને પડખે હોય છે; અને કયારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણભગવાન એકલા જ હોય-એમ જાણવા. ॥ ૧૧૧ ॥

## ભાવાર્થ

આ લોકમાં સાધનકાળમાં સાધન સિદ્ધ કરીને જેમણે શ્રીહરિની પ્રસન્નતા મેળવી હોય એવા એકાંતિક ભક્ત જ્યારે દેહત્યાગ કરે છે, ત્યારે જો તે ભક્તે સદ્‌ગુરુથકી મૂર્તિમાં રહેવાની સમજણ પ્રાપ્ત કરી હોય તો તેને શ્રીહરિ પોતાની મૂર્તિમાં રાખે છે. ને સન્મુખ રહેવાની સમજણ દૃઢ કરી હોય તો સન્મુખ રાખે છે. અને એવા અનન્ય ભક્ત સાધનકાળમાં અહીં એકાંતિક, જીવનમુક્ત અને પરમભાગવત નામે કહેવાય છે. આમાં જે મૂર્તિમાં રહેવાની પ્રાપ્તિ તે અનાદિમુક્તની સ્થિતિ છે અને મૂર્તિને સન્મુખ રહેવું એ પરમએકાંતિક મુક્તની સ્થિતિ છે.

વળી શ્રીહરિએ સારંગપુરના ૧૧મા વચનામૃતમાં પણ કહ્યું

છે : "તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે. અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે." આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે. (અહીં કહ્યું જે લીનપણું તે જળમાં જળની પેઠે ન સમજવું; અર્થાત્ દાતા-ભોક્તા ને સ્વામી-સેવકભાવે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિનું સુખ ભોગવે છે.

## શ્લોક : ૧૧૨

**अतश्चास्य स्वरुपेषु भेदो ज्ञेयो न सर्वथा ।**

**चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ।। ११२ ।।**

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ, તેમને વિષે સર્વપ્રકારે કરીને ભેદ ન જાણવો. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું-ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો, દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ, તેમની ઇચ્છાએ કરીને છે - એમ જાણવું. ॥ ૧૧૨ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજ મુમુક્ષુ જીવોને પોતાનો નિશ્ચય કરાવવા સારુ સમાધિ કરાવતા. અને તે સમાધિમાં રાધાકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ રૂપે પોતે થઈને દર્શન દેતા હતા - એ જ પોતાના સંકલ્પસ્વરૂપ, શ્રીજીમહારાજે પોતે મહામંદિરોમાં પધરાવ્યાં છે, માટે અમદાવાદ, વડતાલ, ગઢપુર, મૂળી આદિ ધામોમાં, - મોટાં મંદિરોમાં પધરાવેલ એવાં, નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધાકૃષ્ણ આદિ સ્વરૂપોને વિષે સર્વપ્રકારે ભેદ ન સમજવો, પરંતુ ગોલોકવાસી રાધાકૃષ્ણ, બદરિકાશ્રમવાસી નરનારાયણ ને લક્ષ્મીનારાયણ આદિ અવતારસ્વરૂપમાં અને અનાદિ શ્રીકૃષ્ણ જે અક્ષરધામાધિપતિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, તેમાં તો અવતાર - અવતારી

એવો ભેદ છે જ.

વળી શ્રીજીમહારાજે સ્વેચ્છાથી મુમુક્ષુ એવા મતવાદીઓને પોતામાં પ્રતીતી કરાવવા માટે, વેષાંતર ધારણ કરનારા જનોની માફક દ્વિભુજ, ચતુર્ભુજ કે સહસ્ત્રભુજરૂપે પોતે જ દર્શન દીધાં હોય તેમાં તથા શ્રીહરિમાં ભેદ નથી; એક જ છે.

માટે આ જે સ્વરૂપો આપણા મંદિરોમાં પધરાવેલ છે, તે તે સ્વરૂપે શ્રીજીમહારાજ પોતે જ વેષાંતર કરીને દર્શન આપે છે - એમ જાણવું. તેથી એ સ્વરૂપોમાં ને દ્વિભુજ એવા શ્રીહરિકૃષ્ણ સહજાનંદ સ્વામી મહાપ્રભુમાં "ઉપાસનાના ભેદ" ન કરવા. એટલે કે મંદિરમાં પધરાવેલ મૂર્તિઓ, સ્વામિનારાણ ભગવાનથી ભિન્ન છે - એવો ભાવ ન રાખવો; પરંતુ એ મૂર્તિઓ સ્વામિનારાયણ ભગવાન પોતે જ છે એમ સમજવું.

અને શ્રીહરિએ કહ્યું છે કે, મારામાં અને મારાં પ્રતિમારૂપ સંકલ્પસ્વરૂપ - એમાં કિંચિત્ પણ ભેદ નથી; એ પ્રતિમા સ્વરૂપે ભૂતળમાં સાક્ષાત્ હું સ્વામિનારાયણ ભગવાન પ્રકટ છું. માટે પ્રતિમાસ્વરૂપ ને પ્રકટ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમાં અણુમાત્ર પણ ભેદ ન સમજવો.

## શ્લોક : ૧૧૩

**तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।**
**निःश्रेयसकरं किंचित्ततोऽन्यन्नेति दृश्यताम् ।। ११३ ।।**

અને એવા જે તે શ્રીકૃષ્ણભગવાન તેની જે ભક્તિ તે જે તે, પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી. અને તે ભક્તિથકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી - એમ જાણવું. ।। ૧૧૩ ।।

## ભાવાર્થ

આ શ્લોકમાં શ્રીહરિ કહે છે : અનાદિ કૃષ્ણ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું, તે મારી ભક્તિ, પૃથ્વીને વિષે સર્વ મનુષ્યોએ કરવી.

અહીં પૃથ્વી શબ્દે કરીને વિશેષમાં ભરતખંડ જાણવો. તેમાં પણ જે દેશમાં પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ એ સંત-હરિભક્ત સાથે વિવિધ લીલાચરિત્ર કર્યાં હોય, એ દેશ સર્વોત્તમ ને પવિત્ર જાણવો. અને મનુષ્યોને ભક્તિ કરવાનું કહ્યું કેમ કે કામોપભોગ આદિ વિષયસુખ તો પશુ આદિ યોનીમાં સર્વત્ર પ્રાપ્ત થાય છે; પરંતુ 'મોક્ષ તો મનુષ્યદેહે જ થાય છે.' (મનુષ્યદેહનું એ જ દુર્લભપણું છે.) પરંતુ, ધર્મે સહિત ભક્તિ ન થાય તો મનુષ્યદેહ પ્રાપ્ત થયો હોય છતાં, તેવા મનુષ્યદેહધારીને પશુ જેવો જ કહેલો છે.

અને જે મનુષ્યો ધર્મે સહિત ભક્તિ કરી વિષયમાંથી મનને પાછું વાળીને ભગવાનની મૂર્તિમાં રાખે છે તે મનુષ્યો ભગવાનની મૂર્તિના સુખભોક્તા થાય છે. માટે મન, વચન ને દેહે - એમ સર્વપ્રકારે ભક્તિ કરવી અને આત્માને શ્રીજીસ્વરૂપમાં જ એકાત્માભાવે જોડી દઈને મૂર્તિમાં નિમગ્ન રહેવું. કેમ જે તે ભક્તિથકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ પણ નથી. પ્રકટ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને વિષે, ભક્તિ વિના મેરુ જેટલાં કરેલાં સાધન પણ, અણુ જેટલાં - અતિ અલ્પ ફળ આપનારાં થાય છે. અને પ્રકટ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુને વિષે ભક્તિભાવથી, તેમની પ્રસન્નતાને અર્થે કરેલું થોડું પણ સાધન, તે ચિંતામણિ તુલ્ય ફળ પ્રાપ્ત કરાવનારું થાય છે. આવા હેતુથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ તથા માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી એકાંતિકી ભક્તિ - એ જે શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન છે તેને દૃઢ કરીને રાખવાં - એ જ શ્રીહરિને પ્રસન્ન કરવાનો ઉપાય છે.

## શ્લોક : ૧૧૪

**गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।**

**कृष्णे भक्तिश्च सत्सङ्.गोऽन्यथा यान्ति विदोऽप्यधः ।। ११४ ।।**

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું ? તો જે શ્રીકૃષ્ણભગવાનને વિષે ભક્તિ કરવી, ને સત્સંગ કરવો. અને એમ ભક્તિ ને સત્સંગ - એ બે વિના તો, વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥ ૧૧૪ ॥

## ભાવાર્થ

ગુણિયલ : અર્થાત્ સાંખ્યવિચાર, અષ્ટાંગયોગ, યજ્ઞ, જપ, તપ, વ્રત, વેદાધ્યયન, શાસ્ત્રપઠન, યમ-નિયમ, ત્યાગ-વૈરાગ્ય ઇત્યાદિ અનેક ગુણે યુક્ત હોય, પરંતુ તે સર્વે ગુણો હોવાનું પરમ ફળ શું? તો શ્રીજીમહારાજને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો.

હવે 'ભક્તિ' એટલે શ્રીહરિને વિષે જ માહાત્મ્યજ્ઞાને સહિત ઘણો સ્નેહ જે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે - તે થાય એને સ્નેહરૂપ ભક્તિ કહી છે. અને 'સત્' એટલે પરબ્રહ્મ પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, તેમની મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય એવા સત્પુરુષ, શ્રીહરિના જ એક સંબંધવાળો ભાગવત ધર્મ અને એ ત્રણને અવબોધ કરનારું જે શાસ્ત્ર - આ ચારેય સત્ કહેવાય. ધામમાં રહેલી ભગવાનની

મૂર્તિ જેમ દિવ્ય ને કલ્યાણકારી છે તેમ જ મનુષ્ય મૂર્તિ તથા પ્રતિમા મૂર્તિ પણ દિવ્ય ને કલ્યાણકારી છે, એમ જાણી શ્રીહરિની નવપ્રકારે ભક્તિ કરવી ને તેમનું નિરંતર ધ્યાન કરવું, એ 'ભગવાનનો સંગ' કર્યો કહેવાય. ને સંતની સેવા કરવી તથા તેમના થકી આજ્ઞાપાલનની રીત તેમ જ ધ્યાન શીખવાં તે 'સત્પુરુષનો સંગ' કર્યો કહેવાય. ને ધર્મને વિષે સ્થિતિ કરવી; પરંતુ આપત્કાળમાં પણ ધર્મનો ત્યાગ ન કરવો, તે 'ધર્મનો સંગ' કર્યો કહેવાય. અને વચનામૃત આદિ શાસ્ત્રનું વાંચન, શ્રવણ, મનન, નિદિધ્યાસ રાખવાં - એ 'શાસ્ત્રનો સંગ' કર્યો કહેવાય. આવી રીતે એ ચારનો સંગ કરવો - એનું નામ સત્સંગ કહેવાય છે.

અને સર્વે સાધનનું ફળ એ જ છે જે માયિક વિષયસુખ દુ:ખદાયી, દોષરૂપ ને નાશવંત જણાય ને તેમાંથી વૈરાગ્ય થાય અને શ્રી સ્વમિનારાયણ ભગવાનને વિષે ગાઢ પ્રીતિ થાય ને શ્રીહરિના સાધર્મ્યને પામેલા એવા મોક્ષદાતા સત્પુરુષનો સમાગમ પ્રાપ્ત થાય.

અને આમ જે અતિ પ્રેમે રોમાંચિતગાત્ર ને ગદ્ગદકંઠે કરેલી ભક્તિ તથા સત્સંગ, તેણે કરીને જીવનો આત્યંતિક મોક્ષ થાય છે; અને એ ભક્તિ તથા સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય; એટલે શાસ્ત્રવેત્તા હોય ને ધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્યાદિનાં લક્ષણ જાણતો હોય તો પણ તે 'અધોગતિ' પામે છે; અર્થાત્ અક્ષરધામથકી ઓરાં જે બીજાં ધામ તેને, અથવા દેવલોકને પામે છે, પણ અક્ષરધામને નથી પામતો.

## શ્લોક : ૧૧૫

**कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च ।**
**न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ।। ११५ ।।**

અને શ્રીકૃષ્ણભગવાન તથા શ્રીકૃષ્ણભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે; તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તેપણ ધ્યાન કરવા યોગ્ય છે; માટે એમનું ધ્યાન કરવું; અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો, શ્રીકૃષ્ણભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તોપણ ધ્યાન કરવા યોગ્ય નથી; માટે એમનું ધ્યાન ન કરવું. ।। ૧૧૫ ।।

## ભાવાર્થ

આમાં 'શ્રીકૃષ્ણભગવાન' કહ્યા તે શ્રી સહજાનંદ સ્વામીએ પોતે, પોતાને જ કહ્યા છે. તે સ. ભૂ. માં શ્રી હરિએ કહ્યું છે : 'શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું, તે જ અનાદિ કૃષ્ણનામક છું; તે હું સર્વ કારણનો કારણ છું ને સર્વ પ્રકાશકોનો પ્રકાશક છું.' વળી કહ્યું છે : 'પ્રકટ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે, હું જ ધ્યાન કરવા યોગ્ય છું અને મારા કૃષ્ણ, નરનારાયણ આદિ અવતાર તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. મારી ધાતુ, કાષ્ઠ, પાષાણ કે ચિત્રની પ્રતિમાઓ તે પણ ધ્યાન કરવા યોગ્ય છે; પણ મારા અનન્ય એકાંતિક ભક્તોએ તો

મારું જ ધ્યાન કરવું.'

જ્યારે ભગવાન મનુષ્યરૂપે પ્રકટ થઈને વિચરે છે, ત્યારે જેમ, ભગવાનને પ્રત્યક્ષ કહેવાય છે, તેમ જ ભગવાનનું પ્રતિમાસ્વરૂપ પણ પ્રત્યક્ષ છે. તે - 'પ્રતિમારૂપે હું પ્રત્યક્ષ છું'- એમ શ્રીમહારાજનાં વચન છે. એ હેત માટે પ્રતિમામાં ધાતુ, કાષ્ઠ, પાષાણ કે ચિત્રભાવ વગેરેનો ત્યાગ કરી, તે પ્રતિમાસ્વરૂપ છે તે દિવ્ય પ્રત્યક્ષ ભગવાન છે એમ સમજી, એમનું ધ્યાન કરવું; અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો, શ્રીકૃષ્ણભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ તે ધ્યાન કરવા યોગ્ય નથી, માટે તેમનું ધ્યાન ન કરવું, પરંતુ સપાર્ષદ ભગવાનનું ધ્યેયપણું કહ્યું છે; કારણ કે સાંગ, ઉપાંગ, સલીલ ને સપાર્ષદ - એ ચાર પ્રકારના ધ્યાનનું શાસ્ત્રમાં નિરૂપણ છે, માટે શ્રીહરિજીના સાથ સિવાય ભક્તના ધ્યેયપણાનો પ્રતિબંધ છે એમ જાણવું.

હવે આ જે ધ્યાન કરવું તે ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાનનું પ્રયોજન એ ચારના સ્વરૂપને જાણીને પછી કરવું. આમાં પ્રથમ ધ્યાતાનાં લક્ષણ આ પ્રમાણે છે : - શ્રીજીમહારાજનાં સર્વોપરી ઉપાસના ને માહાત્મ્યજ્ઞાન તે સત્પુરુષના સમાગમથી યથાર્થ સમજ્યો હોય ને કોઈ પ્રકારનું માન ન હોય, દાસભાવે યુક્ત હોય, પંચવિષયને વિષે દૃઢ વૈરાગ્યવાળો હોય, શાન્ત-દાન્ત હોય અને નિંદા-સ્તુતિ, માન-અપમાનમાં સમભાવવાળો હોય તે સાચો ધ્યાતા જાણવો.

ધ્યાનનું સ્વરૂપ આ પ્રમાણે છે : ૧. પોતાને ત્રણ દેહથી પૃથક્ આત્મારૂપ માનીને મનુષ્યાકૃતિ અથવા પ્રતિમાકૃતિ-એવા પોતાના ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સમગ્ર મૂર્તિનું ધ્યાન કરવું અથવા એકેક અંગનું પૃથક્પૃથક્ ધારીને ધ્યાન કરવું તે 'અવરભાવનું ધ્યાન' કહેવાય. ૨. પોતાના આત્માની, શ્રીહરિના તેજના સમૂહરૂપ અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને તે તેજના સમૂહરૂપ ધામમાં વિરાજમાન, દિવ્ય સાકાર મૂર્તિ - એવા પોતાના સ્વામી શ્રીજીમહારાજની સમગ્ર મૂર્તિનું અતિ પ્રીતિએ કરીને અખંડ ધ્યાન કરવું તે 'પરભાવનું ધ્યાન' કહેવાય.

૩. પોતાના આત્માને શ્રીહરિની સાથે એકાત્મપણાની ભાવના કરી, પોતાને પુરુષોત્તમરૂપ માની, અત્યુત્તમ નિર્વિકલ્પ નિશ્ચયે કરીને તથા ઉપશમ સ્થિતિએ કરીને, પોતાના ઇષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિમાં જ નિમગ્ન રહીને, સ્વામી-સેવકભાવે શ્રીહરિજીના સળંગ સ્વરૂપનું ધ્યાન કરવું તે પરભાવમાં 'અતિઉત્તમ ધ્યાન' કહેલું છે.

અને ધ્યેયનું સ્વરૂપ એટલે કે શ્રીજીમહારાજની મૂર્તિ કેવી ધારવી, તે શ્રીહરિએ સ્વયં સત્સંગિભૂષણમાં કહ્યું છે તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોમાં તેમ જ સર્વમંગલ સ્તોત્રમાં પણ કહ્યું છે. તે પ્રમાણે શ્રીહરિની મૂર્તિ ધારીને ધ્યાન કરવું. અને અનાદિમુક્તની માફક, નિરવધિકાતિશય પ્રેમપૂર્વક શ્રીજીમહારાજની મૂર્તિના આનંદના અનુભવની પ્રાપ્તિ - એ જ 'ધ્યાનનું પ્રયોજન' છે.

વળી તે ધ્યાન કરવું તેમાં શ્રીહરિજીના માહાત્મ્યનો વિચાર કરવો, તેમને સર્વના કર્તા-હર્તા જાણવા તથા તેમની પ્રતિમાને પણ દિવ્ય સમજવી. અને ધ્યાનમાં શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિને જોઈને આનંદ પામવો; પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તો તે તેજે કરીને શાંતિ પામવું નહિ ને અતિ તપી જાવું. અને આમ જે અક્ષરના સુખમાં પણ ન લેવાય તેને તો જેવું ભગવાનને પોતાનું સુખ આવે છે તેવું સુખ ભગવાનની મૂર્તિમાંથી આવે છે.

હવે ધ્યાનમાં ચાર વિઘ્નો છે. તેમાં પ્રથમ, ચિત્ત, નિદ્રામાં લીન થાય તે 'લય' તે જીતવા નિદ્રાગ્રસ્ત ચિત્તને જાગ્રત કરવું. બીજું, ચિત્તમાં કામાદિક વિષય સ્ફૂરે તે રૂપી 'વિક્ષેપ' તેનો શ્રીજીના સુખના વિચારે કરીને ત્યાગ કરવો. ત્રીજું, રાગ-દ્વેષનો તીવ્ર વેગ ચિત્તમાં લાગે તે 'કષાય' તે જીતવા, રાગ-દ્વેષવાળા ચિત્તને સર્વદેશી જ્ઞાને કરીને રાગરહિત કરવું. અને ચોથું, ભૂત-ભવિષ્ય જાણવા વગેરે ઐશ્વર્યની ઈષણા ચિત્તમાં રહે, તથા જીહ્‌વાના રસમાં રાગ હોય તે રૂપી 'રસાસ્વાદ' તેનો શ્રીજીના મહાત્મ્યજ્ઞાને કરીને ત્યાગ કરવો. આ જે દોષો તે જીત્યા વિના ધ્યાન સિદ્ધ થાય નહિ ને ધ્યાન સિદ્ધ થયા વિના સ્થિતિ બંધાય નહિ ને તે વિના મુક્તિની પ્રાપ્તિ ન થાય, માટે ધ્યાન કરનારા ભક્તે આ દોષ જીતવા. સર્વમાંથી મનને પાછું વાળીને, સર્વત્ર વાસ કરીને રહેલા એવા શ્રીજીમહારાજ તેમની મૂર્તિમાં મનનો નિરોધ કરે, તે દેહ છતાં જ મુક્ત થઈ રહ્યા છે.

## શ્લોક : ૧૧૬

**निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् ।**

**विभाव्य तेन  कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।। ११६  ।।**

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી, તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ જે તે સર્વકાળને વિષે કરવી. ॥ ૧૧૬ ॥

## ભાવાર્થ

ત્રણ દેહથી વિલક્ષણ ને તેના પ્રકાશકપણે કરીને ભિન્ન; કહેતાં, ત્રણ દેહની ભાવનાએ રહિત શુદ્ધ એવો પોતાનો આત્મા, તે આત્માને, 'બ્રહ્મરૂપ' એટલે શિતળ, શાંત, ઘન, સુખરૂપ ને શ્વેત એવા શ્રીજીમહારાજના તેજનો સમૂહ જે બ્રહ્મ તથા અક્ષરધામ કહેવાય છે, તે બ્રહ્મને વિષે પોતાના આત્માને લીન કરીને ધર્મજ્ઞાન-વૈરાગ્યે સહિત ભક્તિ -ઉપાસના કરવી.

અને તે ભક્તિ કેમ કરવી તો; પોતાના સ્વામી જે શ્રીજીમહારાજ તેમનાં કથા-કીર્તનનું શ્રવણ કરવું, શ્રીજીના કથા-કીર્તન બોલવાં, શ્રીજીની મૂર્તિનું સ્મરણ કરવું, શ્રીજીના ચરણારવિંદની સેવા કરવી, તેમનું અર્ચન-પૂજન કરવું, તેમને વંદન કરવું, તેમના દાસ થઈને રહેવું- વર્તવું, તેમની સાથે

સખાભાવ રાખવો ને દેહાદિક સર્વ તેમને અર્પણ કરી દેવું; અથવા પોતાનો આત્મા શ્રીજીને અર્પણ કરવો; અર્થાત્ મૂર્તિમાં જોડી રાખવો - આ નવ પ્રકારે જે ભક્ત શ્રીજીને શ્રદ્ધા-માહાત્મ્યથી સેવે છે, તે ભક્તને સમર્થ એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીને વિષે ગાઢ પ્રેમ થાય છે. ત્યારબાદ તે ભક્તના પ્રાણ, ઇંદ્રિયો, મન ને બુદ્ધિનો શ્રીજીના સ્વરૂપમાં 'નિરોધ' - લય થાય છે, ત્યારે એ ભક્ત શ્રીજીની મૂર્તિને જ સર્વત્ર દેખે છે; બીજું કાંઈ દેખતો નથી. ભગવાનના ભકતને આવી પ્રેમલક્ષણા ભક્તિએ કરીને જ ભગવદ્ભાવની સ્થિતિ થાય છે અને સર્વ પ્રકારે શ્રીજીની મૂર્તિનું સુખ આવે છે. માટે જ્ઞાની ભક્ત હોય તે બ્રહ્મરૂપ થઈને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનો આશ્રય કરે છે.

અને આવી રીતે બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરતા એવા જે ભક્તજન તે, પરબ્રહ્મની પ્રસન્નતાથી પરબ્રહ્મરૂપ થાય છે. તે શ્રીહરિએ કહ્યું છે : 'જે ભક્ત ઉપર હું કૃપા કરું છું તે ભક્ત મારા પરમ સાધર્મ્યને પામે છે.' એટલે સર્વ મુક્તનું સ્વામીપણું, સુખદાતાપણું ને નિયંતાપણું - તે સિવાય બીજા રૂપ, ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થ્ય ઇત્યાદિ દિવ્ય ને કલ્યાણકારી ગુણે કરીને સરખાપણું જે તુલ્યભાવ તેને પામે છે. ને સુખદુઃખ, જન્મ-મૃત્યુ આદિથી પોતાને અસંગી માનીને શ્રીજીની મૂર્તિનું સુખ ભોગવે છે. અને એ જ બ્રહ્મરૂપા ભક્તિનું ફળ છે.

## શ્લોક : ૧૧૭

**श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।**
**प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ।। ११७ ।।**

અને શ્રીમદ્‌ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે, નિત્યપ્રત્યે આદરથકી સાંભળવો; અથવા વર્ષોવર્ષ એકવાર સાંભળવો. અને જે પંડિત હોય તેમણે નિત્યપ્રત્યે વાંચવો: અથવા વર્ષોવર્ષ એકવાર વાંચવો. ।। ૧૧૭ ।।

## ભાવાર્થ

જેમને પરોક્ષ અવતારને વિષે પ્રેમ હોય તેમને તેમનાં શાસ્ત્ર વિશેષ પ્રિય લાગે, તેવાઓના સમાસને અર્થે શ્રીહરિએ શ્રીમદ્‌ભાગવતનો દશમસ્કંધ વાંચવાનું તથા સાંભળવાનું કહ્યું છે. માટે જેમ અવતારના ઉપાસકોને પરોક્ષ શાસ્ત્ર વાંચવાનું કહ્યું, તેમ અવતારી પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉપાસકને પ્રકટનાં શાસ્ત્ર નિત્યપ્રત્યે વાંચવાં. તે શ્રીહરિએ શિક્ષાપત્રીના શ્લોક ૨૦૮ માં શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવાની આજ્ઞા કરી છે. વચનામૃત, સત્સંગિજીવન આદિ ગ્રંથોમાં પણ શ્રીહરિએ પોતે રચેલા તથા પોતાના સ્વાશ્રિતો પાસે રચાવેલાં ગ્રંથોના કથા-શ્રવણ કરવાનું કહ્યું છે. વળી એમ પણ કહ્યું છે જે, સંપ્રદાયની પુષ્ટિ તો સંપ્રદાયના જે ઇષ્ટદેવ તેમના સંબંધવાળા ગ્રંથોથી જ થાય. આથી સ્પષ્ટ થાય છે કે,

પોતાના અવતારચરિત્રના જે ગ્રંથ હોય તે કરતાં, અવતારી એવા પોતાનાં જ ચરિત્ર તથા પોતે કરેલ ઉપદેશામૃત જે ગ્રંથમાં હોય, તે શ્રીહરિને વિશેષ પ્રિય છે.

## શ્લોક : ૧૧૮

**कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।**

**विष्णुनामसहस्त्रादेश्चापि कार्येप्सितप्रदा ।। ११८ ।।**

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્યસ્થાનકને વિષે, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું -કરાવવું. અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું; તે પુરશ્ચરણ કેવું છે તો, પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥ ૧૧૮ ॥

## ભાવાર્થ

'પુરશ્ચર્યા' એટલે 'એક સો આઠ' પારાયણો કરાવવાં વગેરે લક્ષણોવાળી પૂર્ણાહૂતિ, તે ભગવાનનાં મંદિર અથવા સત્પુરુષ હોય તેવા પવિત્ર દેશમાં, જેવી પોતાની શક્તિ હોય તે પ્રમાણે કરાવવી. અને જો પોતે જ તેનો પાઠ કરી શકે તેમ હોય તો પોતે, તે પુરશ્ચર્યા જાતે કરવી.

સ.ગુ. મુક્તાનંદ સ્વામી કૃત 'સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય' - તેમાં 'સત્સંગિજીવન'નું પુરશ્ચરણ વિધિ સહિત સવિસ્તર બતાવ્યું છે; તેને જાણીને સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત આદિ ગ્રંથોનું તથા જનમંગલ-સર્વમંગલાદિ સ્તોત્રોનું પુરશ્ચરણ પણ, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું - કરાવવું.

## શ્લોક : ૧૧૯

**दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।**

**यथा स्वपररक्षा स्यात्तथावृत्यं न चान्यथा ।। ११९ ।।**

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે, તથા મનુષ્યસંબંધી આપદા આવી પડે, તથા રોગાદિક આપદા આવી પડે, તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું; પણ બીજી રીતે ન વર્તવું. ॥ ૧૧૯ ॥

### ભાવાર્થ

જેમાં કષ્ટ રહેલું હોય એવી દુઃખરૂપ, 'દેવસંબંધી' અર્થાત્ અનાવૃષ્ટિ કે ગામને આગ લાગે - વગેરે જે વિપત્તિ આવે ત્યારે. તથા 'મનુષ્યસંબંધી' એટલે રાજાના મનુષ્ય તરફથી, અગર પોતાના શત્રુ તરફથી ધનનું હરી જવું - વગેરે લક્ષણોવાળી આપત્તિ આવે ત્યારે, તેમ જ જ્યારે રોગ થયો હોય અથવા હથિયારથી ઈજા થઈ હોય ઇત્યાદિક 'દેવસંબંધી' દુઃખ આવે - એ ત્રણ પ્રકારની આપત્તિઓ આવી હોય, ત્યારે જેવી રીતે પોતાની તથા બીજાની રક્ષા થાય તે પ્રમાણે વર્તવું, પણ બીજી રીતે ન વર્તવું; કારણ કે ધર્મશાસ્ત્રમાં આપદ્ધર્મ જુદા કહેલા છે.

## શ્લોક : ૧૨૦

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः ।
आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ।। १२० ।।

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાનાં તે જે તે, દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય, એટલાને અનુસારે કરીને જાણવાં. ॥ ૧૨૦ ॥

## ભાવાર્થ

'આચાર' એટલે પ્રાતઃ સ્નાન કરવું વગેરે. 'વ્યવહાર' જે દેણુંલેણું આપવું-લેવું વગેરે અને 'નિષ્કૃત' જે પ્રાયશ્ચિત્ત એ બધાં, દેશ, કાળ, વય, વિત્ત, જાતિ અને શક્તિને અનુસરીને કરવાનાં જાણવાં. તેમાં 'દેશ' એટલે જ્યાં ઉપદ્રવ ન હોય તેવું સ્થળ. 'કાળ ' એટલે ઋતુ, રાજ્યબદલો, લડાઈ, અતિ-વૃષ્ટિ વગેરે. 'વય' કહેતાં બાળપણ, વૃદ્ધત્વ વગેરે. 'વિત્ત' જે દ્રવ્યસંપત્તિ. 'જાતિ' એટલે બ્રાહ્મણવર્ણ વગેરે અને 'શક્તિ' જે શરીરબળ વગેરે. - એટલાનો વિચાર કરીને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરવો.

## શ્લોક : ૧૨૧

**मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितं ।**

**तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ।। १२१ ।।**

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું. અને અમને પ્રિય એવું જે ધામ, તે ગોલોક છે એમ જાણવું. અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ॥ ૧૨૧ ॥

## ભાવાર્થ

શ્રી સ્વામિનારાયણ ભગવાન જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ - એ સર્વથી વિશિષ્ટ છે; અર્થાત્ એ સર્વમાં અન્વયપણે રહ્યા છે છતાં, તે સર્વેથી પર, તે સર્વના કારણ, આધાર ને નિયંતા છે એમ વ્યતિરેક છે - સ્વામી છે ને એ બધા સેવક છે; એ અન્વયસ્વરૂપ તથા વ્યતિરેકસ્વરૂપનું 'અભેદપણું' એટલે અદ્વૈતપણું છે છતાં, પરબ્રહ્મ, પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન અદ્વિતીય છે.

હવે શ્રીજીમહારાજે તેમને પ્રિય ધામ 'ગોલોક' છે એમ કહ્યું, તેમાં 'ગો' શબ્દ કિરણવાચક છે ને 'લોક' શબ્દ સમૂહવાચક છે, એ હેતુથી કિરણ તેનો સમૂહ તેને ગોલોક કહ્યું છે; અર્થાત્ શ્રીહરિનું ધામ તેજના સમૂહરૂપ છે; કહેતાં પોતાનો પ્રકાશ - એ જ અક્ષરધામ છે. અને આ જે અક્ષરધામ તે ગોલોક, વૈકુંઠ

ને શ્વેતદ્વીપાદિક ધામથી પૃથક્ છે ને તે અક્ષરધામનું સુખ તે આ સર્વે ધામના સુખથી અતિ અધિક છે.

વળી શ્રીહરિના તેજના સમૂહરૂપ જે 'ગોલોક' કહેતાં અક્ષરધામ છે, તે કિરણોએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોક ધામને મધ્યે વ્યાપીને રહ્યું છે; તેથી ગોલોકના મધ્યે અક્ષરધામ કહેવાય છે, પણ તે અક્ષરધામનું અન્વય સ્વરૂપ છે; અને ગોલોકાદિકથી પર શ્રીહરિના તેજના સમૂહરૂપે છે તેને વ્યતિરેક અક્ષરધામ કહ્યું છે.

અને તે ગોલોકનામક તેજના સમૂહરૂપ અક્ષરધામમાં પરબ્રહ્મનું 'સાધર્મ્ય' જે સ્વામિત્વ, સુખદાતાપણું ને નિયંતાપણું - એ સિવાયના બીજા, રૂપ-ગુણ ઇત્યાદિકે કરીને સજાતિ ને દિવ્યસાકાર થાય તે, તેને પામેલા મુક્તોએ તથા નિત્યમુક્તોએ સેવન કરાતા, ને સર્વશ્રી અધિક આનંદરૂપ - એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની 'સેવા' જે અનુભવજ્ઞાનથી ને નિરવધિ સ્નેહથી, દિવ્ય શ્રી હરિનાં દર્શન - સ્પર્શ - સુગંધાદિકનું સેવન કરવું; અર્થાત્, શ્રીજીના સ્વરૂપસંબંધી આનંદનો અખંડ અનુભવ કર્યા કરવો; તેને જ શ્રીહરિએ 'મુક્તિ' કહેતાં, આત્યંતિક મોક્ષ માન્યો છે. અવરભાવમાં મુકુંદવર્ણીની માફક, મનુષ્યરૂપ એવા શ્રીજીમહારાજની સેવા-પરિચર્યા કરવી તે પણ, 'મુક્તિ' એટલે આત્યંતિક મોક્ષ માનેલ છે.

## શ્લોક : ૧૨૨

**एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।**
**मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ।। १२२ ।।**

અને આ જે પૂર્વે સર્વ ધર્મ કહ્યા તે જે તે, અમારા આશ્રિત જે ત્યાગી-ગૃહસ્થ, બાઈ-ભાઈ સર્વે સત્સંગી, તેમના સામાન્ય ધર્મ કહ્યા છે; કહેતાં, સર્વ સત્સંગીમાત્રને સરખા પાળવાના છે. અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્પૃથક્પણે કરીને કહીએ છીએ. ॥ ૧૨૨ ॥

## ભાવાર્થ

હવે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ, ઉપસંહાર કરતાં વિશેષ ધર્મ કહેવાની પ્રતિજ્ઞા કરે છે : મારા શિષ્યોના એટલે સર્વ પુરુષો તથા સર્વ સ્ત્રીઓના અત્યાર સુધી કહેલા જે અહિંસા વગેરે સામાન્ય ધર્મો, તે દરેકે પોતપોતાના અધિકાર મુજબ પાળવા. અને હવે તેમના વિશેષ ધર્મો હું કહું છું.

## શ્લોક : ૧૨૩

**मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।**

**स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ।। १२३ ।।**

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ, તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએઃ અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપસંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ, તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥ ૧૨૩ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજ કહે છે કે : મારા મોટાભાઈ જે રામપ્રતાપભાઈ તથા નાનાભાઈ ઇચ્છારામભાઈના પુત્રો જે શ્રી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમણે ક્યારેય પણ નિકટ સંબંધ વિનાની એટલે કે દૂરના સંબંધવાળી સ્ત્રીઓને તેમ જ સંબંધ વિનાની સ્ત્રીઓને, હરિકૃષ્ણ એવો હું, તે મારા મંત્રનો ઉપદેશ ન કરવો.

અહીં જેના મરણથી સૂતક આવે તે નિકટસંબંધ સમજવો. અને આવા નિકટસંબંધ સિવાયની સ્ત્રી, મંત્રદીક્ષા લેવા સારુ આવે તો પોતાનાં પત્ની, કે જેમને પોતે મંત્રોપદેશ આપ્યો હોય તે દ્વારા તેને ઉપદેશ અપાવવો, પણ પોતે જાતે તેને મંત્રોપદેશ ન આપવો. આ ધર્મમર્યાદા શ્રી ધર્મદેવે સ્થાપેલી છે તે શ્રીહરિના આશ્રિતોએ પાળવી.

## શ્લોક : ૧૨૪

**न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।**
**कौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ।। १२४।।**

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ; અને તે સાથે બોલવું નહિ; અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું; અને કોઈની થાપણ ન રાખવી. ॥ ૧૨૪ ॥

## ભાવાર્થ

અને એ ધર્મવંશી આચાર્યોએ સમીપ સંબંધવાળી ન હોય તેવી સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ. તેમ જ એવી સ્ત્રીઓ સાથે ધર્મોપદેશ નિમિત્તે, કે વ્યવહારકાર્ય નિમિત્તે પણ બોલવું નહિ; એવો પ્રસંગ સર્વ પ્રકારે ત્યજી દેવો. આચાર્યો સિવાયના ધર્મવંશના બીજા પુરુષોએ પણ, સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ ને તેમની સાથે બોલવું પણ નહિ.

વળી એ બે ધર્મવંશી આચાર્યોએ કોઈ પણ પ્રાણીને વિષે નિર્દયતા ન કરવી. કારણ કે ગુરુઓ તો દયાળુ જ હોય. અને તે આચાર્યોએ પોતાની જ્ઞાતિના, કે બીજી જ્ઞાતિના માણસની પણ થાપણ ન રાખવી; કેમ કે થાપણ રાખવી એ કલેશનું મૂળ છે.

## શ્લોક : ૧૨૫

**प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके ।**

**भिक्षयाऽऽपदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ।। १२५ ।।**

અને વ્યવહારકાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું. અને કોઈ આપત્કાળ આવી પડે તો, ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો; પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥ ૧૨૫ ॥

## ભાવાર્થ

શ્રીહરિએ સ્થાપેલ આચાર્યોએ ક્રય-વિક્રય, લેવડદેવડ વગેરે વ્યવહારનાં સઘળાં કાર્યોમાં, પોતાના મનુષ્યોના અથવા બીજા મનુષ્યોના જામીન ન થાવું. એ વ્યાવહારિક કાર્યની જવાબદારી એ અદા નહિ કરે તો અમે કરીશું, એવી રીતનું મધ્યસ્થપણું ધર્મવંશી આચાર્યોએ કરવું નહિ, કેમ કે તેથી મોટો કલેશ થવાનો સંભવ છે.

અને તે આચાર્યોએ ક્યારેક દૈવવશાત્ પોતાનું ધનધાન્ય વગેરે હરાઈ જાય એવો આપત્કાળ આવે તો, બ્રાહ્મણજાતિને માટે શાસ્ત્રમાં કહેલી એવી ભિક્ષાવૃત્તિથી પોતાનો દેહનિર્વાહ કરવો, પરંતુ દેવું તો ક્યારેય ન કરવું; કારણ કે દેવું કરવાથી મોટું દુઃખ થાય છે. અને સંજોગવશાત્ દેવું ન આપી શકાય તો પૂર્વે સંચય કરેલું પુણ્ય તે, ધન આપનાર લેણદારને જાય છે.

શ્રીજીમહારાજે કોઈનું પણ ક્યારેય કરજ ન કરવું - એમ આ શ્લોકમાં જે કહ્યું, તે તો સર્વને પાલન કરવા યોગ્ય એવો નિયમ છે; પરંતુ અહીં આચાર્યોના વિશેષધર્મમાં કહે છે, એ તો એમના પ્રત્યેના આવશ્યક બોધ માટે છે; અને વિશેષે તો તેમના દ્વારા, એમના શિષ્યોને બોધ કરવા માટે કહેલ છે.

## શ્લોક : ૧૨૬

**स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।**
**जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ।। १२६ ।।**

અને પોતાના જે શિષ્ય તેમણે, ધર્મનિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ; અને તે અન્ન જૂનું થાય તો, તે જૂનું કોઈકને દઈને નવું લેવું; અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥ ૧૨૬ ॥

## ભાવાર્થ

ધર્મવંશી આચાર્યોએ પોતાના શિષ્યોએ અર્પણ કરેલાં ડાંગર વગેરે ધાન્ય; તે જો પોતાના કુટુંબ-પરિવારના પોષણ માટે જોઈએ તેથી અધિક હોય, તો પણ તે ધાન્યને વેચવું નહિ; અને જો વેચે, તો મોટા કુટુંબ-પરિવારવાળા તે બે આચાર્યોને, કોઈ વખત દુષ્કાળરૂપી આપત્કાળમાં, ધાન્યના અભાવથી ક્લેશ સહન કરવાનો પ્રસંગ આવે. અને જો ધાન્યનો સંગ્રહ કરે તો દુષ્કાળ આદિકમાં પણ, સાધુ, બ્રાહ્મણ, ભિક્ષુક તથા બીજા રાંકોનું પોષણ કરવારૂપ મોટો ધર્મ થાય. અને તે જે સંગ્રહ કરેલું અન્ન તે જૂનું થાય એટલે તેમાં ઝીણાં જીવ ઉત્પન્ન થવાના સંભવથી લાંબો કાળ રાખી શકાય નહિ, તો તે જૂના અન્નના બદલામાં નવું ધાન્ય લેવું, એવી રીતે બદલો કરવો તે વેચ્યું ન કહેવાય; કેમ કે તેમાં વિક્રયદોષ લાગતો નથી ને

ગૃહસ્થાશ્રમના ધર્મનું રક્ષણ પણ થાય છે. જ્યારે લાભપ્રાપ્તિ સારુ લોભે કરીને વિક્રય કરવો તે ઉચિત નથી.

## શ્લોક : ૧૨૭

**भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।**

**इषकृष्णचतुर्दश्यां कार्यार्चा च हनुमतः ।। १२७ ।।**

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી, તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનની પૂજા કરવી. ।। ૧૨૭ ।।

## ભાવાર્થ

ગણપતિ શ્રીકૃષ્ણ ભગવાનના અંશાવતાર કહેવાય છે અને હનુમાનજી રામચંદ્રજી ભગવાનના શ્રેષ્ઠ એકાંતિક ભક્ત ગણાય છે. આથી પરોક્ષના ઉપાસકો જેમ ગણપતિનું ભાદરવા સુદી ચતુર્થીને દિવસે અને હનુમાનજીનું આસો વદિ ચતુર્દશીને દિવસે પૂજન કરે છે, તેમ સર્વાવતારી પ્રગટ પૂર્ણ પુરુપોત્તમ એવા શ્રીહરિના ઉપાસકોએ શ્રીહરિની મૂર્તિમાં રસબસભાવે જોડાયેલા મહા અનાદિ મુક્તોનું પૂજન કરવું, સેવા કરવી અને તેમની અનુવૃત્તિમાં રહી તેમનો રાજીપો મેળવવો. કેમ જે એવા મુક્તો દ્વારા શ્રીહરિ પોતે સ્વયં તે ભક્તની પૂજા, સેવા વગેરે અંગીકાર કરે છે.

વળી જેમ ગણપતિ તથા હનુમાનજી પરોક્ષના ઉપાસકોના સર્વે વિઘ્નો દૂર કરે છે તેમ પ્રગટ શ્રીહરિના અનાદિમુક્તો પોતાના જોગમાં આવેલા મુમુક્ષુઓની કાળ-કર્મ-માયા થકી રક્ષા કરે છે

અને શ્રીહરિની મૂર્તિના સુખમાં જોડી દે છે.

નોંધ : (૧) સાચા અનાદિમુક્તની તેમના દિવ્ય-કલ્યાણકારી ગુણો જાણીને ઓળખ કરી તેઓ મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે તેમનો સર્વ પ્રકારે જોગ કરવો. તેઓ મનુષ્યરૂપે પ્રગટ ન હોય ત્યારે શ્રીજીમહારાજની સાથે તેમને સંભારી દિવ્યભાવે જોગ કરવો, પરંતુ એવી સ્થિતિ ન હોય અને પોતાને મુક્ત કહેવડાવતા હોય તેવા દંભી ગુરુઓનો જોગ ન કરવો, નહિતર મોક્ષ બગાડી દુર્ગતિ થવાનો પૂરો સંભવ છે. માટે જોગ-સમાગમ કરવામાં વિવેક રાખવો.

## શ્લોક : ૧૨૮

**मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।**

**गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ।। १२८ ।।**

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે, એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા, એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. ॥ ૧૨૮ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : મારા સર્વ આશ્રિતોના, ભક્તિ સહિત ધર્મના રક્ષણને માટે આચાર્યપણામાં મેં મારા બે ભાઈઓના પુત્રો, જે શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રી રઘુવીરજી તેમને સ્થાપ્યા છે; તેમણે પોતાના શરણે આવેલા, સંસારના બંધનથી મુક્ત થવાની ઇચ્છાવાળા જે ચારેય વર્ણના પુરુષો, તેમને પૂર્ણ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણના મંત્રની દીક્ષા આપીને તેમના પર અનુગ્રહ કરવો.

## શ્લોક : ૧૨૯

**यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।**

**मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात्।। १२९ ।।**

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી, તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા; અને સાધુને આદરથકી માનવા, તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદરથકી કરવો. ।। ૧૨૯ ।।

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : વળી તે બે આચાર્યોએ પોતાના શિષ્યો તેમને, તેમના અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મમાં એટલે કે ત્યાગીને ત્યાગીના ને ગૃહસ્થને ગૃહસ્થના ધર્મમાં સારી રીતે સ્થાપવા; જો ગુરુ, પોતાના શિષ્યોને તેમના ધર્મને વિષે સ્થાપન ન કરે અને તેથી શિષ્યો પાપાચરણ કરે તો, શિષ્યોએ કરેલું પાપ ગુરુને લાગે છે. અને તે બન્ને આચાર્યોએ શ્રીહરિના સંબંધવાળા સંતોને આદરથકી માનવા તથા એમનું યથોચિત પૂજન કરવું; કેમ કે સત્પુરુષનું પૂજન - એ સકળ સુખનું મૂળ છે.

વળી તે બન્ને આચાર્યોએ સચ્છાસ્ત્રો કહેતાં પ્રકટ શ્રીહરિના સંબંધવાળા શાસ્ત્રો અર્થાત્ વચનામૃત વગેરેનો અભ્યાસ કરવો. અને તે અભ્યાસ ચાર પ્રકારે, એટલે કે : એક તો તેનું

'અધ્યયન'. બીજું 'ચિંતન'. ત્રીજું 'ઘોષણ' એટલે ઉચ્ચસ્વરે ઉદ્‌ઘોષપૂર્વક બોલવું અને ચોથું 'પાવન' અર્થાત્ સંયમપૂર્વકની એકાગ્રતાથી કરવો. આવી રીતનો જે અભ્યાસ તે બ્રાહ્મમુહૂર્તમાં કરવાથી બુદ્ધિમાં પ્રકાશ થાય છે. અભ્યાસ વિના વિદ્યાની સ્ફૂર્તિ થતી નથી. માટે 'આદરથી' એટલે, અભ્યાસ કરવામાં આળસ તથા અસાવધાનતાનો ત્યાગ કરવાપૂર્વક સચ્છાસ્ત્રોનો અભ્યાસ કરવો. વળી બ્રાહ્મણોને તો શાસ્ત્ર- એ જ નેત્ર છે. માટે શ્રીહરિના પદે આરૂઢ બંને આચાર્યોએ, સચ્છાસ્ત્રનો અભ્યાસ આદરપૂર્વક કરવો.

## શ્લોક : ૧૩૦

**मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।**

**लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ।। १३० ।।**

અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં, એવાં જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥ ૧૩૦ ॥

## ભાવાર્થ

શ્રીહરિની ગાદીના વારસ એવા આચાર્યોએ શિખરબંધી તથા નાના હરિમંદિરોમાં શ્રીહરિએ લક્ષ્મીનારાયણ આદિ ભગવાનનાં સ્વરૂપોની મૂર્તિઓની યથાવિધિ પ્રતિષ્ઠા કરી હોય કે કરાવી હોય તેમની સેવા યથાવિધિ કરવી. અહીં લક્ષ્મીનારાયણનો મુખ્ય નિર્દેશ કરવાનું કારણ એ છે કે, આ શિક્ષાપત્રી લખવાના સમયે શ્રીહરિ, તે દેવની સમીપે સ્વયં વિરાજતા હતા તેથી; પરંતુ આ નિર્દેશથી બીજા સ્વરૂપોનું ગૌણપણું થાય છે એવી શંકા ન કરવી; કારણ કે 'ભગવાનનાં સર્વ સ્વરૂપોમાં' અર્થાત્ મંદિરોમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનાં, નરનારાયણ, રાધાકૃષ્ણ, ગોપીનાથ વગેરે સ્વરૂપો પધરાવ્યાં છે તેમાં, તથા પોતાની શ્રી હરિકૃષ્ણનામક ને શ્રી ઘનશ્યામ મહારાજ નામક જે મૂર્તિઓ પધરાવી છે, તેમાં અભેદપણું છે. માટે તે સ્વરૂપોની સેવા, પ્રીતિથી કરવી.

તેમ જ શ્રી ધર્મદેવ, ભક્તિમાતા વગેરેની જે મૂર્તિઓ પધરાવી છે તેમની પણ, એ જ પ્રમાણે સેવા કરવાની કહી છે. અને તે સેવા પણ શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કરવી. વળી સેવા કરનારા સેવકો ઘણા હોય છતાં, ભગવત્સેવા તો સ્વયં જાતે જ કરવી.

## શ્લોક : ૧૩૧

**भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।**

**आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ।। १३१ ।।**

અને ભગવાનના મંદિરપ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ।। ૧૩૧ ।।

## ભાવાર્થ

ભગવાનના મંદિરમાં આવેલો કોઈ પણ મનુષ્ય, જાણીતો હોય કે અજાણ્યો હોય, પરંતુ તે અન્નાર્થી એટલે ભૂખ્યો હોય તો, શક્તિમુજબ અન્ન-જળ આપીને તેની સંભાવના કરવી. શાસ્ત્રમાં પણ અન્નદાનની ઘણી પ્રશંસા કરેલી છે, કારણ કે અન્ન-એ જ પ્રાણ છે અને તેથી અન્નદાનને પ્રાણદાન સમાન કહેલું છે. વળી તે અન્નદાન તે પાત્રની પરીક્ષા કર્યા વિના સર્વેને આપવું.

## શ્લોક : ૧૩૨

**संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।**
**प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ।। १३२ ।।**

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી, તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥ ૧૩૨ ॥

## ભાવાર્થ

શ્રીહરિ નિયુક્ત ધર્મવંશી આચાર્યોએ વિદ્યાર્થીઓને નિવાસોચિત મઠઅભ્યાસ કરવા યોગ્ય જે અભ્યાસગૃહ કરાવીને તેમાં સચ્છાસ્ત્ર જાણનાર વિદ્વાન બ્રાહ્મણને ઉચિત આજીવિકા બાંધી આપીને, પૃથ્વી પર સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી કેમ કે આંધળાને જેમ ચક્ષુનું દાન આપવાથી પુણ્ય થાય, તેમ વિદ્યાદાનથી પુણ્ય થાય છે.

## શ્લોક : ૧૩૩

**अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।**

**कृष्णमंत्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ।। १३३ ।।**

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ, શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો. ॥ ૧૩૩ ॥

## ભાવાર્થ

શ્રીહરિએ, પોતાના પદ પર સ્થાપન કરેલા ધર્મધુરંધર આચાર્યોની પત્નીઓએ, પોતાના શરણે આવી હોય તેવી સ્ત્રીઓને, પોતાના પતિની આજ્ઞાથી શ્રીહરિના મંત્રનો ઉપદેશ આપવો. કારણ કે જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞા સિવાય બીજાને ધર્મોપદેશ કરે છે, દાન કરે છે, તીર્થ કરે છે કે વ્રતો કરે છે તો, તે નિશ્ચે, નિષ્ફળ જાય છે.

શ્રુતિ, સ્મૃતિ તથા ગૃહ્યસૂત્રોમાં પતિપત્નીની એકઅંગતા, અને એક કાર્યકારકતા કહેલી છે; તેથી આચાર્યપત્ની, આચાર્યશ્રીની આજ્ઞાથી દીક્ષા આપે તે આચાર્યશ્રીએ જ દીક્ષા આપી ગણાય; જો આ મર્યાદા ન રાખી હોત તો, આચાર્યપત્નીને અન્ય પુરુષનો પ્રસંગ થતાં અને આચાર્યને

અન્ય સ્ત્રીનો પ્રસંગ થતાં, તેઓને ધર્મભ્રષ્ટતાનો પ્રસંગ પ્રાપ્ત થાત. શાસ્ત્રમર્યાદાનો વિચાર કરીને જ ધર્મદેવે પણ આ મર્યાદા પાલન કરી હતી.

## શ્લોક : ૧૩૪

**स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।**
**न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ।। १३४ ।।**

અને વળી તે બે જણની પત્નીઓ તેમણે, પોતાના સમીપસંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ અને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા.) ॥ ૧૩૪ ॥

## ભાવાર્થ

વળી તે આચાર્યપત્નીઓએ પોતાના સમીપસંબંધ વિનાના જે પુરુષો, તેમનો જાણીને સ્પર્શ કરવો નહિ તથા તેમની સાથે બોલવું નહિ, તેમજ તેમને પોતાનું મુખ ન દેખાડવું; પોતાનું મુખ ઢાંકીને વર્તવું. આચાર્યપત્નીને એમ કરવું એ જ યોગ્ય છે; નહિ તો દર્શનાદિ માટે આવેલા પુરુષના અનિવાર્ય પ્રસંગથી, આચાર્યપત્નીને પોતાના ધર્મથી પડી જવાનો ભય ઉત્પન્ન થાય છે એવો ભાવ છે. અને ધર્મકુળની અન્ય સ્ત્રીઓએ પણ પુરુષનો સ્પર્શ, કે તેની સાથે સંભાષણ વગેરે ન કરવાં.

## શ્લોક : ૧૩૫

**गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।**
**स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ।। १३५ ।।**

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ: અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ, તેમણે પોતાના સમીપસંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥ ૧૩૫ ॥

## ભાવાર્થ

શ્રીહરિના શરણને પામેલા ગૃહસ્થાશ્રમી પુરુષોએ, પોતાના 'સમીપસંબંધ વિનાની' એટલે જેના મરણથી સૂતક ન આવે તેની દૂરના સંબંધવાળી તેમ જ સંબંધ વિનાની; એવી જે 'વિધવા' કહેતાં જેમનો પતિ મૃત્યુ પામ્યો હોય તેવી વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો (સહજસ્વભાવે પણ અડકવું નહિ). તથા તેની સાથે ઉપહાસ, હાંસી-મશ્કરી વગેરે પણ ન કરવાં.

જો અજાણે વિધવા સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો, ગૃહસ્થ પુરુષે પ્રાયશ્ચિત્ત તરીકે વસ્ત્રે સહિત સ્નાન કરવું. તેવી જ રીતે વિધવા સ્ત્રીએ પણ વસ્ત્રે સહિત સ્નાન કરવું; પરંતુ જાણીબૂજીને સ્પર્શ થાય - પરસ્પર સ્પર્શ કરે તો વિધવા સ્ત્રી તેમ જ ગૃહસ્થ પુરુષ, એ બંનેએ પ્રાયશ્ચિત્ત તરીકે એકેક

ઉપવાસ કરવો. અને જો ગૃહસ્થ પુરુષે જાણીબૂજીને કામભાવથિ વિધવા સ્ત્રીનો એકાંતમાં કોઈએ ન જાણ્યો હોય તેવી રીતે, કામભાવે વર્જીત વિધવાનો સ્પર્શ કર્યો હોય તો, પુરુષે બે દિવસ લાગટ ઉપવાસ કરવા. (વિધવાએ તો પોતે કામભાવે વર્જિત હોવાથી એક ઉપવાસ કરવો.) અને જો તે સ્પર્શ લોકમાં જાણ પડ્યો હોય તો, તે સ્પર્શ કરનાર પુરુષે, પ્રાયશ્ચિત્ત તરીકે 'ચન્દ્રાયણ વ્રત' કરવું. (અને વિધવાએ તો પોતે કામભાવે વર્જિત હોવાથી બે ઉપવાસ કરવા.) તેવી રીતે વિધવા સ્ત્રી પણ જો કામભાવે પુરુષનો સ્પર્શ કરે તો ઉપરોક્ત પ્રાયશ્ચિત્ત કરવું- કરાવવું.

અને પિતા-સસરા આદિ રહિત વિધવાને, કન્યાદાન સમયે જમાઈનો સ્પર્શ તથા વિધવા પુત્રી અને પોતાના પિતા તેમને પરસ્પર પદાર્થ આપવા- લેવા આદિમાં સ્પર્શ - આવા આવશ્યક પ્રસંગમાં બીજી કોઈ ગતિ ન હોય ત્યારે સમીપ સંબંધવાળા સ્ત્રી-પુરુષોને પરસ્પર સ્પર્શ થઈ જાય તેમાં દોષ. નથી. તેમ જ વસ્તુઓ લેવી ને વેચાતી આપવી તથા જળ-અગ્નિ આદિકના ભય વગેરે પ્રસંગમાં કામભાવ વર્જિત ઇતર વિધવા સ્ત્રીના યાવત્પ્રયોજન સ્પર્શમાં ગૃહસ્થ પુરુષને દોષ નથી.

## શ્લોક : ૧૩૬

**मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु वयः स्थया ।**
**अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ।। १३६ ।।**

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત, એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ, આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું. અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥ ૧૩૬ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત ગૃહસ્થાશ્રમી પુરુષોએ યુવા અવસ્થામાં આવેલી પોતાની માતા, બહેન અને પુત્રી સાથે એકાંતમાં આપત્કાળ વિના ન રહેવું; જો આપત્કાળ આવે અને બીજે ક્યાંય જઈ શકાય તેમ ન હોય તો, દેશ તથા કાળને અનુસરીને પોતાને જેટલું પ્રયોજન હોય તેટલો જ પ્રસંગ રાખવો. વળી એકાંત ન હોય તો પણ યુવાન સ્ત્રીનું દર્શન જ શૃંગારરસનું ઉત્તેજક હોઈ વિચક્ષણ એવા ગૃહસ્થ પુરુષોએ યાવત્પ્રયોજન જ તેમની સાથે વ્યવહાર રાખવો. અને સ્ત્રીની જેમ જ સ્ત્રીલંપટ જનોનો પ્રસંગ પણ બંધનકારી છે, માટે તેવા જનોના સંગનો પણ ત્યાગ કરવો.

અને મંદ વૈરાગ્યવાળા પુરુષે સમાનજાતિની ને સારાં લક્ષણવાળી સ્ત્રીનું 'પાણિગ્રહણ' કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ

કરવો અને સ્ત્રી સાથે 'પાણિગ્રહણ' કર્યા પછી પણ, કામાસક્તિથી મનસ્વીપણે ક્યારેય વિષયભોગમાં પ્રવર્તવું નહિ; પરંતુ પરમાત્માએ બાંધેલી શાસ્ત્રમર્યાદાનું પાલન કરવું. અને ફકત ઋતુકાળમાં જ સ્ત્રીસમાગમ કરવો. તે ઋતુકાળ, ઋતુપ્રાપ્તિદિવસ થકી સોળ રાત્રિરૂપ માન્યો છે. તેમાં પણ 'યુગ્મ' (બેકી) રાત્રિઓ, પુત્રાર્થી માટે શ્રેષ્ઠ કહી છે અને 'અયુગ્મ' (એકી) રાત્રિઓ કન્યાર્થી માટે શ્રેષ્ઠ માની છે. તે યુગ્મ - અયુગ્મ રાત્રિઓમાં પણ, ઉત્તરોત્તર, આગળ-આગળ વર્તતી રાત્રિઓ શ્રેષ્ઠ છે. વળી ઋતુદર્શનરાત્રિ થકી આરંભી, સોળ રાત્રિ માંહેલી પ્રથમની ચાર રાત્રિઓ, શ્રાદ્ધદિન તથા શ્રાદ્ધદિનની પહેલાંનો દિવસ, અમાવાસ્યા, પૂર્ણિમા - આદિ સર્વ પર્વો, દશમી, દ્વાદશી, વ્રતદિન, સંક્રાન્તિ - આ સર્વ તિથિઓ સ્ત્રીસંગમાં વર્જ્ય છે. અને દિવસે સ્ત્રીસંગ તો સદા વર્જ્ય જ છે.

વળી તે ગૃહસ્થાશ્રમી તેમણે પોતાની સ્ત્રીનું દાન કોઈને કરવું નહિ; એટલે પોતાની પત્ની કોઈને દાનમાં આપવી નહિ; કેમ કે તેમાં પત્નીના પતિવ્રતાપણાનો ભંગ થવાથી પતિને મોટું પાપ લાગે છે, તેથી પોતાની સ્ત્રીનું દાન ક્યારેય ન કરવું.

અને જેમ નિદ્રામાં દેખાયેલ સ્વપ્નસૃષ્ટિના તથા તેના ભોગ તે જાગ્રત અવસ્થામાં નાશ પામેલા જણાય છે, તેમ સ્ત્રીપુત્રાદિક સર્વે પોતાના શરીરની સાથે નાશ પામે છે; અર્થાત્, જીવાત્માની સાથે જતાં નથી, માટે સ્ત્રી-પુત્રાદિક પણ

સ્વપ્નસૃષ્ટિ તુલ્ય મિથ્યા માની તેમાં બંધાવું નહિ ને શ્રીહરિની સેવામાં પોતાનાં સ્ત્રી, પુત્ર તથા આશ્રિતોને જોડી દઈને, પોતે શ્રીહરિની સેવા મન, વાણી અને દેહથી કરવી.

## શ્લોક : ૧૩૭

**प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।**
**भवेत्तस्याः स्त्रीयाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ।। १३७ ।।**

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ, તે કોઈ પ્રકારે પણ ન કરવો. ।। ૧૩૭ ।।

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : જે સ્ત્રીને 'રાજાનો પ્રસંગ હોય' એટલે કે રાજાનું 'અંતઃપુર' જે રાણી નિવાસસ્થાન તેમાં જવું - એ વગેરેનો સંબંધ હોય તેવી સ્ત્રીનો પ્રસંગ ન કરવો; અર્થાત્ તેવી સ્ત્રીની સમીપે રહેવાનો કે સંભાષણનો સંબંધ કોઈ પણ પ્રકારે આપત્કાળમાં પણ રાખવો નહિ, કારણ કે તેવા પ્રસંગથી પ્રતિષ્ઠાહાનિ વગેરે ઘણા અનર્થ થવાની સંભાવના રહેલી છે.

## શ્લોક : ૧૩૮

**अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।**
**दैवं पैत्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ।। १३८ ।।**

અને તે ગૃહસ્થાશ્રમી તેમણે. પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો. અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે, પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥ ૧૩૮ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત ગૃહસ્થોએ પોતાને ઘેર આવેલા 'અતિથિ' એટલે જેને, ગૃહસ્થને ઘેર આવવામાં કોઈ તિથિ નક્કી નથી તેનું નામ અતિથિ. નક્કી કરેલ તિથિએ, ગૃહસ્થને ઘેર આવનાર 'અભ્યાગત' કહેવાય છે. માર્ગે ચાલનાર, જેની વૃત્તિ દુર્બળ થઈ ગઈ હોય તે; વિદ્યાર્થી, ગુરુપોષક, યતિ અને બ્રહ્મચારી-એ છ ધર્મભિક્ષુકો, અર્થાત્ અતિથિઓ જાણવા. તેમને શક્તિ પ્રમાણે અન્નજળાદિથી અભિવાદનપૂર્વક સંતોષ પમાડવો. શત્રુ હોય તેમ છતાં જો તે, પોતાને ઘેર અતિથિ થઈને આવ્યો હોય તો તેનું પણ પૂજન કરવું. અતિથિપૂજન તે શ્રીહરિના પૂજન તુલ્ય છે.

અને તે ગૃહસ્થાશ્રમી તેમણે દેવસંબંધી વૈશ્વદેવાદિ કર્મ કરવાં.

તેમ જ પિતૃકર્મ જે શ્રાદ્ધાદિ કર્મ તે પણ યથાશક્તિ તથા યથોચિત કરવાં.

શ્રીજીમહારાજે આ શ્લોકમાં હોમાદિક દેવકર્મ તથા શ્રાદ્ધાદિક પિતૃકર્મ કરવાનું કહ્યું તે યથાશક્તિ છે; કેમ કે વર્ણાશ્રમધર્મ જો શ્રીહરિની આજ્ઞાથી એમની પ્રસન્નતાર્થે પાળવામાં આવે તો, એ ભાગવતધર્મ જ છે. માટે ભાગવતધર્મને આશર્યા હોય તેમણે તો, એનાં એ વર્ણાશ્રમસંબંધી શુભ કર્મ, ભગવાનની આજ્ઞાથી ભગવાનની પ્રસન્નતાને અર્થે કરવાં.

## શ્લોક : ૧૩૯

**यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।**

**रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।। १३९ ।।**

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા, પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા, તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥ ૧૩૯ ॥

## ભાવાર્થ

સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ગૃહસ્થોએ પોતાને જન્મ આપનાર માતાની અગર સાવકીમાતાની; જન્મ આપનાર પિતાની અને પોતાને અધ્યાત્મ જ્ઞાન આપનાર ગુરુની સેવા જીવનના અંત સુધી, શક્તિ પ્રમાણે કરવી. બાળકને ગર્ભમાં ધારણ કર્યા પછી માતાપિતા જે તકલીફ સહન કરે છે તેનો બદલો તો, સેંકડો વર્ષે પણ વાળી શકાય તેમ નથી. માટે તેમનું તથા જ્ઞાનપ્રદાતા ગુરુનું સર્વદા પ્રિય કરવું. એ ત્રણેને જે રાજી કરે તેણે તપમાત્રનું આચરણ કર્યું છે એમ જાણવું. એ ત્રણેની સેવા - એ જ મોટું તપ કહેલું છે.

વળી શ્રીહરિના આશ્રિતોએ રોગથી પીડાતા એવા મનુષ્યની પણ યથાશક્તિ સેવા કરવી. 'રોગ' શબ્દમાં હથિયારના ઘાની વેદનાથી પીડાતો હોય તેનો પણ સમાવેશ થાય છે.

## શ્લોક : ૧૪૦

**यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।**
**मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ।। १४० ।।**

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ।। ૧૪૦ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિતોએ પોતાના વર્ણ જે બ્રાહ્મણાદિ ને આશ્રમ એટલે અહીં એક ગૃહસ્થાશ્રમ જ, તેને અનુરૂપ 'ઉદ્યમ' જે પોતપોતાની વૃત્તિને અનુસરીને ધન કમાવું તે, યથાશક્તિ કરવો. યથાશક્તિ એટલે પોતાના સામર્થ્યમુજબ ઉદ્યમ કરવો, પણ પોતાથી અધિક કે ઓછા બળવાળાનો વાદ ન લેવો. નિરુદ્યમી રહેવાથી, અર્થપ્રાપ્તિ ન થતાં મહાસંકટ આવી પડે અને લોકોમાં હાંસીપાત્ર થવાનો તથા માનભંગ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, ને છેવટે મૂંઝાઈને આપઘાત કરવા સુધીનો અનર્થપ્રસંગ ઉપસ્થિત થવા પામે. વિવેકબુદ્ધિવાળા પંડિતો, ન પ્રાપ્ત થઈ શકે એવી દુર્લભ વસ્તુની ઇચ્છા કરતા નથી, ખોવાઈ ગયેલી વસ્તુનો શોક કરતા નથી અને આપત્તિકાળમાં પણ મૂંઝાતા નથી. વળી મનુષ્ય જેમ જેમ ધન મેળવે છે, તેમ

તેમ તેનો દ્રવ્યલોભ વધતો જાય છે. માટે તૃષ્ણાનો ત્યાગ કરી, ઘટિત હોય તેટલો જ ઉદ્યમ કરવો.

અહીં જે 'ઉદ્યમ' શબ્દ છે તે માત્ર વ્યાવહારિક ઐહિક સુખ માટેનો છે - એમ ન સમજવું; પરંતુ દેહ પડ્યા પછી, પરલોકમાં પોતાના જીવાત્માનું શ્રેય થાય એવો ઉદ્યમ પણ કરવો.

આખો દિવસ એવું કામ કરવું કે જેથી રાત્રે સુખેથી ઉંઘ આવે, તેમ જ સંકલ્પરહિત ધ્યાનભજન થઈ શકે. આઠ મહિના એવું કામ કરવું કે ચોમાસાના ચાર મહિનામાં ધ્યાન, ભજન, સત્સંગ વગેરે, પોતાના આત્માના શ્રેયનું કાર્ય સુખેથી કરી શકાય. વળી પૂર્વ અવસ્થામાં એવું કામ કરવું કે વૃદ્ધાવસ્થા સુખમાં જાય. અને જીવતાં સુધી એવું કામ કરવું કે મરીને સુખી રહેવાય; અર્થાત્, પરમાત્માના સુખે સુખી થવાય.

અને શ્રીહરિના જે આશ્રિતો ખેતીથી પોતાનો નિર્વાહ કરતા હોય તેમણે આખલાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. કારણ કે જે પુરુષ બળદિયાના વૃષણનો ઉચ્છેદ કરે છે અથવા બીજા પાસે કરાવે છે, તે પુરુષના વંશનો નિશ્ચે વિનાશ થાય છે. માટે હીન અંગવાળો જે ખોડો-લૂલો, થોડા બળવાળો, થાક ગયેલો, રોગાતુર, ક્ષુધાતુર, દુર્બળ શરીરવાળો, વૃદ્ધ અને અંધ-એવા બળદને ખેતીમાં જોડવો નહિ. પણ દૃઢ અંગવાળો, રોગરહિત, ઘાસ-જળાદિકથી તૃપ્તિને પામેલો, વૃષણોચ્છેદે વર્જીત, નપુંસક નહિ તેવો, પુષ્ટ અવયવવાળો, બલિષ્ઠ અને યુવાનીના મદવડે મત્ત-એવા વૃષભને ખેતીમાં જોડવો.

## શ્લોક : ૧૪૧

**यथाशक्ति यथाकालं संग्रहोऽन्नधनस्य तैः ।**

**यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ।। १४१ ।।**

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે, સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા અન્નદ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય- એવા જે ગૃહસ્થ, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર-પૂળાનો સંગ્રહ કરવો. ।। ૧૪૧ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત ગૃહસ્થોએ પોતાના કુટુંબ પરિવારનું પાલનપોષણ કરવામાં દર વર્ષે જેટલી વપરાશ હોય તે પ્રમાણે ડાંગર આદિ અન્ન અને 'ધન' - રૂપિયા વગેરે તેનો સંગ્રહ પોતાના સામર્થ્યને અનુસરીને, યોગ્ય સમયે જ; અર્થાત્ જે સમયે જે અન્ન ખળામાં વેચાતું હોય તે વખતે જ, તે અન્નનો સંગ્રહ કરવો; નહિતર પાછળથી અન્ન મોઘું થવાથી દ્રવ્યનો વધારે વ્યય થવાનો સંભવ રહે છે. એ જ પ્રકારે યોગ્ય ખર્ચ કરતાં બાકી રહે તેવા, ધર્મથી પ્રાપ્ત થયેલ દ્રવ્યનો સંગ્રહ કરી રાખવો. અને જેમને ઘેર પશુઓ હોય તેમણે, ઘાસનો - ચારપુળાનો સંગ્રહ કરવો. તે પણ જ્યારે સસ્તું વેચાતું હોય, ત્યારે લઈ લેવું.

વળી શ્રીહરિ એમ પણ કહે છે કે આ જે સંગ્રહ કરવો તેમાં અતિલોભ કયારેય ન કરવો.

## શ્લોક : ૧૪૨

**गवादीनां पशुनां च तृणतोयादिभिर्यदि ।**

**सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ।। १४२ ।।**

અને ગાય, બળદ, ભેંશ, ઘોડા આદિક જે પશુ, તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય, તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. ॥ ૧૪૨ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત ગૃહસ્થોએ ગાય, ઘોડો, ભેંશ, એ આદિ પશુઓની ઘાસ-પાણી વગેરેથી દરરોજ, સમય-સમય પ્રમાણે જો, પોતાથી સંભાવના થાય તો જ તે પશુઓ પોતાને ઘેર રાખવાં; જો એની સંભાવના ન થાય તો પોતાને ઘેર રાખવાં નહિ; પરંતુ જે સારી રીતે પાલન કરી શકે એમ હોય તેને આપી દેવાં. કારણ કે, ભૂખ-તરસ, તીવ્ર દંશ તથા વિષમસ્થાનથી પીડાતાં એવાં પશુઓના નિસાસાથી, સર્વે સમૃદ્ધિ નાશ પામે છે.

## શ્લોક : ૧૪૩

**ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।**

**भुवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ।। १४३ ।।**

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો, પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ, પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે, ક્યારેય ન કરવો. ।। ૧૪૩ ।।

## ભાવાર્થ

સાક્ષીનું કર્મ તેને સાક્ષ્ય - સાખ કહેવાય. તે સહિત-લખી આપનાર તથા લખી લેનારની હાજરીમાં 'લેખ' જે પરસ્પર સહી - દસ્કતે યુક્ત, તેમ જ સાક્ષીઓનું સહીવાળું લખાણ તે કર્યા વિના 'પુત્ર તથા મિત્રાદિ' કહેતાં પુત્ર, મિત્ર તથા બીજાં સગાંસંબંધીઓની સાથે પણ ખેતર તથા ઘર વગેરે જમીન તથા રૂપિયા-દાગીના વગેરે દ્રવ્ય; તે આપવું, લેવું ઇત્યાદિ કોઈ પણ જાતનો વ્યવહાર ન કરવો. અને તે સાક્ષી, તપસ્વી, દાન આપવાના સ્વભાવવાળા, કુલીન, સત્યવાદી, ધર્મ જેને મુખ્ય હોય એવા, સરળ સ્વભાવવાળા, પુત્રવાળા, ધનવાળા, ત્રણથી ઓછા, શ્રોત તથા સ્માર્ત કર્મપરાયણ, જેની સાક્ષી પુરવાની હોય તેની જાતિના તેમ જ વર્ણના હોવા જોઈએ. અને તે લેવડ-દેવડનું લખાણ કરવામાં બુદ્ધિમાન, બોલવામાં ચતુર, ધીર, જલદી લખનારો, સ્ફૂટ અક્ષરવાળો તથા રાજનીતિમાં પ્રવીણ - એવા ગુણવાળો લેખક હોવો જોઈએ.

## શ્લોક : ૧૪૪

**कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्प्यधनस्य तु ।**
**भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ।। १४४ ।।**

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ।। ૧૪૪ ।।

## ભાવાર્થ

વળી પોતાનું અને બીજાનું વિવાહસંબંધી જે કાર્ય, તેમાં આપવાનું જે ધન વગેરે - સંબંધમાં; સાક્ષીએ સહિત લખત કર્યા વિના, શ્રીહરિના આશ્રિતોએ વ્યવહાર ન કરવો; નહિતર પરસ્પર મોટો કલેશ થવાનો સંભવ રહે છે.

## શ્લોક : ૧૪૫

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।

अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ।। १४५ ।।

અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો; અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે-એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું. ।। ૧૪૫ ।।

## ભાવાર્થ

અને તે ગૃહસ્થોએ પોતાને દ્રવ્યની જેટલી આવક હોય તે પ્રમાણે ખર્ચ કરવું, પરંતુ જરૂરી હોય તેથી અલ્પ વ્યય કરી, કંજુસાઈ ન કરવી, તેમ જ અતિ વ્યય કરીને દેવું થઈ જાય તેમ પણ કરવું નહિ. કારણ કે તે દેવું પાછું ન આપી શકાય તો લેણદાર જે ઉપદ્રવ કરે તે સહન થઈ શકતો નથી. એટલે ગૃહસ્થોએ પોતાની આવક કરતાં થોડો ઓછો ખર્ચ કરવો.

## શ્લોક : ૧૪૬

**द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके ।**

**तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ।। १४६ ।।**

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય, તથા જેટલો ખરચ હોય, તે બેયને સંભારીને નિત્યપ્રત્યે, રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ।। ૧૪૬ ।।

## ભાવાર્થ

વળી ગૃહસ્થોએ પોતાનાં સઘળાં વહેવારનાં કાર્યોમાં જે રૂપિયા વગેરે ધન તેનું જેટલા પ્રમાણમાં ઉપજ અને ખર્ચ હોય તેનું રોજેરોજનું સારા અક્ષરે નામું પોતાનાં હાથે જ લખવું, કારણ કે બીજાની પાસે લખાવવાથી ધૂતારાઓ ઠગી જવાનો ભય રહે છે.

અહીં જેમ વ્યવહારમાં આવકજાવકનું નામું રાખવાનું કહ્યું, તેમ મોક્ષમાર્ગમાં પણ નામું રાખવું; એટલે જ્ઞાન-ભક્તિ આદિકનો સરવાળો વિચાર્યા કરવો. તે શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે : 'જે સત્સંગી હોય તેણે, જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું, ને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી - એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા

કરવો.' આવી રીતે વિચારવાથી પોતાના દોષોની તથા કાચપની ખબર પડે છે ને વિવેકપૂર્વક તે દૂર કરવાથી ઝડપી પ્રગતિ થાય છે.

## શ્લોક : ૧૪૭

**निजवृत्युद्यमप्राप्त धनधान्यादितश्च तैः ।**
**अर्प्यो दशांश कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ।। १४७ ।।**

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉધમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કરવો; અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો. ।। ૧૪૭ ।।

## ભાવાર્થ

જેનાથી જીવન નિર્વાહ ચાલે તેવી ગરાસની જમીન વગેરે તથા યજનાદિ જીવિકાવૃત્તિ તથા પોતપોતાના ધર્મ પ્રમાણે વિશેષ ધન મેળવવા માટે કરેલ વ્યાપારાદિ; તેમાંથી જે ધન-ધાન્ય આદિ મળે તેમાંથી દશમો ભાગ પોતાના ઇષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુનાં મંદિર પ્રત્યે જઈને અર્પણ કરવો. અને આ લોકમાં જેમની સ્થિતિ દુર્બળ હોય; એટલે કે જેમની ઊપજ થોડી અને અનિવાર્ય ખર્ચ વધારે હોય તેવા મનુષ્યોએ વીશમો ભાગ અર્પણ કરવો; જો આ પ્રમાણે અર્પણ ન કરે તો દ્રવ્યની શુદ્ધિ ન થાય. માટે જો ચોખ્ખો ધર્માદો આપવામાં ન આવે તો, ધર્માદો કાઢ્યા વગરના અપવિત્ર દ્રવ્યના સેવનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિની જાડ્યતા, ભક્તિ, ધર્મ અને જ્ઞાનનો નાશ કરી નાખે છે. અને તેથી પ્રારબ્ધાદિજન્ય દુઃખની

નિવૃત્તિ થતી નથી.

જેમ ધન-ધાન્યાદિકમાંથી ધર્માદો કાઢવાની આજ્ઞા છે, તેમ પોતાના વ્યાવહારિક કાર્યોમાંથી સમય કાઢી તેનો ઉપયોગ સતપુરુષના જોગ-સમાગમ-સેવા, ધ્યાન-ભજન, કથા-વાર્તા, માળા-માનસીપૂજા, સેવા કાર્યો વગેરે પ્રભુસન્નતાના સાધન માટે પણ કરવો જોઈએ. આ ઉત્તમ પ્રકારનો ધર્માદો છે.

## શ્લોક : ૧૪૮

**एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।**

**उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ।। १४८ ।।**

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે, પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું; તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળને આપનારું છે. ॥ ૧૪૮ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : જેમાં એકાદશી મુખ્ય છે એવાં વ્રતોનું ઉદ્યાપન પોતે ઇચ્છેલા ફળને આપનારું છે. તે ઉદ્યાપન કરવામાં ગાય-સુવર્ણ વગેરેનું દાન, હોમ, બ્રહ્મભોજન તથા સાધુભોજન તેણે સહિત પોતાના ઇષ્ટદેવની મહાપૂજા કરવી. તે મહાપૂજા વગેરે ઉદ્યાપનનો વિધિ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવો. જો એ પ્રમાણે ઉદ્યાપન ન કરે તો તે - તે વ્રતના સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થતી નથી.

## શ્લોક : ૧૪૯

**कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।**

**बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ।। १४९ ।।**

અને શ્રાવણ માસને વિષે, શ્રીમહાદેવનું પૂજન જે તે, બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વપ્રકારે પોતે કરવું; અથવા બીજા પાસે કરાવવું. ॥ ૧૪૯ ॥

## ભાવાર્થ

શ્રીહરિએ આ પૃથ્વી પર પ્રગટ થઈ આત્યંતિક મોક્ષની અખંડ સરવાણી વહેતી કરી. અનેક જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવાને માટે શ્રીહરિ પોતાના અનેક મુક્તોનું પૃથ્વી પર અવતરણ કરાવે છે. માટે શ્રીહરિના કોઈ ને કોઈ પરમ એકાંતિક કે અનાદિમુક્ત આ અવનિ પર શ્રીહરિએ શરૂ કરેલ આત્યંતિક મોક્ષનું સદાવ્રત ચાલુ રાખવા વિચરણ કરતા હોય છે. આવા જે માયાથી મુક્ત ને શ્રીહરિના સંબંધને પામેલા હોય તેમને 'શિવ' કહેવાય છે. (આ શિવનો પ્રત્યક્ષાર્થ છે. પરોક્ષાર્થમાં તો શિવ એટલે મહાદેવજી કહેવાય છે.)

આવા જે 'શિવ' એટલે શ્રીહરિના એકાત્મ્યને પામેલા એવા મહાસમર્થ મુક્તો, તે ઓળખાય ને તેમનો જોગ પ્રાપ્ત થાય તે સમય શ્રાવણ માસ જાણવો. ને એવા મુક્તોની મન-કર્મ-વચને તથા અન્ન-વસ્ત્ર, ફળફળાદિ ઇત્યાદિકથી સેવા કરવી તે તેમનું

બિલ્વપત્ર વડે પૂજન કર્યું જાણવું.

આમ શ્રીહરિજીના સંકલ્પથી અનંત જીવોનું કલ્યાણ કરવાને અર્થે મનુષ્ય દેહ ધારણ કરી પૃથ્વી પર દર્શન દેતા એવા મહાઅનાદિ મુક્તોને ઓળખીને તેમનો જોગ-સમાગમ કરવો. અને તેમની અન્ન-વસ્ત્રાદિકે કરીને સેવા કરી તેમનો રાજીપો મેળવવો. એવા મુક્તો પૃથ્વી પર પ્રત્યક્ષ ન હોય ત્યારે તેમને શ્રીજીમહારાજ સાથે દિવ્યભાવે સંભારી માનસીપૂજા દ્વારા સેવા તથા તેમણે કરેલા આદેશ અનુસાર સેવા કાર્યો કરવા - આ શિવપૂજાનો પ્રત્યક્ષાર્થ છે.

## શ્લોક : ૧૫૦

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात ।
ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूपांशुकादि च ।। १५० ।।

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું. અને વળી તે પોતાના આચાર્યથકી અને શ્રીકૃષ્ણના મંદિરથકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. ।। ૧૫૦ ।।

## ભાવાર્થ

વળી ગૃહસ્થોએ પોતાના વ્યવહાર એટલે વિવાહ આદિ કાર્યને માટે ધાતુનાં વાસણો, ઘરેણાં, વસ્ત્રો તેમ જ વાહન ઇત્યાદિ કોઈ પણ વસ્તુ પોતાના ગુરુ અથવા પોતાના ઇષ્ટદેવ જે શ્રીજીમહારાજ તેમના મંદિરથકી (પાછું દેવાની શરતે પણ) ન લેવું; કારણ કે એવી રીતે લેવાથી પણ તેમનું દેવું કર્યા બરાબર થાય છે.

ગૃહસ્થોએ દેવતા, ગુરુ, બ્રાહ્મણો તથા તપસ્વી પાસેથી વસ્ત્ર, પાત્ર, ધન, અન્ન વગેરે કાંઈ પોતાને માટે માગી લાવવાં નહિ; પરંતુ જો સેવાના બદલામાં એ વસ્તુઓ આપવામાં આવે તો તેનો દોષ લાગતો નથી. તેમ જ તેમણે આગ્રહ કરીને માગ્યા સિવાય પ્રસન્ન થઈને આપ્યું હોય તો તે લેવામાં દોષ નથી.

## શ્લોક : ૧૫૧

**श्रीकृष्णगुरुसाधुनां दर्शनार्थं गतौ पथि ।**

**तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ।। १५१ ।।**

અને શ્રીકૃષ્ણભગવાન, તથા પોતાના ગુરુ, તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયેસતે, માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ; તથા શ્રીકૃષ્ણભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ; કેમ જે, તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરિ લે એવું છે; માટે પોતાની ગાંઠનું ખર્ચ ખાવું. ॥ ૧૫૧ ॥

## ભાવાર્થ

પૂર્ણ પુરુપોત્તમ શ્રીહરિકૃષ્ણ ભગવાન, પોતાના ગુરુ જે ભગવદ્‌જ્ઞાન આપી શ્રીહરિ સાથે સંબંધ કરાવે છે તે, સાધુ એટલે ત્યાગધર્મમાં પ્રવર્તેલા એવા બ્રહ્મચારી તથા સાધુ; તેમ જ સાધુગુણ-સંપન્ન સત્સંગી હરિભક્તો-તેમનાં દર્શન માટે જતી વખતે માર્ગમાં તેમ જ તેમના સ્થાનમાં એટલે સ્વેષ્ટદેવ ભગવન્મંદિર વગેરે સ્થળે, પારકું અન્ન ન લેવું; કેમ કે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું કહેલું છે. જેનું અન્ન ખાઈને પુરુષ તીર્થક્ષેત્ર, વ્રતો, યજ્ઞ, જપ તથા તપ કરે છે તો, તે જેનું અન્ન હોય તેને જ એનું ફળ મળે છે.

## શ્લોક : ૧૫૨

**प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत्कर्मकारिणे ।**

**न गोप्यमृणशुंद्धयादि व्यवहार्यं न दुर्जनैः ।। १५२ ।।**

અને પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર, તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું; પણ તેમાંથી ઓછું ન આપવું. અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી. તથા પોતાનો વંશ તથા કન્યાદાન તેપણ છાનું ન રાખવું. અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. ।। ૧૫૨ ।।

## ભાવાર્થ

આટલા મૂલ્યમાં આટલું કામ કરીશ - એ પ્રમાણે નક્કી કરીને કામ કરનારાઓને 'કર્મકારી' કહેવાય છે; તેવા કર્મકારીને કામ સોંપવામાં પ્રથમથી તે કામના બદલામાં જેટલું ધન અથવા ધાન્ય આપવાનું કહેલું હોય, તેટલું ધન અથવા ધાન્ય આપવું પણ તેથી ઓછું ન આપવું, કારણ કે, ઓછું આપવાથી તેનું અંતઃકરણ કલેશવાળું થતાં, તેના સંતાપરૂપ અગ્નિથી પોતાના સર્વસ્વનો નાશ થઈ જાય છે.

વળી શ્રીહરિના આશ્રિત ગૃહસ્થોએ કોઈ ધનવાનની પાસેથી લીધેલા ધનની 'શુદ્ધિ' એટલે કે દેવું પાછું આપી દીધું હોય તે

બાબતને - ખાતું ભરપાયા કર્યા વગેરેની વાતને ગુપ્ત ન રાખવી. તેમ જ પોતાનો વંશ તથા કન્યાદાન પણ છુપાવવાં નહિ. અને પ્રાયશ્ચિત્ત કરી નાખ્યું હોય તે, વેચાતું આપ્યું હોય તે, ખરીદ કર્યું હોય તે અને ગુણનો ઉત્કર્ષ - આટલાં વાનાં કોઈએ ક્યારેય છુપાવવાં નહિ; જ્યારે ગુપ્ત પાપ તથા લોકમાં જેની જાણ ન થઈ હોવાથી લોકનિંદાનો વિષય ન પામ્યું હોય - એવું અનિંદિત પાપકર્મ આ બે વાનાં તો સાચા સત્પુરુષ આગળ જ પ્રકાશ કરવાં.

અને તે ગૃહસ્થોએ પાપીઓની સાથે, ભગવાનથી વિમુખ એવા મનુષ્યો સાથે, દાંભિકો સાથે, ખળ પુરુષો સાથે, તેમ જ ક્ષણિક બુદ્ધિવાળાઓ સાથે વ્યવહાર ન કરવો; પરંતુ સત્પુરુષની સાથે જ વ્યવહાર કરવો.

## શ્લોક : ૧૫૩-૧૫૪

**दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।**

**लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ।। १५३ ।।**

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ - ભૂંડો કાળ, અથવા શત્રુ, અથવા રાજા-તેમના ઉપદ્રવે કરીને સર્વપ્રકારે પોતાની લાજ જતી હોય, કે ધનનો નાશ થતો હોય, કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. ॥ ૧૫૩ ॥

**मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।**

**त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ।। १५४ ।।**

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તોપણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ, તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ, તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ॥ ૧૫૪ ॥

## ભાવાર્થ

દુકાળ આદિ કુદરતી આપત્તિના ઉપદ્રવથી અથવા પોતાના શત્રુઓના ઉપદ્રવથી અથવા તો રાજા જે ગામના અધિપતિના ઉપદ્રવથી - જે દેશમાં સર્વે પ્રકારે પોતાની લજ્જા, પોતાનું ધન તથા પ્રાણ તેનો નાશ થવાનો સમય આવ્યો હોય ત્યારે પોતાનું વંશપરંપરાનું-બાપદાદાનું સ્થાન હોય, તોપણ શ્રીહરિના

આશ્રિત એવા ગૃહસ્થાશ્રમીઓએ તેનો તત્કાળ ત્યાગ કરવો, પણ ત્યાં પડી રહેવું નહિ. વળી અધર્મી જનો જે સ્થળે રહેતા હોય એવા અધાર્મિક ગામમાં, તથા રોગગ્રસ્ત વિસ્તારવાળા ગામમાં ન રહેવું; પણ બીજા દેશમાં જઈને જેવી રીતે સુખ થાય તે રીતે રહેવું. અને ત્યાં પણ ઉપદ્રવ હોય તો, તે દેશનો પણ ત્યાગ કરવો. સારી રીતે રહી, જ્યાં પ્રભુ પરાયણ જીવન જીવી શકાય તેનું નામ 'દેશ' કહેવાય.

## શ્લોક : ૧૫૫

**आढयैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।**

**तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ।।। १५५ ।।**

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે, હિંસાએ રહિત એવા જે વિષ્ણુસંબંધી યજ્ઞ તે કરવા. તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે, બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥ ૧૫૫ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત એવા ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્તોએ જેમાં પ્રાણીની હિંસા ન હોય - ન થાય એવા પોતાના ઇષ્ટદેવના સંબંધવાળા વૈષ્ણવયજ્ઞો કરવા. અને 'તિર્થ' એટલે શ્રીહરિ તથા તેમના મહાસમર્થ મુક્તોના સ્પર્શથી પાવન થયેલ સ્થળોએ પૂર્ણિમા, અમાવાસ્યા, સંક્રાંતિ, વ્યતિપાત, શ્રીહરિની 'અંતર્ધાન તિથિ' - જેઠ સુદ દશમ, તથા તેમના પ્રાદુર્ભાવનો ઉત્તર દિવસ-ચૈત્ર સુદ દશમ- વગેરે પર્વના દિવસોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત એવા બ્રાહ્મણો, ત્યાગી સંત-બ્રહ્મચારી તથા પાર્ષદો, તેમ જ શ્રીહરિને વિષે અનન્ય નિષ્ઠાવાળાં એવાં સાંખ્યયોગી બાઈઓ તેમને નાનાપ્રકારનાં ભોજન-પદાર્થોથી સંતોષવા. યજ્ઞ કરવાં પણ પ્રભુના સંતોને જમાડવામાં ભગવાનની વિશેષ પ્રીતિ થવાનો હેતુ છે. તે

શ્રીહરિએ જે. ૪ વચનામૃતમાં કહ્યું છે : 'તમે જેવા ધર્મનિયમે યુક્ત જે સંત તેની તો વાત જ નોખી છે... તમને કોઈક ભાવે કરીને જમાડે તેને કોટી યજ્ઞનું પુણ્ય થાય ને અંતે મોક્ષને પામે છે.'

અને તે ધનાઢ્ય એવા ગૃહસ્થોએ, સાધુ અને વિપ્રોનું ક્યારેય પણ અપમાન કરવું નહિ ને સાધુ આગળ નિરંતર નિષ્કપટપણે વર્તવું. વળી તે ધનાઢ્ય ગૃહસ્થોએ પોતાના ઇષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનાં મનોહર અને સુદૃઢ એવાં મંદિર કરાવવાં. અને તેમાં સ્થાપન કરેલ શ્રીહરિની મૂર્તિના અખંડિત પૂજાપ્રવાહ માટે, વૃત્તિ બાંધી આપવી. વળી મંદિરની ચોમેર, યાત્રાળુ એવા સંત-હરિભક્તના નિવાસને યોગ્ય, ઊંચા કોટ-કિલ્લાથી સુરક્ષિત એવી મનોહર ધર્મશાળા કરાવવી. તેમ જ મંદિરના સમીપ પ્રદેશમાં, ફળ-પુષ્પપ્રધાન વૃક્ષોવાળો બગીચો કરાવવો. અને મધુર નિર્મળ અખૂટ જળવાળી રમણીય પગથિયાંવાળી વાવ કરાવવી. જેઓ સહજાનંદ સ્વામીનું અતિદૃઢ અત્યુત્તમ રમ્ય મંદિર નિષ્કામભાવથી કરાવે છે તે નિશ્ચે મોક્ષને પામે છે.

## શ્લોક : ૧૫૬

**महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।**

**देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ।। १५६ ।।**

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે, ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા, તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ।। ૧૫૬ ।।

## ભાવાર્થ

વળી ધનાઢ્ય એવા ગૃહસ્થોએ એકાદશી, હરિજયંતી વગેરે દિવસોએ, શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની પૂજા, ભગવાનના ભક્તનું પૂજન, ગીત, વાદિત્ર, મહાઅભિષેક તથા મહાનૈવેદ્ય વગેરે કરવાપૂર્વક ઉત્સવ કરવા. તથા સુપાત્ર બ્રાહ્મણો તેમને નાના પ્રકારનાં દાન દેવાં ઉદ્ધવસંપ્રદાયની દીક્ષાને પામેલા, શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાણીરૂપી મૂર્તિ જે શિક્ષાપત્રી - તેમાં કહેલ ધર્મનું ઉલ્લંઘન નહિ કરનારા, શ્રીજીમહારાજે સ્થાપેલ ધોરણની મર્યાદાને અનુસરનારા, વચનામૃતમાં કહ્યા પ્રમાણે સ્વામી- સેવકભાવે વર્તનારા, તેમ જ અક્ષરાદિક તથા મૂળપુરુષાદિક સર્વ અવતારોના અવતારી, એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્વરૂપનિષ્ઠાની અચળ દૃઢતાવાળા, માન-અપમાન સહન કરનારા, તપાદિકે યુક્ત ને દ્રવ્યાદિકના લોભે રહિત હોય - એવાને જ દાન દેવામાં ઉત્તમ

પાત્ર જાણવા. સુપાત્ર, મિત્ર, વિનયવાન, દીન, અનાથ, ઉપકાર કરનાર, માતા, પિતા તથા ગુરુ - એ નવને આપેલું દાન અક્ષય થાય છે. જ્યારે ભાટ, ચારણ, ચોર, કુવૈદ્ય, હરામખોર, ધૂતારો, શઠ, મલ્લ અને બંદીજનો - આ નવને આપેલું દાન નિષ્ફળ જાય છે.

અન્ન અને વસ્ત્રના દાનમાં પાત્રનો વિચાર ન કરવો; જે ભૂખ્યો હોય તે અન્નનું પાત્ર છે અને વસ્ત્ર વિનાનો હોય તે વસ્ત્રનું પાત્ર છે. પણ આ સિવાય બીજી વસ્તુઓનું અપાત્રને દાન અપાય તો, તે દાન તામસ થઈ જાય છે.

અને દાન કરવું તે કુટુંબ-પરિવારના જીવનનિર્વાહ સામી દૃષ્ટિ રાખીને દાન કરવું. તેમ જ, એકને આપવાની પ્રતિજ્ઞા કરેલી વસ્તુ, બીજાને દાનમાં આપવી નહિ.

## શ્લોક : ૧૫૭

**मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।**

**प्रजाःस्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ।। १५७ ।।**

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા, તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥ ૧૫૭ ॥

## ભાવાર્થ

'રાજા' એટલે, જેમને પટ્ટાભિષેક વગેરે થયાં હોય એવા શ્રીહરિના આશ્રિત જે ક્ષત્રિય વગેરે. તેમણે ધર્મશાસ્ત્ર જે સત્સંગિજીવન તેમાં કહેલી રાજનીતિને અનુસરીને, પોતાની પ્રજાનું પુત્રની પેઠે પાલન કરવું. પ્રજાને રંજન કરવું એ જ, રાજાનો પરમ ધર્મ છે; માટે રાજાએ અવશ્ય શીલ-સદ્‌વૃત્તવડે પ્રજાઓનું રંજન કરી, ધર્મથી પ્રજાનું પાલન કરવું. પોતાના સમગ્ર દેશમાં, સૌને પોતપોતાના અધિકાર મુજબ વર્ણાશ્રમધર્મમાં રાખવા; અને અધર્મમાં ચાલનારા લોકોને સારી રીતે શિક્ષા કરીને ધર્મમર્યાદામાં વર્તાવવા. અને આચાર, વ્યવહાર ને કુલસ્થિતિ, તે શાસ્ત્ર વિરુદ્ધ ન હોય એવી રીતે દેશકાળાનુસારે સ્થાપવાં.

વળી જે રાજા, પ્રજાને ધર્મનું શિક્ષણ આપ્યા સિવાય તેની

પાસેથી કર લે છે, તે રાજાને પ્રજાનાં કરેલાં પાપ વળગે છે અને તે રાજાના ઐશ્વર્યનો નાશ થાય છે. જો રાજા ધર્મવાળો હોય તો તેની પ્રજા ધર્મવાળી થાય છે અને પાપાચરણ યુક્ત રાજા હોય તો, તેની પ્રજા પાપિષ્ઠ થાય છે. અને રાજા સમપણે વર્તે તો, તેની પ્રજા પણ સમપણે વર્તે છે. પ્રજા તો રાજાને જ અનુસરે છે; જેવો રાજા હોય તેવી પ્રજા થાય છે.

## શ્લોક : ૧૫૮

**राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।**
**व्यवहारविदः सभ्या दण्डयादण्डयाश्च लक्षणैः ।। १५८ ।।**

અને તે રાજા-તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ, તે જે તે, લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં. અને તીર્થ જે 'ચાર' મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવાયોગ્ય જે માણસ તથા દંડવાયોગ્ય નહિ એવા જે માણસ,- એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ।। ૧૫૮ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત રાજાઓએ રાજ્યનાં સાત અંગ જે રાજા પોતે, મંત્રી-પુરોહિત, ન્યાયાન્યાય વિભાગનો કર્તા, ખજીનો, દેશ, કિલ્લો અને સૈન્ય તેનો દ્રોહ કરનારને શિક્ષા કરવી. અને સામ (પ્રિય ભાષણથી સમજાવવું તે); દાન, દંડ અને ભેદ (પરસ્પર ભેદબુદ્ધિ ઉત્પન્ન કરાવી જુદા પાડવા તે) - આ ચાર ઉપાયો છે તેને યથાસ્થાન યોજવા. અને જ્યારે કોઈ ઉપાય ન હોય ત્યારે જે વિરુદ્ધ ચાલતો હોય તેની ઉપેક્ષા કરવી તે પાંચમો ઉપાય છે. વળી 'સંધી' જે મેળાપ કરવો, 'વિગ્રહ' જે શત્રુપક્ષમાં લૂંટ, દાહ વગેરેથી અપકાર કરવો, 'યાન' જે શત્રુ સામે યુદ્ધ કરવા જવું, 'દ્વૈધીભાવ' એટલે પર સૈન્યના બે

ભાગલા પાડી દેવા અથવા બળિયા સાથે સંધી ને નિર્બળ સાથે લડાઈ વગેરે, 'સમાશ્રય' જે શત્રુ પીડા પમાડતાં બળવાન રાજાનો આશ્રય કરવો તે, અને 'સ્થાન' જે શક્તિ હણાઈ જતાં સમયની રાહ જોવા- પૂર્વક કિલ્લાદિકથી સુરક્ષિત સ્થાનમાં રહેવું. આ જે છ ગુણ તે જાણવાં.

અને ગુપ્તચાર રાખવાનાં સ્થાન જે સ્વપક્ષમાં સેનાપતિ, દ્વારપાલ, સૈનિક માર્ગનો ઉપદેષ્ટા, અંતઃપુરનો અધિપતિ, બંધીખાનાનો અધિકારી, રાજ્યમાં કૃત્ય-અકૃત્ય અર્થોનો પ્રયોજક, ખજીનાનો ઉપરી, નગરોની રક્ષા કરનારાઓનો ઉપરી, નિર્માણ કરેલું કાર્ય કરનારાઓને પગાર ચૂકવનાર, ધર્મમાં ઉપરીપણે રહેલો, ન્યાયાધીશ, દંડ દેનાર અધિકારી, દેશનો પતિ, કિલ્લાનો રક્ષક, વનનો રક્ષક તથા પરપક્ષમાં મંત્રી - આ સર્વેમાં ગુપ્તચર નિયોજવા. સ્વપક્ષના મંત્રી, યુવરાજ ને પુરોહિત પર જાસૂસ રાખવા નહિ.

અને જેમણે ધર્મતત્ત્વાવેત્તાઓ થકી અનેક ધર્મોનું શ્રવણ તથા શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય તેવા, ધર્મના રહસ્યને જાણનારા, સત્ય બોલનારા, અયોગ્ય કાર્યનું આચરણ કરવામાં લજ્જાવાળા, જિતેન્દ્રિય, દયાવાન, 'આર્જવ' એટલે મન, વાણી ને દેહ-એ ત્રણેયમાં એકરૂપ હોવાથી સરલતાએ સંપન્ન, તેમ જ શત્રુ તથા મિત્રમાં સમ, માટે જ સભામાં ન્યાય-અન્યાયને તત્ત્વથી સારી રીતે કહેવામાં સમર્થ-આવા લક્ષણવાળા જનોને રાજાએ સભાસદો કરવા.

સ્વધર્મ રહિત, પાખંડી, સજ્જનનો-સત્પુરુષનો દ્રોહ કરનાર, દુર્બળોને પીડનાર અને રાજાની મર્યાદાને ઉલ્લંઘનાર-આ સર્વે દંડને યોગ્ય છે. અને સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણો, 'દુર્બળ' અર્થાત્ વૃદ્ધાવસ્થા કે રોગથી ક્ષીણ શરીરવાળાઓ, ત્યાગીઓ - સંન્યાસીઓ, ભક્તિવાળા, તપસ્વી, તેમ જ માતાપિતા અને ગુરુ-એટલાઓ, રાજાને દંડવા યોગ્ય નથી. વળી દાણ પણ કોની પાસેથી લેવું અને કોની પાસેથી ન લેવું તે પણ રાજાઓએ જાણવું.

## શ્લોક : ૧૫૯

**सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।**

**अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ।। १५९ ।।**

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ: અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે, પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તોપણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ।। ૧૫૯ ।।

## ભાવાર્થ

સધવા સ્ત્રીઓ એટલે જેમના પતિ જીવતા હોય તેવી સ્ત્રીઓ. શ્રીહરિની આશ્રિત એવી સધવા સ્ત્રીઓને પોતાના પતિની સેવા કરવી - એ જ મુખ્ય ધર્મ છે. દૈવયોગે પતિ કદાચ આંધળો, રોગિષ્ટ, દરિદ્ર હોય કે થાય અથવા નપુંસક હોય, તો પણ પોતાના પતિને પરમેશ્વર તુલ્ય ગણીને સેવવો. અને પતિના વચન પ્રમાણે જ ચાલવું - એ જ એમનો શ્રેષ્ઠ ધર્મ છે. વળી પતિએ તિરસ્કાર કર્યો હોય તો પણ પતિનો તિરસ્કાર કરે નહિ; કિંતુ મધુરભાષિણી થાય. પતિ તાડન કરે તો પણ પ્રસન્ન રહે; પરંતુ કોપ કરે નહિ, વળી તે પ્રતિવ્રતા સ્ત્રીએ પોતાના ગૃહદ્વાર મધ્યે બહુવેળા ઊભા રહેવું નહિ; પતિ સામે ઉચ્ચ સ્વરથી કદાપિ બોલવું નહિ અને પોતાના પતિ તથા તેના બંધુઓ પર દ્વેષ ન કરવો.

## શ્લોક : ૧૬૦

रुपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।

प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ।। १६० ।।

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે, રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ, તેનો પ્રસંગ સહજસ્વભાવે પણ ન કરવો. ।। ૧૬૦ ।।

## ભાવાર્થ

અને તે સધવા સ્ત્રીઓએ શરીરે સુંદર, તરુણ અને વિદ્યા, કળા તથા ધર્મ વગેરેથી યુક્ત એવો જે અન્ય પુરુષ, તેનો પ્રસંગ પોતાની ઇચ્છા ન હોય ને કોઈ કાર્યનિમિત્તે પ્રાપ્ત થયાં હોય, તો પણ તે ન પાડવો. 'પ્રસંગ' એટલે તેનું વારેવારે નિરીક્ષણ, તેની સાથે વાર્તાલાપ, અગર તેની સાથે રહેવું - એ વગેરે લક્ષણવાળો જે પ્રકૃષ્ટ સંગ, તે ન કરવો. અને બુદ્ધિપૂર્વકના સ્વેચ્છાથી, પુરુષના પ્રસંગનો તો દૂરથી જ ત્યાગ કરવો. કેમ કે જેમ યુવતીના પ્રસંગથી પુરુષ નાશ પામે છે, તેમ યુવાન પુરુષના સહજસ્વભાવના પ્રસંગથી, સારા આચારવાળી સાધ્વી સ્ત્રી હોય, તો પણ તે નાશ પામે છે.

વળી તે સ્ત્રીઓએ સ્વતંત્ર ન રહેવું. સ્ત્રીઓની રક્ષા, કૌમાર અવસ્થામાં પિતા કરે છે, યુવાન અવસ્થામાં તેનો પતિ રક્ષણ કરે છે, વૃદ્ધ અવસ્થામાં તેના પુત્ર-પૌત્રાદિ રક્ષણ કરે છે;

રક્ષણ સિવાય સ્ત્રીઓને સ્વતંત્રપણે રહેવું નહિ. પતિવ્રતા સ્ત્રી, સર્વદા સદાચારપરાયણ થાય. સમાજસંપાદ્ય જે વિવાહ આદિ ઉત્સવ તેનું નિરીક્ષણ ન કરે. સંબંધીગૃહોમાં વિવાહવીક્ષણ માટે સ્વયં એકાકી ન જાય, કિંતુ વડીલોની સાથે જાય, તથા તીર્થમાં પણ સ્વયં એકાકી ન જાય.

## શ્લોક : ૧૬૧

**नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।**
**साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसंडि.गनी ।। १६१ ।।**

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાની નાભી, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું. અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું. અને ભાંડભવાઈ જોવા ન જવું. અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ॥ ૧૬૧ ॥

## ભાવાર્થ

'સાધ્વી' એટલે શીલ, સદાચાર આદિ સાધુગુણે યુક્ત; આ શબ્દ સમગ્ર સ્ત્રીજાતિને - સધવા, વિધવા, કુમારી સર્વને લગાડવાને માટે એકવચનમાં મૂકયો છે. પુરુષ નાભિ, સાથળ ને છાતીને દેખે તેમ સ્ત્રીઓએ વર્તવું નહિ. અને 'ઉત્તરીય' કહેતાં ઓઢવાનું વસ્ત્ર પણ હંમેશાં રાખવું જ. વળી પ્રેક્ષકજનોને પરિહાસ કરાવનારા તથા અનેક વેષને ધારણ કરનારા, એવા જે ભાંડ-ભવાયા તેને જોવા માટે ન જવું. તેમ જ નિર્લજ્જ એવી 'ગણિકા' જે નૃત્ય કરનારી ગુણકા; 'સ્વૈરિણી' જે પોતાની જ્ઞાતિના પુરુષો વિષે કામભાવથી આસક્ત હોય; 'કામિની' સ્વજ્ઞાતિ તથા પરજ્ઞાતિમાં પણ

આસક્ત હોય; 'પુંશ્ચલી' જે પરજ્ઞાતિમાં અને (જ્ઞાતિના) સંબંધી પુરુષોમાં પણ આસકત હોય, ધૂતારી, પૂર્વસંકેત મુજબ પરપુરુષના પ્રેમ માટે એકાંતમાં મળનારી; સન્યાસીની, બીજાનાં છિદ્રો જોનારી, કપટી તથા ખરાબ સ્વભાવવાળી સ્ત્રીઓ - આટલાંના સંસર્ગમાત્રથી જ, ચારિત્ર્ય દૂષિત થાય છે. માટે એવાઓનો સંગ સર્વથા ત્યજવો. વળી સધવાઓએ 'ધૂર્ત' એટલે કિમિયા આદિક ક્રિયાએ કરીને જનને ઠગનારા; અથવા ભક્તિજ્ઞાનનું અવલંબન કરીને સ્ત્રી-દ્રવ્ય-રસાસ્વાદને વિષે આસક્ત તથા ચોર, પાપી, વ્યસની, પાખંડી ને કામી આદિક જનોનો સંગ પણ વિશેષપણે વર્જવો.

## શ્લોક : ૧૬૨

**भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।**

**त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ।। १६२ ।।**

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે, પોતાનો પતિ પરદેશ ગયેસતે, આભૂપણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં, પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય-વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥ ૧૬૨ ॥

## ભાવાર્થ

શ્રીહરિની આશ્રિત એવી સધવા સ્ત્રીઓએ પોતાનો પતિ પરદેશ ગયેસતે, સુવર્ણના અલંકારાદિકથી પોતાના શરીરની શોભા કરવી તથા બહુ મૂલ્યવાળાં જે વસ્ત્રો, તે ધારણ કરવા વગેરેનો પણ ત્યાગ કરવો. વળી પારકે ઘેર બેસવા જવાના પ્રસંગનો ત્યાગ કરવો, તેમ જ ખડખડાટ હસવું, જનસમૂહનું દર્શન કરવું - ઇત્યાદિ પણ ત્યજવું.

અને સધવા સ્ત્રીઓએ પાળવાનો જે પતિવ્રતાનો ધર્મ તે પણ ભગવાનની નવધા ભક્તિએ રહિત અને નવધા ભક્તિએ સહિત એમ બે પ્રકારનો કહ્યો છે. તેમાં ભગવાનની ભક્તિરહિત પતિવ્રતાના ધર્મપાલનનું ફળ સતીલોકમાત્રની પ્રાપ્તિરૂપ કહ્યું છે; જ્યારે ભગવાનના સંબંધે સહિત પતિવ્રતાધર્મના પાલનનું ફળ **અક્ષરધામની પ્રાપ્તિરૂપ** કહ્યું છે.

## શ્લોક : ૧૬૩

**विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः ।**
**आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ।। १६३ ।।**

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ: અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો, પતિબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણભગવાનને સેવવા. અને પોતાના પિતાપુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥ ૧૬૩ ॥

## ભાવાર્થ

શ્રી હરિની આશ્રિત વિધવા સ્ત્રીઓ એટલે કે જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રીઓએ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુની પ્રતિમા; તેનું આરાધન પતિબુદ્ધિથી અર્થાત્, આ જ મારા પતિ છે એવી બુદ્ધિથી કરવું.

વળી તે વિધવાએ પિતાથી માંડીને, પુત્ર તથા ભાઈઓ વગેરેની આજ્ઞામાં વર્તવું; પરંતુ સ્વતંત્રપણે ન વર્તવું; નહિતર પતિ વિનાની વિધવાનો ધર્મભંગ થતાં, તે નિંદાને પાત્ર થાય છે.

## શ્લોક : ૧૬૪

**स्वासन्नसम्बधहीना नराः स्पृश्या न कर्हिचित् ।**

**तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ।। १६४ ।।**

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે, પોતાના સમીપ -સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો. અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના, સમીપ-સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. ॥ ૧૬૪ ॥

## ભાવાર્થ

પિતા, ભાઈ, પુત્ર વગેરે સમીપ-સંબંધવાળા એટલે કે નિકટનાં સગાં હોય તે સિવાયના અન્ય પુરુષનો વિધવા સ્ત્રીઓએ જાણી જોઈને સ્પર્શ કરવો નહિ. ને તેની સાથે બોલવું નહિ ને તેના સામું જોવું પણ નહિ. અને તે નિકટનાં સંબંધીઓ જો સ્વધર્મનિષ્ઠ હોય અને બીજાના ધર્મની રક્ષા કરનારા હોય અને કોઈ આપત્કાળ આવે, ત્યારે તો તેમના સ્પર્શ-ભાષણ-દર્શનાદિકમાં વિધવાને દોષ નથી. અને જો સમીપસંબંધ વગરના પુરુષનો જાણેઅજાણે સ્પર્શ થાય તો યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરવું. અને યુવાવસ્થામાં વર્તતી વિધવાએ, યુવાવસ્થામાં વર્તતા પોતાના ભ્રાતાદિ બંધુજનની સાથે પણ, માર્ગમાં કદાપિ એકલા જવું નહિ તથા એકાંતમાં તેની સાથે

બેસવું નહિ. તથા કામભાવથી - બુદ્ધિપૂર્વક તો કોઈ પણ પુરુષને ન જોવો (માર્ગમાં જતાં પુરુષ નજરે પડે જ; પરંતુ 'આ દ્રષ્ટવ્ય છે' એવી બુદ્ધિથી ન જોવું) અને વિવાહોત્સવ, દેશાંતરથી આવેલો વટેમાર્ગુ પુરુષનો સંઘ, રાજસૈન્ય, નૃત્ય, ગીતસ્થાન, ભેગા થઈને બગીચાદિકમાં ભોજનાદિમાં પ્રવર્તેલા જનોનો ઉત્સવ અને માર્ગમાં વિચરતા વસ્ત્ર-આભૂષણાદિકથી સમલંકૃત રાજકુમારાદિ પુરુષને જોવા માટે વિધવાએ ન જવું. વળી વિધવા સ્ત્રીઓએ કામસંબંધી વાર્તાઓ ક્યારેય સાંભળવી નહિ, તેમ જ પોતે કરવી નહિ; અને રોગાદિ આપત્તિ સિવાય પ્રતિદિન દિવસને અંતે એક જ વાર જમવું, ખાટલામાં શયન ન કરવું તથા શરીરે તેલમર્દન ન કરવું. વળી નગ્ન થઈને સ્નાન ન કરવું તથા 'ગંધદ્રવ્ય' જે ચંદનતેલ તથા ચંપો, ગુલાબ વગેરેનું અત્તર, તેમ જ ઇલાયચી - આદિ તેજાનાનો ઉપયોગ ન કરવો.

## શ્લોક : ૧૬૫

**स्तनंधयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव ।**

**आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ।। १६५ ।।**

અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો, જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી. અને કોઈ અવશ્યનું કામકાજ પડે. તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥ ૧૬૫ ॥

## ભાવાર્થ

જે બાળક ધાવણું હોય એટલે કે જે મનુષ્ય નરજાતિનો હોય, પણ બાલ્યાવસ્થામાં હોય તો. તેની સ્પર્શમાં, ગાયના વાછરડાના સ્પર્શની પેઠે વિધવાને દોષ નથી. વળી અવશ્યના કાર્યમાં વૃદ્ધપુરુષનો સ્પર્શ કરવામાં, કે તેની સાથે ભાષણ-પ્રસંગે વાતચીત કરવામાં દોષ નથી; કેમ કે વિધવા સ્ત્રીઓને પુરુષનો સ્પર્શ થવાથી કામવિકાર થાય છે અને તેથી લોકાપવાદનો ભય આવે, તેથી વિધવાને પુરુષસ્પર્શનો નિષેધ કરેલો છે; પરંતુ કામવિકાર ધાવણા બાળકના અને વૃદ્ધના સ્પર્શથી થતો નથી.

વ્યાઘ્ર, સર્પ, અગ્નિ તથા જળ આદિકના ભયરૂપી આપત્તિમાં, ખેતીના કાર્યમાં, તેમ જ 'ક્રય' એટલે મૂલ્ય આપીને વસ્તુઓ

વેચાતી લેવામાં અને 'વિક્રય' જે મૂલ્ય લઈને વસ્તુઓ વેચાતી આપવામાં - આ વગેરે ક્રિયાઓમાં, સમીપ સંબંધી થકી ભિન્ન પુરુષોનો સ્પર્શ, કામભાવ દોષેરહિત હોવાથી, વિધવા સ્ત્રીઓને દોષરૂપ થતો નથી.

કામના સર્વે વિકારો યૌવનને આશરીને રહેલા છે, માટે, સ્ત્રીઓ તેમ જ પુરુષોએ એ નિયમોનું પાલન કરવું.

## શ્લોક : ૧૬૬

**विद्याऽनासन्नसम्बन्धस्ताभिः पाठ्या न कापि नुः**

**व्रतोपवास्सैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ।। १६६ ।।**

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપસંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈ પણ વિદ્યા ન ભણવી. અને વ્રત-ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥ ૧૬૬ ॥

## ભાવાર્થ

વળી તે વિધવા સ્ત્રીઓને ભગવાનનાં કથા-કીર્તન આદિ શીખવાની ઇચ્છા હોય, તો તેમણે પોતાના પિતા, ભાઈ વગેરે સમીપના સગાંસંબંધી જનોની પાસેથી જ શીખવાં; પરંતુ બીજાની પાસેથી શીખવા નહિ. તથા વિધવા સ્ત્રીઓએ 'વ્રત વગેરે' એટલે એકાદશી આદિક જે 'નિત્યપ્રાપ્ત' ઉપવાસો, ધારણા-પારણા આદિ જ 'નૈમિત્તિક' ઉપવાસો તથા ક્યારેક અજાણતાં પુરુષનો સ્પર્શ વગેરે થઈ જાય તે નિમિત્તના 'પ્રાયશ્ચિત્ત'ના ઉપવાસો કરીને, વારેવારે પોતાના દેહનું દમન કરવું.

અને તે વિધવા સ્ત્રીઓએ, અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્યવ્રત, તે અપ્રસ્ખલિતપણે જીવનપર્યંત પાળવું. અને જેમ પુરુષનો સ્પર્શ ન કરે, તેમ તેની પ્રતિમાનો પણ સ્પર્શ વિધવો સ્ત્રીએ

કરવો નહિ - દેવપ્રતિમાનો સ્પર્શ કરવામાં દોષ નથી. વળી ઘી, ગોળ વગેરે મિશ્રિત લાડુ આદિ મિષ્ટાન્ન - જે રસના ઇંદ્રિયને પ્રલોભક છે, તે અતિશય જમવું નહિ. મિષ્ટાન્ન સિવાય બીજું અન્ન ન મળે તો મિષ્ટાન્ન અલ્પ જમે; પરંતુ રસાસ્વાદ પરવશતાથી અતિશય જમવું નહિ. અને નેત્રને આકર્ષનારાં સુંદર વસ્ત્રને તથા કસુંબાદિ રંગથી રંગેલા વસ્ત્રને ધારવાં નહિ.

## શ્લોક : ૧૬૭

**धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।**
**देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ।। १६७ ।।**

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં, પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો, તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું; અને જો તેથી અધિક હોય તો આપવું. ॥ ૧૬૭ ॥

## ભાવાર્થ

શ્રીહરિ આશ્રિત એવી વિધવા સ્ત્રીઓએ પોતાના દેહના નિર્વાહ પૂરતું જે દ્રવ્યાદિ હોય, તે ધર્મસંબંધી કાર્ય માટે પણ આપવું નહિ; પરંતુ તેથી વિશેષ હોય તો આપવું; કારણ કે સ્વનિર્વાહ પૂરતું જ જે ધન, તેનું દાન કરવાથી પોતાના નિર્વાહને અર્થે બીજાઓની સેવા વગેરે કરવી પડે, અને તેથી, સ્વધર્મનો નાશ થવાનો સંભવ ઉત્પન્ન થાય. પણ જો પોતાના નિર્વાહ કરતાં અધિક ધન હોય તો તે અવશ્ય ધર્મકાર્યમાં આપવું; નહિતર દ્રવ્ય હોવા છતાં ન આપવાની શઠતાને લીધે અધર્મ પ્રાપ્ત થાય છે.

## શ્લોક : ૧૬૮

**कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले।**
**मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ।। १६८ ।।**

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો ને પૃથ્વીને વિષે સૂવું. અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવપ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહિ. ॥ ૧૬૮ ॥

## ભાવાર્થ

વિધવા સ્ત્રીઓએ એકવાર ભોજન કરવું, પરંતુ વ્રત તથા પ્રાયશ્ચિત્ત ઉપવાસના દિવસે તો નિરાહાર ઉપવાસ કરવો. અને જમીનતળ ઉપર સૂવું. પરંતુ પલંગમાં સૂવું નહિ. તથા આપત્તિ સિવાય દિવસે શયન કરવું નહિ. વળી તે વિધવા સ્ત્રીઓએ 'મૈથુન' એટલે વિષયભોગમાં આસક્ત એવાં પ્રાણીમાત્રને ક્યારેય પણ બુદ્ધિપૂર્વક જોવાં નહિ, કેમ કે તેમને જોવાથી તત્કાળ મનનો ક્ષોભ થાય છે અને તેથી બ્રહ્મચર્યનો ભંગ થવાનો સંભવ રહે છે. તદ્ઉપરાંત વિધવા સ્ત્રીએ કામભાવથી ચિત્તમાં પુરુષનું ચિંતન ન કરવું, તથા પુરુષના ચિત્રને ચીતરવું નહિ ને ગ્રામ્યધર્મમાં આસક્તભાવવાળાં પુતળાંનો સ્પર્શ કરવો નહિ, તેમ જ અત્યંત જરૂરી એવું વ્યાવહારિક કે આભ્યુદયિક (ત્રિવર્ગ સંબંધી) પોતાનું કાર્ય સિદ્ધ થતું હોય તો પણ, પુરુષની સાથે મૈત્રી તો કરવી જ નહિ.

## શ્લોક : ૧૬૯

**वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।**

**न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ।। १६९ ।।**

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસણી, તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો; અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ।। ૧૬૯ ।।

## ભાવાર્થ

અને તે વિધવા સ્ત્રીઓએ સુવાસિની સ્ત્રીઓના જેવો વેષ ધારણ કરવો નહિ. તથા સંન્યાસીના જેવાં કાષાય - ભગવાં વસ્ત્ર પહેરીને, લોકોને ઠગવા માટે ભટકતી એવી સ્ત્રીઓના જેવો વેષ ધારણ કરવો નહિ. તેમ જ વીતરાગી નામથી ઓળખાતી ભટકતી સ્ત્રીઓ તથા નાચનારી સ્ત્રીઓના જેવો વેષ ધારણ કરવો નહિ. વળી પુરુષનો વેષ પણ ધારણ કરવો નહિ ને પોતાનું અંગ દેખાય તેવાં સૂક્ષ્મ વસ્ત્રો તથા ચિત્રવિચિત્ર રંગથી રંગેલાં વસ્ત્રો ધારવાં નહિ. તેમ જ દેશકુલાચાર વિરુદ્ધ વસ્ત્રને પણ કદાપિ ધારવું નહિ.

## શ્લોક : ૧૭૦

**सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।**

**शृङ्.गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ।। १७० ।।**

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો, ને તેનો સ્પર્શ પણ ન કરવો; અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ।। ૧૭૦ ।।

## ભાવાર્થ

વિધવાઓએ ઔષધ વગેરેથી ગર્ભપાત કરાવનારી સ્ત્રીઓનો સંગ અગર સ્પર્શ, ક્યારેય કરવો નહિ; કેમ કે તેવો સંગ કરવાથી વ્યભિચારનું અને તેવો સ્પર્શ કરવાથી સાંસર્ગિક પાપ લાગે છે. તેમ જ પુરુષના શૃંગારસંબંધી અથવા વિષયભોગ સંબંધી વાત બીજી સ્ત્રીઓની આગળ ન કરવી. તથા તેવી વાત સાંભળવી પણ નહિ; કેમ કે તેનાથી મનનો ક્ષોભ થતાં બ્રહ્મચર્યનો ભંગ થઈ જાય છે.

વળી જે યવન જાતિમાં જન્મેલી હોય, જે કામાસક્ત હોય, જે પાષંડમાર્ગમાં રહેલી હોય, જે ભગવાનના અવતારોમાં વિશ્વાસે રહિત હોય, જે લજ્જા રહિત હોય, જે વશીકરણ, ગર્ભપાતન આદિ ઔષધિને જાણનારી હોય, જે કામતંત્રપ્રસિદ્ધ મંત્રયંત્રાદિકને જાણતી હોય, જે ગર્ભપાતનશીલ હોય અને જે ધૂર્ત એટલે ઠગનારી હોય, તેવી નારીઓ સાથે વિધવા સ્ત્રીએ મૈત્રી ન કરવી.

## શ્લોક : ૧૭૧

**निजसम्वन्धिभिरृपि तारुण्वे तरुणैर्नरैः ।**

**साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ।। १७१ ।।**

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે. યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ. તેમની સંગાથે પણ. એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥ ૧૭૧ ॥

## ભાવાર્થ

વળી તે વિધવાઓએ પોતાને યુવાન અવસ્થા હોય ત્યારે યુવાન અવસ્થાવાળા પોતાના સંબંધીજનો જે પોતાનો પિતા. ભાઈઓ વગેરેની સાથે પણ, એકાંતમાં આપત્તિ વિના ન રહેવું. કેમ જે તરુણ અવસ્થામાં કામને વેગ મળતાં તે સમગ્ર જગતને તત્કાળ જીતી લેવા સમર્થ થાય છે. પછીથી તે અનેક સાધનોથી પણ રોકી શકાતો નથી. જે ઘરમાં મેડા ઉપર પુરુષ એકલો જ સૂતો હોય તે ઘરમાં, તેથી ઉપલા માળમાં કે નીચેના માળમાં પણ રાત્રિએ વિધવાએ એકલા સૂવું નહિ. અને તે વિધવાએ છાતી, ઉદર અને સાથળ તે પુરુષની દૃષ્ટિ પડે નહિ તેવી રીતે તે -તે અવયવોને વસ્ત્રથી ઢાંકીને વર્તવું; તથા હસ્ત-પાદાદિકની ચપળતા ન કરવી, તેમ જ પોતાના પાદાદિ અવયવોને ઘસવા નહિ.

## શ્લોક : ૧૭૨

**न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।**

**न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ।। १७२ ।।**

અને હોળીની રમત ન કરવી અને આભૂષણાદિકનું ધારણ ન કરવું; અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર, તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥ ૧૭૨ ॥

## ભાવાર્થ

વળી એ વિધવા સ્ત્રીઓએ, પરસ્પર રંગ-ગુલાલ નાખી રમવાની જે હોળીની રમત તે ન રમવી; તથા સુવર્ણના અલંકાર કુંકુમ, કાજળ વગેરે જે સૌભાગ્યદ્રવ્ય તે ક્યારેય ધારણ કરવાં નહિ, વળી સુવર્ણાદિના તારે યુક્ત જે ઝીણું વસ્ત્ર, તથા સુતરાઉ એવું બારીક વસ્ત્ર, તેમ જ રેશમી વસ્ત્ર, કે કંકણ આદિ તેને ધારણ કરવાં નહિ; કારણ કે એ બધાં સધવા સ્ત્રીઓને ધારણ કરવા યોગ્ય છે. અને તે વિધવા સ્ત્રીઓએ ક્યારેય અપશબ્દો ન ઉચ્ચારવા; કોઈની ઉપર મિથ્યાપવાદ આરોપવો નહિ તથા કોઈને પણ ઉદ્દેશીને ગાળો કહેતાં નિંદાગર્ભિત કઠોર વચન તેનું ઉચ્ચારણ કરવું નહિ.

## શ્લોક : ૧૭૩

**सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।**

**स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ।। १७३ ।।**

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ, તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ; અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈપ્રકારે ગુપ્ત ન રાખવું. ।। ૧૭૩ ।।

## ભાવાર્થ

શ્રીહરિની આશ્રિત એવી સધવા તેમ જ વિધવા - એ બંને પ્રકારની સ્ત્રીઓએ, વસ્ત્ર પહેર્યા વિના ક્યારેય સ્નાન કરવું નહિ; કેમ કે નગ્ન થઈને સ્નાન કરવાથી વરુણદેવનો અપરાધ થાય છે. વળી નગ્ન થઈને સ્નાન કરવું તેમ જ નગ્ન થઈને સૂઈ જવું - તે બંને, મનુષ્યો માટે નિદ્ય કહેલાં છે.

અને તે સધવા તથા વિધવા સ્ત્રીઓએ રજસ્વલાપણું ક્યારેય છાનું રાખવું નહિ. કેમ જે રજસ્વલાપણું જે ઇંદ્રની બ્રહ્મહત્યાનો ચોથો અંશ છે તે છાનું ન રાખવાથી, બ્રહ્મહત્યાદોષનો નાશ થાય છે. વળી રજસ્વલાપણું ગુપ્ત ન રાખવાથી સ્વજનોને, પરપુરુષથકી આવતી ગર્ભધારણની જે શંકા તે પણ દૂર થઈ જાય છે.

## શ્લોક : ૧૭૪

**मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला ।**
**दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ।। १७४ ।।**

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ, ને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા, તે સર્વ, ધર્મવંશી આચાર્ય ને તેમની પત્નીઓ તેમને પણ પાળવા; કેમ કે એ ગૃહસ્થ છે.) ।। ૧૭૪ ।।

## ભાવાર્થ

જેને રજોદર્શન પ્રાપ્ત થતું હોય તે રજસ્વલા સ્ત્રી કહેવાય. તેણીએ ત્રણ રાત્રિદિવસ મનુષ્યમાત્રનો સ્પર્શ કરવો નહિ. ચોથે દિવસે, પોતાને અડેલાં તથા પોતે પહેરેલાં વસ્ત્રોને ધોઈ નાખીને પછી, માથું પલાળી સ્નાન કર્યા બાદ ઘરમાં અડવું. પશુઓને અડવામાં દોષ નથી; પરંતુ વસ્ત્રો તથા માટીનાં વાસણો વગેરેને ક્યારેય અડવું નહિ.

પૂર્વે ઇંદ્રે, વૃત્રાસુરનો વધ કરતાં જે બ્રહ્મહત્યાદોષ પોતાને પ્રાપ્ત થયો હતો, તેનો ચોથો ભાગ તેણે સ્ત્રીઓને આપ્યો છે, તે જ રજોરૂપે 'માસે-માસે' દેખાય છે; તેથી રજોદર્શન સમયે

સ્ત્રી અસ્પૃશ્યા થાય છે. તેમાં પ્રથમ દિવસે રજસ્વલા સ્ત્રી: ચંડાળી જેવી અસ્પૃશ્યા; બીજે દિવસે બ્રહ્મઘાતિની જેવી અસ્પૃશ્યા: ત્રીજે દિવસે ધોબણ જેવી અસ્પૃશ્યા અને ચોથે દિવસે સ્નાન કર્યા પછી શુદ્રસમાન કહી છે અને પાંચમે દિવસે સ્નાન કરી શુદ્ધ થતાં, દેવસંબંધી તથા પિત્રિસંબંધી કર્મ કરવા માટે યોગ્ય થાય છે. આપત્કાળ હોય ત્યારે તો, ઉપવાસ કરવાથી ત્રીજે દિવસે જ શુદ્ધ થાય છે.

અને રજસ્વલાએ ત્રણ દિવસ સુધી દૂધ-ઘી વગેરે ગોરસનો આહાર, પુષ્પ તથા ઘરેણાનું ધારણ, અંજન, કંકુમ, 'સુગંધી' જે અત્તરાદિક, પાટ પર બેસવું, પલંગ ઉપર શયન કરવું, અગ્નિનો સ્પર્શ, શરીરે તેલ ચોળવું, મુસાફરી કરવી, પાનસોપારીનું ભક્ષણ કરવું તથા દિવસે સૂવું-આટલાનો ત્યાગ કરવો.

રજોદર્શન જો રાત્રે થાય તો, રાત્રિના ત્રણ વિભાગ કરીને, જો પહેલા બે ભાગમાં રજોદર્શન હોય તો તેને આગલા દિવસનું ગણવું; અને જો ત્રીજા ભાગમાં હોય તો બીજા દિવસનું ગણવું. વળી સત્તર દિવસમાં જ ફરી રજોદર્શન થાય તો માત્ર સ્નાન કરવાથી શુદ્ધિ થાય; અઢાર દિવસે ફરી રજોદર્શન થાય તો એક રાત્રિદિવસ તે પાળવું; ઓગણીસ દિવસે ફરી રજોદર્શન આવે તો બે દિવસ પાળવું અને જો વીસ દિવસે ફરી રજોદર્શન થાય તો, ત્રણે દિવસ પૂરેપુરું પાળવું અને રજોદર્શન પછી ત્રણ દિવસમાં, વ્રત કે ઉપવાસના દિવસો

આવે ત્યારે પૂજાપત્રી બીજાની પાસે કરાવવી, ને ઉપવાસ તો રજસ્વલાએ પોતે કરવો.

અને જાણે-અજાણે રજસ્વલા સ્પર્શ થઈ જાય તો યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરવું.

## શ્લોક : ૧૭૫

**नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।**

**तैः स्पृश्या न स्त्रीयो भाष्या न न वीक्ष्याश्च ता धिया ।। १७५।।**

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ; અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ; અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥ ૧૭૫ ॥

## ભાવાર્થ

નૈષ્ઠિકવર્ણી એટલે જીવંતપર્યંત અષ્ટવિધ બ્રહ્મચર્યનું પાલન કરનાર બ્રહ્મચારી. શ્રીહરિના આશ્રિત એવા જે નૈષ્ઠિકવર્ણીએ અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું, તે કેવી રીતે તો - સ્ત્રીની વાત ન સાંભળવી, તેના ગુણનું વર્ણન ન કરવું, સ્ત્રી સાથે હાસ્યવિનોદ ન કરવો, સ્ત્રીનું નિરિક્ષણ ન કરવું, સ્ત્રીની સાથે એકાંતમાં છાની વાત ન કરવી, સ્ત્રીનો સંકલ્પ ન કરવો, સ્ત્રીનો નિશ્ચય (બળ, યૌવન, વૃદ્ધ, રૂપ-કુરૂપાદિ વગેરે) ન કરવો તથા તેનો 'અંગ સંગ' - ક્રિયાથી સંભોગ ન કરવો. વળી, અન્ન, જળ, કાષ્ઠ, પાત્રાદિકની યાચનામાં, પાગરણ વગેરે બાબતમાં અને નહિ જાણેલ પોતાના ઉતારાને યોગ્યસ્થાન તથા કોઈ પોતા પાસે બ્રહ્મચારી થવા આવે તેની

કંઈ હકીકત પૂછવી પડે - આદિકનો પ્રશ્ન કરવો પડે તો તે વાર્તાલાપ સ્ત્રીને સાક્ષાત્ ન કરવો; કિંતુ કોઈ પુરુષને દ્વારભૂત કરીને તે દ્વારા કહેવું.

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીએ સ્ત્રીની જેમ જ ધનનો પણ દૂરથી ત્યાગ કરવો. એટલે કે તે ધનનો ક્યારેય સ્પર્શ પણ ન કરવો તથા સોનું-રૂપું આદિક દ્રવ્ય પણ પોતાની પાસે રાખવું નહિ, તેમ જ પોતાની સત્તાવાળું કરીને બીજા પાસે રખાવવું પણ નહિ.

## શ્લોક : ૧૭૬

**तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।**

**तत्पादचारास्थानेषु न च स्नानादिकार क्रियाः ।। १७६ ।।**

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી ને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે, સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥ ૧૭૬ ॥

## ભાવાર્થ

શ્રીજીમહારાજના આશ્રિત બ્રહ્મચારીઓએ ક્યારેય પણ સ્ત્રીઓના ગુણ-અવગુણના વર્ણનવાળી કથાવાર્તા ન કરવી. તથા પોતાના નિવાસસ્થાનમાં લીંપવું-વાળવું આદિક કાર્યાર્થે પણ, સ્ત્રીનો પ્રવેશ કરાવવો નહિ ને તેવું કામ જાતે કરવું અથવા બીજા પુરુષ પાસે કરાવવું.

અને સ્ત્રીઓનો જે સ્થાનમાં પગસંચાર હોય; એટલે કે જ્યાં સ્ત્રીઓ વારેવારે આવતી-જતી હોય તેવા સ્થાનમાં, બ્રહ્મચારીઓએ સ્નાન, મળમૂત્રનો ત્યાગ આદિ ક્રિયા કરવા ન જવું. કેમ કે તેવા સ્થાનમાં જવાથી સ્ત્રીનું સ્મરણ થઈ આવે, ને તેથી પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય.

વળી જે ઘરમાં સ્ત્રી રહેતી હોય અને તેમાં તેના પિતા, ભ્રાતા આદિક પુરુષવર્ગ ઘણી સંખ્યામાં હોય તો પણ તેવા ઘરમાં વર્ણીએ સૂવું નહિ.

## શ્લોક : ૧૭૭

**देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा ।**

**न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ।। १७७ ।।**

અને દેવતાની પ્રતિમા વિના, બીજી જે સ્ત્રીની પ્રતિમાચિત્રની અથવા કાષ્ટાદિકની હોય, તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥ ૧૭૭ ॥

## ભાવાર્થ

વળી તે બ્રહ્મચારી તેમણે 'દેવતાની' એટલે રાધિકાજી તથા લક્ષ્મીજી આદિ દેવીઓની; 'પ્રતિમા' જે મૂર્તિ, તે વિના બીજી સ્ત્રીઓંની પ્રતિમા તે ભલે ચિતરેલી હોય; અથવા કાષ્ઠ, ધાતુ, પાષાણ, વસ્ત્ર કે મૃત્તિકામાંથી બનાવેલી હોય, તો પણ તે સ્ત્રીની પ્રતિમાને બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરવો; તેમ જ તેને જોવી પણ નહિ.

## શ્લોક : ૧૭૮

**न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् ।**
**न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ।। १७८ ।।**

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, ને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ, અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષ્યાદિક પ્રાણીમાત્ર, તેમને જાણીને જોવાં નહિ. ॥ ૧૭૮ ॥

## ભાવાર્થ

અને તે બ્રહ્માચારીઓએ દેવતાની પ્રતિમા સિવાય સ્ત્રીની મૂર્તિ કદી ચીતરવી નહિ, તથા સ્ત્રીઓનું જે પહેરેલું વસ્ત્ર, એટલે કે સ્ત્રીએ પેહર્યા પછી ધોયેલું થકું ભીનું કે સૂકાયેલું હોય, કે તદ્દન નવું હોય તે સિવાયના બીજાં વસ્ત્ર જે, સ્ત્રીએ પોતાના શરીર પરથી ઉતારીને મૂક્યાં હોય - તેનો બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરવો. તેમ જ મૈથુનધર્મમાં આસકત એવાં 'પ્રાણીમાત્ર' કહેતાં પશુપક્ષી આદિને પણ 'બુદ્ધિપૂર્વક' - આદરથી બ્રહ્મચારીઓએ જોવાં નહિ. ને દૃશ્ય મૈથુનધર્મી ચિત્રાદિ જે ઘરમાં હોય તે ઘરમાં કદાપિ વસવું નહિ તથા સ્ત્રીમુખને સન્મુખ, મુખ રાખીને કદાપિ બેસવું નહિ.

## શ્લોક : ૧૭૯

**न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् ।**
**न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ।। १७९ ।।**

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ. અને તેની સામું જોવું નહિ, અને તે સાથે બોલવું નહિ; અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા-વાર્તા-કીર્તન પણ ન કરવાં. ॥ ૧૭૯ ॥

## ભાવાર્થ

શ્રી હરિના આશ્રિત વર્ણીઓએ, સધવા અથવા વિધવા સ્ત્રીનો વેષ ધારી રહેલા પુરુષનો સ્પર્શ કરવો નહિ, તથા તેને જોવો પણ નહિ; કારણ કે તેનાં દર્શનાદિકથી પણ સ્ત્રી ભાવની સ્ફૂર્તિ થઈ આવે છે. વળી 'સ્ત્રીઓને ઉદ્દેશીને' એટલે દૂર રહેલી સ્ત્રીઓ સાંભળે એવા આશયથી, પુરુષોની આગળ પણ, ભગવાનનાં ગુણ-કીર્તન કરવાં નહિ; કારણ કે એવી રીતે ગુણ-કીર્તન કરવાથી મનમાં સ્ત્રીનું સ્મરણ થવા પામે અને તેથી નૈષ્ઠિકવ્રતમાં દૂષણ આવે.

## શ્લોક : ૧૮૦

**ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।**
**तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ।। १८० ।।**

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો, પોતાના ગુરુનું પણ ન માનવું, ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષેયુક્ત રહેવું અને માને રહિત રહેવું. ॥ ૧૮૦ ॥

## ભાવાર્થ

ગુરુની આજ્ઞા, શિષ્યોએ સર્વપ્રકારે પાળવી-એવા પ્રકારનાં શાસ્ત્રોનાં વચનોનો આધાર લઈ, શ્રીજીના આશ્રિત કોઈ નૈષ્ઠિકવ્રતધારી, પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થતો હોય તો પણ ગુરુનું વચન તો માનવું જોઈએ - એવું ન સમજી બેસે, તે વાસ્તે શ્રીહરિએ આ શ્લોકમાં આંજ્ઞા કરી છે કે, નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય તેવું વચન, પોતાના ગુરુનું હોય તો પણ તે માનવું નહિ; ગુરુના વાક્યનું પાલન કરવાનો બોધ આપનારી સ્મૃતિઓ તો, વ્રત-ઉપવાસ વગેરેમાં તથા રોગ-પ્રવાસ વગેરે આપત્તિમાં, ભોજન વિષે શું કરવું તેના બોધ પરત્વે છે, પરંતુ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના ભંગ પરત્વે નથી. અને બ્રહ્મચર્ય તો આપત્કાળમાં પણ ત્યાગ કરવું નહિ. આઠમું સ્ત્રીના અંગસંગના ત્યાગરૂપ જે બ્રહ્મચર્ય છે તે

તો, પોતાના પ્રાણનો નાશ થવાનો સંભવ ઉપસ્થિત થાય તો પણ, તેનો ત્યાગ ન કરવો.

અને તે વર્ણીઓએ, સૂર્ય અસ્ત થયા પછી વિપત્તિ વિના માર્ગમાં ,ચાલવું નહિ. તથા જે ઘરમાં દંપતી, રાત્રીએ સૂતાં હોય તે થકી એક ભીંતમાત્ર અંતરાયવાળા ઘરમાં, વર્ણીએ સૂવું નહિ. માર્ગમાં જતી સ્ત્રી થકી ચાર હાથ છેટે ચાલવું. જો માર્ગ સાંકડો હોય, કે ભગવાનના હરિજયંતી આદિક મહોત્સવ હોય કે, સ્ત્રીનું બાળત્વ-ઉન્મત્તત્વરૂપ મૂર્ખપણું હોય, કે ભિક્ષા - યાચનાદિ પ્રસંગ હોય ત્યારે તો, સ્ત્રીના અંગનો સ્પર્શ પોતાને જેમ ન થાય તેમ વર્તવું. અને વર્ણી જો પ્રમાદથી પોતે જ વીર્યપાતન કરે તો પ્રાયશ્ચિત્ત તરીકે ચાંદ્રાયણવ્રત કરવું. જો સ્વત: વિર્યસ્ત્રાવ થાય તો એકદિવસ ઉપવાસ કરવો. સાક્ષાત્ સ્ત્રીસંગ કરે તો એની પ્રાયશ્ચિત્તવડે શુદ્ધિ છે જ નહિ.

વળી તે બ્રહ્મચારીઓએ સર્વકાળમાં 'ધીર' એટલે, વિકારનું કારણ પ્રાપ્ત થયા છતાં, જેમના ચિત્તમાં વિકાર ન થાય તે - તેવાં થઈને રહેવું. તથા સંતોષે યુક્ત રહેવું; અર્થાત્, દૈવઇચ્છાથી મળેલી ભિક્ષાવડે સંતુષ્ટ રહેવું, પરંતુ રસાસક્તિથી ધનિકની પાસે ભિક્ષાની યાચના ન કરવી. તેમ જ અમાની એટલે કે માન રહિત થઈને રહેવું. ભગવાનના પદની પ્રાપ્તિના સાધનમાં નિર્માનીપણું અગ્રસ્થાને છે, કેમ જે અભિમાનથી સર્વસ્વનો નાશ થાય છે.

## શ્લોક : ૧૮૧

**स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या ।**
**निवारणीया साभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ।। १८१ ।।**

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી, તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી; પણ સમીપે આવવા દેવી નહિ. ।। ૧૮૧ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારીએ, પોતાને વિષે પ્રીતિ હોય, અથવા ન હોય, તેવી પણ સ્ત્રી જો બળાત્કારથી પોતાની અતિશય સમીપમાં આવે તો, તેને 'દૂર જા' એવી રીતે બોલીને અથવા કઠોર ભાષણથી તેનો તિરસ્કાર કરીને પણ તેને તુરત દૂર કાઢવી; પરંતુ તેનો સ્પર્શ કરવો નહિ. સ્પર્શ કરવાથી આઠમા બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ રહે છે. અને આપત્કાળમાં સ્ત્રી સાથે, ઉપર કહેલા સંજોગોમાં સંભાષણાદિ કરવું પડ્યું હોય તો, આપત્કાળ દૂર થયા પછી સર્વત્ર યોગ્ય જણાય તેમ, પ્રાયશ્ચિત્ત કરીને પોતાના મુખ્ય ધર્મમાં દૃઢપણે રહેવું.

## શ્લોક : ૧૮૨

**प्राणपद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।**

**तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ।। १८२ ।।**

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો, તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ, તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. ।। ૧૮૨ ।।

## ભાવાર્થ

ક્યારેક પાણીની રેલ આવી હોય, ઘરને આગ લાગી હોય, કે શિંગડાવાળાં પશું, કે દાઢોવાળાં સર્પાદિ તેનો ભય પ્રાપ્ત થયો હોય તથા શસ્ત્રપાત, ઝેર, ગૃહપાત, વૃક્ષપાત કે મહારોગ ઇત્યાદિકથી, પોતાનો કે સ્ત્રીનો જીવ જોખમમાં હોય, તેવી પ્રાણાંતિક ભયાપત્તિથકી, પોતાને અને સ્ત્રીને મુકાવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે, વર્ણીએ સ્ત્રીનો સ્પર્શ કરીને અથવા તેની સાથે વાત કરીને પણ, તે સ્ત્રીના તથા પોતાના પ્રાણની રક્ષા કરવી. તે દોષ માટે નથી; કેમ કે જીવતો મનુષ્ય અવશ્ય કલ્યાણ જોશે. માટે જીવપ્રાણીમાત્ર ઉપર દયા રાખીને યશાશક્તિ તેનું રક્ષણ કરવું; પરંતુ મરતા પ્રાણીની ઉપેક્ષા ન કરવી. અને જો આવો પ્રાણાંતિક ભય ન હોય તેવા સમયમાં તો, સ્ત્રીસંભાષણ તથા સ્પર્શમાં દોષ છે જ.

## શ્લોક : ૧૮૩

**तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा ।**
**वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ।। १८३ ।।**

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાના શરીરે તૈલમર્દન ન કરવું, ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઇંદ્રિયને જીતવી. ॥ ૧૮૩ ॥

## ભાવાર્થ

શ્રીહરિ આશ્રિત વર્ણીઓએ, ભગવાનના પ્રસાદભૂત ચંદનથી પણ પોતાના અંગમાં લેપન ન કરવું તથા સુગંધી તેલ ચોળીને સ્નાન ન કરવું. તેમ જ સ્નાન સમયે અંગમર્દન ન કરવું. અને પગને ઘસીને ન ધોવા, દોડવું નહિ, પોતાના મુખને દર્પણમાં જોવું નહિ તથા નેત્રોને કાજળથી આંજવા નહિ.

વળી વર્ણીઓએ તલવાર વગેરે શસ્ત્ર ધારવા નહિ તથા કોઈનું તાડન કરવાના વિનિયોગથી, લાકડી વગેરેનું ધારણ ન કરવું. કારણ કે તેથી હિંસા કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

અને તે વર્ણીઓએ, 'શાસ્ત્રનિંદિત' એટલે કે બહુ મૂલ્યવાળાં, ચિત્રવિચિત્ર ભાત્યનાં, કસુંબાદિક રંગે યુક્ત કે શાલદુશાલા એવાં વસ્ત્ર; તેમ જ 'લોકનિંદિત' જેવાં કે, અતિશય મેલાં, અતિ ફાટેલાં, ભયજન્ય કે પારદર્શક એવાં વસ્ત્ર,

ધારણ કરવાં નહિ. તથા છત્રી ધારણ ન કરવી તેમ જ નૃત્ય જોવું નહિ.

વર્ણીએ તો બે શ્વેત કૌપીનો, તેની ઉપર આચ્છાદન કરવાનાં બે ધોળાં ધોતિયાં અને ભોજનસમયે પહેરવા માટે શણનું, કે કાંબળીનું એક વસ્ત્ર ધારણ કરવું. વળી ગોદડી, ચાદર, ઓઢવાની કામળી, ઓઢવાનાં બે પંચિયાં ને માથે બાંધવાનો ચોખંડો એક રૂમાલ - તે ભગવી મૃત્તિકાથી રંગેલાં ધારણ કરવા તથા રક્ત ઉર્ણાની ટોપી ધારવી. અને આસન માટે કામળીનો કકડો, ગોમુખીએ સહિત જપમાળા, તિલક માટે ગોપીચંદન અને પાદુકા એટલું જ રાખવું.

અને વર્ણીઓએ રસના ઇંદ્રિયને વિશેષે જીતવી, કારણ કે 'રસના' જે જીહ્‌વા તેને જીતવાથી સર્વે ઇંદ્રિયો જિતાય છે.

## શ્લોક : ૧૮૪

**परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि ।**
**न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ।। १८४ ।।**

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ; ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ॥ ૧૮૪ ॥

## ભાવાર્થ

જે બ્રાહ્મણના ઘરને વિષે 'સ્ત્રીજાતિ' એટલે કન્યા, યુવતી, અગર વૃદ્ધ સ્ત્રી ભોજન પીરસનારી હોય, તે ઘેર શ્રીહરિના આશ્રિત વર્ણીઓએ ભોજન માટે જવું નહિ; કારણ કે એવા ઘરમાં ભિક્ષા કરવાથી, સ્ત્રીનાં દર્શન થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ને તેથી બ્રહ્મચર્યનો ભંગ થવાની આપત્તિ આવે છે, માટે જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જ ભિક્ષાર્થે જવું. અને જો ક્ષત્રિયાદિકના ઘેર જમવાનું નિમંત્રણ હોય તો, ત્યાં ધર્મવાળા પવિત્ર બ્રાહ્મણ પાસે રસોઈ કરાવવી. અથવા ત્યાં જઈને જાતે રસોઈ કરવી ને પોતે પૂજવા રાખેલ 'હરિકૃષ્ણ મહારાજ'ની મૂર્તિને લઈ જઈ, ત્યાં જ તેમને નૈવેધ કરી, માનસીપૂજા, ભગવત્સ્મરણ વગેરે વિધિ કરવાપૂર્વક જમવું.

અને પવિત્ર ને સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણે રસોઈ કરી હોય, અથવા તેવા બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી હોય - એવી રીતના બ્રાહ્મણ,

ક્ષત્રિય કે વૈશ્યાદિ વર્ણના ઉત્તમજનો તૈયાર રાંધેલ અન્ન જમવાનું આમંત્રણ આપે; અથવા ત્યાં જઈને જાતે જ રસોઈ કરવાની હોય તો, પાંચ ત્યાગી મળીને, બ્રહ્મચારી અગર સાધુએ તેને ઘેર જમવા જવું. અને તૈયાર રાંધેલ અન્નનું આમંત્રણ કોઈએ ન આપ્યું હોય ત્યારે તો, સ્વધર્મનિષ્ઠ એવા જનોની કાચા સીધાની ભિક્ષા ગ્રહણ કરવી.

## શ્લોક : ૧૮૫

**अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।**

**वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ।। १८५ ।।**

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી; ને સ્ત્રીઓની પેઠે જ સ્રૈણ પુરુષનો સંગ જે તે સર્વકાળે વર્જવો. ॥ ૧૮૫ ॥

## ભાવાર્થ

'વેદ' એટલે શ્રીજીમહારાજના મુખનાં 'અમૃતવચનો' જે શિક્ષાપત્રી, વચનામૃત, હરિવાક્યસુધાસિંધુ વગેરે; અને 'શાસ્ત્ર' જે સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, હરિકૃષ્ણલીલામૃત, હરિલીલાકલ્પતરુ, ભક્તચિંતામણિ - એ વગેરે ગ્રંથનો અભ્યાસ કરવો, કેમ જે આ શાસ્ત્રો થકી જ સ્વામિનારાયણ ભગવાનના જીવન, ચરિત્રો, આદર્શો, સિદ્ધાંતો, આજ્ઞા, ઉપદેશ, સર્વોપરિતા વગેરેનું જ્ઞાન થાય છે.

અને તે નૈષ્ઠિકવર્ણીઓએ પોતાને ભાગવતધર્મનું જ્ઞાન આપી સત્સંગ કરાવનાર જ્ઞાનગુરુની સેવા કરવી; અર્થાત્ તેમની અનુવૃત્તિમાં રહેવું.

સ્ત્રીઓને વિષે જેમનું ચિત્ત આસક્ત હોય એવા પુરુષોનો પ્રસંગ પણ, શ્રીહરિના આશ્રિત વર્ણીઓએ, સ્ત્રીઓના પ્રસંગની પેઠે જ તજવો; કેમ જે, પુરુષને સ્ત્રીના સંગથી તથા

સ્ત્રીના સંગીના સંગથી, જેવાં બંધન ને મોહ થાય છે, તેવાં અન્યના પ્રસંગથી થતાં નથી. જેનું મન, સ્ત્રીઓથી હરાઈ જાય છે તેની વિદ્યા, તપ, ત્યાગ, શાસ્ત્રશ્રવણ, એકાંતવાસ તથા મૌનવ્રત-એ સર્વે નિરર્થક છે. વળી સત્ય, શૌચ, દયા, મૌન, બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, યશ, ક્ષમા, શમ, દમ તથા ઐશ્વર્ય - એટલાં વાનાંનો જેના સંગથી નાશ થાય તેવા અશાંત, મૂઢ, દેહને આત્મા માનનારા, અસાધુ, શોક કરવા યોગ્ય અને સ્ત્રીઓની પાસે રમકડારૂપ થઈ રહેનારા-એટલાઓનો વર્ણીએ સંગ કરવો નહિ.

## શ્લોક : ૧૮૬

**चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् ।**

**पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ।। १८६ ।।**

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું; અને ડુંગળી, ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણજાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવું. ॥ ૧૮૬ ॥

## ભાવાર્થ

'ચર્મવારી' અર્થાત્ ચામડાના કોશથી કાઢેલું પાણી તથા ચામડાની મશક આદિમાં ભરી રાખેલું પાણી, હવાડાનું પાણી, સીરવૃક્ષના રસના ઘડામાં ભરેલું પાણી, સમુદ્રના મોજાંથી નૌકામાં દાખલ થયેલ અને જળ ઉલેચવાના પાત્રમાં આણેલું પાણી તે કોઈ પણ આશ્રમમાં રહેલા બ્રાહ્મણોએ ન પીવું. અને ડુંગળી ને લસણની જુદી જુદી જાતો જે - લસણ, દીર્ઘપત્ર, પિચ્છગંધ, મહૌષધ, ફરણ, પલાન્ડુ, લવર્તક, અપવારિકા, ગૃંજન, યવનેષ્ટ આદિ અભક્ષ્ય વસ્તુઓ હોઈ બ્રાહ્મણોએ તેનું ભક્ષણ કરવું નહિ.

બ્રાહ્મણોને ઉદ્દેશીને કરાયેલી આ આજ્ઞા બીજી વર્ણના સર્વજનોએ પણ માનવી, તે શ્રીહરિએ સત્સંગિજીવનમાં કહ્યું છે જે, જાતિથી ઉત્કૃષ્ટ કે કનિષ્ઠ એવો ભેદ પાડ્યા વિના તુલ્યપણે સર્વકોઈ ગૃહસ્થોએ, મદ્યમાંસનો પ્રસંગ ન જ કરવો.

તથા ડુંગળી, લસણ આદિકનું ભક્ષણ ન જ કરવું. વળી માદક વસ્તુ હોય તેનું પણ ભક્ષણ કરવું નહિ.

બ્રાહ્મણાદિમાં જેના જે લક્ષણો કહેલાં છે, તે જો બીજી જાતિના મનુષ્યમાં દેખાય, તો તેને તેવાં લક્ષણ ઉપરથી તે - તે જાતિનો ગણવો જોઈએ.

## શ્લોક : ૧૮૭

स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् ।
अकृत्वा वैंश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ।। १८७ ।।

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રી વિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા). ॥ ૧૮૭ ॥

## ભાવાર્થ

શ્લોક ૧૮૬ના વિવેચનમાં કહ્યું તેમ કોઈ જાતિના લક્ષણ બીજી જાતિના મનુષ્યમાં જોવા મળે તો તેને તેવાં લક્ષણ ઉપરથી તે - તે જાતિનો ગણવો જોઈએ. શ્રીહરિએ પોતાના આશ્રિતોને ઉચ્ચકોટીનું જીવન જીવવા આજ્ઞા કરેલી છે; માટે તે આજ્ઞા પ્રમાણે વર્તનારા સૌ બ્રાહ્મણ જાતિના જ કહેવાય. તેથી આ શ્લોકમાં શ્રીહરિએ કરેલી આજ્ઞા શ્રીહરિના સર્વ આશ્રિતોએ પાળવી.

આ શ્લોકમાં શ્રીહરિએ પોતાના આશ્રિતોને સ્નાન, સંધ્યા, મંત્રજપ, મૂર્તિપૂજા અને વૈશ્વદેવ એટલું કર્યા પછી જ ભોજન કરવાનું કહ્યું છે. તેમાં સ્નાનનો વિધિ શ્રીહરિએ નિત્યવિધિમાં બતાવ્યો છે. જે: સૂર્ય ઉગ્યા પહેલાં જાગી, પોતાને બ્રહ્મરૂપ માની, પોતાના હૃદાકાશને વિષે ભગવાનની મૂર્તિનું સ્મરણ

કરી, શૌચવિધિ તથા દાતણ કર્યા પછી, પવિત્ર જળથી સ્નાન કરવું. અને સ્નાન કરતી વખતે ભગવાનનું નામ રટણ કરવું. હવે જેમાં પરમાત્માનું ધ્યાન સમ્યક્પ્રકારે ધ્યાની ભક્તો કરે છે તે સંધ્યા કહેવાય. મંત્રજપ એટલે પ્રત્યક્ષ શ્રીહરિનો અષ્ટાક્ષર મંત્ર અથવા 'સ્વામિનારાયણ' નામક ષડક્ષર મહામંત્ર - તેનો જપ કરવો. મૂર્તિપૂજા એટલે શ્રીહરિની ઘનશ્યામ મહારાજ, સહજાનંદ સ્વામી આદિ નામક પ્રતિમામાં પ્રકટ શ્રીહરિનો ભાવ રાખીને તે પ્રતિમાનું પૂજન કરવું. અને વૈશ્વેદેવ એટલે પ્રતિમાસ્વરૂપ પ્રત્યક્ષ શ્રીહરિને નૈવેદ્ય કરવું તે. આટલું કરીને પછી જ ભોજન કરવું. અને તેમાં પણ અતિ ભોજનનો ત્યાગ કરવો. કેમ જે, મિતાહાર કરનારને આરોગ્ય, આયુષ્ય, બળ તથા સુખ પ્રાપ્ત થાય છે. આ સર્વેની સાથે ભગવાનના ગુણનું કીર્તન તથા સંતસમાગમ પણ નિત્ય કરવા.

વળી, શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે જે, જે ભગવાનનો ભક્ત હોય તેણે ખાતાંપીતાં, નાહતાંધોતાં, ચાલતાં-બેસતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. આમ, આ સર્વે નિત્યકર્મ, શ્રીહરિના સંબંધવાળા હોવાથી તથા શ્રીહરિની આજ્ઞાથી ને તેમની પ્રસન્નતાર્થે કરવાથી ભાગવત્ધર્મ થઈ જાય છે.

શ્રીહરિ નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મ અહીં પૂરા કરતા કહે છે : મેં કહેલા આ નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મોને જે પાળે છે, તેમના ઉપર ભગવાન એવો હું સહજાનંદ સ્વામી તે, પ્રસન્ન થઈને તેમનું મનવાંછિત પૂર્ણ કરું છું.

## શ્લોક : ૧૮૮

**साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत ।**

**स्त्रीस्त्रैणसंङ्गदि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ।। १८८ ।।**

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએઃ અમારે આશ્રિત જે સર્વ સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે, સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો; તથા સ્ત્રૈણ પુરુષનાં પ્રસંગાદિકનો ત્યાગ કરવો; અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક - તેમને જીતવા. ।। ૧૮૮ ।।

## ભાવાર્થ

'સાધુઓ' એટલે, જે વાસુદેવી મહાદીક્ષા ગ્રહણ કરીને ત્યાગાશ્રમમાં પ્રવેશ પામ્યા હોય તેવા શ્રીહરિના આશ્રિતો; તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે, સ્ત્રીઓનો તેમ જ 'સ્ત્રૈણ' કહેતાં, સ્ત્રીઓમાં આસક્ત હોય એવા પુરુષોનો, જોવા વગેરેનો પ્રસંગ જાણી જોઈને પાડવો નહિ. કેમ જે બ્રહ્મચર્ય, અહિંસા, ઈર્ષ્યારહિતપણું, શૌચ, ક્ષમા, દયા, સત્ય, મૌન, યશ, બુદ્ધિ, લજ્જા, અસ્તેય, શમ, દમ-આ બધા ગુણો, સ્ત્રી તથા સ્ત્રૈણ-પુરુષના સંગથી વિનાશ પામી જાય છે. તેમ જ જન્મ-મરણરૂપ સંસૃતિમાં પણ સ્ત્રી તથા સ્ત્રૈણપુરુષનો સમાગમ કારણભૂત છે.

વળી ત્યાગી સાધુઓએ શ્રીજીમહારાજની ભક્તિમાં વિઘ્ન

કરનારા 'લોભ' જે દ્રવ્યાદિકનો લોભ; 'કામ' જે સ્ત્રીને વિષે વાસના; 'રસાસ્વાદ' જે રસને વિષે જીહ્‌વાની આસક્તિ; 'સ્નેહ' જે કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય તે અને 'માન' જે દેહાભિમાન - એ પાંચ મહાદોષોને જ્ઞાન-વૈરાગ્યાદિ ગુણોવડે જીતવા.

તેમાં જે લોભ છે તે રસાસક્તિ થવાનું કારણ છે ને બીજા સર્વે દોષો પણ લોભથકી જ પ્રવર્તે છે. માટે ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે યુક્ત એવા મોટા સંતો, તેમના સમાગમે કરીને લોભને જીતવો.

અને કામ છે તે સર્વ દોષમાત્રનો આશ્રય છે. આત્મા-પરમાત્માના જ્ઞાનને બોધ કરનારા અને બ્રહ્મસ્થિતિવાળા એવા પુરુષો પણ, જો કામસુખને વિષે આસક્ત થાય છે તો, બ્રહ્મના આનંદથકી પણ, સ્ત્રીસંબંધ સુખને અધિક માનીને તેમાં જઈને પડે છે. માટે પોતાના પ્રાણનો નાશ થવાની બીકે પણ સ્ત્રીનો અંગસંગ ક્યારેય ન કરવો. સમસ્ત 'સુખનું મૂળ વિજ્ઞાન છે' અને તે સદ્‌ગુરુથકી જ પમાય છે; માટે હિતૈષીમુમુક્ષુએ, જિતેન્દ્રિય રહી, સદ્‌ગુરુને સેવવા ને સ્ત્રીસંબંધી સંકલ્પ ત્યાગ કરવા વડે કામ જીતવો.

અને જે માન છે તે પણ સદા અનર્થ કરનારો છે ને માનમાંથી ક્રોધ ઉત્પન્ન થતાં તે ક્રોધ, વ્રત, દાન, તપ વગેરેનો નાશ કરે છે. માની પુરુષને બોલવાનો વિવેક રહેતો નથી; અને તેથી પોતાનું કલ્યાણ કરે તેવા સત્પુરુષોનું પણ અપમાન કરે છે.

તથા તેમની બાંધેલી મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે. પૂર્વે જે જે મોટી પદવી પામ્યા છે તે તે, માનનો ત્યાગ કરીને તથા મોટા પુરુષ સાથે નમ્ર ને સરળપણે વર્તવાથી પામ્યા છે - આમ વિચારી કોઈ ગમે તેવા કઠોર વચન કહે, તિરસ્કાર ઇત્યાદિ કરે તોપણ ક્ષોભ પામવું નહિ; પરંતુ રાજી રહેવું. પણ બ્રહ્મચર્યવ્રતરૂપ ધર્મ પાળવામાં તો માન રાખવું; કેમ જે મનોદુર્બળતાને લીધે બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે. રસાસ્વાદ અને સ્નેહનું વિવેચન આગળ કહેવાશે.

## શ્લોક : ૧૮૯

**सर्वेन्द्रियाणी जेयानि रसना तु विशेषतः ।**

**न द्रव्यसडग्रहः कार्यः कारणीयो न केनचित् ।। १८९ ।।**

અને સર્વે જે ઇંદ્રિયો તે જીતવી, ને રસના ઇંદ્રિયને તો વિશેષ કરીને જીતવી; અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ।। ૧૮૯ ।।

## ભાવાર્થ

શ્રી હરિના આશ્રિત સાધુઓએ 'સર્વ ઇંદ્રિયો' એટલે જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો, તેમ જ મન તેમને જીતવાં; કેમ જે ઇંદ્રિયો ચલિત થવાથી બંધન અને તેનો સંયમ કરવાથી મોક્ષ થાય છે.

તેમાં પણ 'રસના' જે જીહ્‌વા, તે તો વિશેષે કરીને જીતવી; કેમ કે રસને જીતે તો સમસ્ત ઇંદ્રિયો નિશ્ચે જિતાય છે, માટે તપસ્વી એવા સાધુપુરુષ તેમણે, ઉપવાસ આદિ વ્રતે કરીને તે જીહ્‌વાને વિશેષ પ્રયત્નવડે જીતવી. અને તે રસના જીતવા માટે જે સમયમાં જેવું અન્ન, કે ફળાદિ ઈશ્વર-ઇચ્છાથી પ્રાપ્ત થાય તે શરીરધારણમાત્ર - પર્યાપ્ત, અન્નફળાદિક વડે સંતુષ્ટ રહેવું. તથા નાના પ્રકારના ખાટા, ખારા, તીખા, ગળ્યા, ચીકણા આદિ રસે યુક્ત એવા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય - એ ચાર પ્રકારના, જીહ્‌વા ઇંદ્રિયને પ્રિય લાગે એવા પદાર્થોમાં

દોષદૃષ્ટિ રાખીને, બુદ્ધિમાન ત્યાગીસાધુએ ક્યારેય તેમાં લોભાવું નહિ. આમ, રસાસક્તિએ રહિત દેહના નિભાવરૂપ યુક્ત જ આહાર કરવો.

વળી, તે સાધુઓંએ જેણે કરીને નાણાંની ઉત્પત્તિ થાય તેવી રીતનાં નવીન વસ્ત્ર, પાત્ર વગેરે પોતાની પાસે રાખવા નહિ તથા બીજા કોઈ દ્વારા રખાવવાં પણ નહિ. કારણ કે દ્રવ્ય જ, સર્વે વિષયસુખના સંપાદનનું મૂળ છે; માટે ધનનો પ્રસંગ પણ સ્ત્રીના પ્રસંગની પેઠે જ તજવો. જે સંન્યાસી ધનને આસક્તિથી જુએ તે બ્રહ્મઘાતી થાય છે; જો આસક્તિથી તેનો સ્પર્શ કરે તો, તે પાંષ્કસ થાય છે અને જો આસક્તિથી તેનું ગ્રહણ કરે તો, તે આત્મઘાતી થાય છે. માટે ત્યાગીઓએ, ધનને આસક્તિથી જોવું નહિ, સ્પર્શ ન કરવો તથા ગ્રહણ પણ ન કરવું.

જે ત્યાગી બુદ્ધિપૂર્વક વીર્યપાત કરે તથા દ્રવ્યનો સંગ્રહ કરે, તે નિશ્ચે અધોગતિ પામે છે.

## શ્લોક : ૧૯૦

**न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित**
**न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ।। १९० ।।**

અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો; અને પોતાના ઉતારાની જાયગા, બંધીની હોય તો, તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ. ।। ૧૯૦ ।।

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત ત્યાગીઓએ પરિચિત અથવા અપરિચિત એવા કોઈ પણ મનુષ્યની જે થાપણની વસ્તુ તે સાચવવા માટે ન રાખવી. એટલે કે હું સાચવીશ એવી પ્રતિજ્ઞા કરીને, પોતાની પાસે બીજાની વસ્તુ રાખવી નહિ; કારણ કે તેથી પોતાના મનનો ક્ષોભ થવાનો અને વૃથા કલેશ થવાનો સંભવ છે.

અને તે ત્યાગીસાધુઓએ ક્યારેક દેશ તથા કાળના વિષમપણામાં, અગર ભિક્ષા વગેરે ન મળે ત્યારે પણ, 'ધીરજ'નો ત્યાગ કરવો નહિ. ને તે ધીરજતાનો ગુણ કેળવવા માટે સર્વભૂતો ઉપર યથોચિત દયા, મૈત્રી અને વિનય રાખવાનું શીખવું; તથા ભગવદ્ ભક્તોમાં સુહૃપણું કરવું; સ્થાવર અને જંગમ તીર્થોની સેવા કરવી. તેમાં પણ મોટા

ભાગવત સંતોની સેવા કરતાં શીખવું, તેમની સાથે શ્રીહરિના પવિત્ર યશનું પરસ્પર સંભાષણ કરતાં શીખવું. તેમાં પણ સ્પર્ધા આદિનો ત્યાગ કરી, પ્રેમ, સંતોષ અને સમગ્ર દુઃખની નિવૃત્તિનો ઉપાય તે શીખવા અને ક્ષમા ધારતા શીખવું, કેમ જે ક્ષમા સાધુ-પુરુષોનું આ લોકમાં પરમ ભૂષણ છે.

વળી તે ત્યાગીસંતોએ પોતાનાં સ્થાનકને વિષે, સ્ત્રીઓનો પ્રવેશ થવા દેવો નહિ; તથા અપેક્ષિત અન્નજળ વગેરે સ્ત્રી દ્વારા કદાપિ મંગાવવું નહિ; કિંતુ પુરુષ પાસે જ મંગાવવું. અને પોતે જ્યાં રહેતા હોય એવા મંદિર કે ધર્મશાળામાં, વાળવું-લીંપવું વગેરે પણ, સ્ત્રી પાસે કદાપિ ન જ કરાવવું; કિંતુ પોતે કરવું અથવા બીજા પુરુષ પાસે કરાવવું. અને જે જે સ્થળે સ્ત્રીઓની જે સ્નાન-આર્જન આદિ ક્રિયાઓ થતી હોય, તે સ્થળમાં તે તે ક્રિયા બ્રહ્મચર્યનું પાલન કરનારા ત્યાગીઓએ કરવી નહિ. અને પોતાને તથા સ્ત્રીને રહેવાના ઘર જુદા હોય, પણ વચ્ચે એક ભીંતમાત્ર વ્યવધાન હોય તેવા ઘરમાં શ્રીહરિના આશ્રિત ત્યાગીઓએ, રાત્રીએ આપત્કાળ પડ્યા વિના રહેવું નહિ તથા સૂવું પણ નહિ.

## શ્લોક : ૧૯૧

**न च सङ:घं विना रात्रौ चलितव्यमनापदि ।**

**एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ।। १९१ ।।**

અને એ સાધુ તેમણે આપત્કાળ પડ્યા વિના રાત્રીને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ. તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ।। ૧૯૧ ।।

## ભાવાર્થ

વળી તે ત્યાગી સાધુઓએ આપત્તિ સિવાય ઘણા પુરુષોના સંગાથ વિના રાત્રે બીજે ગામ જવું નહિ. તેમ જ આપત્તિ વિના, એકલા પણ, કોઈ પણ સ્થાને જવું નહિ. તથા દુષ્ટ માણસો સાથે ચાલવું નહિ પણ નિંદિત, તેમ જ ગુપ્તમાર્ગથી ગામમાં પ્રવેશ કરવો નહિ.

હવે શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધમાં : ઘણાં મનુષ્ય ભેગાં વસતાં હોય તો, ત્યાં કજિયો થવાનો સંભવ રહે છે; અને બે જણા ભેગા રહે તો, ત્યાં ગ્રામ્યવાર્તા થવાનો સંભવ રહે છે. માટે ત્યાગીએ તો એકલા જ રહેવું - એમ કહ્યું છે તે કલહ અને ગ્રામ્યવાર્તા થવાના હેતુરૂપ જે દુર્જનનો સંગ તેનો નિષેધ કર્યો છે; પરંતુ ભગવાનના ભક્ત એવા જે સાધુ, તેમના સમાગમનો નિષેધ કર્યો નથી. તે શ્રીહરિ ગ.મ.પ્ર. ૪૮મા વચનામૃતમાં કહે છે : ‘અમારે પણ એ જ અંતરમાં વાસના છે

જે, આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો - એમ ઇચ્છીએ છીએ.' એમ સંતનો મહિમા કહ્યો છે.

માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણની સેવામાં રહેવા ઉત્સુક, એવા ત્યાગી સંત-બ્રહ્મચારીઓએ સત્સંગના મધ્યમાં રહેવું, કે જેથી એકબીજાના સમાગમથી ધર્મ પણ સહેજે રહે, ને સત્પુરુષના સમાગમથી જ્ઞાનપણ થાય અને ઉર્મિઓ પણ જિતાય.

આમ, આ શ્લોકમાં કહ્યા પ્રમાણે ત્યાગીઓએ ભગવદેકાંતિક શ્રીહરિના આશ્રિત એવા ત્યાગીની જોડમાં ચાલવું, પરંતુ ભરતજીની માફક એકલા વિચરવું નહિ; શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે જ આવી પ્રણાલિકા બાંધી છે. માટે તે પ્રમાણે વર્તવું.

## શ્લોક : ૧૯૨

**अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।**
**न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयाऽपि तत् ।। १९२ ।।**

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય, તથા ચિત્રવિચિત્ર ભાત્યનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય, કે શાલ-દુશાલા હોય, ને તે જો બીજાની ઇચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તોપણ, તે વસ્ત્ર પોતે પહેરવું-ઓઢવું નહિ. ॥ ૧૯૨ ॥

## ભાવાર્થ

વળી સાધુએ ઘણાં મૂલ્યવાળાં, રંગબેરંગી, કસુંબલ રંગથી રંગેલાં, ગળીમાં બોળેલાં , 'મહાવસ્ત્ર' જે દુશાલા તેમ જ અતિશય ઝીણાં એવાં પારદર્શક, તથા સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવા રજોગુણી વસ્ત્રો એ બધાં ભલે બીજાની ઇચ્છાથી પ્રાપ્ત થતાં હોય તોપણ તે ધારણ કરવાં નહિ. કારણ કે એવાં વસ્ત્રોથી રજોગુણ ઉત્પન્ન થઈ ઇંદ્રિયોની વૃત્તિ વિષય સન્મુખ થવાનો સંભવ છે, તેથી ત્યાગ-વૈરાગ્યની દઢતા પણ શિથિલ થઈ જાય છે.

## શ્લોક : ૧૯૩

**भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।**
**व्यर्थःकालो न नेतव्यो भक्तिं भगवतो विना ।। १९३ ।।**

અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના, ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ. અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના, વ્યર્થ કાળ નિર્ગમવો નહિ; નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥ ૧૯૩ ॥

## ભાવાર્થ

શ્રીહરિના આશ્રિત સાધુઓએ ભિક્ષા અને સભાપ્રસંગ વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ , 'ભિક્ષા' એટલે ઝોળી માગવી અથવા આમંત્રણ હોય તો ભિન્નભિન્ન ગૃહે 'ભિક્ષા લેવા' - જમવા જવું. તેમ જ 'સભા' એટલે ભગવાનના ભક્ત એકત્ર થઈ જ્ઞાનગોષ્ટિ કરતા હોય, તેવા જાહેર સામાજિક પ્રસંગ. તે પણ સભાપ્રસંગ, ગૃહસ્થને ત્યાં હોય અને જો તે સભામાં જવાનું આમંત્રણ આવે તો જ જવું; અને તે પણ, પાંચની સંખ્યાથી ઓછી સંખ્યામાં જવું નહિ.

ભિક્ષા માગવામાં પણ પવિત્ર ગૃહસ્થના ઉઘાડાં દ્વારવાળાં ઘર પ્રત્યે જઈને, સ્ત્રીને જોયા વિના, ઊંચા સ્વેર શ્રીહરિનું નામ ઉચ્ચારીને ભિક્ષા માગવી; એટલે કે, ઘરની બહાર ઊભા રહીને જ ભિક્ષા માગવી. અને એક ગૃહસ્થના ઘરને પીડા

નહિ પમાડતાં, દરેક ઘેરથી થોડું થોડું ભિક્ષાન્ન ગ્રહણ કરવું. ત્યારબાદ તે ભિક્ષામાં મળેલું અન્ન, સ્વયં ત્યાગી સાધુએ શુદ્ધ થઈ, રસોઈ બનાવીને શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુને નૈવેદ્ય કરવું. અને પછી જ શ્રીહરિના ચરણામૃત જળ અથવા પ્રસાદીના જળવડે તે અન્નને સંમિશ્રિત કરી, શ્રીહરિના નામોચ્ચારણસહિત તેમની મૂર્તિનું સ્મરણ કરવાપૂર્વક જમવું. આવી રીતે ભિન્નભિન્ન ગૃહોથકી ભિક્ષાન્ન મેળવીને જમનાર ત્યાગી, ભિક્ષા આપનારનાં સમગ્ર પાપોનો વિનાશ કરે છે.

વળી શ્રીહરિના આશ્રિત ત્યાગીઓએ ભગવાનની નવધા ભક્તિ, જે શ્રવણ-કીર્તન વગેરે તે વિના એક ક્ષણપણ નિર્ગમન ન કરવી. અને જુદા જુદા દેશોમાં જે જે મુમુક્ષુ ભક્તજનો, પોતાને શરણે આવે, તે સર્વેને પાપ હરનારી, ધર્મનાં દૃઢ સ્થિતિ કરાવનારી ને શ્રીહરિના સ્વરૂપના જ એક જ્ઞાનને કરનારી- એવી શ્રીહરિની ભક્તિનો જ ઉપદેશ ત્યાગીઓએ કરવો.

## શ્લોક : ૧૯૪-૧૯૫

**पुमानेव भवेद्यत्र पङ्क्वान्नपरिवेषणः ।**
**ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ।। १९४ ।।**

અને જે ગૃહસ્થના ઘરને વિષે, રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય, તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય ॥ ૧૯૪ ॥

**तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।**
**अन्यथाऽऽमान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ।। १९५ ।।**

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું; અને એ કહ્યું તેવું ન હોય તો, કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ॥ ૧૯૫ ॥

## ભાવાર્થ

જે ગૃહસ્થનાં ઘરમાં રાંધેલી રસોઈને પીરસનાર માત્ર પુરુષ હોય અને જ્યાં સ્ત્રીનાં દર્શન કે સ્ત્રીના શબ્દનું શ્રવણ પણ થાય તેમ ન હોય, તેવા ઘરે શ્રીહરિના સાધુઓએ ભોજન કરવા માટે જવું; તેમાં પણ પાંચ ત્યાગીઓથી ઓછાએ કદાપિ જવું નહિ. ને સર્વે ક્રિયાઓ ભગવાનને અર્થે જ કરવી, એ હેતુથી ભગવાનને નૈવેદ્ય કર્યા સિવાયનું અન્નાદિક ક્યારેય પણ

જમવું નહિ. જો ગૃહસ્થના ઘરમાં, શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુની પ્રતિમા ન હોય તો, પોતાની સેવ્યમૂર્તિને ત્યાં લઈ જઈને, તેમને નૈવેદ્ય કરીને પછી જમવું. અને જો તે ગૃહસ્થને ઘેર ભગવાનની મૂર્તિ હોય તો કાચું સીધું તે ભિક્ષા આપનારા-જમાડનારા પાસે મંગાવવું ને સ્વયં રસોઈ બનાવીને, પોતાને પૂજવાની મૂર્તિને નૈવેદ્ય કરવું. ત્યારબાદ ત્યાગીમંડળે તે ગૃહસ્થ હરિભકતના ગૃહપ્રત્યે જમવા જવું. કેમ જે પોતાની પૂજ્ય મૂર્તિને નૈવેદ્ય ન કરે તો સેવાધર્મની હાનિ થાય છે. કદાચ પોતાને વ્રતોપવાસ હોય તોપણ ભગવાનને તો નૈવેદ્ય ધરવું.

અને પ્રથમ કહ્યું તેવી રીતની અનુકૂળતા ન હોય તો, ભિક્ષામાં કાચું અન્ન માગીને પોતાના જ સ્થાનકમાં રસોઈ કરવી. માટે જાતે રસોઈ કરવાનું અનુકૂળ ન હોય તો, ધર્મવાળા પવિત્ર બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી, ભગવાનને નૈવેદ્ય ધરી, પ્રસાદીભૂત અન્ન, પ્રથમ, ગુરુને જમાડીને પછી પોતે કાષ્ઠપાત્રમાં મેળવી, પાણી નાખીને જમવું.

વળી જેનું ખપતું ન હોય તે જો જમવાનું નિમંત્રણ આપે, તો ત્યાગીઓએ કાચું સીધું પોતાના આશ્રમમાં મંગાવીને અગર, તેઓના ગૃહપ્રત્યે જઈને સ્વયં રસોઈ કરીને અથવા, બીજા પવિત્ર ધર્મવાળા બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને જમવું.

## શ્લોક : ૧૯૬

**आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि ।**
**अवर्ततात्र परमहंसैर्वृत्यं तथैव तैः ।। १९६ ।।**

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી, તે જે તે, પૃથ્વીને વિષે જડબ્રાહ્મણથકા જેમ વર્તતા હતા તેમ જ, પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ।। ૧૯૬ ।।

## ભાવાર્થ

આ શ્લોકમાં શ્રીહરિએ પોતાના આશ્રિત ત્યાગાશ્રમીઓને 'જડભરતની માફક' એટલે કે, નિર્માનીપણે તથા દેહાશક્તિએ રહિત વર્તવાની આજ્ઞા કરી છે. એટલે કે, જેમ ભરતજી પોતાનાં સ્ત્રીપુત્રાદિકનો તથા ચક્રવર્તી રાજ્યનો પણ ત્યાગ કરીને, કેવળ ભગવાનનું ભજન કરવા માટે વનમાં ગયા હતાં; પરંતુ જો ત્યાં જઈને ભગવાન સિવાય બીજે, મૃગલીના બચ્ચામાં વૃત્તિ રાખી તો, મૃગલીના પેટે જન્મ લેવો પડ્યો; તેમ શ્રીહરિના સાધુઓએ પણ દેહસુખ તથા સંસારના સુખનો ત્યાગ કર્યો છે, તો તેમણે શ્રીહરિની મૂર્તિ સિવાય બીજે વૃત્તિ રાખવી નહિ. અને તે ભરતજીએ જડભરતના દેહમાં માન-અપમાન સહન કરીને પણ ભગવાનમાં અખંડ વૃત્તિ રાખી, તેમ શ્રીહરિના સાધુઓએ પણ માન-અપમાન સહન કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માની એટલે કે

સ્વામીસેવકભાવે શ્રીહરિના તુલ્યપણાને પામવાની ભાવના કરી, શ્રીહરિની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાનો નિરંતર અભ્યાસ રાખવો - એવી શ્રીહરિની આજ્ઞા છે.

## શ્લોક : ૧૯૭

**वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।**

**ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ।। १९७ ।।**

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે. તાંબૂલ તથા અફીણ તથા તમાકુ-ઇત્યાદિકનું જે ભક્ષણ. તે જતને કરીને વર્જવું. ॥ ૧૯૭ ॥

## ભાવાર્થ

શ્રી સહજાનંદ સ્વામીના આશ્રિત બ્રહ્મચારી તથા સાધુ તેમણે 'તાંબૂલ' જે નાગરવેલના પાનનું બીડું, સોપારી, એલાયચી, જાયફળ, જાવંત્રી, લવિંગ આદિ તથા ભાંગ, ગાંજો, અફીણ, તમાકુ, માજમ તથા જેણે કરીને કેફ ચડે, એવી સર્વે માદક વસ્તુઓનો દૂરથી ત્યાગ કરવો. અર્થાત્ જે રાજસી - તામસી અન્ન ખાવાથી, દેહની ધાતુ ઉત્તેજીત થાય, એવું અન્નાદિક ભગવાનની પ્રસાદીનું હોય તોપણ બ્રહ્મચારી તથા સાધુ તેમણે ખાવું નહિ. અને આવી કોઈ વસ્તુ અજાણ્યમાં ગ્રહણ થઈ જાય તો, ત્યાગાશ્રમીએ એક દિવસ ઉપવાસ કરવો.

## શ્લોક : ૧૯૮

**संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः ।**
**प्रेतश्राद्धेषु सर्वेषु च द्वादशाहिके ।। १९८ ।।**

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે, ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ; તથા એકાદશાહપર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ; તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ॥ ૧૯૮ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : મારા આશ્રિત સાધુઓએ તથા બ્રહ્મચારીઓએ, ગર્ભાધાનાદિક સંસ્કારકર્મની સિદ્ધિને માટે બ્રહ્મભોજન કરાવવામાં આવે છે તેમાં પોતાને આમંત્રણ મળ્યું હોય તોપણ, ભોજન કરવા જવું નહિ તથા પ્રેતને ઉદ્દેશીને કરવામાં આવતાં જે નવ શ્રાદ્ધ, એકાદશાહિક શ્રાદ્ધ, ઓગણત્રીસ દિવસના માસિયાનું શ્રાદ્ધ, દ્વાદશાહિક શ્રાદ્ધ તથા સપિંડ શ્રાદ્ધ એમાં આમંત્રણ હોય તોપણ, બ્રહ્મચારી તથા સાધુએ જમવા જવું નહિ. અને તે દિવસે કાચું સીધું આપે તોપણ ન લેવું.

## શ્લોક : ૧૯૯

**दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा ।**

**ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ।। १९९ ।।**

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ; અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ. ॥ ૧૯૯ ॥

## ભાવાર્થ

બ્રહ્મચારી તથા સાધુઓએ દિવસે સૂવું નહિ; કેમ કે દિવસની નિદ્રા કરનારને સ્વપ્નદોષ થવાનો સંભવ રહે છે. સ્વપ્નમાં મનુષ્યને રજોગુણ તથા તમોગુણ પરાભવ પમાડે છે, તેથી જાણે બીજા દેહને પામ્યો હોય તેમ પોતાના મૂળદેહમાં સ્પૃહારહિત થઈને, (સ્વપ્નમાં) અનુચિત ક્રિયા કરે છે. આમાં બાળક, વૃદ્ધ, રોગી, પ્રવાસી તથા ભગવાનનાં મંદિર થતાં હોય તેમાં શ્રમ કરનારા ત્યાગીસાધુ એટલા અપવાદ છે.

વળી તે ત્યાગીસાધુ તથા બ્રહ્મચારી તેમણે 'બુદ્ધિપૂર્વક' એટલે જાણી જોઈને ભગવાનના સંબંધ વિનાની વ્યાવહારિક વાર્તા, જેવી કે : કોઈની આજીવિકા સંબંધી, તેમ જ ગામ, ખેતર કે વાડી સંબંધી, રાજકાર્યસંબંધી, કોઈના જય - પરાજયની, વસ્ત્ર-અલંકાર ને નગરની શોભાની, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય - એ ચાર પ્રકારના અન્નના અનેકવિધ રસાસ્વાદની

વગેરે વાર્તા કરવી નહિ અને સાંભળવી પણ નહિ. કેમ કે તેવી ગ્રામ્યવાર્તા કરવાથી બંધન થાય છે. વૃત્તિ ડહોળાઈ જવાથી પ્રભુના સ્વરૂપમાં એકાગ્ર વૃત્તિ થતી નથી. તેથી અધોગતિ થાય છે.

## શ્લોક : ૨૦૦

**स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।**

**निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ।। २०० ।।**

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ; અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું.।। ૨૦૦ ।।

## ભાવાર્થ

શ્રીજીમહારાજના આશ્રીત 'ત્યાગાશ્રમીઓએ' અર્થાત્ સંત-બ્રહ્મચારી વગેરે ત્યાગીઓએ, રોગાદિ આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ; રોગાદિ આપત્તિમાં ખાટલામાં સૂવાનો દોષ નથી; કેમ કે ધર્મ તો દેહરખ્ખુ કહેલો છે.

વળી તે વર્ણી તથા સાધુએ આ જ ગ્રંથમાં પ્રથમ કહેલાં લક્ષણવાળા ભગવાનના ભક્તોની આગળ નિષ્કપટ થઈને સર્વકાળે વર્તવું.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૭૬માં વચનામૃતમાં કહ્યું છે : "ક્રોધી, ઈર્ષાવાળો, કપટી ને માની-એ ચાર પ્રકારના જે મનુષ્ય, તે જો હરિભક્ત હોય તો ય પણ તે સાથે અમારે બને નહિ" - આ વચનામૃતમાં સામાન્યપણે કપટનો નિષેધ જ કર્યો છે તો સંતોની આગળ કે ભગવદ્ભક્તની આગળ તો કપટ ન જ રખાય તેમાં શું કહેવું?

## શ્લોક : ૨૦૧

**गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।**

**क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ।। २०१ ।।**

અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે, પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું; પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ; અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું; પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ।। ૨૦૧ ।।

## ભાવાર્થ

ભગવાનના એકાંતિક ભક્તોના સ્વરૂપને નહિ જાણનારા, કુમતિવાળા મનુષ્યો ગાળ દે, અથવા તાડન કરે તો તે શ્રીહરિના આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ તેમ જ સાધુઓએ સહન કરવું, પરંતુ તેમના ઉપર ક્રોધ કરવો નહિ. અને શત્રુ-મિત્ર સર્વેનું હિત કરવું - તેમના આત્માના કલ્યાણનો જ વિચાર કરવો; પણ કોઈનું યે અશુભ ઇચ્છવું નહિ. અને ક્યારેય અસત્ય વચન ન બોલવું; સત્ય વચન પણ જો પરદુ:ખકર થતું હોય તો, તેવું સત્ય વચન પણ ન બોલવું. તેમ જ મન, વચન અને કાયાથી કોઈનો પણ દ્રોહ ન કરવો. ને કેવળ નૈષ્ઠિક બ્રહ્મચર્યાદિ સ્વધર્મનું પાલન કરવું. તેમાં માન-ટેક રાખવાં; પરંતુ તે સિવાય બીજે તો માનનો ત્યાગ કરવો.

પારકાએ અપમાન પમાડ્યા છતાં જે ખેદ કરતો નથી તે જ આ લોકમાં સુખેથી સર્વ ક્રિયામાં પ્રવર્તે છે; જ્યારે અપમાન કરનાર વિનાશ પામે છે. વળી 'અસન્માનથી' એટલે અપમાનનું સહન કરવાથી તપની વૃદ્ધિ થાય છે અને 'સન્માનથી' એટલે સત્કારપૂર્વકના બહુમાનથી, તે સન્માન સ્વીકારનારાના તપનો નાશ થાય છે.

ક્રોધે કરીને, પોતાના સંબંધીજનો, ગુરુજનો ને સાધુજનોનો પણ નાશ કરાય છે; તેમ જ ન કરવા યોગ્ય ક્રિયા પણ ક્રોધથકી થાય છે અને મર્મભેદક દુષ્ટવચનો, ક્રોધથકી જ પરસ્પર બોલાય છે. વળી જેઓ પરમાત્માને પણ પ્રિયતમ છે અને સમાગમ માત્રથી પણ સર્વના કલ્યાણને કરનારા છે એવા શ્રેષ્ઠ સત્પુરુષોની પણ, ક્રોધથકી કઠોર વાણીથી તે અવજ્ઞા કરે છે. ક્રોધ મહાન શત્રુ છે; કેમ કે ક્રોધરૂપ શત્રુ કોઈના પણ લક્ષમાં ન આવે, એવી રીતે એકદમ શરીરની અંદર ઉત્પન્ન થઈને, એક જ ક્ષણમાં અનેક અનર્થો ઉપજાવે છે અને અંતે જીવાત્માની અધોગતિ કરે છે. માટે તેને જે જીતે, તે જ તેજસ્વી કહેવાય છે. ક્રોધ ન કરવાથી આ લોકમાં પોતાનું ને પારકાનું રક્ષણ થાય છે. દુર્જનોનાં દુર્વચને કરીને તથા તેમણે કરેલા અગણિત ઉપદ્રવ તેણે કરીને, પોતાને તેના પ્રતિકારનું અપરિમિત સામર્થ્ય હોવા છતાં પણ, જે સાધુપુરુષોનું મન 'ક્ષોભ' પામતું નથી. એટલે ક્રોધને વશ થતું નથી એવા સર્વસુહૃદ સાધુઓ તો સુદુર્લભ છે; અર્થાત્ એવા તો કોઈક

વિરલા જ હોય છે.

અને જે મોટા સાધુ છે તેમણે ભગવાનની આજ્ઞાએ કરીને અનેક જીવોને ધર્મમર્યાદામાં રખાવવા, ને ભગવાનને માર્ગે ચડાવવા-એવો શુભ સંકલ્પ મનમાં ઇચ્છ્યો હોય ને તેમાં પ્રવર્ત્યા હોય, અને કોઈક જીવ ધર્મમર્યાદાનો ભંગ કરે, ત્યારે તે માટે પુરુષને, તે જીવની ઉપર ક્રોધ ઉપજી આવે; કેમ કે પોતાના શુભ સંકલ્પનો તેણે ભંગ કર્યો; માટે, ધર્મમર્યાદામાં રાખવાની શિક્ષાને અર્થે તેની ઉપર ક્રોધ કરીને તેને શિખામણ ન દે તો, મર્યાદાનો ભંગ થતો જાય ને તે જીવનું સારું ન થાય.

## શ્લોક : ૨૦૨

**दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च ।**

**देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ।। २०२ ।।**

અને કોઈનું દૂતપણું ન કરવું, તથા ચાડિયાપણું ન કરવું, ને કોઈના ચારચક્ષુ ન થવું; અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) ।। ૨૦૨ ।।

## ભાવાર્થ

અને તે સાધુ તથા બ્રહ્મચારી તેમણે 'દૂતનું' એટલે સંદેશો પહોંચાડવાનું કામ ન કરવું. વળી ચાડીખોર તેનું કર્મ તે 'ચાડિયાપણું' એટલે પારકાની ગુપ્ત વાતને છાની રીતે બીજાને કહી દેવી તે; તેવું કામ ન કરવું. કારણ કે ચાડિયાપણામાં નિર્દયપણું આવવાનો સંભવ છે અને 'ચારકર્મ' જે જાસુસનું કામ; અર્થાત્ છાના રહીને એકનું ગુહ્ય વૃત્તાંત જાણી લઈને બીજાને કહી દેવું; તે પણ ન કરવું. કેમ કે એવા ચારકર્મમાં નિઃસ્પૃહતા તથા નિષ્કપટતાના ગુણોનો નાશ થવાનો સંભવ છે. વળી ત્યાગીએ ગૃહસ્થના વ્યવહારનો નિર્ણય પણ ન કરવો; કારણ કે ત્યાગીઓ, વ્યવહારકાર્યમાં અમંગળ હોઈ તેમાં તેમનો અધિકાર નથી.

અને તે સાધુને બ્રહ્મચારી તેમણે 'દેહને વિષે' એટલે પોતાના

શરીરમાં 'અહંતા' ન કરવી; કહેતાં, દેહ તે હું છું એવા અભિનિવેશનો ત્યાગ કરવો; અર્થાત આત્મનિષ્ઠાયુક્ત વર્તીને દેહાભિમાન ટાળવું. તેમાં પ્રથમ પોતાના તથા બીજાના દેહનું સ્વરૂપ યથાર્થ જાણવું. તે દેહ, માંસના લોચા તથા મળ આદિક અપવિત્ર ભૂંડી વસ્તુથી ભેરલી કોથળી જેવો છે. વળી ત્વચા, માંસ, રુધિર, નાડીઓ, મેદ, મજ્જા, હાડકાના કકડા, વિષ્ટા, મૂત્ર વગેરે અપવિત્ર વસ્તુઓથી ભરેલો છે. વૃદ્ધાવસ્થા તથા નાના પ્રકારના રોગે યુક્ત, એવા દેહમાં કોઈ પણ વસ્તુ સારી નથી. તેવા દેહને વિષે આસક્તિવાળા જીવ, અંડજ, ઉદ્ભિજ, સ્વેદજ ને જરાયુજ-એ ચાર પ્રકારની યોનિને પામી, તે તે દેહોને વારંવાર ધરે છે. આવા પ્રકારના સાંખ્ય વિચારથી દેહમાંથી પ્રીતિ ટળી જાય છે.

વળી ત્યાગી સાધુઓએ 'સ્વજન' એટલે પોતાના સંબંધીઓમાં 'મમતા' જે આ કુટુંબીઓ મારાં છે, એવું માનીને સ્નેહ ન કરવો. તેમ જ વસ્ત્ર, પાત્ર, રાચરચીલું વગેરેમાં પણ મમતા કરવી નહિ; કેમ કે તે તે વસ્તુઓ દેહના સંબંધવાળી હોઈ અને આત્મા-પરમાત્માના વિચારમાં બાધક હોઈ, મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર છે. અને ત્યાગીઓએ એવો વિચાર કરવો કે, સ્વર્ગમાં દેવતાઓને સુખ નથી અને દેવતાઓથી બીજાને પણ સુખ નથી તો, આ મર્ત્યલોકનાં વિષયથી વ્યાકુળ એવાં મનુષ્યો, મને શું સુખ આપનારા છે? એમ જાણી, પોતાના પૂર્વાશ્રમના સંબંધીજનોમાં હેત રાખવું નહિ; કારણ કે દેહ ને

દેહના સંબંધીમાંથી સ્નેહ-રહિતપણાથકી પરમ સુખ પ્રાપ્ત થાય છે તથા પરમાત્માને વિષે પ્રીતિ થાય છે.

શ્રીહરિજીએ કહેલા જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ધર્મને અનુસરીને જે ત્યાગીસાધુ શ્રીહરિને ભજે છે તે ભગવાનના એકાંતિક ભક્ત કહેવાય છે.

## શ્લોક : ૨૦૩

**इति संक्षेप्तो धर्माः सर्वेषां लिखिता मया ।**

**साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ।। २०३ ।।**

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ-ભાઈ સર્વે, તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, તે જે તે, સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે; અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ।। ૨૦૩ ।।

## ભાવાર્થ

હવે શ્રીહરિ ધર્મોપદેશનો ઉપસંહાર કરતાં કહે છે : એ પ્રકારે, મારા આશ્રિત એવા ત્યાગીગૃહી-બાઈભાઈ સર્વે મનુષ્યોનાં જે સદાચારો તે, મેં સંક્ષેપે કરીને લખ્યા છે. અને આ ધર્મનો વિસ્તાર તો સંપ્રદાયના ગ્રંથો થકી જાણવો. અહીં સંપ્રદાયના ગ્રંથ એટલે શ્રીહરિએ પોતે જ રચેલ, તેમ જ સ્વાશ્રિતો પાસે રચાવેલ વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી આદિ ગ્રંથો સમજવા. કેમ જે, શ્રીહરિએ સ્વયં વચનામૃતમાં કહ્યું છે, સંપ્રદાયના ઇષ્ટદેવનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેમણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય, તે આચરણને વિષે ધર્મપણ સહેજે આવી જાય અને તે ઇષ્ટદેવનો

મહિમા પણ આવી જાય. માટે પોતાના ઇષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવાપર્યંત ચરિત્ર, તેનું જે શાસ્ત્ર, તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.' અને શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં જે આઠ સચ્છાસ્ત્ર કહ્યાં છે, તેમાંથી ઉદ્ધવસંપ્રદાયના સાધુ, બ્રહ્મચારી ને ગૃહસ્થ સત્સંગીઓના ધર્મની વિક્તિ, તથા સાંખ્યયોગી બાઈ-ભાઈના ધર્મની વિક્તિ, તેમ જ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો પ્રાદુર્ભાવ, તેમનાં લીલાચરિત્ર, આચાર્યપદનું સ્થાપન તથા શ્રીહરિની અંતર્ધાનલીલા-એ વગેરેની વિકિત જાણી શકાય નહિ; માટે સત્સંગિજીવન આદિ શાસ્ત્રથી જ આ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મનો વિસ્તાર જાણવો.

## શ્લોક : ૨૦૪

**सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना ।**

**पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ।। २०४ ।।**

અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી, જે તે લખી છે; તે કેવી છે તો, સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. ॥ ૨૦૪ ॥

## ભાવાર્થ

હવે શ્રીહરિ પોતાના શિક્ષાપત્રીલેખનું 'મૂળ' જણાવે છે : 'સર્વે સચ્છાસ્ત્રનો સાર મેં મારી બુદ્ધિવડે કાઢીને આ શિક્ષાપત્રી લખી છે, તે મનુષ્યો કહેતાં સ્ત્રી-પુરુષ, આબાલ-વૃદ્ધ સર્વને પોતે ઇચ્છેલા ફળને આપનારી છે.' આમ શ્રીજીમહારાજે પોતે જ સર્વે સચ્છાસ્ત્રનું દોહન કરીને આ શિક્ષાપત્રી લખી છે, ને એવો શુભ સંકલ્પ પણ કર્યો છે કે, આ શિક્ષાપત્રી તેમના સર્વ અનુયાયીઓના મનોરથ પૂર્ણ કરો.

## શ્લોક : ૨૦૫

**इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः ।**
**यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ।। २०५ ।।**

એ હેતુ માટે, અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે, સાવધાનપણે કરીને, નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. ॥ ૨૦૫ ॥

## ભાવાર્થ

આ શિક્ષાપત્રી સર્વે સચ્છાસ્ત્રના સારરૂપ હોવાથી, તેમ જ ઐહિક તથા પારલૌકિક મનેપ્સિત ફળને આપનારી હોવાથી, શ્રીહરિના આશ્રિત એવા સર્વે મનુષ્યોએ 'આ શિક્ષાપત્રીને અનુસરીને જ' એટલે તેમાં આજ્ઞા કર્યા પ્રમાણે જ વર્તવું; પણ સ્વચ્છંદપણે ક્યારેય વર્તવું નહિ; અર્થાત્ મનસ્વીપણે ન વર્તવું.

## શ્લોક : ૨૦૬

**वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा ।**

**ते धर्मादिचतुर्वर्ग सिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ।। २०६ ।।**

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો, તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ - એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે. ।। ૨૦૬ ।।

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : જે પુરુષો તથા જે સ્ત્રીઓ આ પ્રમાણે - એટલે મારી લખેલી શિક્ષાપત્રી અનુસાર વર્તશે તે પુરુષો તથા તે સ્ત્રીઓ, ધર્મ જેમાં મુખ્ય છે એવા ચારે પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ ને મોક્ષ- તેમાંથી જે જે પુરુષાર્થ સિદ્ધિની ઇચ્છા હશે, તે તે પુરુષાર્થની સિદ્ધિને જરૂર મેળવશે.

## શ્લોક : ૨૦૭

**नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः ।**

**बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ।। २०७ ।।**

અને જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો, અમારા સંપ્રદાયથકી બાહેર છે-એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ॥ ૨૦૭ ॥

## ભાવાર્થ

શ્રીહરિ કહે છે : અમે કહેલા ધર્મોમાં જે વર્તે તે જ અમારા છે; અને ન વર્તે તે અમારા નહિ, એમ અમારા સંપ્રદાયનાં સ્ત્રીપુરુષોએ સમજવું. અને મારી બાંધેલ ધર્મમર્યાદા જેને-જેને રુચતી નથી, તે તે દેહધારીઓને શોધી કાઢીને, કાળરૂપ એવો હું તે, તે તે જનોને એકસામટો દંડ આપું છું ને આપીશ.

## શ્લોક : ૨૦૮-૨૦૯

**शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।**
**कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ।। २०८ ।।**

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો; અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો, આદરથકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. ॥ ૨૦૮ ॥

**वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् ।**
**मद्रुपमिति मद्वाणी मान्येयं परमादरात् ।। २०९ ।।**

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો, નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે - એ રીતે પરમ આદરથકી માનવી. ॥ ૨૦૯ ॥

## ભાવાર્થ

શ્રીહરિના શિષ્ય એવા ભક્તજનોએ દરરોજ આ શિક્ષાપત્રીનો પાઠ નિયમથી કરવો અને જેમને અક્ષરજ્ઞાન ન હોય કે સ્પષ્ટ ઉચ્ચાર કરતાં ન આવડતો હોય તેમણે તો, પ્રીતિપૂર્વક આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. અને જો વક્તાનો પણ અભાવ હોય તેવા સમયે, જેવા મળી આવે તેવા ઉપચારો વડે, આ

શિક્ષાપત્રીની દરરોજ પૂજા કરવી. એ ત્રણમાંથી જેને ફેર પડે છે તેણે એક ઉપવાસ કરવો.

અને શિક્ષાપત્રીરૂપી, શ્રીહરિએ કહેલા ધર્મને પ્રકાશ કરનારી વાણીરૂપ આ ગ્રંથ; તે શ્રીહરિની મૂર્તિ જ છે - એમ પરમ આદરથી માનવી.

આમ શિક્ષાપત્રી પોતાને મહત્તર ઇષ્ટ છે - એમ શ્રીહરિએ પોતે જ, આ બે શ્લોકમાં સ્પષ્ટ વિધાન કર્યું છે. માટે પ્રકટના ઉપાસકને તો, પ્રકટનાં ચરિત્ર તથા પ્રકટ શ્રીહરિના સંબંધવાળાં શાસ્ત્ર-એનું જ વાંચન, શ્રવણ, પૂજન વગેરે પ્રિય લાગે ને એ જ પતિવ્રતાનો ધર્મ છે ને શ્રીજીમહારાજને પણ એ જ ઇષ્ટ છે.

## શ્લોક : ૨૧૦

**युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।**
**आसुर्या सम्पदाढयाय पुंसे देया न कर्हिचित् ।। २१० ।।**

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે, દૈવી સંપદાએ કરીને યુક્ત જે જન હોય - તેને આપવી; અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥ ૨૧૦ ॥

## ભાવાર્થ

હવે શ્રીહરિ આજ્ઞા કરે છે કે, આ જે શિક્ષાપત્રી તે દૈવી સંપત્તિવાળા મનુષ્યોને જ આપવી; પણ અસુરસર્ગમાં ઉત્પન્ન થયેલા એવા આસુરી સંપત્તિવાળા જનોને, આ શિક્ષાપત્રી ક્યારેય ન આપવી; કેમ કે અપાત્રને દાન આપવાથી વિપરીત પરિણામ આવે છે.

અસત્ય ભાષણ, પરગુણોમાં દોષનું આરોપણ, બીજાનું અનર્થ ચિંતવવું, ઈર્ષ્યા, તુષ્ણા, આશા, મમતા તેમ જ અહંમમત્વ આ સર્વે અધર્મની શક્તિઓ છે. અને દંભ, લોભ, મત્સર, કામ, ક્રોધ, મદ, ગર્વ, મોહ, કઠોર વાણી, સ્નેહ, માન, અસત્યમાં પ્રવૃત્તિ, કલેશ કરવાનો સ્વભાવ, દ્રોહ, અશૌચ, અવિશ્વાસ, ચોરી કરવી, સુરા-મદ્યાદિકનું પાન કરવું, નિર્દયતા, દ્યૂત, નાસ્તિકપણું, પ્રમાદ, ચાડિયાપણું, સ્પૃહા,

રાગ, દ્વેષ, ભય, દુઃખ, અજ્ઞાન, વ્યસન, દુરુક્તિ, નિકૃતિ, હિંસા, પાપ, મૃત્યુ થાય એવું કર્મ કરવું, યાતના ઇત્યાદિક અધર્મસર્ગ છે. આ જે અધર્મની શક્તિઓ અને અધર્મસર્ગ તે આસુરી સંપત્તિવાળા જનોને અત્યંત પ્રિય હોય છે. ને દૈવી સંપત્તિવાળા મુમુક્ષુજનોએ તે ત્યાગ કરવા યોગ્ય છે.

શ્રદ્ધા, શાંતિ, દયા, તત્ત્વનું અવધારણ કરવાનું સામર્થ્ય; સંતોષ, માનસિક બળસંપત્તિ, સાધનનું અનુષ્ઠાન, ભગવદ્ભક્તમાં સુહૃદયભાવ, સુખદુઃખમાં સહનશીલતા, નિષિદ્ધાચરણમાં લજ્જા પામવી, શાસ્ત્રમાં કહેલા કલ્યાણના સાધનોમાં નિશ્ચય, પ્રતિમામાં આદર, મોક્ષસંબંધી કર્માનુષ્ઠાનમાં તત્પરતા, મોક્ષસંબંધી સંપત્તિથી ઉત્તરોત્તર ચઢતી કળા - આ સર્વે ધર્મની શક્તિઓ છે. અને જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભય, મન, વાણીને દેહે કરીને એકરૂપતા, તપ, સત્ય, શૌચ, સુખ, શાસ્ત્રીય કર્માનુષ્ઠાનમાં કુશળતા, આત્મ-પરમાત્મ સ્વરૂપના ચિંતનમાં સ્થિરતા, ધૈર્ય, કોમળતા, સંતોષ કર્મેન્દ્રિયોને નિયમમાં રાખવી, ત્યાગ, યોગ, યજ્ઞ, અંતઃકરણને નિયમમાં રાખવાં, બાહ્ય ઇંદ્રિયોને નિયમમાં રાખવી, ઉપાસના, વાસનાનો વિરામ, આસ્તિકપણું, ક્ષમા, સ્મૃતિ, તેજ, મનની નિર્મળતા, શુભ, સચ્છાસ્ત્રનો અભ્યાસ, વિનય, શોકે રહિતપણું, ધ્યાન, સામ્ય, બ્રહ્મવિદ્યાલાભ, પરને પ્રિય લાગે એવું ઉચ્ચારણ, કલ્યાણને અનુકુળ એવા અર્થની સંપત્તિ અને 'ઉદ્યમ' જે સંતસમાગમ, શાસ્ત્રાધ્યયન વગેરે

કલ્યાણકર માર્ગમાં ઉદ્યુકત થવું તે - આ સર્વે ધર્મસર્ગ; અર્થાત્ દૈવી સંપત્તિ જાણવી.

આવા દૈવી સંપત્તિરૂપ ધર્મસર્ગના ગુણો જેમાં આવ્યા હોય, ને મોક્ષ માટે ઈશ્વરની આરાધના કરતા હોય તેમને દૈવીપુરુષ જાણવા, ને એવા મનુષ્યોને જ શિક્ષાપત્રી આપવી; પરંતુ ભગવાનની પ્રતિમામાં તથા શાસ્ત્રમાં વિશ્વાસરહિત હોય તેમને તો, આ શિક્ષાપત્રી ક્યારેય ન આપવી.

## શ્લોક : ૨૧૧

**विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते ।**

**वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ।। २११ ।।**

સંવત ૧૮૮૨ (અઢારસો બ્યાસી)ના મહા સુદિ પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે; તે પરમ કલ્યાણકારી છે. ॥ ૨૧૧ ॥

## ભાવાર્થ

વિક્રમાદિત્ય જે સૂર્યના સરખો તેજસ્વી શકવર્તી 'વિક્રમ' નામક રાજા; તેનો 'શક' જે ધર્મનિબંધન-મર્યાદાકાળ; તેનું વર્ષ જે 'નેત્ર' = બે, 'અષ્ટ' = આઠ, 'વસુ' = આઠ અને 'ભૂ' = એક, તેણે કરીને માપ કરેલ છે જેમાં અંકોની ગતિ ડાબી છે; તેમાં, વૈષ્ણવોમાં પ્રસિદ્ધ જે વસંતોત્સવના દિવસો, તેનો પ્રથમ દિન જે વસંતપંચમીના દિવસે; પરંતુ વસંતઋતુના પ્રથમ દિને એમ નહિ; અર્થાત્ સંવત અઢારસો બ્યાસીના મહા સુદ પાંચમ (ઈ.સ. તારીખ ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૬) ને રવિવારે શ્રીહરિએ સર્વે જનોના આત્યંતિક કલ્યાણને કરનારી - એવી આ શિક્ષાપત્રી લખી છે.

## શ્લોક : ૨૧૨

**निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता**

**दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ।। २१२ ।।**

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા, તેનો નાશ કરનારા એવા; અને ધર્મે સહિત જે ભક્તિ-તેની રક્ષાના કરનારા એવા; ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા-એવા જે શ્રીકૃષ્ણભગવાન તે જે તે, અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ।। ૨૧૨ ।।

## ભાવાર્થ

હવે શિક્ષાપત્રીની સમાપ્તિ કરતાં શ્રીહરિ અંતિમ મંગળાચરણ કરે છે :- પોતાના આશ્રિત ભક્તજનોના સમગ્ર કહેતાં, ઇંદ્રિયો - અંતઃકરણ ભગવાનની મૂર્તિને મૂકીને, માયિક પંચવિષયમાં તથા નાના પ્રકારનાં ઐશ્વર્યની ઈષણામાં તણાઈ જાય છે તે રૂપી; તથા અંતરમાં કામ, ક્રોધ, લોભ, માન, મસ્તરાદિક અનેક દોષો, ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરે છે તે રૂપી; સકળ જે દુઃખો તેની નિવૃત્તિ કરનારા એવા; અને એકાંતિક ધર્મે સહિત ને માહાત્મ્યજ્ઞાને સહિત જે ભક્તિ તેનું રક્ષણ કહેતાં, તેનો સાક્ષાત્કાર કરાવનારા; અને મનમાં જે કાંઈ ધર્મે સહિત ઇચ્છા હોય તેવા સુખના આપનારા; અર્થાત્ સકામ ભક્તને ઈશ્વરકોટી

આદિનાં સુખ અને નિષ્કામ ભકતને પોતાના અક્ષરધામને વિષે પોતાની મૂર્તિનું સુખ આપનારા; અને રામ, કૃષ્ણ, નરનારાયણાદિક અવતારના અવતારી; ને એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિમુક્તના સ્વામી; એવા અનાદિ કૃષ્ણનામક શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ, કે જેઓશ્રી પોતાના સર્વે આશ્રિતો પ્રત્યે શિક્ષાપત્રી લખી રહ્યા છે; તે જ પોતે પોતાને એમ કહે છે કે, 'શ્રીકૃષ્ણ ભગવાન અમારા સમગ્ર મંગળને વિસ્તારો.' - આમ કહેવાનો હેતુ શું છે? તો, શ્રી હરિકૃષ્ણ સહજાનંદ સ્વામી મહાપ્રભુ, સર્વ મુમુક્ષુજીવોના સમાસને અર્થે ભક્તભાવે, તેમ જ સ્વાશ્રિતને પોતાને વિષે સ્વામીસેવકપણું તથા દાસપણું દૃઢ કરાવવા માટે 'અમારું મંગળ વિસ્તારો' - એમ કહે છે; પરંતુ સર્વ ભકતનું મંગળ કરનારા તો પોતે જ છે એમ જાણવું. અર્થાત્ શ્રીજીમહારાજના જે જે આશ્રિત હોય તે સર્વેનું સર્વકાર્યને વિષે, એમના અનુગ્રહથી અમંગળ થતું જ નથી. કેમ જે સર્વના કારણ, સર્વેશ્વર, સર્વ કર્તા તથા સર્વનું મંગળ કરનારા શ્રીહરિ જ છે. અને તે શ્રીહરિ જ નરનારાયણને મિષે કરીને પૃથ્વી પર પ્રગટ થયા છે ને તે તેમના સ્વરૂપને જ તેમણે અમદાવાદને વિષે પ્રથમ પધરાવેલ છે. અને જે મનુષ્ય, શિક્ષાપત્રી આદિકમાં, મૂળપુરુષાદિ ઈશ્વરના પણ ઈશ્વર એવા સહજાનંદ

સ્વામીએ કહેલા, અહિંસાદિક ધર્મોનું પાલન કરવાપૂર્વક તેમનું ભજન કરે છે, તે મનુષ્યને અંતકાળે પોતાના ધામમાં લઈ જવા, મુનિજનોથી વીંટાયેલા એવા શ્રીહરિ તે તત્કાળ આવશે - એવા શ્રીહરિએ આશીર્વાદ આપ્યા છે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(૭) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.